સુડાબોહોતેરી.

વાર્તા ૨૦ પુરી.

કવી સામળભટની બનાવેલી તે

છપાવી પ્રસીદ્ધ કરનાર.

બુકસેલર. સાંકરલાલ બુલાખીદાસ.

ઠે રીચીરોડ—અમદાવાદ.

આવૃતી ૧ લી—પ્રત ૧૦૦૦



અમદાવાદ.

ધી. રાજનગર ટાઈપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસમાં

જેસંગભાઈ મુળજી પટેલે છાપી.

સને ૧૯૦૩. સંવત ૧૯૫૯.

કીંમત આઠ આના.

સુડાબોંહોતેરી.

વાર્તા ૨૦ પુરી.

કવી સામળભટની બનાવેલી તે

છપાવી પ્રસીદ્ધ કરનાર.

બુકસેલર. સાંકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

આવૃતી ૧ લી—પ્રત ૧૦૦૦



અમદાવાદ.

ધી. રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસમા

જેશંગભાઇ મુળજી પટેલે છાપી.

સને ૧૯૦૩. સંવત ૧૯૫૯.

કીંમત આઠ આના.

શુડા બ્હોતેરી.

વારતા ૧ લી.

॥ સરસ્વતિ પ્રાર્થના ॥ (દોહરો) શ્રીમુખ સેવું સારદા, બ્રહ્મસુતા બ્રહ્મ રૂપ; બ્રહ્મ વિદ્યા બ્રહ્મ વાદિની, ભમે ખોળતા ભુપ. ૧ દંડ કમંડળુ ધારણી, વીણા પુસ્તક પાણ; જેને તૂઠી સારદા, વદને અમૃત વાણ. ૨ પામરને પંડિત કરે, વિશ્વ માંહી વિખ્યાત; કિંકર મુખ કવિતા કરે, તે તુજ સારદા માત. ૩ જયદેવ તેં કીધો કવિ, કીધો કાલીદાસ; માઘને મઘવા તેં કર્યો, એવી વાણી વિલાસ. ૪ (છપ્પા) મારકુંડને માત, ત્રોડો પ્રકારે તૂઠી; ચંડી પુરાણ ચોલાખ, વિદ્યા અમૃત ઘન વુઠી; શુકદેવ વેદ વ્યાસ, પુરાણ અષ્ટાદશ કીધાં; બ્રહ્માને તૂઠી માત, વેદ વ્યાકરણ મુખ શિખ્યાં; એવા લક્ષો કે કોટીધા, કવિ કહેવાણા મહામતિ, સુખસાગર સામળ ભણે, કૃપા કરી માહા સરસ્વતી. ૫ મંત્ર જંત્રને તંત્ર ઇષ્ટ ઉપાસન આદે; કથા કિર્તન કવિત, વર્તે વિવેકથી વાદે. અડસઠ તિર્થ અનેક, મહા પુન્યસ્થળ મહિમા; બ્રહ્મા વિષ્ણું રૂદ્ર, તત્વ ત્રિલોકી શીમા, એ સરવેને ઓળખાવીયા, કૃપાથી કહેવાયા કવિ; સરસ્વતી મોટાં છે સરસ્વતી, ચઉદ વિદ્યા દે નિત નવી. ૬ (દોહરો). કૈક કોટી કૈક લક્ષધા, કૈ થયા કે થાય; શિવનો શેવક શ્યામળો કીધો પંડીત રાય. પ્રીતે સારદા પરગુમું. હંશ વાહની હેજ; વેણા પુસ્તક ધારણી, તરૂણી તખતુ તેજ. ૮ કવિતાનો શો આશરો, સારદા કેરૂ શરણ; મહિમા મહા માયા તણો, વાયુ વશ જેમ તરણ. જેને તુઠી સારદા, નેક રહી શી નુન્ય; કવિ કહેવાએ કલ્પતરૂ, પ્રગટે પ્રોઢાં પુન્ય. ॥ ગણપતિની પ્રાર્થના ॥ (દોહરો) દુંદાળો દુઃખભંજનો, ગુણનીધી ગુણ ગંભીર; ઇશ્વરથી ઉત્પન હવો, ધર્મ ધુરંધર ધીર. સિંદુર અંગે શોભીતું, મોદક અમૃત આહાર. ગજ વદનો ગરવો ઘણો, દેવ વડો દાતાર ૧૨ (છપ્પા) સિદ્ધિ બુદ્ધિછે નાર, લક્ષ લાભ બે પુત્ર; હિરા સરખો હીર તાત, ચીંતામણીનાં ઘર સુત્ર; આદ્ય શક્તિ ઉમયામ, માહા માયા છે માડી, ક્ષેમ કલ્યાણ જગમાત, ખાણ રત્નોની ખાડી; બ્રહ્મા વિષ્ણું રવી રૂદ્રથી, પ્રથમ પુજન ગણપતિ તણી; શામળ કહે શેવો સહુ સુખ સાગર શીમા ઘણી. ૧૩ ॥ કૃષ્ણની પ્રાર્થના ॥ (દોહરા) કૃષ્ણ કૃપા કરૂણાનીધી; દેવકીનંદનદેવ વિશ્વપતિ વસુદેવસુત, સુર સનકાદિક શેવ. ૧૪ (છપ્પા) ગીરધર ગોકુળચંદ, મથુરાપતિ મોટમ મહિમા, પાંડવના પ્રતિપાળ. સુખ સાગરની શીમા; પંચાળીનાં ચીર પુરયાં નવસે નવાણું; નરસીયાને હાર, દીધો ગાતાગાં ગાણું. એ નંદ જસોદા નંદને. સમરતાં શોક સહુનો સમ્યો, કવિ સમરે કૃષ્ણને, ભરવાડા ભેળો રમ્યો. જરાશનનું જેર દર્પ હરયો દેખતાં, શીશુપાળનું છેદુ શીશ, પૂર બાધં દેખતાં; ભરવાડનું ખાધું ભાત, જાત કે ભાત ન જોઇ, રમિયો વ્રજમાં રાશ, માગ્યું માંખણ ત્યાં રોઇ. કંસ હંસ હેતે હણો, પુતનાને પ્રાજે કરી. શેવે શામળ શ્રીકૃષ્ણને; શોળ સહસ્ત્ર સ્હેજે વરી. ૧૬ ॥ રામચંદ્રની પ્રાર્થના ॥ (દોહરા) રાજીવ લોચન રામજી, મુક્તિ દાતા મુળ; કોટી કોટી પાતક મટે, ટળે સંકટને સુળ. રામ રટે રસનાવડે વળી જે વારંવાર; એથી અન્ય બીજો નહીં, મુક્તિ તણો દાતાર; તારણ તરણ ત્રીલોકમાં તારક મંત્ર કહેવાય; જમને શીર પગ દેઇને જરૂર વઇકુંઠમાં જાય ૧૯ (છપ્પા) સીતાપતિ શ્રીરામ, નૃપ દશરથનો નંદન; ભક્તવત્સલ તે ભુપ, વિશ્વ સહુનો તે વંદન; કોશલ્યા કુળ દીપ, લક્ષ્મણ લઘુ બંધવ લાયક; વરણન ઉચરે વેદ, નિગમ આગમનો નાયક; એક બાણે મારી તાડીકા, રાવણ રણમાં રોળીયો. અતળિબલ ઇંદ્રજીતને, ચાંચડવત જેણે ચોળીઓ. કોટી બ્રહ્મનો નાથ, સવ તણો એ સત્વ; સતકોટી રામાયણ, તેમાં અક્ષર બે તત્વ; કોટી જનમનાં પાપ, બેજ અક્ષરથી બળશે, લખ ચોરાશી ખાણ, જનમ મરણ દુખ ટળશે. રામ નામ વિના મુક્તિ નહી, વેદ પુરાણે વાંચજો; સુખ સાગર સામળ ભણે, સત્ય ગણીને સાંચજો; ૨૧ (દોહરા) જપ તપ સંધ્યા ધરમ નીમ, પાઘની પૂજા કોટ; વત્વ કામ ત્રીલોકમાં, કહે કવી કરજોડ, ૨૨ ॥ અનપુરણાની પ્રાર્થના ॥ (દોહરા) આદ્યશક્તિ અનપૂરણા, જગત તણી આધાર, અષ્ટસિદ્ધિ નવનિદ્ધિ સિદ્ધિ, દેવી તું દાતાર. ૨૩ (છપ્પા) અન જગત આધાર, અન્ન

દખાત એ મોટું; અન્ન વીણ રહે ન જીવ, અન વણ સરવે ખોટું; દેવ દાનવ રંક રાય, જીવે સહુ અનને જોરે; અન વણુ ઉપાસણ, સરવ આધાર ઘોરે. બાલણ પોષણ પૃથ્વી વિશે, કરતા નામ કૃત કુરણા; સામળ કહે શેવો સહુ, આદ્યશક્તિ અનપુરણા. ૨૪ સીતા રામ તે એહ, એ શ્રીરાધા કૃષ્ણ; એ ઉમીયાને ઇશ, પરિને કીધું પ્રસન; એ રોહિણી એ ચંદ્ર, એ બ્રહ્મા સાવિત્રી; મંત્ર જંત્ર એ તંત્ર, ગુણનીધી ગાયંત્રી, અન પુરણા સહુની ઇષ્ટ છે, બુદ્ધિવંતા જન બુજશે; શામળ કહે અન આધારથી સરવે વિધા સુજશે. ૨૫ અન પુરણા વડી માત, જગત જીવાડણ જાણી; અન્ન વિના સઉ શુન્ય, પ્રથમ જીવે નહી પ્રાણી; અન વણુ સુખ અરૂપ, અન વણુ ચરણુ ન ચાલે; ભાવે નહીં મન ભક્તિ, અન્નવણુ મોજ શીમાલે; અન્ન વિના ઇશ્વર વ્હાલો નહી ગાન તાન ગુણ નવ ગમે; શામળ શેવો અનુપુરણા, શકળ દુખ એથી સમે **આ વારતા રચવાનું કારણ.**

(દોહરા) કવી કહે શુક બહોતરી, આણી મન ઉલ્હાસ, પરાક્રમ પુરૂષ પ્રકૃતી તણા, શિવ ઉમીયા સંવાદ ૨૭ ચાતુર નર ચહો દેશમાં, ચાતુર શિરોમણી ચાલ; સ્ત્રી ચરીત્ર શોભા ઘણી, ખરી વાતનો ખ્યાલ. ૨૮ શામળ કહે શંક્ષેપમાં, કવિતા કેરા કામ. બત્રિશ લક્ષણ બુજસે, હુંશીને મન હામ. ૨૯ એમાં અર્થ છે અવનવા ગરવો છે એ ગ્રંથ, નિચ જનનો નીંદા કરે, પુરણ પરાક્રમ પંથ. ૩૦ ગુણવંત દુધ ગવરી તણું તતખ આપે તરત; કો દુધ હડીકે તક લે, કો ગાંખગુકો ગૃત. ૩૧ મુખ મમતા કરે માનવી, ગુણ હિણા લે ગર્ક, પંડીત જનને પ્રિય છે, નીંદક જનને નર્ક. ૩૨ ગુરજર દેશ ગરવો ઘણો, અમદાવાદ અનુપ. શાગરવટ શિરોમણી અહમદ શિર વશાં ભૂપ. ૩૩ પુંદળ પ્રૌઢ જ્યાં પરગણાં, અધીક એકથી એક; વરણ અઢાર વાસો વસે, વાડ વિપ્ર વિવેક ૩૪ માતર પ્રગણામાં મણી, સુંજ શિરોમણી ગામ; વિશ્વનાથ વિરેશ્વરો, નવે ખંડમાં નામ. ૩૫ પ્રગટ એનાં પારખાં, મહા મોટમ પદ મેર; ચોખાનો લાડુ ચડે, સત્ય એ ગણુને શેર. ૩૬ વાંઝ બંધાવે પારણાં, અષ્ટ સિદ્ધિ આપણ હાર; વરદાતા વિરેશ્વરો, નોંધારાં આધાર. ૩૭

(છપા) વિરેશ્વર માહાદેવ, પવિત્ર જન પુરણ પરખો; ભક્તિ મુક્તિ દાતાર, શુધ ચિંતામણી સરખો, અષ્ટ સિદ્ધ નવનિધ, એક પળમાં એ આપે; કૈલાસ વાશ વિસ્તાર, તેહ થીર થાવર થાપે જંજાળ ગટે જનમ મરણની, લખ ચોરાશી ફેરા ટળે; શામળ કહે શિવ પુજતાં, સુખ સાગર મહિમા મળે. ૩૮

(દોહરો) કુળ શુધે કણબી વશે, ટાકોજી કુળ શુભ કામ; વાસણ વંશી અંશપત; નરપતિ જેવાં નામ. ૩૯ માનજી સુત મોટમ પદે, રખીદાસ રિધ રૂપ; નવાણુ કીધાં નિરમળાં. ભોજ સમોવડ ભૂપ, પાળીયાં લાડ પ્રજા તણાં પ્રજા ઉપર પ્રીત; સદાવ્રત શોભાવીયાં, રામ રાજની રીત. રખીયલ જ્યાં રક્ષા કરે, દુનિયામાં નહી દુખ; પૃથ્વી કરી પસાયને, બિક્ષુક ભાગી ભુખ; પુન્યવંત પરીવાર સહુ, બડભાગ્ય બત્રિજ, સુખ સાગર શોભિત, જાણે રાજપુત્ર બીજ. પંડીત જનનાં પારખાં, કરિયાં પુરણ કોડ માગણ મોજ દેવણો, લાકી જીતે હોડ; પાંચે પુત્ર પરાક્રમી, અધીક એકથી એક. બત્રિજ સો ભૂપતિ સમો, ન્યાવર સાવટ નેક. સ્થામજી વીર સલક્ષણો, ઘણી બુદ્ધિ ઘર સુત: વડહથ વેણી સરખો, પાટવી રખીયલ પુત્ર. રખીયલ વડા રાજવી, પાંચ પુત્ર પરતાપ; જસવત ઝવેરીજ જાણવો, અધીક પ્રાક્રમી આપ. સદાવ્રતની શાખ શ્રેર, અન્નદાન અપાય. સભા મળે પંડિતની, પુરણ કથા કહેવાય. હરીભક્ત હરીજન સહુ, સુભ ગુણનિધિ ગેવ; લક્ષ્મીવર પુજે લક્ષધા, તરતિબ સહુની ટેવ. ગુણીજન આવે ગામમાં, શાબ વાત સુજાણ; આશીશ દે તે અતિ ઘણી, કહે કુશળ કલ્યાણ. રખિયલ સુત રાજેશ્વરી, રીત પુજે શાંજ શવેર, એક સમે સભા ભરી, બેઠા જસવંત ઝવેર. સાખો સમસ્યા સોરઠા, કહે વખાણી વાત; ભાટ ચારણ બ્રા હ્મણ સહુ પુન્યકાળ પ્રભાત. કીરતી તેણે સાંભળી. શામળ લક્ષ કવીરાજ; શ્રીગોડ માળવી વિપ્ર સુભ, લક્ષ કોટીના લાજ. કવી તેડયો કોડે કરી, સાંભળજો સુભ શાત; વાસી વેગનપુર તણો, ગુણ જાણે ગુજરાત; શામળ આવ્યો સુંજમાં, સકળ શાસ્ત્રમાં સુત્ર; શોભિત સાથ સુલક્ષણો, પુરસોતમ લેઇ પુત્ર. માન દીધાં મનશા સુધે, અતિ આણિ અહલ્લાદ; સભા મધ્ય શામળ ભટે, દીધો આશિરવાદ.

(છપા) તમ શ્રેર ત્રીજે વાર, પ્રથમ વાર નિત પુજે; ચતુર જમ ચોથો વાર; સત વાતે શુભ સુઝે. પ્રશન્ન પાંચમો વાર, વિમળ જસ વિધા વાધો; છઠાવારની છબ શોભ, શનરની શાધો, સાતમોવાર સંકટ હરો, અધિપતિ અલ્લા હશને; આશીરવાદ કવી કહે, મનજી વાસણ વંશને. ૫૭ (દોહરો) ઉઠયા સહુ આદર કરી, શકળ સભા સમેત; પ્રદક્ષણા દેઇ પાગે નમ્યા, હઇડે આણી હેત. ભલે પધારયા ભટજી, ભક્ષણુ કેરા ભુપ; વ્યાસ સરીખા,

છે શુકદેવજી; રિખીવંના છો રૂપ. પુરશોતમ પુત્ર પવિત્ર નર, નિરમળ રૂડુ નામ. પુરણ પુન્ય પ્રગટ થયું, સુ
ખરંત થયું નિજ ગામ, પાણ્ય જોડીને પુછીએ, કરીએ વિનતી કહેણ; નઉતમ ગ્રંથ નીતી કહો વિવિધ વિલાસી
વેણ. ગ્રંથ કહ્યા રખીદાસને, સિંહાશન બત્રીશ: નવે ખંડ નામે લખ્યાં, પ્રસન્ન છે ક્રિગિયા દશ. રાગ ચરિત્ર કોઉ વર
ણવ્યાં, વરણવ્યો રેવા ખંડ. ગંગા કેરા ગુણ કહ્યા, ટાળા છે જમ દંડ, નઉતમ ગ્રંથ નવા કહ્યા, ચતુરાઇ
તણો ઉપદેશ, પંચ પ્રગાણ પંડીત કરે, હારદથી હમેશ; સંસ્કૃતથી પ્રાકૃત કહ્યા, ખટરસ ભાખા ખ્યાલ;
અઢાર પુરાણથી અધીપતિ, મહિપત જોતાં ગાલ. જે હોય સંસ્કૃતમાં, કરે તેહ કવિત; ગુર્જર ભાખા ગુણ
ભણો ચાતુર રીજે ચિત, શાખાશ સપુત શલક્ષણા, શાબાસ સહોદર સાથ; શાબાશ પિતુ પરીવાર પિતર,
શાબાશી જમણે હાથ. પુરષોતમ ત્યાં પ્રીતથી, દીધો આશીરવાદ; ગ્રંથ કર્યો શામળભટે, આણીને આલ્હાદ;
(છપા) હંસ વાહની કલ્યાણ, મેંઢક વાહની સુખ શીગા, મૃગ વાહન દે ગાન, કીર વાહન કર્યે કામો; શા
રદુલ વાહની જેહ, નેહ ઘણો શીર નામો; ઉંદર અશ્વ ને ઉભયે, ગરૂડ વૃશભ છે જેહને, કલ્યાણ ક્રોડ કૃ
પા કરે, શામળ કહે આશિશ એહને. ૬૪ (દોહરો) શુક બોહોતેર શિરોમણી, ચતુરાનો ચિત ચાલ, મોહો
ટા માણસ મહિપતી, માને તેમાં માલ. ઉતરનો પ્રતિ ઉતર, ભાર તણો વિજાર; ગુણ અવગુણ ગ્રાહક ઘ
ણા, પંડિત કરે વિચાર; ભાગ્યાનું સાજુ કરે, કલંકનું અકલંક; કથીરનું કંચન કરે, વાળે આડો અંક;
શાહ નરને તસ્કર કરે, તસ્કરને કરે શાય; જળને સ્થાનક સ્થળ કરે, રંકને કરે રાય. ઓલવીનાખે અગ્નીને;
વાળી નાંખે વહેર; એક વચને અમ્રત કરે, જો હોય ઝાઝું ઝેર. અકલ વીધાથી ચોગણી, વિજાર વાત વિ-
વેક; પંડીત જન એ પારખે, ન્યાવટ શદાવટ નેક. (ચોપાઇ) પુરવ દિશા પુરંદર ગામ, નૃપતસિંહ રા-
જાનું નામ; રામરાજ સરીખું રાજ, અસત અન્યા તનથી તાજ; હરીચંદ્ર સરખો હરીજન, કુડ કપટ નવ
માને ગન. વરણ અઢાર વસે છે વાસ, તેજ પુંજ પુરણ પ્રકાશ; લક્ષપતી લક્ષ્મી ત્યાં વસે, ધરમ મારગ ઉ-
પર ધસે; વિસાશ્રીમાળી વાણીઓ, જૈનધર્મ જુગતે જાણીઓ. શ્રીમંત માંહે તે સીરદાર, દિલે મોટે દાખ્યો
દાતાર; મહાલક્ષ્મી દીઠે મન ઠરે, વ્યાપાર વહાણવટીનો કરે. સમરથ તેના ઘરમાં ધણી, લક્ષ કરોડો કેરો
ધણી; અપુત્રવત અનગળ ધન્ય, જશવંતો જાણીતો જન; પાંસઠ વરસ થયાં તરત, માન્યની તેની પામી
મરત; વૃધપણે ભાગ્યું ઘરસુત્ર, પેટ નહી પોતાને પુત્ર. (છપો) પુત્ર વિના નહિ મોક્ષ, પુત્ર વિણ મેહેણું
મોહોટું; પુત્ર વિના દે દોષ, પુત્ર વીણ જીવત ખોટું; પુત્ર વિના પરીવાર, વિશ્વમાંહે નવ વાધે; પુત્ર વિના
સંસાર, શ્રાધ ગયા કુણ સાધે; અરથ ગર્થ કુણ ભોગવે, ઘણું દ્રવ્ય પણ વાંછ્યે; બાળ અવતાર બાળક
વિના, વિશ્વ કહે સૌ વાંઝીઓ (દોહરો) વિચાર કર્યો વહેવારીએ, ઘરણી પાખી ઘરસુત્ર; વેલો વંશ વાધે
નહિ, પ્રગટે ક્યાંથી પુત્ર (છપો) નાર વિના નર રંક દામણો દિશે દેહ, નારય વિના નર રંક, અદસ્થ
શુશુહીણો ગેહ; નારય વિના નર રંક, ધન્ય નવ ધારે કોઇ; નારય વિના નર રંક, જગત જન નિંદે જોઇ;
નાર વિના નિરગળપણું, ભોગ કહો શા ભોગવે: અયુત અવગુણ બાશે ભરયા, જોખમ જાજુ જોખવે.
નારય તે નરનું અંગ સુખેથી ઇચ્છે સેવા, પુન્યમાં થાય વિભાગ લાભ યશ રૂડુ લેવા; સ્ત્રીથી હોય સં-
તાન; ધરમ બુદ્ધિને ધાય, પ્રગટે પુત્ર સપુત્ર, કુળ ઇકોતેર તારે; શુદ્ધ કુળની શામા મળે, સ્વામીને સુખ
દે સતી; એમ વિચાર્યું શેઠીએ, મન મધ્યે ધારી મતી. પરણવા ઉપર પ્રિત, થઇ તે જનને પૂરી; કોને પુરી
નવ થાય સહુને રહે અધુરી; આશા નીર અથાત, વીશ્વ તે મધ્યે બુડ્યુ; શાહારાયને રંક કરપી કાયર
ને કુડ; સુરપુર પંડિત સહુ; ભણવાગણા ભુલા ભમ્યા; આશારૂપી અરણ્ય જળે, શામળ કહે તેમાં શમ્યા.
ગળે અધીકું અંગ, ગળે નાશીકા ને નેણ, ગળે મુંડ ને તુંડ, વીપરીત બોલાએ વેણ, અસ્ત રૂધીર ને
માંસ, સહી નવ્ય ચાલે ચરણે; ધાતુ સ્વરનો ધ્વંસ, સુણે નહી કંઠીત કરણે; ઇદ્રી ખાંચી અડવડે, આહા
ર નિંદ્રા છેવટે ગઈ; શામળ કહે ત્રશણા ત્રશા, તોય માયા જીની નહી. (દોહરા) શાહાપત પરણ્યો સુંદ-
રી, જુવંતી જોબન વેશ; પદમની સરખી પ્રેમદા, દાખી બાધે દેશ. ખુધ્ય નિધાન વરસ બારની, બહુકળા
બહુ રૂપ; બહુ પરાક્રમ ચાતુરી, ભામ્યની ભારે ભૂપ. હામ કામ મૃગ લોચની, સોહલંકી સુજાંણ; ગતી
ગજ કટી કેશરી, સામુદ્રિક શેખાણ. પંચ લઘુ પંચ દીરઘ છે, પંચ રાતડાં પુર. પંચ ઉન્નત પંચ પાત
ળાં, નારીનાં બહુ નુર. કેશ સવાગજ કંદ્રપી, માંગ સમારણ મુલ્ય; વદન પંકજ વરણાગીયુ ત્રિલોકમાને
તુલ્ય; નયન ચપળ મહા મીનવત, કરણ પ્રવંતે કેહેણ, અમ્રતરસ વૃત ઉચરે, વદને અમ્રત વેણ; અધર પ્ર-

બાળ દાડીમ દંત, બિંબુક ચારૂ ચેહેન, શુક ચંચુવત શોભીતી, નાસા ઉજ્જવળ એન. ગ્રીવા પોત કપોત વત કેશ પન્ન વત પૃષ્ટ; ઉદર પોયણ પાનવત, શોભા વીખાણે શૃષ્ટ. પયોધર ફળ આકાર વત, અંજન મૃગ રીષ રંગ; કામબાણ કટારીયો, સોભીત શાગા શંગ. ગંડક સ્થળ કટિકેશરી, જંઘા યુગ્મ ગ્રીધ્ર રૂપ; કર અજ શુંઢ સરીખડા, આંગળામાં બહુ અંભ. પાવક વત પગ પાનીયો, રૂડી રાતી ચોળ; સોળ કળા સંપૂરણ તે, તરૂણી રૂપ અતોલ; જોખ કરે તે જરપતી, તે વેળા આવે તરત; નીરધન નીરમાલ્ય જે આપદા અનોરથ તેના મરત. જર વડે જુવતી જડી. જરનું જેને જોર; ઘરડો પણ ગાંઠ ગરથ છે, કળાવંત જેમ મોર. (છપૈ) જર ત્યાં જોબન રૂપ, ભુપ વશ જરને જોરે; જર ત્યાં સઘળો જોખ, ટેક તરતીબવત તોરે; જર તે ઉચ અમીર, જર તે વિદ્યા ભણીયો, જર તે રૂપ સ્વરૂપ, જર ગુણ સઘળા ગણીયો. જરને સંગે વશ વશે, જર જોરથી દુખ જશે; શામળ કહે જોર જર તણું જરથી કાજ સઘળાં થસે.

(ચોપાઇ) શાહપતિ પરણ્યો તે સતિ, તેનું નામ તો પરભાવતી; નરનારીને ઉતમ નેહ, પ્રીતી જેમ બપૈયા મેહ. નરખી હરખે નરને નાર, વરસે અમૃત વારંવાર; અળગાં નવ રહે એક ઘડી, બાંધી પ્રીત અન્યોઅન્ય અડી. કંથ કામની કરે કલોલ, શુભ વરસ શાગાંને સોળ; એક દીવસ એક કઉતક હોય, તેને કળી શકે નહી કોય. પાંચોશા પરગમની પાશ, વીજયસિંહને રહેલો વાસ; ગરથવંતો તે ગુણીયલ ઘણો, આડતીયો દીપાશા તણો, માણુ વેહેપાર અફલ મોટીગો કાંઇક વાંધો પડ્યો કોડીગો; વીમો લૂટાણો વાટમાં ઠઠાભખરના ઘાટમાં. વાણોતરે લખ્યો એક લેખ, એ વાતે કાંઇ નહી મીન મેખ; કાગ્યું જે આતરે આવજો, હાથ અક્ષર એના લાવજો; પાંચો બોલે જુઠા બોલ, ઉતરશે આપણનું તોલ; એની પાશે લેણું ઘણું, દસલાખ રૂપીઆ તણું; નહી આવો તો થાશે જાન, મોટા જગમાં ઘટશે માન; સાચો જવાબ એને દેઇશુ, લેણું તે સઘળું લેઇશું; નહી આવે અકારજ જશે, ગાથે કરજ સવાયુ થશે, જુઠું બોલી નીકળી જાય છે, લેણાનું દેણું થાય છે. આવતાં રખે લગાડો વાર, ઘટશે વેપારીમાં કાર. જુઠા આપણને કહેશે લોક, કરશા એહ લેણું ફોક. એ કાગળ શેઠે વાંચીઓ, સાચે દીલ પોતે સાંચીગો; જઇએ નહી તો થાએ જાન, શમા ઘેર છે રાંધ્યુ ધાન; કોને સોંપી થઇએ નિશંક, કદાપી કાંઇ ચડે કલંક. નારીને સોંપે વંસણું નારી, એવી શેઠે વાત વિચારી; પરપૂરૂષનો મેળો કરે, વ્રત પાસે જઇ અગ્ની ધરે; ઉચ્ચા નીચા દેખાડે દામ, કરે એહ વ્યભીચારી કામ. પુરૂષને સોંપે પરઠે પાપ, વણસે નારી આપોઆપ; ગમે એવો સતવાદી હોય, કામજીત નવ દીઠો કોય; અગ્નીથી ઉકળશે વ્રત, નરથી નારી વણસે તરત, ગરથવાળી હોયે ગોરડી, કામતણી બુદ્ધિહીણ ઓરડી; વાટે જાતાં તો મન થાય, રંક રાય સહુ વીણી ખાય; મોટાની કોણ વાતો કરે, મોટાના કોણ હારદે હરે; મોટાની કોણ લોપે લાજ. મોટાને ઘેર મોટાં કાજ; એમ વીચારી આપોઆપ, શેઠે માંડયો પસ્યાતાપ. ૧૧૧ (છપ્પૈ) સીતા સરખાં શુભ રૂપ રાવણ રણમાં રોળાવ્યો; ઇંદ્રજીત કુંભકર્ણ, ચાંચડવત તે ચોળાવ્યો; દ્રોપદી સરખી નાર, સતી પણ સરવે થાપ્યું; અઢારક્ષોહણી સેન્ય, કુળ કૌરવનું કાપ્યું; માહા માયારૂપ એ ગાનની, એકલી મુકે અનરથ થશે; વિચાર કર્યો મન વાણીએ, વૃદ્ધપણે હાંશી હસે. (દોહરો) વાણોતરનો છે વડા, પંડીત પેઢી પરધાન; સાચવે સઘળી વસ્તુને જૂવતી ધાર્યાથી જ્યાન. (છપા) ઇંદ્ર સરખો અધીપત્ય, ઘેર રાણી ઇંદ્રાણી; અહલ્યા સાથે સંગ, કરતાં ભ્રાંતી નવ આણી. આતુર જે ચંદ્ર, રામા ઘેર રોહણી સરખી; તેણે તારા એક વાર; નેહ કરીને નરખી; પાપ પુન્ય પ્રીછ્યો નહી, ગુરૂ પત્ની પોતાતણી; ક્ષીણ દેહ આપે થયો નક્ષત્રમંડળમાં જે મણી. એનાથી લક્ષ ક્રોડ, ઘોર અંધારે ગળીયા, કઇયાકચક સત ભ્રાત, એક ચીતામાં બળીયા. શ્રી કૃષ્ણ સરીખા દેવ, કુડી કુબજાને સેવી. માયાની રૂપ મોહજાળ, જગતમાં જાણો એવી, ભામનીએ સહુ ભોળવ્યા, દેવ ગાંધર્વ ને દાનવી; શામળ કહે જીત્યા જુવંતીએ, કુણ માત્ર છે માનવી. (ચોપાઇ) વણજ સોંપ્યો વાણોતર હાથ, શામદ રૂપ લીધા સાથ: મેડી હેડી વારૂ વાશીઓ, શેત્રા કાજ સોંપી દાશીઓ; જુવંતીને કહે જાશુ અમો, ગાજ તમારૂ રાખો તમો. દિલડામાં ડહાપણ દાખજો, પરીયાનું પાણી રાખજો; લાખીણી વધારો લાજ, કરજો આપણા કુળનાં કાજ. આઠ માસે અમો આવીશું, લાખીણી વસ્તુ લાવશુ. ઉમદા રત્નતણાં અંબાર, હીરાને મોતીના હાર, તે સરશે તમારે કાજ, રામા તું ભોગવજે રાજ (દોહરો) પવિત્ર પક્ષી એ પારખું, બાંધી બુદ્ધિ નીદાન, બત્રીશ લક્ષણ આમળાં, ભારે રાખે ભાન; કળા ખુંજે તે ઓતરી, ચોરાશી આસન ચોત;

સખ નિશ્ચંગતે શગમ્ણી, કરી કથાપર હેત; જનાવર ડાહ્યાં જાણીયાં, વણિકે કર્યો વિચાર; એથી અંતરમાં થશે નહિ, નિશ્ચે સોંપૂ નાર. સાંભળ મેના માનની, ડહાપણ તારૂં દાખ્ય; પરદેશ જઇ આવું અમો, રામાને રૂથીર રાખ્ય. નીસરવા ના દેઇશ નારને, મંદીર મૂકી પર મહેલ; થોડામાં કહુ છું ઘણું, સંક્ષેપ રીતથી સેહેલ. સમજાવી શેઠે સારીકા, છાની ગુહ્યે ગુહ્ય, પરાક્રમ જોઇશું તાહરૂં, શાગા તારી સુજ. મેંના કહે માનની, નીસરવા નહી દેઉં; સત્ય વચન શેઠે કહ્યાં, શીર ચડાવી લેઊં. શાબાશ કહીને શેઠજી, પ્રિતે પોપટ પાસ; આવીને ઉભા રહ્યા, વદે વાણી વિલાસ. પોપટ પાસે આવીએ, વારી કેરા નાથ; પવિત્ર છો પક્ષી તમો, હેતે ફેરવ્યો હાથ: સાંભળ શુક શોહામણાં; સોંપુછું એક કામ, અમો જઇ પરદેશમાં, સાચવજો આ ઠામ; સેઠાણી ઘેર એકલાં; શું કહુ વારંવાર. નીસરવા દેશો નહીં, ઘેર મુકીને બહાર; પરણી છે મેં પ્રેમદા, જુવંતિ જોબન વેશ. તરૂણી તહારે આશરે, પરહું હું પરદેશ; શામ દામ ભેદે કરી, વિનતા રાખજો વાસ; કલંક ન વાધે કુળમાં, તો તુંજને શાબાસ; શુક કહે સુણ શેઠજી, વૃદ્ધ તમારો વાન; શાસ્ત્ર ગ્રંથેથી સાંભળ્યાં, તે કૃત ધરજો કાન; રામાને રાખી શકે, નથી જન્મ્યો કો માય; સુતો મુકે સ્વામીને, જુવંતિ જારી જાય; મુરખ જાતી હોય માનની; પરહે અવળી પેર; ગુણવંતો ગુણવિલ તજી, જાય ગુણહિણને ઘેર; પંડિત જનને પરહરે, મુરખ સંગાથે મેળ; ખરાબ કરે ખરી વાતને, ખોટો ખારો ખેલ, ઠાકર સાથે ઠગવા, ચાકર શું ચીત ચાય, નિરમળ જઇ નારી તજે, નર્ક કુંડમાં નાહાય, શુક કહે સુણ શેઠીયા; માનની મુકો મેહેલ; ચિંતા ન કરો ચિતમાં; સદ વિદ્યાથી સેહેલ, લક્ષ્મી વર લજ્યા રાખશે, કે રાખે તારૂ લુણ; રેહશે પૂન્ય પ્રતાપથી, હું કિંકર તે કોણ; જ્યાં સુધી મુજ પ્રાણ છે, ગુણ તાહારા હું ગાઉં; જાવા નહી દેઉ નારને, લુણ હરામ ન થાઉં, સારૂં કહી તે શેઠજી, ગયા પોતે પરદેશ, મંદિરમાં રહી માનની વીનતા જોબન વેશ. ખાય પીએ ખુબી કરે, પ્રીતે ચાવે પાન, દાસ દાસી દિલ રીઝવે, મન ગમતાં દે માન; એમ કરતાં દિન વહી ગયા; વસંત આવ્યો વેદ; કામાતૂર બહુ કામની; ભ્રાંત ન રાખે ભેદ; આહાર બમણો બહરાં વિષે, લાજ ચોધણી ચાહ; કામ આઠ ગણો વસે; કાં રંક કાં રાય. વીસ ઘણો વસંતમાં, નારીને નરસુ નેહ; ભોગ તૃપ્ત ભાશે નહીં, દીલ રીઝે નવ દેહ, રાજા છે એ રૂતુ તણો; વસંત કામ કેહેવાય; ચતુરાં ચંચળ ચીતથી, વનિતા વિહવળ થાય; વીસ ઘણો વસંતમાં, ગરીબ રંકને ઘેર, શત ઘણો શ્રીવંત ઘેર, પીછે પંડિત પેર. ખાન પાન ખુબી કરે, હોંસે પેરે હાર; કામાતુર તે કામની. સજે સોળ શણુગાર; કંદર્પ સરપ અંગે ડશે કહે દાસીને દુખ; સ્વામી માહારા સાંભરે, ભેઠે ભાગે ભૂખ. વાયદો તેનો વહિ ગયો; સ્વામી નાવ્યા શા માટ, કાંઇ સંકટ આકરૂ, કે કાંઇ વસમી વાટ, હાથ જોડી હશી પડી, શુભ બોલી સાહેલ; શેઠાણીજી સાંભળો, ખરી વાતનો ખેલ. જુવંતી જોબન વેશમાં, જારી ન કરે જેણ; વાટ ઉડી તે વેશને, તન ખટવાણું તેણ. પર પુરૂષસું પ્રીતડી, કામ વાસના કીધ, અપરમપાર સુખ ભોગવો, લાહો લાખેણો લીધ; સલાકાર વધુ મળી, લોપાવાને લાજ; નારીને જારી શિખવે; કરવા કુડુ કાજ, ઘણા પ્રકારે પિછવી, કરી કામ્યાતુર; કામ્ય મન ટળકાવ્યું માનની, સેજે નોહોતો સ્વામ, હાથ જોડી હશી પડી, કયમ કરીએ એ કામ; રીત જણાય જો રાવળે, દેહેવટ જાએ દામ. (છપા) નારી તે નિચ શ્વભાવ, ના રહે પોતાને ધરમે; નારી તે નીચ શ્વભાવ, કલંક કહાવે કુળ ધરમે. નારી તે નીચ સ્વભાવ, લાજ મરીયાદ ન પ્રિછે; નારી તે નીચ સ્વભાવ, અન્ય નર અંતર ઇચ્છે. નીચમાં નીચ તે નારીયો, પરશું જોડે પ્રીતડી; શામળ કહે સ્ત્રીઓ સમસ્તને, રૂડી નહી એ રીતડી. (ચોપાઇ) શામ દામને ભેદે ભરી, કામની તે કામાતુર કરી, અતિ મનમાં આણી ઉલ્લાદ, એકવાર જુવો તે સ્વાદ, લક્ષ વસા તજીને લાજ; કોડ વશા કરીએ કાજ; શેઠ મંદિર આવે જાહરે, તજજો તે લક્ષણ તાહરે. ૧૬૮ (દોહરા) કાર જાએ કંથનો, લોકમાં જાએ લાજ; પાણી જાએ પરીયા તણું, કયમ કરીએ એ કાજ; દાશી કહે દેવી સુણો, દૈવત મારૂ દાખ્ય; જાણ પડે એ વાતની, તો સુરજની સાખ્ય. વનિતાએ કીધો વાયદો, વેદ ન સુકુ વાત; તરૂણી આવું તુજ કને, રૂડિ રીતે રાત્ય. ૧૭૨ ન્યાલ થઇ તે નારીયો, અંગે વાધ્યુ નુર; ઉલટ માંહે ઉદે થયો, શોભાવંતો સુર. ૧૭૨ સોળ સજ્યા તે સુંદરી, નાર વધાસ્યું નીર; આભુશણ અંગે ઓપતાં, ચરણા ચોળી ચીર. ૧૭૩ કાજળ કુમ કુમ જ્યાં ધરે, સેંથામાં સિંદૂર; બરાસ કસ્તુરી અગરજા, ભોગ સકળ ભરપુર, પુષ્પહાર કંઠ ધરયા; દરપણમાં જોયો દેહ; અંતરમાં

ઉચ્ચાર રહો પરણું જેને નેહ, અણીહણી તે નિસરી, ઉલટ વાળ્યો અંગ. કામાતુર તે કામની, પગેથી ચ-ડયો પતંગ. સેઠાણીને કહે સારિકા અંગ સજ્યા શણગાર, કાજળને કુમ કુમ ચોઢયા, જુવન નથી ભરથાર, સમજી તારૂં શાણપણું, કોણ પૂરૂષ શું પ્રીત, એ તુજને ઘટતું નથી, રૂડી નહી એ રીત. મેંના કહે સુ-ણ માનની, વિપરીત એતો વાત; જાઓ કોણ કામે કામની, જારી રમવા રાત. ઘેર નથી તુજ ઘરધણી, શણગાર સજ્યા છે સોળ; અધર્મ કરે છે અતિઘણો, મુખભરીયાં તંબોળ. સમજી તારી સુજને, જારી કામે જાય; શેઠ મુને સોંપી ગયા, એ અન્યા કેમ થાય. બાળરે લક્ષણ બાળીકા, બાળ તાહરૂં કામ; ધ-ણી હણીને નિસર્યાં, કોણ ધણીને ધામ; બાળ ચતુરા તુજ ચાતુરી, શોભે નહી શણગાર; કાંઇક લજ્જા ખરે, જુવન નથી ભરથાર. સાચુ માનરે માનની, સુર્ય શાખથી સાંચ; નાક છેદાવું તાહરૂં પૂરણ આંગુળ પાંચ. વઢાવું કાનને ચોટસો, જૂવે બાધું ગામ સમજાવું જો શેઠને, તો મેંના મારૂં નામ. રૂડા કુલમાં ઉપની, રૂડા ઘરની નાર; ગુણકાના જે ગુણ ગ્રહે, નહી તારો વહેવાર. વાટ ઉઠી તુજ વેશમાં, ભટ પડયો અવતાર; કંથ વિના ઘર કામની, શોભે શા શણગાર. કઠીણ વચન કાને સુણી, દાધી ધશીને દોટ; માનની એ મેના તણી, મરડી નાંખી કોટ. પાંખો ઝાલી પ્રીતે કરી, ચીરી નાંખી ચાંચ; ખસેડી નાંખી ખાળમાં અધીક પમાડી આંચ. સામા થઇ તે સોકમાં, પુરણ દુખની પેર; તે દીવસ તો ગઇ નહીં, પરમંદીર પર ઘેર. બીજે દીવસે તતપર થઇ, સજ્યા સંપૂર્ણ સોળ; કસ્તુરી કેસર અરગજા, મુખ ભરીયાં તંબોળ. જુવતી પોતે જોખમાં, જારી રમવા જાય; અંગ રાગ અતિ ઓપતાં, અળતે રંગ્યા પાય. પોપટ પોતે પ્રીછીયો, મેંનાં બોલીતી બોલ: શેઠાણીનું સતીપણું, તરૂણીનો કીધો તોલ. ગાન ઉતારૂ તો ગરૂ, મોત માંથે લીદ લેઉં; શામ દામ ભેદે કરી, જાવા તો નહી દેઉં. કરી પરીક્ષા પોપટે, મન સમજ્યો મેહેરાણ; આંચ દેખાડું એહને, તોતો પરહુ પ્રાણ. જેહ ગતી મેંના તણી, તેહ ગતી મુજ થાય; વળતુ કોણ વારી શકે, જોખ કરંતી જાય. ઉપાય કરૂ એક અકલથી, ગમતી કહુ કાંઇ ગોઠ; રૂદય રામાનું રીઝવું, ચતુરાઇ તણી એ ચોટ. જાય તેતો જુગતુ નહી, વિઘામાં ઉઠે વેઠ; કાલ ઠપકો દે મુજને, શાણો સમજૂ શેઠ. શુક કહે સુણ સુંદરી, વારૂ કહુ એક વાત; કેહેવા તો ઘટતી નથી, તું તો મારી માત. જોખપણું તે જોબનને તરૂણી તારો તોર; સકળ ગુણ સલક્ષણી, જોબન કેરૂં જોર. શામા તું સમજે નહી, જાર વિઘાના જોખ; સજ અવસર છે આ ઘડી, શું બેશી રહે રોખ. આજ કાલ તો આવશે, શ્રીમંત આપણો શેઠ; અવસર શાને ચુકાયો, નિશ્ચે કહુછું નેટ. ૨૦૨ (છપ્પો) વણ રૂતુ વરસે મેહ, તેથી તો ધાન ન પાકે; પ્રાક્રમ ન મળે પુર; શતરૂ કહો શેણે થાકે. પેહેલી વિશી વિઘાય, ભાવ આણી નવ ભણીયો; વૃદ્ધપણે વિવેક, શાસ્ત્રનો બોધ ન સુણીયો. ગયો અવસર આવે નહી, નર નારીને તે નડે; પ્રથમ જુઓ પ્રીછયા વિના, વળતા હાથ ઘસવા પડે. ૨૦૩ (દોહરા) એમ અનેક અતી ઘણાં, રચ્યાં કામનીને કેણ; રૂદે રામાનું રીઝવ્યું, વિનયના બોલી વેણ. ૨૦૪ (છપ્પો) વિનય થકી વિવેક, સજન સઘળામાં શોભે; વિનય થકી વિવેક, સ્થીર થાવર થઇ શોભે; વિનય તણે વશ લોક, જસ આપે જન ઝાઝા. વિનય તણે વિખવાદ, કરે નહી રંક કે રાજા. વિનય મોટો છે વિશ્વમાં, વિનય ધરમ મારગ ધસે; શામળ કહે વિઘા વશીકરણ, વિ-નય માંહે આવી વસે. (દોહરા) શેઠાણીને વશ કરી, વિનય ધરી વિવેક; પ્રભાવતી પાગે નમી, સાચું બોલી છેક. તાળી દેઇ હેતે હશી, કાંઇ ન રાખી ભ્રાંત; સાચું કહું છું શુક તને, આપણ છું એકાંત. સાંભળ શુક શોહાગણા, ખાંતે તારા સમ ખાઉં; જુવતી સાથે જોખમાં, જારી રમવા જાઉ. પોપટ કહે સુખે પરવરો, રૂદીયા સાથે રીઝ; જારી વીજારી વીના, ન મળે સુખનું બીજ. એવાં કામ તો તે કરે, જે ભણે વિજારી વેદ; વિજાર વિના વિખ ઉપજે, ખરે પ્રગટે મન ખેદ. આક્ષાન કહું તે ઉપરે, કરવું વીજારી કામ; સુરસિંહરાયની સુંદરી, નંદા જેનું નામ. અણ માનીતી રાયની, વળી વધારયું વેર; વિજાર વિઘાએ વાળીયું, જેહ હળાહળ ઝેર. નંદાએ વિઘા કરી, વિજાર વખાણી વેદ; તેહ તને હું શીખવું, ભાંતી ટાળ ભેદ. કરજોડી કહે કામની, સાંભળ શુક મુજ વીર; સારી પેરે શીખવો, ધારણ રાખું ધીર. શણગાર તજીને સુંદરી, ભીના પેહેરો વસ્ત્ર; છો ઉપર આસન કરો, શીખો ડહાપણ દસ્ત્ર. પોપટે જે કહ્યું. શુભ બુદ્ધિ સાક્ષાત; વિસ્તાર વડે નંદા તણી કહેવા માંડી વાત. (ચોપાઇ) પૂરવ પંથ તણે વાશાચે, કીષ્કંદાપુરી નમી કાશીયે; વસ્યુ અઢાર વસે છે લોક, સ્વપ્નામાં નવ ઉપજે શોક સુરસિંહરાય કરે છે રાજ, અસત્ય અન્યા તનથી તાજ; મહા સુખનો મહિમા માણીયો, તે રાજાને એ રાણીયો. એક માનીતા મો-

રૂપ મતી, તે સાધુ શિરોમણી સતી; જાણી લક્ષ્મી જાયું ધરસુત. પ્રતાપવંત તેને તો પુત્ર, કનકાવતી શ્રેણીનું નામ, વશ વરતે છે આખું ગામ. તે માનવંતીનો મહિપત મોહ. નંદા સામુ તે નવ જોય. નાથે એહેસ ન પુછે વાત, સ્નેહ કરે નહી નારી સાથ; તે નંદા તો રીશે બળે, કારણ દુખ તેનું કોણ કળે; સુખ ન ભોગવે એકે ઘડી, દુખ સમુદ્રના દ્રોહમાં પડી; શોક્ય દુખનું દાવાનળ દેહ, અગ્નિનો શિર વરસે મેહ, કોડવાર શું કહીએ કથી, શોક્ય સમાન દુખ બીજૂં નથી; ક્ષણ ક્ષણ પામે ખેદના, લક્ષ વીછી કેરી વેદના. લક્ષ કોટીધા ઝાઝાં ઝેર, સોક્ય સમાન બીજૂં નહી વેર, (છપ્પા) રાજાને એક શાલ, ગામ ફુટફાટ્યો ફુટે; પ્રજાને પ્રૌઢ઼ુ શાલ, વાંકુ વાંકે રાજા લુટે; વ્યાપારી શિર એક શાલ. વસ્ત્ર વટંતર નાખે; ભરતાર શીર એક શાલ, ભામની જો જુડું ભાખે; મૂરખને શાલ વિદ્યા તણું, દુખ બકારી ઓક્યનું; શામળ કહે શાણા માનજો, સ્રીને શાલ એક શોક્યનું. સ્રી કહે બલી અનાથ, તેથી તો મોત બહેતર. બલી હિણાને હાથ, એથી દુખ નહી અનેરૂ; બલી વીધ્વા કે વંઝ, બાલા ગુણકા કે ઘેહેલી; બલી દરીદ્ર કે દશ્ય, બલી સોહાગણ સેહેલી; માહા દાવાનળ દુખણી, ચંચળ ચીત પણ ચોકાનું; શામળ કહે શાણા માનજો, સાલ સામાને શોક્યનું. દરીદ્રને મોટુ દુખ, મનમાન્યુ નવ થાએ; કાશદને એક દુખ, નિત વિદેશે જાએ, દુનિયાને એક દુખ, જ્યારે વરસાદ ન વરસે, વંઝાને એક દુખ, તનને કારણ તલસે, કુંવારાને દુખ સ્રી તણું; સર્વને દુખ તે ભુખનું. શામળ કહે પાર પ્રીછુ નહી, સ્રીને સોક્યના દુખનુ. અંધાને દુખ આંખ, સારૂ નરતુ નવ દેખે; બેહેરાને દુખ કાન, રાગ પુરણ નવ પેખે, રોગીને દુખ રોગ, ભોગ એકે નવ ભાવે; ભીક્ષુકને એ દુખ, નામ ભીખારી કહાવે; એવાં દુખ અનેક છે, પંગાને તો પગ તણું, શામળ કહે સ્રા સર્વેને, સોક્ય દાવાનળ દુખ ઘણું. (ચોપાઈ) તે શામાને સોક્યનુ સાલ, વનિતા ઉપર ન ધરે વ્હાલ; તેનું બોલ્યુ કોને નવ ગમે, રાંધ્યું રાજાજી ના જમે. એશુ હેત ન આણે કોય, તે સામું દ્રષ્ટે નહી જોય; મહિપતનું જ્યાં ન મળે માન, ખિ હળી જેમ પીપલ પાન. ઘણા ઉપાય કામનીએ કીધ, માન કોણે તેને નવ દીધ; એક દિવસ તેનો નારીએ, જોયું બેસીને બારીએ. માહા દુખણી થઇને તે રૂએ, અરૂ પરૂ તે બારીથી જુએ. દુખ ડુંગર માંથે લેઇને, બેઠી કપાળે કર દેઇને. તળે બેઠો તો પુરો પુજ, તેને મન છે અદકી સુજ; નારી નિશાશા નાખતી; અરે અરે મુખથી ભાખતી. વરતિ કે ઊંચુ નિરખીયું, પુરણ દુખ તેનુ પેખીયું; સુખસાગર છે તેનું નામ, રહેતો પોશાયને ઠામ. કામણ ડુમણ મોટા મર્મ, વશીકરણ વિદ્યાના ધર્મ; મોહન ઉચ્ચાટના મેળ, ખરા હુન્નરના જાણે ખેળ. જગત મોહ પમાડયું જેણ, રામા રોતી દીઠી તેણ. કૌતીક જોવા ઊભો રહયો, ધર્મ લાભ કામનિને કહયો, શું કારણ તુજને છે દુખ ઇસ્વર તારી ભાગે ભુખ, ખરો વરતીક ખાંતે ખેડીએ, તરત તેને તેડયો મેડીએ. માહા મનોહર મોટમ મતી. જયવંતો જાણીતો જતી, માનવનીયે દિધાં બહુ માન, હાજર કીધાં ફોફળ પાન; શા માટે રોતાંતાં તમો, એહ દુખતો જાણ્યું અમો; ત્યારે સાચુ બોલી સતી, સાંભળરે જસવંતા જતી. તમને દુખ કહે શું થાય, કેહેતાં દુખ જાણે જો રાય; શીશ અળગુ કરે માહરૂં, કાન નાક છેદે તાહરૂં; (દોહરા) વરતીક વળતો બોલીયો, સાંભળ વિનતા વાણ; સાચ ન કહે મુજ આગળે, તો ઇશ્વરની આણ. કોઇ વાત જાણે નહીં, કો એને નહીં લોક; તે તેહ વાત કોને કહું, સુકૃતિ મારૂં ફોક. પોશા કરયા મેં પાંચ સાત, અઠમ કરયા શત આઠ; એકાશન તો એક શત, ભક્તામરના પાઠ. વીશ આહાર એંશીકરયા ચોવીસ આહાર સેં ચાર; એકાસણ અગીયારસેં બીજા વરત અપાર. અપવાસ કર્યા ખટ માસના, જાગરણ કરયાં શત સાત, તરકારી તનથી તજી, કંદ મુળ નહી વાત. જાત્રા કીધી જગનાથની, શેત્રંજાની શાણ; આઠવાર આબુ ગયો, વસાઇ ગયો વઢવાણ. સમેદશીખર મેં સેવિયા, પુજ્યા પારસનાથ; માહાવિર સ્વામી મા શુીયા, ટાડો કીધો હાથ. એ સરવે નિષ્ફળ થજો. કરૂ કઇ તારી વાત; મારણ મોહન વસીકરણ, સઘળે હુ વિખ્યાત. રાણી તે રીઝી રૂદે, મેલ્યો મનનો મોડ; અથછતી માંડી કરી, કરગરતાં કરજોડ. જ્ઞાનેસ્થાને સ્થળ કરે, પવિત્ર પાત્ર એ પુજ્ય; અગમ નિગમ લક્ષણ લહે, શત જન્મની સુઝ, અધીપતીનું અપમાન છે, સોક્ય તણું છે સાલ; કાઢય ભાવટ તું ભવ તણી. જો હોએ કાંઇ માલ. પુજ્ય કેહે સુણ પ્રેમદા, નિરથક તારૂ નામ; મન માને કેમ તાહરૂં, કેમ થાએ તારૂં કામ. રાણી કહે રૂખી સાંભળો, જો મરે રાણીને રાય; સપુત મરે જો સોકયનો, તો ભવની ભાવટ જાય. ચોથો વીર રાણી તણો, જેપુરનો પ્રધાન; વસે ચારે વર્ણકુટુંબ, તો દીધું જીવતદાન. એક જીવે એ ચારમાં, તાં સુધી દેહે દુખ, મરે તો તો ચિંતા ટળે,

જાગે મારી ભુખ. કોલ દીધા છે કોટીધા, એકેક આપો સંગ; ઇશ્વરની આજ્ઞા કરો, કામ કરો નહી કેમ. મોભી વીર છે ગાહરો, તેનો થાય અધીકાર; સુખ સાગરનું બોલવું તો તું હઇયાનો હાર, તમો. કહો તો સાંભળુ. કહો તે કરીએ કામ; તાહારી દાસી થઇ રહું, વેચાઉ તાહારે નામ. વસ્તિક તે વીસ્મય થયો, કથગ થાશે પ્રકટ પાપ; વચન જતે મનુષા જશે. એ પણ અન્યા આપ. પાપને તે પ્રશ્ને કરું, જુવ કરી વિવેક; વચન લોપ થયા તણો, ઉપાય જડે નહી એક. નીસાશ જે નારી થશે. તો તો અનરથ થાય; વિશ્વાસઘાત જન જે કરે, તે નર નરકે જાય. ૨૬૦ (ચોપાઇ) વિચાર કરી બોલ્યો વરતીઓ, નારી નિંગ બુદ્ધિ નરતિઓ: અધિક અધરમ એ અન્યા આપ, પ્રકટ કરવું પડશે પાપ. પાટ ઘાઓ તો દેવો પડે, સ્ત્રી હત્યા પણ માથે ચડે; બાળ હત્યા દેશે આ દાશ, ચોથી પ્રધાન તણી આશીશ. એવડુ શું આપે જી તમો, એ પ્રાશ્ચિત શિર લીજે અમો; રાણી કહે વચન દુર્જ ગયું, વગાતું તે દઇવત શું રહ્યું. શુભ વાણી બોલ્યો સેવડો, કરજોડી થઇને ભેવડો; સાંભળ વનિતા વાર વાત, કાલે સરદ પુનમની રાત. કાળીને દેરે આવજો, પંચ પ્રકાર પુજા લાવજો; ખાનપાન ભોજન ભરપુર, સંગે ચોસઠ આહાર હજુર. ષોડશ પાત્ર થાપિશુ અમો, માહા પુજા આરંભો તમો; માહા વનમાં જ્યાં ડેરૂ હોય હેરૂ ત્યાં કરે નહિ કોય; એક એક પ્રકરે પુજન થશે, દુખ તાહારૂ સહુ દેશટે જશે; પંચ પ્રકારની પંચ્ય ઘણી, જાણે બ્રહ્મદેશનો ધણી. કે જાણે શીરોમણી રીત, જે પાસે હોએ નવનીધ; બ્રહ્મદશાના બારે ભેદ, વરણુ કરી શકે નહી વેદ. જાણે શંકર કે વેદ વ્યાસ, કે જાણે એક કાળીદાસ; ગાયા મંદિર ગછને માંસ, પાત્ર યહ મુક્તાફળ હાશ. ચાર પ્રકારની પુંજા ચાર, વિનતા શુ કહું વારમવાર; અડસઠ તીરથ ચોરાશી જોગ, બ્રહ્મદશાના સઘળા ભોગ. વનિતા બોલ તારા મન વસ્યા, સાંભળ દેખાડું બ્રહ્મદશા; બ્રહ્મદશા જાણે નહી જેહ, અન્ય કદાપિ કરશે તેહ. રવરવ નરકે તે નર જશે, કોટી જન્મ તે અંધો થશે; માટે કાંઇ ન કરશો પાપ, સામળ કહે કહુ આપોઆપ; બ્રહ્મદશા દેખાડુ અમો, શ્રોતા જન સાંભળો તમો. (છપ્પા) તુલ્ય કંચન કથીર, સુખ દુખ સાચુ ને જુઠું; રાય રંક બે એક, એક તુટયું એક રૂઠયું શતરૂ મીત્ર સમાન, સમાન દેવ્યા કે દાશી; સમાન અમ્રત વિખ, સમાન કુક્ષીત કે કાશી; સમાન પાષાણને રત્ન પણ, સમાન વસુધા વૈકુંઠ વશા: સામળ કહે જન્મે નહી, જે નર જાણે બ્રહ્મદશા. સમાન અગ્ગીને નિર, સમાન વહાલો ને વેરી; સમાન કુંજર ને કીટ, સમાન મરદને મેહરી. સમાન તડકો ને ટાહાડ, સમાન જરવંતને જોગી સમાન પાપને પુન્ય, સમાન ભીક્ષુકને ભોગી. બ્રહ્મ વિદ્યા બારે ભણી, કરોડ વાર શું કહુ કથી; સામળ કહે સંસારમાં, બ્રહ્મ જાણે તે નર નથી. સાંભળી કાને સુક, ફરશુરામ ફરશીધર; દીઠા કઇંક દાતાર, કરણ સારખા કરૂણાકર. વિદ્યા વેદ શણગાર; બ્રહ્મા સરખા બહુ ભોળા, ભોગવી જેણે બ્રહ્મદશા; સામળ કહે સ્વર્ગ સુધી ગતી, વીરલા કો વઇકુંઠ વશા. (ચોપાઇ) જ્યારે તારા સુત મરે, સામા સંકટ તારા હરે: જરૂર કાલે આવજો, કહી વસ્તુ સરવે લાવજો. અરથી દોષ મનમાં નવ ગણે, વઇરીનો હણતાં તે હણે. અરથી અંધજ હોયે આપ, અરથી ન ગણે પુન્ય કે પાપ. (છપ્પો) અરથી કામી અંધ, લાલચુને લોભી; અંધ સ્વારથી સરવ અંધ મેલો મન મોભી; અંધ અદેખા આપ. અંધ ચોરીને ચાડી; અંધ અતિ અહંકાર, કરે વાત જે આડી; અનેક એવા છે આંધળા, કાં નરને કાં નારીયો; શામળ અંતર અંધ છે, જે જન કાજે જાશેયો. (દોહરો) વાયદો કરી વરતીક વહયો, કાલે આવજો રાત: તેનો શોકયની દાશીયે, વાટે સાંભળી વાત; પોતાની રાણીજીને કહ્યા, કરજોડી કેહેણ; ભણકારો મેં ભાળિયો વાટે જાતાં વેણ. એક વનિતાને વરતીઓ, કરતાં કાંઇક વાત; મેંતો એટલું સાંભળુ દેરે આવજે રાત. સત્યે રાજા આવીયો, શામા કેરી સેજ ; ભાત ભાતના ભોગ છે, હેડા સાથે હેજ. રાણી કહે રાજા સુણો, ચતુર વાત કહે ચોકશ, કાળીને દેરે જશે, શેવ, બીજી સોય; માનશો નહિ મારૂ કહ્યું, જુવો તેની ચાલ દેવી દેરે શુ નિપજે; આવતિ રાતે કાલ. મહીપતિ કહે માનુ નહી, વીનતા કેરી વાત; એ રાણી નવ નીસરે, રણમાં પડતી રાત. રાજા કહે અમે જોઇશું, ચરચા એની ચાલ; જુઠાને દંડ દેઇશું, ફકત જોઇને કાલ. વેગે દીવસ વહી નાઠો ગયો, પડી સત ઘમઘોર; જે વેળા જારી નીસરે, કે ચાકર કે ચોર; ખાંડુ બેહુ કર ધરી, સુર પુર ધીર; દેવી દેરે તે ગયો, વીર તણો જે વીર. પ્રતિમા પાછળ જઇ રહ્યો, સુભટ શીરોમણી સુજ; પાગણું તણા પડદા ઘણા, ઘણું ઠેકાણું ગુજ. પડદો ને વળી પરવગા, દિવા પાછળ દામ્ય, પોતાની ઠરે પડે, આ-

ણી સાંભળો ભાખ્ય; રાજા દેખે સરવને, તેને નવ દેખે કોય; જુવો ગતિ ઇશ્વર તણી, તે હમે શું હોય. નિશા ઘડીકા બે થઇ, રાણી ગઇ રણ માંહ; કટાર ધરયો કર વિષે, તેલ ઘણેરૂં તાંય; એટલે તાં એક વરતિક આવિયો, સંપુટ કીધાં બાર; દીપક જોત દશે દિશા, એક નરને એક નાર. નારી નિરખી નરપતિ, માઇ નહિ હવડાં આજ; આવ્યા તે ક્યાં જાય છે, જોઉ શું કરે કાજ; પ્રથમ એયે ભોજન કરયું, નાણાં નિરમળ નિર વળતાં તો સરવે સજ્યા, ગરણા ચોખો ચાર; વામ માર્ગ જે વેદમાં, શાક્ત શેવે છે શક્ત; તે એણે આરંભિયો, થયો ભવાની ભક્ત; કપટીનું તો ચપટ છે, સાચાને તો સીદ્ધ; રાજાનો તો ધર્મ છે, ઉભા તે વેળા કીધ. ખાનપાન ખાધાં ઘણાં, કીધો ભોગ ભરપુર; એક પ્રહર એમ આચરયું, નારીનું જોયું નુર. પુજ્ય કહે સુણ પ્રેમદા, થયો પુરો કયમ; પ્રથ તો તારા કંથનું, કરયું કાળીએ કામ; ભમણું તેથી બિછાવ્યા, પુજા તે પંચ્યત પાઠ; સંભોગ કરયાં શુભ રીતથી; ઠગ વિદ્યાનો ઠાઠ; ચરચા જુવે છે ચતુર નર જોઇ વહાણે શું થાય: પ્રાજે કર એક પલકમાં, નાશીને ક્યાં જાય; વણીક કહે બિનતા સુણે, ગઇ રાત પોહોર; કરયું કામ શુભ કાળીકા, રાણીનું આ ઠોર, ૩૦૧ ત્રીજે પોહરે ત્રણ ઘણું, હાવભાવ કટાક્ષ; આલિંગન મર્દન અતિ, ભાગની ભાતની ભાખ્ય. નરપતિ નરખે નારને, વરતિક કેરૂ વરત; એક ઘડીમાં એયને, માંચે આવ્યું મર્ત; શેવડો કહે સુણ સુંદરી, પ્રહર થયારે ત્રણ; કામ થયું જા કુંવરનું, કથન સાંભળો કરણ. તાહારો ઓરમાઇ દીકરો, લક્ષ વસા એ લેખ, કામ કરયું એ કાળીકા, તેમાં નહી મિન મેખ. ચોથે પોહોરે ચોથણું, રંગ ભોગને રાગ. હાશ હેત વિનોદથી, લે લાખીણો લાગ; શુકજી કહે સુણ ગોરડી, પ્રોઢો થયો પ્રભાત; પ્રધાનની પુરણ કરી, વેદ વિધાતા વાત જો આવળી ગંગા વહે, રવીનો સ્થિર રહે રથ; વચન અમારૂં નહીં ફરે. શુભ વાતે સમરથ; હેતુ જન તારા ચાર એ, સત્ય પ્રકારે સુખ; કામ કર્યું તુજ કાળીકા, ભાગી તારી ભુખ. હોય મનમાં કાંઇ ઓરતો, પ્રીતે પાયે લાગ; આપે તુજને કાળીકા, મન ગમે તે મેગ. રાણી બોલ્યાં રીઝમાં, નિરમળ તાહરૂ નામ; અર્થ હતો મુજ એટલો, તેહ કરાવ્યું કામ. રાજા રાણી પ્રધાન પુત્ર, ગયો ચારનો રોગ; બાળક ભાગી ભવતણી, શુધ મળાયો સંજોગ. સંભો અંધ અપાર અત્ર, કરી સુખ સાગર વૃષ્ટ; તેહ ચરીત્ર નર નારનાં, રાજાએ જોયાં દ્રષ્ટ. અધિપતી થયો આકળો, સાંભળ્યાં આયુધ અસ્ત્ર; પડધા માંહીથી હાલીયા પ્રતીમા સહીતે વસ્ત્ર પોપટ કહે પ્રભાવતી, શેઠાણી સુજાણ; જારી રમતાં જાન છે, વિજારી કરતાં વાણ્ય. રાજા કેમ સુતે જીવતાં, કેમ માને એવી વાત; થયો શત એ શેવડો, રાણી ભોગવી રાત. શેઠાણી કહે શુક સુણો ભણે શા જુઠા ભેદ; નિશ્ચે મારે નારને, વળી વરતીકને વેદ. એમાં વીજારી શી કરે, શતધા સમ જો ખાય; ચારે પોહોર દ્રષ્ટે પડયુ તે કેમ ભુલે રાય. પોપટ કહે સુણ પ્રભાવતી, કહુ વીજારી વાત; આળ પંપાળ એતો કરે દ્રષ્ટે દીઠુ સાક્ષાત. ચૌદ વિદ્યા ચોસઠ કળા, ભારતના જે ભેદ; શું કરે બીચારા બાપડા, વિજારી આગળ વેદ. પાણી ભરે પુરાણ સહુ, બત્રીશ લક્ષણ રેહે બાર; વીજાર વિદ્યા સહુથી વડી, ચરિત્ર કરે એ નાર. શેઠાણી કહે સાત દીન, રમતા નહીં જઉ ગાલ; શત પ્રકારે શીખવો, વીજાર તણી એ વાત. ૩૨૨

(ચોપાઇ) શુક કહે સાંભળ સુંદરી, મારી વાત જો મનમાં ધરી; અધીપતીએ દીઠા ઉતપાત પ્રોઢો ને થયો પ્રભાત. નીકળુ બહાર ઉગતે દીશ, છેદુ એ શાગાનું સીશ; અધ દાટીને હેતજ હરૂ, પ્રભાતે પંચધારાળી કરૂ. વરતીકને કરશું અપમાન, છેદું નાક ને કાપું કાન; એના માત પીતાને ભ્રાત, મારૂં સર્વને હું ખ્યાત; અરે સહુને દેખાડુ ખેલ, પીલાવું પાણી કઢાવું તેલ; હવડાં જો હું કોપજ કરૂં, એને મારૂં કે હું મરૂ. આ બે જણને હું છું એક, વીપરીત થાશે વાત વિવેક; જોઉ વહાણે એ ક્યાં જાય છે, કરમે લખ્યું તે તે થાય છે. એમ કહી મુકયો નીશ્વાસ, પ્રતિમા પાછળ પડદા પાસ. કૃત રાણી તણાં બુઝીયો, ધર થર થર રાજા ધ્રુજીયો. તે રાણી તો ચેતી મન, જરૂર કોઇ જુવે છે જન; સ્ત્રી ચરીત્ર રમાડુ આજ, નહિતર મહીમાં પુરણ પાપ. સોએ વર્ષ તો પુરાં થાય, ઇજ્જત આબરૂ સર્વે જાય; અખંડ દેશમાં લજ્જા જશે; પીયર કુળ તો દેશવટ થશે. વરતીકને ચેતાવી દીધ, માંથે ભાર પોતાને લીધ; પાછાં સંપુટ કીધાં બાર, નિર્ભય થઇ રહી તે નાર; કરી સ્નાન સમર્યા શ્રી નાથ, કાળી આગળ જોડયા હાથ; મારી મુજ્ય માનો માત, રંગ ભોગ રમ્યા જે રાત. તમો કહ્યું તું તે મેં કરયું, તેણે મારૂં કારજ સરયું. જીવ્યો મારો કોડીલો કંથ. જીવી મોર પુન્ય વાળી પંથ; જીવ્યો મારો પ્રતાપીક પુત્ર, જેહ થકી શોભે ઘરસુત્ર; જીવ્યો મારો, પ્રધાનપુત્ર

જે થકી હું પામું માન. ચારે જીવ્યા અચરજ થયું, સતીપણું તો મારૂ ગયું; કુળમાં કલંક બેઠું એ કર્મ, પાપ મેં હાથથી ધર્મ. ન કરે બામની જુ'સ ભાંડ, ન કરે ઘેહેલી ગણીકા રાંડ; ઘણાક પાપથી થઈ હુ ગર્ક, નિશ્ચે પડવું પડશે નર્ક. સોંપું શીશ ઓશીકળ થાઉં, વીમાન બેશી વૈકુંઠ જાઉ. નથી કોઇ અહીંયાં છું આપ, તમથી છાનું રહે ક્યમ પાપ. ચારે જીવાડવા કારણે, આવી છું તારે બારણે; હું મારુ પ્રકાશું આપ, અંબા મળજે આપોઆપ. (દોહરા) આશ્વિન શુદી અષ્ટમી, હું પ્રીછતી સાત; તે અવસર તમે કહ્યું, પ્રત્યક્ષ મારી માત. રાણી રાયને દીકરો, ચોથો રાણી ભ્રાત; પ્રાણ તજશે તે પુનમે, અધીક થાશે ઉતપાત. બારશું મુજને જાગતાં, નથા સ્વપ્નુ નીરધાર; જરૂર કહ્યું જીવે નહી, ક્ષણ ન લાગે વાર; લક્ષકોટ લીધા વરષા, વેદ કહ્યુ વરત; ચાર પ્રહરમાં ચાર જણ, નિશ્ચે પામે મરત. ત્યારે મેં તુજને કહ્યું, નિશ્ચે આ શું નેહ; એ ચાર કેમ ઉગરે, પડે ક્યમ મહારો દેહ. નવરાત્રીના નવ દીસ, કર્યાં વરસ મે સાત. ઉગારો પૂન્યથી, મોહોટી કાળી માત. (ચોપાઈ) એવું કહીને જોડયા હાથ, સ્તુતિ કરી તમારી સાથ; રાજા કાજ મરે મુજ તાત, પુત્ર સાટે મરે મુજ ભ્રાત; પ્રધાન સાટે મુજ નાનો વીર; રાણી સાટે મુજ શરીર. એ જીવને મારીએ અમો, તાહરે ના કીધી ત્યાં તમો; તમ આગળ મેં કરયો વીચાર, તું છે નોંધારા આધાર; ક્યમ જીવે રાણીને રાય, તેનો કાંઇ કહો ઉપાય. તમો કહ્યું ત્યાં કથી, બીજો ઉપાય જીવ્યાનો નથી; ચારે જણ જીવ્યાનો કામ, મેં જે કહ્યુ તે કરીએ કામ. ૩૪૮ (દોહરો) જગદંબ તેહ સમીપ કહ્યું, સાચો છે એ સીદ્ધ; વર્તી વડો છે વિશ્વમાં, એ પાસે નવનીદ્ધ. એણે વરત ઘણાં કર્યાં, જૈનધર્મની જાત્ર, અપવાસ કરયા ખટમાસના, પોખ્યા પ્રાણી માત્ર. એ વચે ઇશ્વર વિચે, અંતર નથી લગાર; હોય ચારે જીવાડવા તો કર એશું વહેવાર; એકવરસ એક જીવશે, બીજો બીજીવાર; વારૂ વીધન વળી જશે, ચાર પોહોરમાં ચાર; રાજા મારો રીજીયો, હેતે ઝાલ્યો હાથ; એ મરતાં તો હું મરૂં, સતી થાઉ તે સાથ. એતો તે મારો દીકરો, ઓરમાઈ પણ પૂત, રાજ્ય રૂડેરૂ ભોગવે, ઘણું શોભે ઘરસુત્ર. રાણીનો ભાઇ તે મુજતણો, પુરનો જે પ્રધાન; એથી શોભે મહીપતી, પામે સઘળે માન. એમ વીચારી શેવડો, તેડયો મેં એકાંત; વચને તેને બાંધીયો, ભાગી મનની ભ્રાંત. સુર્ય ચંદ્ર સાક્ષી કરયા. વચમાં આણ્યા ઇશ, એ ચારને કારણે ખોળે મુકયું શીશ. તમો કહ્યુંતુ કાળીકા, તે મેં કીધું તર્ત; ચારનુ તમ પ્રતાપથી, મોડી નાખ્યુ મર્ત. સીદ્ધ તણી સી હાણ ગઇ, વારૂ ગયો વિવેક; પાછો ફરીને તપ કરે, નીરમળ થાવા નેક; વરત સઘળાં વહેતાં ગયાં થયું માહરૂ કાજ; પણ એક સતીપણું ગયું, ગઇ લાખેણી લાજ. સતી હું નહી સંખાણી, માનવ ન જુવે મુખ; ચાર જીવ્યા તે સુખ થયું, પણ આ દારૂણ દુખ. અધરમ કર્યો અન્યા કરયો, કાયા વટલાવી કામ; ધિક્કાર હવે જીવ્યા વીશે, રામ રામ શ્રી રામ. માનજો પુજા માહરી, તું ધર્મ ધુરંધર ધીશ; પાપ સરવે પ્રલે કરો સમરપું તુજને શીશ. રાય પ્રધાન અવિચળ રહો, સોભાગ્ય વધો એ શોક; કુંવર રૂડો કુશળ રહો. મોતી પુરયા ચોક. કહી ખડગ કોટે વહે, અંબા આગળ આપ; સત રાખજો સતીતણું, પ્રલય કરો સહુ પાપ; રાજા મનમાં રીઝીયો, ઇચ્છુ કુશળ ક્ષેમ; સાબાશ સાબાશ સુંદરી, હૈડું ટાઢાડું હેમ; હાંહાંહાં કહી હેતથી રાજાએ ઝાલ્યો હાથ; તન ને મન સોંપીયું, સ્તુતી કીધી તે સાથ, અજાણ થઇ અચરજ અડયું, અહીં ક્યાંથી મહારાજ; હુંનો આવીતી જારીએ કરવા કુડું કાજ. રાજા અધીકુ રીઝીયો કનક તોળુ કાય; તેહ પુન્ય પ્રતાપથી, નારી નીરમળ થાય. નારી કેહેરે નાથજી, મારો મુજ આ હામ; અન્યા મેં અદકો કરયો, નાચુ કીધુ કામ. મહીપત કહે માનું નહી, રણમાં આવી તું રાત; અમ ચારેને કારણે તજે શીદ તારી જાત. ઢોલ મૃદંગ વજડાવતે વેરયા પુષ્પ ચોપાસ; પુન્ય દાન કીધાં ઘણાં, વનીતા આણી વાસ. કુમકુમ પગલાં પાડીયાં, મોતી પુરયા ચોક; કીરતન એવું સાંભળી, સામી આવી શોકય. પ્રધાન રહીત પાગે વ-ળ્યા વળી વડો જે પુત્ર; સરવે વૃત્તાંત માંડી કહ્યાં શામના જે સુત્ર. આવરદા જણ ચારનો, આવી રહ્યો તો આજ; તે જીવાડયા જુવતીએ કીધું પરમારથ કામ. બહુ અવતાર તે આપણો, કરીએ એનું અપમાન; ધન્ય અવતાર એ નારનો દીધુ જીવતદાન. અથ ઇતી માંડી કહી, કથા સંભળાવી કરણ; રાજા એ થઇ રહ્યા, વેચાણ થયાં જણ તરણ. પોપટ કહે પ્રભાવતી, માન્યો પાડ ભરપુર; ગુણ વધારયો આમના નારીનું ચાડ્યુ નુર. એમ ચરીત્ર જો આવડે, તો જારીએ જાઓ, નહીતર ઘેર બેશી રહો, ગુણ ગોવીંદના ગાઓ, (છપ્પા). વડો વાંક સમુદ્ર, ભામ્યનીને મસ્તક ભરીઓ; એક વીજ્ઞર વચન, આળ પંપાળ તે

કહીયો. પાતક પ્રલય પ્રચંડ બળતો તો જે બાંધ્યો; ઓસરી નાંખી આંચ; દોરો એક ન દાખે: વીવેક કરી વીચારીયે, ત્રોહીપક્ષ તારે તરે; આવડે તેનો ઉગરે, ના જાણે નીસ્ચે મરે. (દોહરો.) પ્રભાવતીની પાયે નમી મિત્યે જોડયા પાણ્ય; સારી વીધા શીખવી, વેદ શાસ્ત્રની વાણ્ય; રખીયલનો સુત રાજવી, જવેર જસવંતો જાત; શામળભટ કવીએ કહી, વીસ્તારીને વાત; શ્રીગોડ માળવી વીપ્ર શુભ, વેગનપુરમાં વાસ; પીતા પુરશોતમ તણો, કહે કવી સામળદાસ; શ્રોતા વકતા સમજતા કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૨ જી.

(દોહરો.) ગણપતીને આરાધીએ, નીરમળ જાણી નેહ; દુંદાળો દુઃખ ભંજનો, મોટમ ડાહયો મેહ. ૧ સાચી દેવી સારદા હંસ વાહની હેજ; વેણા પુસ્તક ધારણી, તરૂણી વધતુ તેજ. ૨ બીજે દીવસ બણી ઠણી શેઠાણી સોહંત; ચાલી ચતુરાં ચમકતી, મન સાથે મોહંત. ૩ શુક બોલ્યો સુણ સુંદરી, જુવંતી તમે કયાં જાઓ; સાચુ બોલોત્યાસલક્ષણી, મારા સમ ખાંતે ખાઓ, પ્રભાવતી કહે પોપટા સીખી વીધા વેદ;તે કામે હું નીસરી, ભાગ્યા મનના ભેદ. બાકી ન રહી બુદ્ધીમાં, નેક ન રહી નુન્ય; વિજાર વિધા શીખવી, પોટ તારૂ પુન્ય; શુક કહે શામા સુણો કરો જરૂરી કામ; રાત રમી ઘેર આવજો, હઇડે રાખી હામ. સાંભળ શુક સોહામણા, ખાંતે તુજ સમ ખાઉં; જુવંતિ સાથે જોખમાં, જારી રમવા જાઉં. પક્ષી કહે પ્રિછયા અમો, રૂદયા સાથે રીઝ; ચતુરા ચિતમાં ચેતજે, છે બુદ્ધિનું બિજ. સામળીયા સોનીતણું, વિનતાએ કીધું વ્રત; તેવી વિધા આવડે, તો તરૂણી જાજ્યો તરત. શામ કુંવરી સોનારણે, ચારૂ કરયુ ચરિત્ર; શુધ પ્રકારે શીખજો, વિધા એહ વિચીત્ર પગ ખેંચી રહી પ્રેમદા, એતો વિપરીત વાત; સમજાવો શુક મુજને, ભાવ ધરીને ભાત; કોણ છે સોની સાંભળો કોણ સોનારણ શામ; કોની સાથે સોબત કરી શાં શાં કીધાં કામ. જાવું છે જારી કારણે, આડું આવે આંક; ચાલે નહી વણ ચાતુરી, વિજાર વિના તો વાંક. શામા કહે મુને શિખવે, તો ગુણ તહારા ગાઉં; ભાવે એ વિધા ભણું, જરૂર કાલે હું જાઉં. તજ તું ગોળે સુંદરી, ટાહાડે નીરે નાઓ; બીને વઢો ભામની, ખાંતેથી સમ ખાઓ. આજ રાત આંહીયાં રહો, કામે જાજ્યો કાલ; સારી વાતો શીખવું, એહ વચન તુજ આલ; પોપટે જે જે કહ્યું, તે તે કીધું કામ; શુક સંભળાવે વારતા, નાર ચરિત્રે નામ.

(ચોપાઇ) શાહાપુર ગામે સોની સાર, અસખત તેને અપરમપાર; પ્રેમદા ઉપર પુરી પ્રીત, ચાલે મૂરખ ઊંધી રીત. એક ઘડી સુની નવ્ય રહે, કામની કામની કોડે કહે; ગુણવંતી ઘણું ગોરડી. રાખે એકાંતે ઓરડી. તાળુ દેઇ રાખે ઘરમાંય, ધીરે નહી કામનીને કયાંય; જમવા રમવા કે પિયર પેર, ઘડી સુની નવ મુકે ઘેર. વેચાથી મંગાવે નિર, અધિકુ આણે ઊર અધીર; કરવા ન દે કોશું વાત, એમ રક્ષા કરે દિન રાત. માનની કહે સાંભળ મુઢ, પાપી મુર્ખ દીસે પ્રૌઢ; બંધીખાને રાખે મુને, તેહ ઘટે નહી સ્વામી તુને. સાચી વાત તુજ આગળ કહુ, તારી રાખી હું નહી રહું; રહું તો મારે આપો આપ, જાણુ છું જે લાગે પાપ. લાજે તાતને લાજે માત, લાજે મુસાળને લાજે ભ્રાત; લાજે કુળને લાજે રૂપ, માટે આપ રાખુ છું ચુપ. તારી રાખી હું નહી રહું, તારા સમ જો સાચુ કહું; ન કરૂ જાર પરમેશ્વર પ્રીત, ન કરૂ જાર તે રૂડી રીત. ન કરૂ જાર જે લાગે પાપ, ન કરૂ જાર જે જાગે આપ; ન કરૂ જાર પરીયા લાજતે, કહેનો કરૂ નોબત વાજતે; તુજ પાસે તેડાવુ કંથ, તુજ પાસ વળાવું પંથ; તુજ પાસે જમાડુ જાર, તુજ પાસે ઉતરાવું ભાર. તુજ પાસે જોડાવુ હાથ, દેખે જયમ તારા સજન સાથ; નરની રાખી નારી નવ રહે, કોક-શાસ્ત્રમાં એવું કહે. ત્યારે સોની બોલ્યો વાણ, સાંભળ શામા ચતુરસુજાણ; તારૂં જોર તો કરજે તુ, ઘડી સુની નહી મૂકુ હું. ઘટમાં વાત એ રીતે ઘડી, વળતી વાત વિસારે પડી; એમ કરતાં દિન વિત્યા ઘણા, તોલ ન જાણ્યા તરૂણી તણા. એક દિન કોઇ ડોશી આવીયાં, ગદિયાણા વીસ રૂપુ લાવીયાં; ઘરડી ડોશી થર થર ધ્રુજતી, આંખ્યે તે થોડુ સુજતી. થોડુ થોડુ સાંભળે કર્ણે, મંદ મંદ અક્ષરે ચર્ણું; સોની ઘેર આવીને રહે, કારજ પોતાનું કહે. આવી મારી પુત્રીને પુત્ર, શોભાવ્યું બધું ઘરસુત્ર; કલ્લાં મુજને કરી આપ, માસ માસ પ્રમાણે આપ. તાહારી મેહેનત માગી લે, રૂડો ઘાટ ઘડીને દે; તે ડોશી તે પાસે ઠરી, કરામત સોનીએ કરી; બેઠી ડોશી જ્યાં ઘરમાં નાર, ઘડે ઘાટ બેઠો તે બહાર; રૂપુ નવ ચોરાયું રેખ, એક

ડોશી નજરે દેખ. સોની કેરો એહ બનાવ, ચોરે નહિતો આવે તાવ; ચોરે નહિતો થાય ચિત ભ્રમે, એ
સોનીના કુળનો ધર્મ. તસ્કર જાત સોનીની ઘણી; કોકિલથી એ બમણી ભણી; સોની શા છે જેનું નામ,
કરે આવાં તસ્કરનાં કામ. ન ગણે બ્રાહ્મણ ન ગણે ભાટ, ન જુવે માત ભગનીનો ખાટ; ન ઓળખે અ-
ધર્મ કે ધર્મ, નહિ સોનીને નગણે શર્મ. પ્રથમ તો સહુથીનું હરે, પછતો ખાય કે પુન્યજ કરે: એ સોની-
ના કુળનો ધર્મ, કરે અહરનિશ એવાં કર્મ. (છપ્પો) વણિક જાતનો ચોર, બે ગરડી ડાંડીને; કૂપી જા-
ત પણ ચોર, લે ખોટ માંડીને; કીરાબ ચોર કોટીધા, અપરમપાર અપાર છે; એ દિવસે સહુ દેખતાં, પ-
ણ સાચો સોનાર છે. (દોહરા) જગનનાથની આંગળી, કાપી લીધી કાય; જગતમાં એ જાણવો, ત-
સ્કરનો રાય. ડોશીને કહે ડાહગો થઇ, સાંભળો મારી વાત; એસો ઘરમાં ઘરણી કને, કહો વિગતની
વાત. ઉંઘ આવે તમને ઘણી, વાંસો પાટે વરત; ઓરડામાં નારી એકલી, ત્યાં બેસાડી તરત. ચિત રૂપુ
ચોરવા તણું, મોકલી મંદીર માંહ; વાતો કરવા વનિતા ગઇ, તરૂણી બેઠી ત્યાંય. અરસપરસ અધિક કરી,
વિગત કેરી વાત; એક ઘડી ધારે નહી, એનો મહા ઉત્પાત; જન્મતણી જરાતણી, પીછળી સઘળી પેર.
ખાવું પીવું ખેલવું, પણ બંધનમાં વેર; ડોશી કહે દુખ નવ ધરો, લાભ તણો જશ લેઉં. બંધીખાને
નાંખીયાં, તે મુકાવી દેઉં; રાત પડી રૂપાતણાં, કહ્યાં કાઢે કાય. ચાર ગદીઆણા ચોરીને, ડોશી કરમાં દી-
ધ; ડોશી કહે સુણ દીકરા, વાત કહું એક સાચ. સોનુ ઘરમાં મેં સાટિયું, ગદિયાણા સેં પાંચ;
તેના ઘાટ ઘડાવવા, આભુષણ રૂડા અંગ. ધિરતાં મન નથી ચાલતું, તો કેમ રહે એ રંગ; ઘરમાં માલ
બીજો ઘણો, ભર્યો પટારો પેર. તે સુનો કેમ મુકીએ, માણસ નહી મુજ ઘેર: સોની કહે માતા સુણો,
હું ન.ી ઠગનો ઠાઠ. આભુષણ ઓપાવતાં, દિવસ થશેજી આઠ; ત્યાં સુધી મુજ મંદીરે. રમો જમો ગુણ
ગાઓ. ઘરેણાં ઘડી આપીએ, જરૂર લેઇને જાઓ; પટારે બારે ભેદ છે, તે મૂકો મારે શિશ. અમો ન-
હી ઉઘાડીએ, તુજ મુજ વચે ઇશ; રામ હાઇ દશ વરાં, સૂર્ય ચંદ્રની શાખ્ય. પેટી નહી ઉઘાડીએ, કા-
ળજડુ સ્થિર રાખ્ય; તરૂણિ કહે તુ આવજે, પરગ દહાડે પ્રભાત. કો આગળ રખે કરે, એ વિસ્તારી વાત;
(ચોપાઇ) રીઝે ભક્ત દેખી શ્રી રામ, રીઝે લોભી દેખી દામ; રીઝે છે નેસની ધીને ગાડુવે, રીઝે
વિપ્ર દેખી લાડવે. રીઝે પંડીત દેખી પાઠ, રીઝે ઠગ કાંઇ દેખી ઠાઠ; રીઝે ગુણકા દેખી ગરથ, રીઝે
જેને જેવો અરથ. રીઝે કાષ્ટ દેખી સુતાર, રીઝે ડાકણ લે કેતાર; રીઝે ખાતર પાડી ચોર, કળા ગાંડતાં
રીઝે મોર. રીઝે કવિતા કરતો કવિ, રીઝે વાત સુણતાં નવી; જુવતી દેખી રીઝે જાર, સોનું દેખી રીઝે
સોનાર. દઇ દીલાસા ડોશી ગઇ, તે પોતાને કામે થઇ; એક પાડોશી પોતા તણો, લુણ હરામી ડાહ્યો
ઘણો. તે સંગાથે મેલ્યો ઠાઠ, રેહેજો પટારે દિન આઠ; ખવરાવું પીવરાવું ઘણું, તોલ દેખી તરૂણી
તણું. નહિ આવવા દઉં ઉની આંચ, સમ ખાધાથી માન્યું સાચ; પરભાત સમે સોની ઉઠીયો, જેમ ગજ
મસંગળ છુટીયો. આવ્યો બાઇ તણે બારણે, કુડે હેમ લેવા કારણે; મૂક્યો પાટ અગોચર ઠાર, સોની બેઠો
તેણીવાર. ડોશીને સમજાવી પેર, માથે મુકી લાવ્યો ઘેર; કહી ઘરમાં નારીને વાત, જોજો એહ કરશો
ખાત. પટારા પાસે બેશી રહો, કામકાજ તે મૂજને કહો; કરવા માંડયું સોનીએ કામ, તેનું કોઇ ન જાણે
નામ. કાચુ કોરૂં સુખડુ ખાય, પાણી બેઠાં બેઠાં પાય; સોની ઘાટ પોતાનો ઘડે, જાણે સોનું રૂપુ જડે.
પેટી ઉઘાડતાં શાની વાર, કાઢયો જુવતીએ તે જાર; રાતો તાતો માતો ઘણું, હૃદય રીઝયું તે રામા તણું.
ખાય પીવેને ખુશી કરે, એક એકને દેખી દીલ ઠરે; આઠ દિવસમાં આઠે યામ, અંદર નિશાએ કીધું કામ.
સોની બાહાર અગાસે સુવે, જાર બેઠાં જુવતિને જુએ; રમે રમત સારાં સોગટાં, સુવે સેજ આપે એક-
ઠાં. એકે વાતની ન રહી ન્યુન, કોઇ જનમનું પ્રગટયું પુન; સ્ત્રીને જોબન છે ભરપુર, નરના જોગથી વા-
ધ્યું નુર. ૭૨ (દોહરા)આઠમે દીન અરૂણોદય, બોલ્યો શુભ સોનાર; આઇ પોચાડી દેઉ હું, મૂકો
મુજ શીર ભાર, આ ઘરેણું તાહરૂં, આ સહુ તારો માલ, આપ મજુરી માહરી. તો તેં કીધા નાહાલ
એક જાણીએ બાઝ કરી, મુકો સોની શીશ; ડોશીને ઘેર લાવિયો. આપ ઉગમતે દીશ. તાળામાં ચાવી
તાહરી, પરકેરી સુબ પ્રીત; સોની કાંઇ જાણે નહી, રામા કેરી રીત. પામુળ ખુણે પછીતિયે, સહુથી જાતો
દેહ; ઉતાર્યો ઓરડામાં, શામાં સોની એક. ઉતાર્યો આનીપર , અથડામો અપાર, વાગ્યું ને બહુ વેદના
જુરે કીધું એકવાર. તે સોનીયે સાંભળ્યુ. પડી ગન મજી ભ્રાંત; ઉતાર્યો થઇ આમીએ, આપ ઘેર એ

કંત. સાચુ કહેરે સુંદરી, મન માન્યાં હેઙ માન; પટારે કુણ બોલીયું, મેં સાંભળ્યું કાન, સાદ કોનો મેં સાંભળ્યો, મારે કહ્યું તે આજ; માસ સગ સાચુ કહો લેશ ધરો માં લાજ. આજે મેં તો જાણીયો, આ-ઙક પુરૂષ પ્રચંડ; જુઠું બોલે જાણજે, દેશું તુજને દંડ. વાંક ગુનો બક્ષુ તુને, સાચી બોલે વાત; નહિ તો હું હાથે હણું, છેદુ કાનને નાક. ૮૦ (ચોપાઇ) ધણીયાણી કહે સાંભળ ધણી, વાત કહુ તુજને શી ઘણી; તાળામાં મુને ઘાલી જતા, રળીયાત તમારા મનમાં થતા; મરદાની તો ઘણી ભાખતા, અહંકાર રૂદે રાખતા. કેટલીક વાત કહી કરજોડ, વળી તમસું પાડી હોડ. રાખી તમારી નહીં રહું, સત વચન એ સાચું કહું. તમ પાસે તેડાવું જાર, તમ પાસે ઉઘડાવું બાર; સેજ્ય તે તમારી પાથરૈ, તમને સુવાર સા-થરે; તોએ તમે ન માની વાત; અધિર ઘણું તમારી જાત. કહ્યું તે થવાય એવાં થજો, તેડાવજો કે તમે જજો; તેતો મેં રાખ્યો કાયદો, ડોશી સાથે કરયો વાયદો. શીશ પટારો તું લાવીયો, તેમાં કોઇ પુરૂષ આવીયો; મોહા પ્રચંડ તે નૃપનું તુર. સાચો નર સંપ્રાગે સુર. મનોહર સહુને અચરજ અડે, કામવાસના પૂરી પડે; તારા લોભે તુ ચુકાયો, શેજ સમીપે તે મુકાયો; તે નરને મેં કાઢયો બહાર, થયાં એકઠાં નરને નાર; તે ભેગી હું એશા જમી, આઠ દિવસ હું રંગે રમી; શુભ પ્રકાર મળ્યો સંજોગ, ભોગવીયા રૂડા ભોગ; સાત દિવસ રહ્યાંતાં મકાન, પુરવ જન્મનું પ્રગટયું પુન; તું ઘડતો તારા ધ્યાનમાં, અમે તો અ-મારા તાનમાં, થયા આઠ કરતા દીશ, તમો પટારો લીધો શીશ. ઘર સુધી પોચાડયો તમો, એવો સાચું બોલ્યાં અમો; વચન કહ્યુંછું તેનો ભેદ, એ વાતે નહી ભ્રાંતિ ભેદ.

(દોહરા) સાચુ માન્યું સોનિએ, કરમાં ગ્રહયો કટાર; મારવા માંડી કોપથી, ભામનીને ભરથાર, શાબાશ શાબાશ સલક્ષણી, શું બોલી મુજ સાથ; ન હોય કદિ રાંકડો, જોજે મારા હાથ; શીશ છેદું નહી તાહરૂ, તો અંબાની આણ્ય. મારે મોઢે માન્યું વીપરીત બોલી વાણ્ય. કહેતાં તો કહે-વાત ગયું, તિયું તે વરત; સવળાંનું અવળું થયું. માંથે આવ્યુ મરત. પોપટ કહે પ્રભાવતી, ચતુરા ચતુ-ર સુજાણુ; કેઇ રીતે સાચી પડે, શી રીતે બચે પ્રાણુ. એ રામા શીરીતે ઉગરે, શાં વીસ્તારે વાત; કયમ અવળું સવળુ પડે કયમ કરતો રહે ઘાત; કરતાં પાપ તો સેહેજ છે, ભોગવવાં બહુ ભ્રાંત. જો જાણો તો કહો મુને, આપણુ છું એકાંત. કાહાડી કટારી કથડે ભ્રાંત નથી કાંઈ ભેદ; અક્કલ હોય તો ઉગરે, વિદ્યા વીજારી વેદ; સારી પેરે શીખવું, ભાગુ તમારી ભેદ. એક વીધા કીધી અતી, રામા ચરીત્રની રીત; પતિ પાગ્ય પડાવીઓ, પુર્ણ આણી પ્રીત. મુકાવી તાળા કુંચીઓ, મુકયાં ઉઘાડાં દ્વાર; કર જોડાવ્યા કંથને. ભા-મનીયે રાખ્યો ભાર. પાયે લાગી પ્રભાવતી, શીખવ વીધા એહ, પછે કામ એવાં કરૂ દુધે વુડે મેહ.

(ચોપાઇ.) શુક કહે સુણ વનીતા વાત, રામા ઘેર રહો એક રાત; વિનતાને મન વાણી વશી, હેત પ્રિત ઘણેથી હશી. શુક કહે સાંભળ કામની, ભોળી થઇ ગઇ તે ભામની; મારે કંથ કટારી જેમ, ભલે ભલે મુખ બોલી તેમ. વાત દુઃખની મનમાં વશી, ખડ ખડ ખડ હેતેથી હશી; તાળી આપી સ્વામી સાથ હેત પ્રીતથી ઝાલ્યો હાથ. કેવા તમને છેતરી લીધ, કેવી વાત બનાવી કીધ; મુરખ સાચું માન્યું તમો, એવાં કામ કેમ કરીએ અમો. કંઠે વાહલો હેતથી હાથ, સામા બોલી સ્વામી સાથ; અરે મુર્ખ કેમ મારે મને, મૃત્યુથી ઉગારયો તુને. તુજ ઉપર કોપ્યાતા દૈવ, જરૂરપણે જાતોનો જીવ; તેતો જાલમ હુતો જક્ષ, તુજને કરતો તો ભક્ષ. તે કહે શોનીને ભક્ષણ કરૂ, વળતી હું તો તુજને વરૂ; રાણી કરીને રાખુ ઘેર પાપી એવી કરતો પેર. મેં જાણ્યુ એ નીશ્ચય હણે, પાપ પુન્ય રૂદે નહી ગણે: મેં તે સાથે પ્રીતી કરી, ઘાલ્યો પટારે છેતરી. પ્રથમ પટારે પેસો તમો, પછી સંભોગ કરશું અમો. લોભાણો પેઠો તે માંહ મેં તો તા-ળુ દીધું ત્યાંહ; મુવો હશે કે બળતો મરે, આપણને પાપી શું કરે, પેટી સાથે એ આવીયો, તું તારો માં-થે લાવીયો. ૧૧૭ (દોહરા.) સોનીને સમજાવીયો, વાત કરીને વેદ; એટલે આવી ડોસલી ભાગવા મન તો ભેદ. સોની તું શાણો થયો. કુડી તારી કાય; મુજ ઘેર ગડદુ મૂકીયું, તેનું તે શું નામ. પુરૂષ કોણ પટારીએ, મારી માલ્યો મુઢ; રૂકો મંદીર માહરે, પ્રાક્રમ કીધું પ્રૌઢ. રાય રંક કે રાજવી, શાહ સુણે સુલતાન; એતો કહેછે દક્ષ છું, એનું તે શું નામ. એક ઘડીમાં જીવતો, દેખું એનો દેહ; પળ એકે ગડ-દુ થઇ, પડયો રહે છે તેહ. સાચું માન્યું સોનીએ, જાણશે બધું ગામ; શુળી દેશે દેશ પત્ય. થાશે વીપરીત કામ. સાચુ માની સંગી સિરે લાગો પાપ; દામ આપ્યો કાં ડોશીને ઓળખી એની આંચ, કહે શુણ દીકરા, મેં

કીધું પુરણ કામ; ભૂમિ ખણીને દાટતાં, વીપરીત થયું તે કામ; ગડ ભડ ભડ ભડકો થયો, ઉડી ગયો આ-કાશ. એનો કૌતક કારસ્તું, કરત આપણો નાશ. ૧૨૬ (ચોપાઇ.) કદાચ જો રેહેતો જક્ષ, તો આપણુને કરતો ભક્ષ; અરે બાઇ એ ભાગટ ગઇ, કહે સોની સુજ શાતા થઇ. તમો પ્રાણ તણા આધાર, તમો મારા હૈ-ડાના હાર, નારીને બહુ દીધાં માન, હાજરે દીધાં શ્રીફળ પાન. આપરપણું તે નરનું ગયું, કારજ તે નારીનું થયું; અણી ચુકયો શુ પ્રાણુજ હરે, સંશય મનનો મનમાં ડરે. ૧૨૮ (દોહરો.) સોની જાત શાણો ઘણું, સુરખ કરયો તે મેળ, વીજાર વીઘાની ખાણુને, ખરો દેખાડયો ખેલ. એવાં ચિન્હ ચતુરાઇનાં, વીવાહ વાત વીલાસ; કથા બે પુરણ થઇ, કહે કવી શામળદાસ. પંડીત જન કરશે પારખું, સુંણશે સાંજ સવેર; ગ્રંથ રચાવ્યો ગુણનાથી, જશવંત નર ઝવેર, શ્રોતા વકતા સમજતા કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૩ જી.

(દોહરો.) દુંદાળો દુખ ભંજનો, વપુ જોજન વેશ; ઉમાયે અંગથી ઉપન્યો, ગોરી નંદ ગણેશ. શુભ સંવાદ શુક બ્હેનેરી, વિધા વિવેક વર વાણ; પ્રેમી જનને પ્રીય છે, ખરી અમ્રત રસ ખાણ. તારણી તે ત્રીજે દીવસ, જારી રમવા જાય; આવી પોપટ પાંજરે, ચતુર પુરૂષને ચાહ. ૩ સાબાશ સાબાશ સુંદરી, જોબન જારોએ જાઓ, જાર તણું સૂખ ભોગવો, લ્યો લાખેણો લાહો. કદાચીન ત્યાં સંકટ પડે, વાંકુ આવે વેદ; તો ત્યાં ચતુરાઇ કેળવી, ભણુજો રૂડા ભેદ. ૫ ધન્ય ધના સુતારને, કીધું જેવું કામ, કષ્ટ પડે તેવું કરો, નોતો થાયે નામ. પગ ખેંચી રહી પ્રેમદા. પુછણ કહો એ વાત; ધનો સુતાર તે કોણ છે, કુણ જુવતીની જાત. જાર વિધા કેરી કરી, કહો વિજારા વાત; આઘ અંત માંડી કહો, મોડયું જેણે મતં, શોભીતા તજ સુંદરી, જેહ સજ્યા છે સોળ; તજ કડકડતાં કાપડાં, તજ તાતાં તંબોળ; બીને વરતરે ભાવથી અધીક કરજો અરજ. તો તે વિધા શિખતું, જો હોય ગુણની ગરજ; જેવુ કહ્યું તેવું કરયું, સાંભળવા શુભ વાત; સુક કહે શુણ સુંદરી, રહે આજુની રાત. પુરણ ગામ પૂનાદરૂ; નારાયણ નૃપનુ નામ; વરણ અઢાર વાસો વસે, ગુણવંત રૂડુ ગામ. ધનો સુતાર એક ધનપતિ, વૃદ્ધ તેહનો વેશ; દાતા વડો ડાહાપણે, નામના બધે દેશ. પોતે પાંસઠ વરસનો, અપુત્રાતો એહ; પંદર વરસની પ્રેમદા, દીવ્યરૂપી છે દેહ. ત્રીજી વારની તારૂણી, કુંવર પામવા કીધ, પ્રીત પરસ્પર ઘણી, વઇબવ ઘેર નવનીધ, પોળ એકમાં પિત્રાઇના વાસ વસે ઘર વીશ; સરદાર ધનો શીરોમણી, ભોગવે ભોગ નીશદીન. વચન કોઇ લોપે નહી જીવે તેથી જન; સગાં ઓશીયાળાં તેહનાં મોટમ પદવી મન. શામા ઘેર સલક્ષણી, વીભીચારી વ્રત વેશ; અરસપરસ જાણે સહુ, ડાહાપણ બધા દેશ. નીંદા સહુ પુઠે કરે, કંથ ન પ્રીછે પેર; હરખ હેત હઇડે ધરે, ઘરણી ઉપરે ઘેર. એક દીવસ એક મીત્ર જન; ધનાને મળ્યો એકાંત, અથ ઇતી માંડી કહી, ભાગી મનની ભ્રાંત. નીત નીત એ જારી રમે, વીનતા વીશ્વ વીખ્યાત; તમ આગળ કો નવ કહે, વીસ્તારીને વાત. નીંદા કરે નરનાર સહુ, તમને કોઇ ન કહે, હાકી પોકારી હું કહું, લક્ષણ હોય તો લહે. સુતાર તે સમજી ગયો, આળસ મોડી ઉઠ; કેમ ચાંતું એનું કહ્યું. જોઉં સાચુ કે જુઠ. શું જાણુ શા માટે વીપરીત મોટી વાત; કાને સુણ્યું ન માનીયે, નજરે જોયું સાચ. સહસા કામ ન કીજીએ, રૂડી કે ભુંડી રીત; ઘરસુત્ર કેમ ભાગીએ, પરહરીયે કેમ પ્રીત; રાત સમે શામા કને, વાતે એકો વશ; સમજાવી તે સુંદરી પોતે આપ પ્રશંસ. વાહાણે કીધો છે વાયદો, રાયનો ઘડવો રથ; સરપાવ લઇશુ શોભતા, જડશે જતને ગર્થ. માસ કેમ આઠેક છે, દીવસ થશે ત્યાં આઠ; સુંપી આવીશ સુતારને, ઠીક બનાવી ઠાઠ. નારી કહે એતો નહી નયણે ભરયાં નીર; આઠ દીવસ રહુ એકલી, તો પડે મુજ શરીર. ખાવું પીવું નવ ગમે, કષ્ટ મુજ કાય; પેહ વીજોગે પલકમાં, ઘડી વરસ સો થાય; નયણે નીંદ આવે નહી, સજુ નહી શણગાર; અન્ન ઉદક ભાવે નહી; સ્તન વીના ભરતાર. મરવુ રૂડુ કે માનની, ધણી વીયોગે ધેણ; એવાં રહેશે સરસઆધા; કામની બોલી વેણ. રમવુ જમવું રીઝવું, હસવું, હરખવુ હેત; તેહ તજુ હું તમ વીના, આરોગુ કેમ અંન. નીંદા નાખે નાવવીણ તરૂણી તજશે તન. સુતાર કહે સુણ સુંદરી, સત્ય વચન એ સાચ; જો તે હીને સહજે, પેગદા દીવસ પાંચ; રોઇ ઘણું રામા રડે, નીર ચલાવ્યાં નેણ; ગદગદ કંઠે ગળી ગઇ, વદને ન

બોલે વેણુ સમ ખાઇ સંતોષણીમાં, હેતે વાળ્યા હાથ; જરૂરપણે જાવુ ઘટે, સોબત રૂડો સાથ. વાંસલે ને વધી વેંધણું, કરવત સાતડી લીધ; ધરદેને મુકી ધને, કીધું કારજ સીધ. બેપર કહે બલા ગઇ, છાની ફેરતા રીત; કલોલ કરીશ કસરગાં, પાંચ દીવસ તો પ્રીત. જુવો નારી મોઢે કરવા, હાલાવાલા કોડ આવતાને એ આદર્યુ, જારી હાંકી જોડ. પોહોર રહગો જ્યાં પાછલો, દોસ લીધા કુંભ; પાણી લેવા તળાવ ગઇ, રૂડે રીઝથી રંગ. પછીત પાછળ પતી રહગો, પેઠો પરદી પેર; સુતો પલંગ તળે જઇ, સુખ પોતાને ઘેર. નીર ભરે નારી જહાં, નર એક રૂડો દીઠ; નીરખ્યો નરપતી સારખો, અવર ન પૃથ્વી પીઠ. કુળવંતો વહાલો નહી, નહી પંડીત નહી સુર; એક વહાલો જે ચીતવસો અથવા જેમાં નુર. સાન કરી સમજાવીઓ રહોજી મારે ઘેર; રમો જમો રાજી રહો, કરોજી મુજપર મેર. પંથી કહે સુણ પ્રેમદા, ચીતથી એ નહી આડુ; મારી નાંખે કો ભૂલે, જીવ મારેથી જાઉ. બીએ મારી ભામની, બીએ મારો તન; લાભ એમાં શો શીજીએ, મેળવતાં તુજશુ મન. કદાચીત બીડ માથે પડે, રૂઠે કૃષ્ણ મુજ સાથ; શાખા તુ છુટી પડે, કાને દેઇ બે હાથ. મુજને દેવરાવે શુળીએ, રાખણહાર કોણ; માટે હું આવું નહી. શીખ્યો વીઘા કોણ. સમ ખાધા સુંદરી, વચમાં આપ્યા ઇશ; ઉનો વા વાસે નહી, જો હસ્સે જુગદીશ; સંકેત બતાવ્યાં સુંદરી, ડાહાપણુથી ગઇ દેશ; પગલે પગલે પંથીએ, કર્યો પુર પ્રવેશ. મંદીરમાં ગઇ માનની શોભીત કીધી સાન; પંથીને ઘણું પરણુમી, દીધું જીવતદાન. પલંગ તળે તો પોઢીઓ, સ્વામી જે સુતાર; પુરૂષ દીઠો જ્યાં પારકો, થઇ તાં વાત નીરધાર. ઉદક મોદક મુકયા અતી, ખાંડ ખેળા તેલ; મર્દન કરવા માનની, રૂડી રંગની રેલ; વારે વારે લે વારણાં, ઓપાવે આલીંગન; ભક્તી વર ભરતારની, જુવે હેડેથી જન. પાક કીધો શુભ પ્રેમદા, સાળ દાળને વર્ત; ચોળ્યાં ઝાઝાં ચુરમાં, તરતીએથી તર્ત. ખાન પાન તરતીઅથી, વાન વાજા ને ગીત; માન સન્માન સોભીત સદા, પરસ્પર રાખે પ્રીત. હસ્ય ભાવ કટાક્ષથી, નેહ ફરૂક્યાં નેણ; સેત્રંજ ગંજીફા સોગટાં, વદને અમૃત વેણ. આલીંગન આદર અતિ, દેત નખશિખ સીધ; હાસ કથારસ વાંરતા, વર પરાક્રમ વિધ. સુતાર પડ્યો નજરે જુવે, ડાભા પણ બહુ દીશ; દંત કરડી પડી રહયો, જાણે છેદુ શીશ, જાણ્યું હાકમ લુટશે, નાત કાઢશે બાહાર; એકે વાત ન ઉકલે, વિચાર વારંવાર. અંગ ઉઘાડુ દાખવે, કરે હાવને ભાવ; નેણ નચાવી ચાળવે, બહુ બુધીથી બનાવ. બે જણ એકઠાં જમે, જમે જમાડે જુગત; એક એકના ગ્રાસ પ્રાશન કરે, ભાવ દેખાડે ભક્ત પાન ચવરાવ્યા ચાવીયા, તંબોળ છંટાણું તાંય; કરજોડે આળસ ભરડે અતિ, મન ગમતુ માંહિ; માંય રાત પડી એમ રીઝમાં, દીપક ઝાકઝમાળ; શેજ્ય કુશમની પાથરી, ચતુરાઇ કેરો ચાલ. હાસ ગિતને નૃત્ય નિધ. જંત્ર સાજ રિધ રૂપ, અન્યો અન્ય આનંદમાં, તે ભામનીને ભુપ. ધણી બેઠો દ્રષ્ટે જુવે, વપુંએ વાધ્યુ વેર; એને કયમ મુકુ જીવતો, પ્રગટ હળાહળ ઝેર. શીશ કાપૂ જઇ વાંસલે, કે વેંધુ વેદ; ભવ ભરતાર જુડો બન્યો, ભ્રાંત ન રહી ભેદ. પોપટ કહે પ્રભાવતી, ધણીએ દીઠુ દ્રષ્ટ; ખરેખરો તે ખિજ્યો, કાળે પામ્યો કષ્ટ. એ નારી કેમ ઉગરે, રૂડી કયમ જાય; સતી પણું કેમ સાચવે, પતિ પડે કેમ પાગ. ભ્રાંત ટળે ભરતારની આવે એ શુ હેત; કયમ નારીને નર જમે, સજન કુટંબ સમેત. કયમ જાય એ પુરૂષ જીવતો, કયમ પોચે એ ઘેર; કયમ થાય સતી શીરોમણી, પારખો; કહો પેરમાનની કહેરે મુરખા પોપટ પંખી પ્રિત જુવંતી રહે જીવતી કયા પુરૂષની રીત. હોય જો કાને સાંભળુ સમ ખાઇ સાચી વાય; દીઠો પોતે દાખીયો, તે કયમ જીવતો જાય. જમ્યાં રમ્યાં સુતાં સહિ, કરતાં એવાં કામ; દિઠુ તે કયમ માનશે, ઉગરવા કોણ ઠામ. સુક કહે સાંભળ સુંદરી, ચિન્નર તણો વિવેક; સાચી તો સામા થઇ. નિરમળ વાત કહિ એક, આજની રાત અહીંયા રહો, જારી જાજો કાલ્ય; તો સદ વિદ્યા શિખવું. ચતુરાઇ કેરી ચાલ. કરજોડી કહે કામની, ન રહે ધારણા ધીર; એ અબળા કયમ ઉગરે, તે કહે મારા વીર. ૭૭ (ચોપાઇ) કહે શુક સાંભળ સાચી વાત, સંભળાવુ સાક્ષાત; સેજ તળે સુતો સુતાર, તેણે મનમાં કર્યો વિચાર. અકળાણો આકુળ વ્યાકુળ થાય. નીશાસા મૂખથી મુકાય; અરે વચન મુકયુ જેટલે, વહુ તે ચેતી તેટલે, રખે તે ચરચા જોતો હોય, કંથ બંબેરો દિશે કોય; કાંઇક કૌતુક છે કો જન, ભામનીએ વીચારયુ મન. મારા ઘરમાં નહિ જીવજંત, કહો જડે કયમ તેનો અંત; રખે ઢુકતો હોય ધણી ચિંતા પેઠી મનમાં ઘણી, હડી વિન્નરી વાત, ન કરે તો તો ઉતપાત, તે ભ્રિનો ધિણિ છે તળે; વળગ્યો

નાર નારીને ગળે, જન્મ વિસરજન છે તે તણાં, બેઠે આલીંગન બેઉ ઘણા; એવામાં પીપો આવ્યો ફરે, નાર પ્રતે તે વાણી વદે સાંભળ પંથી મારા મિત્ર, તું છે જાતે પરમ પવિત્ર; કારણ કહુ મારા મન તાણું આઘાેી હેત તુજ ઉપર ઘણું; રખે મુજ સાથે સંગમ કરે, હવડાંને હવડાં તુજ મરે; મારી સાથે સંગમ થશે, તારા જીવ જરૂરી જશે. મારે પતીવ્રતા વ્રત જાણ: તારે તજવા પડશે પ્રાણ; તારે નાર તેનો બોલિયો, મન તણો પડદો ખોલિયો; મુજને તેં તેડાવ્યો છે કયમ, સાચુ ન કહે તો મારા સમ; એટલુ હરે ન લાગ્યુ પાપ હવે અતિ કયમ થાએ આપ; તારે નારી બાલી તેહ, નર સંગાથે આણી નેહ: સિતેર પ્રકાર કરશો સંજોગ. ઇકાતેરમો કરતાં ભોગ, નાણું ભાગનું કારજ થયું એક ભાગનું બાકી રહ્યું: તુજને હું ચેતાવું તર્ત, માથે તારે આવ્યું મર્ત. ભોગ કરીશ તુ છેલો જાણ; પલક એકમાં જાસે પ્રાણ; તે હત્યા બેશે શિર મુને, તે માટે ચેતાવું તૂને. તારે તણે જોડયા હાથ, બોલ્યો તે શાગાની સાથ: તેં શા માટે નેડયો મુને, હવે કેમ હત્યા બેસે તુને. કેમ તેં મોત જાણ્યું માહરૂ, કેમ જ્ઞાન આવ્યું તાહરૂ પ્રથમ મુજને તેડયો કયમ, સાચુ ન કહોતો મારા સમ. ૯૩ (દોહરો) માન્યની કહેરે મિત્ર સુણ, વાઈ કહુ એક વાણ; જો વાત જુઠી કહું, તો ઇશ્વરની આણ. મારો મારા કંથનો, દિસતો જૂદો દેહ; પ્રીત મીનને જળ સમી, જેમ ચીદતને મેહ. જેમ કોકીલને આંબવન, જેમ ચંદ્રને ચકોર, જેમ અગ્નિને વાયુ, જેમ મેઘ ને મોર. જેમ કૃષ્ણને રાધિકા, જેમ રોહણીને ચંદ્ર; જેમ રનાદેને રવી, જેમ ઇંદ્રાણીને ઇંદ્ર, એક ઘડી રહીએ પરા. વર્ષ બરોબર થાય; એક દીવસ રેહેવું પડે, જરૂર જીવડો જાય; કંથ વીના રેહેવું પડે: તેથી રહુ મર્ત: માટે ગોર પુજી ઘણી કર્યાં અંબાનાં વ્રત. કંથ પહેલા હું મરૂ, એટલું માગુ ઇશ, ગયા આજ ગામાંતરે દોહલા મારે દીશ, માહારા ચીતમાં હું અની, આકુળ વ્યાકુળ થાઉ; હાથી પાછી શેરીએ જીવ વરાંસેજાઉ. હુ છું સતી શીરોમણી, અબળાનો અવતાર; પર પુરૂષ પરખુ નહી, જરૂર નજાણું નર. જુઠુ તે સ્વપ્ને નહીં, પરશુ ન કરૂ પ્રીત; ન કરૂ કુડ નથી કપટ, રાગ દૂહાઇ રીત; કરગરી કહુ કીરતારને, તન મનથી હું તર્ત; માહારૂદ્ર પાસે માગીએ, માંડી પેહેલું મર્ત. શુની ઘડી રહે, ધણી વીના જે ધન; લક્ષ વીંછીની વેદના, ઝેર હળાહળ અન્ય. તે પેરૂ પરગામે ગયા. દૂખ પામૂ હુ દેહ; વાટ જેતીતી તેહની, જેમ દાદુરની મેહ. ટોળા વછુટી મૃગલી, જેન રોતી હોય રાન; તેમ હું ટળવળતી હતી, જેમ બુડયાં હોય વ્હાણ. એક ઘડી એક વરષની, સત કલ્પ થઇ સાચ, તે મન જાણે માહારૂ, દિવસ જશે કયમ પાંચ; એટલે વીપ્રજન આવીયો પ્રોઢો પંડીત રાજ; જાણે અંતરીક્ષથી ઉતરયો. હોય ઇશ્વર જયમ આજ. ૧૦૯ ઉત્તમાક્ષર જનમોતરી, જાણે પૃથ્વી પવિત્ર; જાણે ઇધાન તે અંગના, જાણે ચિન્હ ચરિત્ર. આગમ નિગમ આદર લહે, જાણે ભાવાર્થ ભેદ; જાણે શાસ્ત્ર પૂરાણને, જાણે વ્યાકરણ વેદ. હાથ જોઇ જાણે યથા સામુદીક સેધાણ; ભુત ભવિશ વર્તમાન એ, અગમ તણા એંધાન; વાત કહે મનડા તણી, તે વેળા તે તર્ત, સુખ દુખને હાણ વધ, જાણે પોતે ગર્ત; શેરી કેરી સુંદરી, હેને દેખાડે હાથ; જેને જેવું નીપન્યું તેવી કાધી વાત. મેં તેડયો તેને મંદીરે, જોયો નર નિરદોશ; પુજી ખરચી પૂછીયો, તે જેતીક ને જોશ; પ્રશ્ન કરી પંડિત કહે તુને સાચુ કહુ, જેહ લખ્યુ જુગદીશ કરગરતે કહ્યું કરસરી શતધા દીધા સમ; તમે મારા તાત છો, સાચુ ન કયમ, તારે તે વિપ્રે કહ્યું, નિતીમાન તે ન્યાળ; આજ તણી મધ રાત્રીએ, કંથ તારાનો કાળ; નિશ્ચે મરશે તુજ નાવલો હોશે તુજને હાણ; વચન મિથ્યા જાશે નહી, વેદ વચન નિરમાણ તારે હું પાયે નમી કીધો મેં બહુ કરોધ; પ્રાણ તજવા મેં માંડીયા પ્રશ્ન તણે પ્રતિબોધ, મારો સ્વામી કેમ ઉગરે, તે કહોને મહારાજ; કહોતો દેહ મારો તજુ, આ વેળામાં આજ, કહોતો આભુષણ આપિયે લુટાવું ભંડાર; કહો તો જેગણ થઇ ભમુ, ઉતારૂં શણગાર. પૃથ્વી પ્રદક્ષણા કરૂં, કહો તો કરૂ કાંઇ વરત; અપવાસ કરૂ ખટ માસના, શીયળવ્રતની રાત. કહોતો ચંદ્રાયણ ચોઘણું, કહોતો નાહુ ગંગ; જેમ ઉગરે મારો ધણી રૂડો બતલાવો રંગ, ચાર ભાઇ ચતુર મરે, પાંચમો મારો બાપ છઠો મારો જીવડો, આપુ આપો આપ, કંથ અગારો ઉગરે, પ્રભુ કહો તે પેર, બાંહ્ય પકડી બેસારીઓ, ગુણવંત રાખો ઘેર. વિપ્ર વળતો વાણી વદે, સાંભળ મારી માત: કંથ ઉગરે તાહરો, તે કહું સાંભળ વાત. લાજ મુકુંછું લક્ષ્યવરા, કહુ તેવું કર કામ; સુંદર તજો સતીપણું, જો હઇડે હોય હામ. પાણી ભરવા પરવરી, તળાવ વગે તીર, નીરમળ થઇ નારાયણ કરો શુદ્ધ થાઓ શરીર, વટેમારગુ વાટનો, જોતો રહીને જેહ, તેડી લાવો તારણી, નરશુ આણી નેહ. ભરતાર પેરે ભક્તી કરો, બીન ન રાખો ભ્રાંત; કરણી

પેરે તેનડો અધિક થઇ એકાંત. લજ્યા લેશ કલેશમાં, નેક ન રાખીશ તુન્ય; ન ગણીશ પોતાનો પારકો, ન ગણેશ પાપ કે પુન્ય. જમાડજે રમાડજે, ગમાડજે ગુણ ગીત; આલીંગન આપાજે, પતી થકી બહુ પ્રીત, એટલું કરજે કામની, ઉતરશે તારી ગાળ, મધ્ય રાતે ગટી જશે, કંથ તારાનો કાળ; પર પુરૂષ જે આણશો, ભાવે કરશો ભોગ; તરત પ્રાણ તેના જશે, આવ્યો એ સંજોગ. સીધુ આપી સંતોખાયો, વિપ્ર વળાવ્યો વર્તે, તે વેળા તળાવથી, તમને તેડયા તર્ત. ખાધુ પીધુ ખુશી કરી, રીઝી કીધું રાજ; આલીંઘન અંગે કર્યું, કંથ જીવાડણ કાજ. ગાઢું કામ મેં તો કર્યું, થાશે કુશળ ક્ષેમ; જ્યાં સ્વામી મારો હશે, રૂડું થાજો હેમ કામ નિત્યો મુજ કંથનો, પણ તારો છે કાળ; ચેને તો ચેતાવિયે મુજમાં તો એ માલ. ત્રણ પોહોરતો મિત્ર તું, પામે જ્યારે મરત; અમો પાપ કયાં છુટીએ, માટે ચેતાવું તર્ત. હું સતી શી રોમણી, કુડું ન કરૂં કાળ; કંથ માટે કરવું પડયુ, તે જાણે શ્રીરામ. તાં ચેતો ચતુર નર, તેં કહી વારૂ વાત; હુ તો તારો દીકરો, તુ તો મારી માત જણસને શું કીજીયે, જેણે તુટે કાન; તુ તો મારી માવડી દીધું જીવત દાન. પલંગથી હેઠો ઉતરયો, તજી જુવતીનો જાર; ચેતાવ્યો ચતુરાઈથી સ્ત્રીએ રાખ્યો ભાર. કોપ ચઢયો તો કંથને, જે છેદતો. શીશ; તે ગુણ જાણીને ગળ્યો, રેખ કરી નહી રીસતો સાબાસ તુજને સુંદરી, શાબાસ તાહરૂં હેત; પ્રાણ તજત પોતા તણા, પિતા ભ્રાત સમેત. ધન ભંડાર લુટવતી, કરતી તીરથ વ્રત; જમ તમ કરીને માહરૂ, મરડી નાંખ્યું મોત. લાજ લોપી પોતા તણી. વિપરીત બોલી વાણ, શામ દામ ભેદે કરી, ઊગારયા મુજ પ્રાણ. એ નાર તણી નીંઘા કરે, કો પુંઠે બોલે પેર. તેને કુટંબથી કાહાડીયે, તેડું નહી મુજ ઘેર. સ્ત્રીને બહુ વાના કરયાં, સ્તુતી કીધી તે સાથ; સગાં સહોદર સહિત તે વેચાણ અમળા હાથ. સ્વામી નિસરયો સેજથી, પ્રાતે પ્રણમ્યો પાગ; વારૂ વાંક ક્ષમા કરો, રહયો જોવા આ જાગ. ભુંડે લોકે ભંભેરીયો, ભામનીનો ખોવા ભાર; તેને ઘેર તેવું થજો, તું મારી આધાર. વિજોગ પડજો એ શત્રુને, ભાગો તેનું ઘરસુત્ર; નારીની નીંઘા કરી, મરજો તેના પુત્ર. વણ વાંકે મરાવતો, સતી શીરોમણી નાર; તેને હું તેડું નહીં, રાખુ નહીં વેહેવાર. હેત પ્રીત દેખી નવ શકે, કરે તે નિંઘા નેટ; તેને તેવું દુખ હજો, ભોગવજો પીડા પેટ. ગાળો દીધી ઘણી, લોકોને દશ વીશ; જુવતી કુશ જારને, પાગ નગાવું શીશ. આજ થકી જે જીવીએ, તે તારો પરતાપ; નવો અવતાર આપ્યો તમો, વેદ પુરાણે છાપ. પરણો કરી પાંચ દીન, રાખ્યો રૂડી રીત; વસ્ત્ર પાંચે પેહેરાવીયાં, પુરણ આણી પ્રીત; વેચાણ વિનતાનો થયો હેતે જોડયા હાથ; કુટંબને આગળ કરી, સ્ત્રીને તેડી સાથ. નીંઘા કરે મુજ નારની, મુક જુવે જે પેર; તે સહુ શતરૂ માહરા, ન આવશો મુજ ઘેર. સ્ત્રી આગળ સરવે કરી, માંડી વાત વિવેક; નિશ ચરચા હું નિસરયો, જોવા તારા નેક. લાખીણા કીધા લાડવા, આભૂશણ અપરમપાર; વેચાણ થયો વરણાગીયો, ભામનીનો ભરતાર. ચતુરાનો ચાકર થયો, ન કરી લજ્યા લોપ; જીવ્યાં પર્યંત જશ લહયો, કદી ન કિંના કોપ. પોપટ કહે પરભાવતી, આવડે એવાં કૃત, તો તો સુખે પરવરો, નહીતો પાગશો મરત, માનેલ કરયો તે માંટીડો, જેણે દીઠું દ્રષ્ટ; તેણે છત્ર છાયા કરી, થઇ પુષ્પની વ્રષ્ટ. જારને જાદુ સમજાવીયો, કાને સુણાવ્યુ કંથ; જાર વિદ્યા એતે ખરી, પ્રેમદા કરે પંથ. શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેજલપુરમાં વાસ, ઝવેર જસવંતા આગળે, કહે કવિ સાંમળદાસ; શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; સામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૪ થી.

(ચોપાઇ) સ્મરણ કરૂં શ્રી સારદા માત, પુજુ શ્રી ગણપત સાક્ષાત; સુક બોહોતેરી સંવાદ, અંતરમાં આણી ઉલાદ. ૧ ત્રીજા દિવસ કેડે તારૂણી, કામ્યની કામાતુર કારૂણી; સણગાર સજ્યા ભલેરી ભાત, સામા નિશરી પડતે રાત. ચોથા દિવસ કેરી ચાતુરી અતિ ઉલાદ અંગે આતુરી; એટલે પોપટ બોલ્યો સાંભળ તુંતો ચતુર સુજાણ માન્યુ છે અમારૂં મન, તુજને તો કહુ છું ધન ધન; રમી રાત વેહેલાં આવજો, નવી વાત રૂડી લાવજો. સંકટ પડે થાજો સમરથ, વગોવાશો તે તો વ્યર્થ; દેવરાજનો નરોતમ. નહાની કન્યા વરયો તો જયમ. નહાની વહુએ કીધું કામ, કરજો એ સંભાળી દામ; ઘણા હેતથી વિનતા કહી, વાણી સુકવી મનમાં વશી. ૬ (દોહરા) પગ પેંચી રહી પ્રેમદા, સાંભળ સુક સુંમંત તમો

વાત રૂડી કહી ચોટી મારે ચંત. નરોતમ નર કોણ છે; કોણ છે નહાની નાર; આ વિદ્યા કેવી કરી, જોખમે રમિ કયમ જાર. નારી કહે મુજને કહો, પક્ષી જાત પવિત્ર; રોજ કરૂં છું તેમ કરૂં, શિખુ સારૂં ચરિત્ર; નારી નાહી નિરમાં, ભીનાં પેરયાં વસ્ત્ર; છો ઉપર આસન કરયું, તેહથી ટાળ્યો દસ્ત્ર ૧૦

(ચોપાઇ) ગંગા ગોમતી વહે છે જાંહ, ગામ એક તરૂણીપર તાંહ; દેવરાજ શ્રાવક વાણીયો, જગ બાધામાં તે જાણીયો. નરોતમ નાનો એક પુત્ર, સુભ શોભિત તેનું ઘરસુત્ર. નહાની વહુ પરણ્યો તે નાર, અતી રોહાણી અપરંપાર; કામવંતી ને રૂપવંતી, મહા મનોહર મોટમ મતી; વણીક જાત ન જાએ વહિ દિલ પોતાને તે તો ડાહિ. ગામ વચે માંડે તે હાટ, વેચે સોદો વેહેતી વાટ; શેરીમાં છે મંદીર એક, રહેવાનો ત્યાં કામ વિવેક. ૧૪ ઘર હાટ જુદાં છે જ્યાંહ, એક ચૌટે એક શેરી માંહ; રાત પોહોર જાયે જાહરે, પોઢવાની વેળા તાહરે, હાટ મધે તે સતી, ચોર ચખારના ભયની વતી;હાટ સુવા નિત નારી જાય, વાટે એક તમાસો થાય. હાટે પોઢે ધણીયાણી ધણી, ગુણ લક્ષણને પ્રિતી ઘણી; વહુ સુવા જાય હાટમાં, મળે પુરૂષ કોઇ વાટમાં. રજપુત રઢીયાળો વાંકડો મરડે મુછ રાખે આંકડો; હાથે ધરે બાલો તરવાર, કમર મધ્ય બાંધે કટાર. મહા પ્રચંડ પાતળીઓ છેલ, મન માન્યો માનનિને મેલ; જાળુ વરખડાનું વાટમાં, ઘરધણી તો છે હાટમાં. જાળા હેઠે જારી રમે, કરે કલોલ જેમ મનને ગમે; કોણે નવ જાણ્યો તે મરમ, હઇવે રાખ્યો તેનો ધરમ. એહ વાત છાની નવ રહે, કરે છાનું પણ લોક લહે; મહા હડકાયું છે એ પાપ, વિચાર કરો સહુ આપો આપ. તેની કોઇ નવ જાણે વાત મળે, એકઠાં રાતો રાત; એક દિવસ ભોદયાં સહુ, હાટે સુવા જાતાતાં વહુ. મળ્યો માનનીનો મીત્ર, જેથી ચતુરા રમે ચરીત્ર; વિનોદ વરખડા હેઠળ વાદ, કાંને સાંભળ્યો ભુગળ વાદ. શામા કહે સોલંકી સુણો, ભલી વાત મુજ સાથે ભણો; ભુંગળ ક્યાં વાજે કહે નાર, વળતો બોલ્યો તેનો જાર. આજ આવ્યા ભવઇયા ગામ, રમે રાત ચોરે તે ઠામ; જોવા મળ્યા ત્યાં ઝાઝાં જન, માહારૂં તો તુજમાં છે મન, ના કહુ છું પણ તેમાં હતો, નીકળી આવ્યા હું અણુછતો; તમો હાટે જાશો જાહરે, અમો જાશું તાહરે. (દોહરા) નહાની કહે નર સાંભળો, સાથ તણા છો સાથ; મારા મીત્ર તમો ખરા, મુજને તેડી જાઓ. મેં જનમે દીઠા નથી, ભવઇયા રમતે ભાત ઉતાવળા જઇ આવીએ, વહી જાશે રીધ રાત. શામા ને રજપૂત એ, જોવા કારણ જાય; પાછળ જઇ ઉભાં રહ્યાં, ગાયું ત્યાં જે ગાય. દશ બારેક છે દીવીઓ, લોક છે અપરંપાર; વાજા વાજે વિધવિધે, સોભા જોતાં સાર. નાચે ખોળા નરત કરે, બોલે બાડવત બોલ; થેઇ થેઇ ત્યાં થઇ રહ્યું, તરતિબ ઘણેરા તોલ. નહાની તો નીચી ઘણી, પલક ના દેખે તાન; પુરૂષને કહે પાછા વળો, ગમે નહીં એ ગાન. પલક દ્રષ્ટે પડતો નથી તમાસાનો ટેક; પુછે પતિ ઘેર માહરો, તાં શો કરૂ વીવેક. મુજને જો ઊંચી કરો, પુરે દેખું પેર; તનક તમાસો જોઇને, ઘડીએકમાં જાઉં ઘેર.ભરત તેડી તે તારૂણી, ઝાઝુ આણી હેત. પાગરણુ હોડક્યું પોતા તણું, લાવો લાખેણો લેત જુવે છે જુગતે કરી, હાસ કથા રસ હેત; સોલંકી ને સુંદરી, કળી શકે નહી કોય. ત્યાં સસરો પોતા તણો, નહાની વહુનો નેટ; ધરડે દીઠી ઘર વહુ, પડ્યો ધ્રાસકો પેટ. એતો આપણી કુળ વહુ, વણીક આપણી જાત; રાત સમે એ એકલી, ભલી નહિ એ બાત. કયમ જોવા આવી કામની, એતે કયાંની રીત; લોક જુએ છે લક્ષધા, પૂરણ એ શી પ્રીત. પરભાતે જ્યારે પુછશું, નહિ માને આ કંથ. એંધાંણુ રાખુ કાંઇ એહનું, ચેતાતું નહિ ચંત. હળવે હળવે હાથેવતી, લીધું પગનું ઝેર; પછવાડેથી પરવરદો, ઘણા લોકની ભેર; તેડીતી તે તારૂણી, આગળ પાછળ પાગ, પાછળથી તે લઇ ગઇ ગયો, લક્ષધા પામ્યો લાગ. દોટિમાં બાંધી દોડિગો, રાખી મનમાં રીશ; કાલે કહું એના કંથને છેદુ નાકને શીશ. અતિ ઉત્કટ ઉમેદમાં, પુરણ હરખની પેર; જોખ જોવા રહયો નહી, ગયો પોતાને ઘેર, ચતુરા ચીતમાં ડોસે વાળ્યો ડાટ, કયમ જાઉ મારે મંદીરે, કેમ જાઉ મારે હાટ. ડોશીને ડોશે કહયુ, આ જો વહુનાં કામ. ભવૈયા જોવા આવિયાં, જ્યાં છે બાધુ ગામ; કોણ જાણે કોઇ પુરૂષની, કેડે બેઠીતી આપ, તેતો મેં નવ ઓળખ્યો, છેલ પુરૂષ કોઇ છાપ. મેં પણ કામ પાકુ કરયું, હતી લોકની ભેર; છાનુ લીધુ છેતરી, ડાબા પગનુ ઝેર. ડોશી કહે ડોસલા, તેં કિધુ પુરણ પેર, નાકને ચોટલો કાપશું, આવવા દો નીજ ઘેર. માબાપ એનાં તેડશું તેડશું એનો ભ્રાત, પછી આપણુ પુછશું, એ કેવી વાત. પોપટ કહે પ્રભાવતી, એમ થયો ઉતપાત, હવે જવાબ ત્યાં શો થશે, ફેરવશે કેમ વાત. એહ નીજારી શી કરે જે પ્રીછ્યો સઘળી પેર, એની લજ્જા કેમ રહે, જાય શી રીતે ઘેર. કેમ પાયે લાગે પતી

કેમ વશ સસરો થાય; કેમ સાસુ સતી કહે, કેમ ગુણ એના ગાય. સાન ગઇ છે સાડલા, ઘેલો થયો અંભાર, સાચી થાય ન સુંદરી, ભુલે નહી ભરથાર. પરતક્ષ દીઠું પારખું, લીધું પગનું ઝેર, ઉત્તર શો દે બાપડી, થયો તરણુનો મેર. ૫૫ (ચોપાઇ) શુક કહે કથા કહુ કથી, ચતુરા ચરીત્ર તું જાણતી નથી, વીસ્તારીને કહુ એ વાત, રાખું ઘેર આજુની રાત. કરજોડીને કહે કામની, જાઉ નહીં જારી જામની, સારી પેર એહ કહો, લાયક લક્ષણ જેવું લહયો. શુક કહે કામનીને કથા, જસ લીધા જુવતીએ જથા, સાસરે જ્યારે લીધુ ઝેર, જોયું જુવતીએ પાછી ફેર. ઓળખ્યો સસરો પોતા તણો, ક્ષણ ફેલાવ્યો તેણે ઘણો, સોલંકીને કહે સાંભળો, મુકી દો મનનો આંબળો. તમે તમારે જાઓ વાટ, મુજને હેતે મુકો હાટ. અનરથ આજ અદકેરો થયો, સસરો ઝેર લઇને ગયો. તે પ્રભાતે લેશે પ્રાણ, એવી કહી વીનતાએ વાણ; કહે સોલંકી છેદુ શીશ, કોણ પુછે ઉમગતે દીશ. નારી કહે એ નવ કીજીએ, હત્યા માથે શીદ લીજીએ, એમાં શું જાએ તાહરૂં, વેચાય ઘરેણું ઘર મારૂં. તમે તમારે મંદીર જાઓ, ગુણ તમારા ઘરના ગાઓ. વીનતા તેતો વહી વાટમાં, હેતેથી આવી હાટમાં. કંથને ઊઠાડયો કામની, જામ પહો ગઇ જામની, વણીકને તેણે વશ કરયો, જગાડયો નીંદ્રાનો ભરયો. કંથ કરો એક મારૂ કાજ, વચન આપો તો માગુ આજ. વીનતા બોલ રૂદેમાં વસ્યો, હેત કરીને નરોતમ હસ્યો, શું માગે માનની માહરી, તે આશા પુરૂ તાહરી. કહે તો આપુ સુખડી, જે થકી ભાગે ભુખડી, તું કહે તો ચવરાનું પાન, મન માનીતું આપુ માન. કહોતો આપુ ખારેક ખજુર, લવીંગ સોપારી હેત હજુર. ભામની કહે ભવઇયા રમે, ગુણ તેના મારે મન ગમે, રૂદીયામાં લાગી છે રાઢ, દુખ ભાગે તો તે દેખાડ. પુરૂષ કહે એ ન કરૂં કામ, રમે ભવૈયા ચોરે ઠામ, દારા કહે દુખ મારે રહ્યું, વચન તમારૂ વેતું ગયું. ના હા કરતા આણ્યું હેત, પરવરયો પાંચે વસ્ત્ર સમેત, નારીયે નરને લીધો સાથ. હેતે બે જણ વળગ્યાં હાથ. રાત અંધારી કો નવ લહે. પ્રિત્ત વચન મોઢેથી કહે. તમાશો જોવા ચાલ્યાં તેહ, નરનારીયે અધીકો નેહ. સરવ થકી પછવાડે રહ્યાં, સસરે ઝેર લીધુ તાં ગયા, કંથ તમોને શું કહુ કથી, મુજથી કાંઇ દેખાતું નથી. કેડે તમારી તેડો તમો, તો તમાશો જોઇએ અમો. કહ્યું કામની કેરૂ કોધ, ઊચી કરી ઉછગે લીધ. જોતા પલક થઇ જાહરે, તે નારી બોલી તાહરે બાળ જાતું છે બાળ અવતાર, બાળ તારો વણજ વ્યાપાર, બાળ સાસરૂ જે માહરૂં, બાળ ઘર સતારૂની તાહરૂ. બાળ રમતું ને બાળ મુજ રૂપ, પડુ જઇને મોટે કુપ. ગળે ફાંસો ઘાલીને મરૂ, દેહમાં જીવ મારો નહી ધરૂ, વછનાગ સીંગડીઓ ખાઉ, સસરા સાસુ પાસે નહી જાઉ. ખમા ખમા એતે શા માટ, બે જણ પાછાં ચાલ્યાં ઘાટ હેઠે ઉતરી ચાલી નાર, કરતી પોકાર અનેક પ્રકાર. આક્રંદ કરે તે નાર અતીશ, કુટવા માંડયુ તેને શીશ; હાથે હૈડુ હેતે હણે, નહી જીવું નહી જીવું ભણે. વણીજ કે એવડુ શા માટ, હઠ કરતાં બે આવ્યાં હાટ; તારે ઘેર મુરખ છે તાત, તેણે વીપરીત કીધી વાત. ૮૦ છાનો છાનો આવ્યો ફેર, લીધુ ડાબા પગનુ જેર; વસ્ત્ર શીશ નાખીને વહ્યો, ઓ પેલો આધેરો ગયો. મુજને ઝાંખી પાડી ઘણી, કેમ આવ્યાં ધણીઆણી ધણી; કદાચ કોશુ કરીએ વાત, કયમ સાંખે એ માજમ રાત; સસરો નહી વેહેરી જાણીઓ. એવો નહી જાતે વાણીઓ. ભોગ લાગ્યા જે જોવા ગઇ, તમે તે હા મોઢેથી કહી. ૮૩ (દોહરો.) કંર ક્હેરે રામની, તજ મન ચિંતા આપ; સવારે સમજાવીશુ, જખ મારે છે બાપ. માબાપને મંદીરથી કાઢી મુકુ કાલ્ય; અન પાણી આપું નહીં, ચતુરા હાટે ચાલ્ય, કલંક શીરથી કાઢવા, ભૂંડી રંડી ઘેર; સાસુ સસરાને નીપનુ, શુણજો તેની પેર. સાસુને સસરે કહ્યા વહુવરનો જે વાંક; આપણ ઘેર છાજે નહી, અતીશે આડો આંક. કાલે કાઢી મુકોએ, વાઢી એને નાક; આજ આવી છે હાથમાં, જેમ ચમરખે ત્રાખ. વાંકુ કેહેતાં જો વહુતણો, માનતો નોતો મૂઢ; પ્રત્યક્ષ દીઠું પારખુ, પરવત સરખુ પ્રરૂઢ. ઉલટમાં અરૂણોદય થયો. વહુ ના આવી વાસ; શું મુખ લેઇ ઘેદ આવશે, પ્રીત કરવાને પાસ. આવ્યો પુત્ર પોતાતણો, મોઢુ દીઠું મૂખ; બોલાવ્યો બોલે નહી, દાવાનળ સમ દૂખ. માબાપ કહે સુણ સુરૂખા અભાગીઆ અજાણ: કોઇક દીવસે કામની, લેશે તારા પ્રાણ; અખલત લુંટાવે આપની, તજાવે ઘર કે ગામ; નાતબાર કઢાવશે, એવાં એનાં કામ. લાડકવાઈ તારે વહુ, તે ચઢાવી શીશ; આજ દેખાડું પારખુ, ઉગમીયો છે દીશ. પોર રાતે જોવા ગઇ, જોઇમેં મારી તમારી જાત; વસ્ણ અઢારે ત્યાં હતા, જે કોઇ-આગેવાન. તારો તાત પણ ત્યાં હતો, ઘણા લોકની ઘેર, પ્રેમદા પગથી કાઢીયું, ડાબા પગનું ઝેર. નીશાની સાથે

નારની. આ જો તે મુરખ તન" મૂકો કામની, તો આને મારૂં મન. કહો એના માબાપને, શીખા મણ દે સાર; અવગુણ અનેક એ નારના, શુણ એના ભરતાર. માબાપથી બોલ્યો બેટડો, કુડી પોતાનું કર્મ; ઘરડાં થયા ગતી ગઇ, કેટલી રાખું શર્મ. જાત્ર ત્યાં જોતી હુતી, ભુંડુ બોલતા ભાડ; ઝેર લીધું તેં ઝોંપડા, હતો હું મારી રાંડ લાજ મૂકી કહેવું પડે, અકરમી આગળ આપ; જુવંતી આગળ હું હતો, પાપે દીઠો બાપ. પ્રાણ તજે છે પ્રેમદા, બેસે હત્યા શીશ; દેશપતીતો દંડશે. કેટલું કહું આ દીશ હવે કુંવારો હું મરૂં, પામુ નહી કન્યાય; ઝેર લેતાં ઝોરો થયો, કીધો મહા અન્યાય. કર જોડયા કંથ કામની; પ્રીતે લાગ્યા પાય; હાટે ગયા તેહેતથી, જુવંતી બેહીને જનગ્ય. નર નારી નોરાં કરે, અકલ ધણીથી આંક; એહ ગુનો બક્ષો સુને; ક્ષમા કરો અમ વાંક. એ ઘરડ જખ મારી ઘણી, આંધ શું દેખે આંખ; તું મોટાની બેટડી, અપરાધ અમારો સાંખ. હવે કહે જો દો દીવસ, વાંક ગુનાના વાકય; તો તું ધરીને કાપજે, સસરા કેરૂ નાક. કાલાવાલા કરી કરગરયો, હેતે જોડયા હાથ; ત્રીજે પોહોરે મનાવીયા, સાસૂ સસરા સાથ; સાસુ સસરો પાગે નમ્યા, પાગે નમાવ્યો કંથ; સાચાનું જુઠું કરયું, ચતુર વીચારો ગંત. ઘરેણાં ગહુ ઘડાવીયાં, સજ્યાં કરયા શણગાર; જીમ્યા સુખે જોખમાં, ભામના ને ભરથાર, ઓશીયાળાં સાસુ સહીત, સસરો એનો નાત; કોણે કલંક જાણ્યું નહી, લીધો લાખેણો લાવ. વીદ્યા વીજારી તણી, અપરમપાર અપાર; ભણી જાણે જે ભામની, કરે વીધવાધ વીચાર. વિજાર પણ જારી કરે, ડાહી ઘણેરી થાય; તે ખાંતે ખાય ખાસડાં, તનકુ તુટી જાય. શુક કહે સાંભળ સુંદરી, એહ વીજારી વાત; અણ સમજે એ કાં કરે, થશે મહા ઉતપાત. વીદ્યા ભણતાં વીચારજો, કરજો એના કાજ; નહીતર પરીયાં પાંચની, લક્ષધા ખોશો લાજ. ચાર વાત એ ચતુર નર, વાણુ વેદ વીલાસ; શ્રીગોડ માળવી વીપ્ર શુભ, કહે કવી સામળદાસ; વારસી વેગન પુરતણો, ગુર્જર દેશ ગુણનીધ; શેવક શ્રી વિદ્યાતણો, રાજ રાજેશ્વર રીધ. પીતા પુરૂશોતમતણો, કહે વાત કરજોડ; શામળ કહે સહુ બોલજો, જયજય શ્રી રણછોડ.

વારતા ૫ મી.

(દોહરા) પ્રથમ સારદા પ્રણમુ, પુજુ ગણપતી પાય; વંદુ શ્રી વીરભદ્રને, ગ્રંથ સંપુરણ થાય. ચાર વેદમાં ચાતુરી, અષ્ટાદશ પુરાણ; આ ચરીત્ર સુણો ઘણી, વીદ્યા વીલાસ વખાણ. પ્રથમ કલંક કીધું નીકળી જાતુ તરત, સતીપણું સેજે થતું. માથે આવ્યું ગરત. નિચ જાતી તો નિંદસે, જાણશે એતો જાર; પંડીત જન તો પારખે, ભામની રાખ્યો ભાર. એ વિદ્યા જે કોઇ ભણે. છેતરયો તે નવ જાય; કોઇ પંડીત કોઇ મુરખા, કહાં રંક કાં રાય. આદિ અંતને આજ પણ, કાં શત્રુ કાં મીત્ર; ચૌદ વીદ્યા ચોસઠ કળા, શીરોમણી આ ચરીત્ર. પાંચમે દીવસ પ્રેમદા, ચાલી ચતુર સુજાણ; શણગાર સોળ અંગે સજ્યા, પરાક્રમ પુર પ્રમાણ; પરવરી પોપટ પાંજરે, બોલ્યો શુક શુભ વાત; ભલે ભલે પધારીએ, પ્રભાવતી મુજ માત. શામાજી શાદ જાઓછો, સજીને રૂડા સોળ; અંગે કીધા અધિક, મુખ ભરીયાં તંબોળ. શુક હું તુજને શું કહુ, જાઉ જારીએ જોર, શીખવી વાધા સરવ તે, અકળ કળા અંકોર. ભલે પધારો ભામની, પુરણ આણો પ્રેમ, સુભગા જેમ પૃથીરાજની, તમે કરજોજી તેમ. કોણ જાણે કોઇ દેખશે, સે કોઇક જન કેદ; શુભ વિદ્યા સમજાવિયે જાર વિદ્યાના ભેદ. પગ ખેંચી રહી પ્રેમદા, કોણ હતો પૃથીરાજ, કોણ એ સુભગા સુંદરી, કેવાં કીધાં કાજ. નીત કરતીતી તેમ કરયું, બીને વરતરે ભાંત, આસન છો ઉપર કરયુ, આપે થઈ એકાંત, કહે છે શુક સારી કથા. કામની સુણે કાન; પવિત્ર કથા પૃથુરાજની, રાણી ગઇ જે રાન (ચોપાઇ) ધારાનગર ધરમી શુભ ગામ, પૃથુરાજ રાજાનું નામ; ભોજ તણો એછે પુત્ર, શોભિત રૂડુ છે ઘરસુત્ર. ૧૬ શુભ શુભગા સુંદરીનું નામ, રૂપે રૂડી કોટીક કામ. અષ્ટાદશ વિદ્યા તે ભણી, ગુણ સઘળાએ ગૌરવ ભણી, જાર વિદ્યા કેરૂ મન થાય, રાજ મેહેલથી નવ જવાય, આકુળ વ્યાકુળ તેતો થઇ, એક દિવસ જારીએ ગઇ. તેનો તુજને કહુ વિસ્તાર, વિજાર વિદ્યાથી પામી પાર, એક દિવસ રાણી આળીએ, બેઠી જોખ કરે જાળીએ, વેણાજંત્ર કરે છે ગાન, પ્રીતેથી આવ્યાં છે પાન, એટલે એક જોગી અદભુત, અંગે બાંધે ભરી વિભુત. અધિક શોભા તે ઠામે હવી, કાયા કારમી નઉતમ નવી. માગવા મધુકરી આપે આવ્યો, પ્રેમદા કેરી દ્રષ્ટ પડયો. મોહ પામીને વાગ્યું બાણ, પરવશ પડયો રાણીનો પ્રાણ. એક

વાત છોડી હાનીએ; પ્રેમદાની બુધી પાનીએ પંડિતની મુરખપે જાય, ધનવંતી ગરીબસુ ખાય, ઉચની શી નીચપે રમે, ગુણી જનનીને નીરગુણ ગમે. સો વરસની તોડે પ્રીત, રામામાં છે અવળી રીત, વાટે જાતાં પ્રીતિ કરે, પારકુ મન ક્ષણમાં હરે. કેટલા અવગુણ કહિએ ઘણા, અવનીમાં આજ તરૂણી તણાં, જેટલુ છે સાગરમાં નીર, એટલા અવગુણ તરૂણિના તીર. રાજાની રાણી માણે રંક, એતો નિસ્ચે આડો આંક, તે રાણીએ દીઠો જન. વહિવળ થયુ માનનીનું મન. ઘણાં વાનાં કરી તેડીઓ, છેલી પોતાની મેડીઓ; આસના વાસના કીધી કોડ, કામની ઉભી રહી કરજોડ, ખાન પાન મૂકયાં પકવાન, માનનીએ માગ્યુ ત્રિરાજ દાન, હાવ ભાવ કટાક્ષજ કીધ, તન મન ધન પોતે ચોરી લીધ. તે શીઘ તો સમજ્યો છે પેર, ર હું કયાં આવ્યો એને ઘેર, જપ તપ મારૂં મિથ્યા થશે, દેહની હાણ હસારત હશે. ભેડે તેવો તે ઉઠીઓ, જાણે કો મદગર છુટીઓ; હેતે નારી ઝાલો હાથ, સ્નેહ કરવા માંડો તે સાથ. (દોહરો.) સીદ્ધ કહે શામા સુણો, રાણી રીધનું રૂપ; તારો કંથ કોડામણો, ભારે નગરનો ભુપ. તેની લજ્યા ન લોપીએ, કરીએ ન કરમ; અમો સીદ્ધ સલક્ષણા, આદરૂ નહી અધરમ; ગરજ હોય જો તાહરે, કામ હોય તો કહાવ્ય; નદી પાર રણમાં રહુ, મારી મઢુલીએ આવ્ય. અઢ જોજન એ ઠામ છે, વડા ચોવટે વાટ, ઘણું ગાંધર્વ મશાણ છેપર. હમારો ઘાટ. ત્યાં આવે તેને મળુ, વાતો કરીએ વેદ; કામ હોય તો કહેજ મુને, ભાગીશ તેનો ભેદ. સંતોખી તે સીદ્ધ ગયો, મોહ્યું રાણીનું મન; આ વેળા અરપણ કરૂં, તન મન સહી તે ધન. રાજા બેઠા રીઝમાં, ધરે છત્ર ત્યાં શીશ, નાટારંભ નવ રંગનો, દોલ ચાલ્ય તે દીશ. કવી કવીત કથા કહે, પંડીત વાંચે પાઠ, જોશી જુગતે ઓચરે, થઇ રહયો છે ઠાઠ. અપ્રિઠ નામે અપછરા, માગણ પામે મન, રાગ વરણ ને રાગણી, ત્રીવીધ મેળા તાન. એટલે આવ્યો તે સમે, નઉતમ સોદાગર નીર, ચારલાખ મોહોરોતણું ચાતુર લાવ્યો ચીર. કીમત કરાવી કોટીધા, આપ્યા ગણીને દામ, ભેઠ લાવ્યા તે ભૂપને, કામની કેરે કામ૪૧

(ચોપાઇ) રંગ મોહોલે રાજા આવીઓ, લાખેણુ ચીર તે લાવીઓ, રાણીના મુખ આગળ ધરયું, શામાનું તો કારજ સરયુ. રાજાએ સ્તુતી કીધી ઘણી, ધરમ આવનાર ધોરધર કીધી ઘણી, હું તો છુ તમારો દાસ પ્રીછે તે માગો મુજ પાસ. તું કહે તે કબુલજ કરૂં, પલક એક તો નહી પરહરૂ. જુગત કરીને ભોજન જમ્યાં રમત ઘડી બે ચારેક રમ્યાં, ભરનીંદ્રા થયો ભરતાર, કરગો વીચાર નમેરી નાર. એતો ચીર પેહેરૂં જાહરે, મળે સીદ્ધ મુજને તાહરે, સીદ્ધ વિના હું જીવ કયમ ધરૂં. આતમઘાત કરીને મરૂ. ઘડી એક વરસ સોની થાય છે, જોગી વજોગ વડો જાય છે. પાળો પગલે પંથે પણ મધ્યરાત પેહેલી જઇ મળુ; જાવા કાજે થઇ તઇયાર, લીધી ઢાલ કમરમાં કટાર. માન્યનીએ મન મનસા ધરી, હેત થકી હેઠી ઉતરી, જળ પ્રવાહ નદીઓ જાણીઓ, માનનીએ લીધો માણીઓ. સુરપુર ધ્રેડ ધીરજ થઇ, ગુણવંકી ગહવરમાં ગઇ; ઝબકીને રાજા જાગીઓ, મનમાંહે બીવા લાગીયો, શ્નનાર વસ્તુ તે શી થાય છે, બેઉ જુવતી એ કયાં જાય છે; ઘણી રાત અંધારી ઘોર, વાટે વાઘ ને મળશે ચોર. આભુષણ પાંચ કરોડ તણાં, વસ્ત્ર અમૂલક ઘણાં. સુકોમળ જુવતીની જાત. કાળ અંધારી ગાઝમ રાત. કામની જાય છે કારણ કોએ, બીહામણી રાતે નવ બીહે. રાજાએ કર આયુદ્ધ ધરયાં, પ્રેમદા તુકે પરીઆણુજ કરયાં. લગભગ લગભગ આવ્યો બાહાર, આગળ પાછળ નરને નાર; માનની મન સાથે માણતી, પુંઠે પુરૂષ નથી જાણતી; તેને મન છે મોટી હાંમ, કામ વાસના સીધ શું કામ. નારી જાતે નીચ સ્વભાવ, એહ બન્યો તે ઠામ બનાવ. ૫૪ (દોહરા) ચાલી ચતુરા ચકમકતી, માનની મોટમ મેર; એટલે મળીયો મારગે. શારદુલ સવાયો શેર. નૌતમ વાઘ નવ હાથનો, મુછ પુછ કરતો ક્રોધ; પોકાર કરી પુઠળ થયો, જે જોરાવર જોધ. મુછ મરડી કરડી દંતને, કુકવાડે મારી ફાળ; જોરાવર જમ દુતથી કૃતાંત સરીખો કાળ. જેવી જવાળાઅગ્નિ, પ્રલય કાળની આંચ; ધાયો તે ધરણીપતી, સીંહરૂપી તે સાંચ. હાં હાં કહીને હાંકીયો, કાઢયો કમર કટાર; પાપીને પ્રાજે કરયો, તે નર હણ્યો તે નાર. કાઢી નાખ્યો કરકને, મારયો તે મહેરાણ; વાઘ વીડારી નીસરી, ચતુરા ચતુર સુજાણ. તે રાજા દ્રષ્ટે જુવે, કદીએ કેરા કેણ; એ સમા મુજને હણે, જો વદુ વદનથી વેણ. માન્યની ચાલી મલપતી, નદીએ દીઠુ નીર; ગાજે ઘોર ગંભીર ઘન, તરૂણી ઉભી તીર, હીમત મેલે નવ સરે, લાલચ લોભ લગન; મેલાં તે મીણમાં, નારી થઇ નગ્ન. પાછળથી પોહોચ્યો પતી, ગાજે રાત ઘનઘોર; એટલે મળીયા વાટમાં, ચાર ચોવટણા ચોર. બાંધ્યા હથીયાર બાદુર જસા, બીડયા બાથા અંગ; ઘેરી લીધી ચારે જણે,

શામા કરે સંગ. જુવતી કહે જોઇ આવજો, કામની સાથ હસેલ; એક કર બાણેથી, શીરસોક પમા ડયા સોળ. એક તીરે એક જણ, મારી નાંખ્યા મુઢ: પાછળથી પતિ જુવે પ્રાક્રમ કીધું પ્રકઢ. પ્રીતે પ્રેમદા પરવરી, ધારણ રાખી ધુત, બહુરૂપી બીહામણાં, જાને મળીયાં ભુત. ઉડે ભડકા અગિનતણા, થાયે લોપ અલોપ; દંત દાઢો કકડાવતાં, આવ્યાં કરતાં કોપ, કેટલાંને તો કર નહી, કેટલાંને તો હાથ; કેટલાંને મસ્તક નહી, ચુડયાં શામા સાથ. વીકટ પંથ બીહામણો, વીપરીત વાયુ વાય, જખ મારોહો જક્ષ તમો ન ગણ્યુ લેખાં માંય. એક અંજો અંગે આવીયો, દાવો કરવા દીશ; ચતુરાએ ચોટી ગ્રહી, છેદવા માંડયું શીશ. પ્રેત પાયે નમ્યાં સહુ, સુકય મૂકયરે માત; અમો કીકર છું તાહરાં રખે કરોજી ઘાત; અમો તમારાં છે કરાં, અમો તમારાં રાંક, અમો ચાકર છું તાહરાં, ક્ષમા કરોજી વાંક. હાથ જોડી પાયે નમ્યાં, મુકી દીધા મેળ, પતી પોતાનો પાછળે, ખરા જૂવે છે ખેલ. મહા મશાણમાં માનની, શોભે છે જયાં સીદ્ધ; જગાડીએ જુગત કરી, રામા પાસે રીદ્ધ. આંખો ચોળી તે ઉઠયો, કહે કામની તું કોણ; હું તમને નવ ઓળખું પ્રગટ થઇ કેમ ઓણ. હું રાણી રાજા તણી, કર્યો વાયદો આજ; મધરાતે મળવા તુને, કરવા આવી કાજ. પડે શિતનાં સરવડાં, હીમ ગળે છે હાડ; પાછી વળરે પ્રેમદા, માનું તારો પાડ. માબાપ અમે તો મુકીયાં, મુકયો અરથને ગરથ; પરણી પ્રેમદા પરહરી, વીહાર કરૂં તે વ્યર્થ. વરતી તજીને વનગાં, વસુ છુ એકાએક; જપ તપ મારૂ કયમ તજુ, તારી સાથે શો નેક. હું રૂપે રંગે નથી, છે અંધારૂં ઘોર; ટાઢ વાય છે ત્રિવિધે. ચતુરા નહી હું ચોર. જાલંધર કીધો જાગતો, નારી દેખાડયું નીર; તપેશરને તપાડવા, ચતનીએ બાળ્યુ ચીર. મેલ્યા મેવા મુખ આગળે, મેલ્યાં આગળ પાન; રૂપરંગ દેખાડીયું, દોજી જીવતદાન. તમને દીઠા જયારના, તજયું જલને અન્ન; મધરાતે મશાણમાં, હતું મલવાનું મન. તપશી કહેરે તારૂણી, ભઠ પડયો અવતાર; રાજા સરખો શીધપતિ, ભુપતી તુજ ભરથાર; બાળ અવતારને બાળ બુધ, બાળ નારનું નીર; ચાર લાખ મ્હોરો તણું, જે પેહેરાવે ચીર. સોળ સજે છે સુંદરી, સોળ કરોડે સાર; આણ વરતે આ દેશમાં, ભામની તુજ ભરથાર. ચંદન કેરા ઢોલીયા, સેજ પથરાવ્યાં ફુલ; તે મુકી મશાણમાં, આવી જોવા ધુળ. મુજમાં શું દીઠું માનની, લાગી કેમ લગન, રાખ ચોળી રસ્તે રહું, નરૂ થઇ નગન. ભાખર માગી ખાઉં માગતા, સુવા સાથરો સેજ; ચતુરા બાળ તુજ ચાતુરી, હઇડે કયમ આવે હેત. એમ અવગુણ અધીકા કહયા, નંદી નોખી નર; બુધ સાગર તે નવ લહે, ભામનીનો ભરથાર. ક્રોધ ચઢયો તે કામની, દુઃખ લાગ્યું તે દીશ; મેલી ખડકને મારીયો, સીદ્ધનું છેદયુ શીશ. પાછી વળી તે પ્રેમદા, જેમ આવી તેમ ત્યાહ; રાજા પણ લગભગ ગયો, માણીએ મ્હોલા માંહ અધિપતી ચઢયો અટારીએ, જુવંતી ગરથા જોય; રામા ચરીત્ર રૂદે ધરયું, કળી શકે ન કોય. એટલે અહીં એક નીસરયો, ચાર વામનો ચડ: મણીધર મહા ઝેરી મહંત, તુંબી જેવો તુંડ જેવો વીશધર વાસુકી, જેવો પુંડરીક પ્રોઢ મારી ઝોટ માનની પરે, ગરળ નાંખ્યો તે ગુઢ; ફેણ નાંખી ફ્ફડાવતી, ડરીઓ કોડ કરોડ; ઝાલી લીધો ઝડપથી, મરડી કીધો મરોડ. વીમ કડકે વીડારયો, ભરી મુકયું એક માટ; માનની ગઇ તે મેડીએ, ખોળતા ચાવી તે બાટ. એટલે એક બીલાડીએ, મારયો મુષક ભોમ; બિની રાણી બાપડી, રૂદે ઉઠયા રોમ ઉઠી ત્યાર ઉછળી, દીઠુ નહી તે દીસ: દેહ અથડાયો દાદરે, શામાને વાગ્યું શીશ પાટો બાંધ્યો પ્રેમદા, દીઠી પતીએ પાસ; જસ બોલી પતી જગાડીયો, હેતે કીધું હાસ. પોતે કાંઇ નથી જાણતી, જાણે કાંઠીલો કંથ; રાજ સભા રાજા ગયો, પ્રભાતે ઊઠી પંથ. પંડીત ઉઠયા પાંચશે, રાજ કુળી છત્રીશ; નાટક ચેટકભતી ઘણા, બહુ લક્ષણ બત્રીસ. પ્રશ્ન કરો પંડીત સહુ, પુછે રાજા રીત; મારૂં પૂછયુ જે કહે, તે પુરો પંડીત. સશ્રમ દસક અલંકાર. આ શીર ફાડયો એ શીર પાટો, આ શીર ફાટો આજ; એ કહે તે કવિજન ખરો, શીર ફુટયો કુણ કાજ. (દોહરો) સુણતાં સહુ છાના રહ્યા, ઉતર કોઇ નવ દીધ: સુણી અધિક અચરજ અડયું, કહો એને શું કીધ. (ચોપાઇ) પોપટ કહે સુણ પરભાવતી, મન સાથે કોપ્યો મહીપતી; આજ પહોર પાછલે દીશ. એ સામાનું છેદે દીશ. એ નારીનું કરૂં અપમાન, છેદુ નાકને છેદુ કાન; અરધ અંગ અવનીમાં ધરૂં, પંચ ઘટાલી કોડે કરૂ. તેડુ એના માતને તાત, તેડુ એના સાતે ભ્રાત; મેળવું કુટુંબ સહુનો મેળ, પિલાવી ઘાણી કાઢું તેલ. ખર વાહન કરાવું ઘણું, મુખ ન જોવું તારૂણી તણું: પ્રથ ચીર મંગાવી સેરૂ, જુડી પાડીને કડજ દેરૂ. ૧૧૨ (દોહરો.) પોપટ કહે પરભાવતી, ગુણવંતી રહી ઘેર; પછી એમની શી થશે, જાણે તો કહે પેર. એ નારી કયમ ઉગરે, સતિ શી-

રોમણી થાય; કયમ લાજ એની રહે, કયમ પતી લાગે પાય. કયમ સદેહ એનો ટળે, કેમ ભાગે એની ભ્રાંત; જો જાણે તો તો કહો, આપણ છું એકાંત. પ્રભાવતી કહે પોપટા મુરખ તારો મેળ; મહીપતી તે કેમ માનશે, ખરો દીઠો છે ખેલ. પાંચ વાંક પ્રગટ પડયા, પ્રગટ મારયો સીધ; બાળી ચીર તપાડીઓ, રામામાં બહુ રીદ્ધ, શુક કહે સુણ સુંદરી, ન જશો આજની રાત; તો તુજને હું શીખવું, વીજાર તણી જે વાત. પતી પાયે નમાવીઓ, સતી ધરાવ્યું નામ; લાજ રાખી છે લોકમાં, કરયું એવું કામ. ૧૨૦

(ચોપાઇ.) પતીએ પ્રશ્ન પુછયો જયારે, દાસી પાસ હતી ત્યારે; શીર ફાંટો રાજાએ કહ્યો, પ્રતિ ઉ. તર કોણે નવ લહ્યો. દલ થકી તે ડાહી દાસ, આવી પોતે રાણી પાસ; આજ સભામાં બેઠા રાય, સામંત પુરણ સર્વ સભાય. શીર ફુટયો પુછયો રાજન. કોણે નવ મનાવ્યું મન; ચમકી રાણી ચેતી ચિત, કાં-ઇક વાત થઇ વીપરીત. એટલે એક ત્યાં બીજી દાસ, પતિએ મોકલી રાણી પાસ; કાલ્યવાળુ આપોને ચીર, પંચવરણ હિતકારી હીર; માલ કીમત તેની કીજીએ, ગણી દામ તેના દીજીએ; હાલ ચીર મંગાવું અમો. પછે સુખેથી પેહેરો તમો. ૧૨૫. (દોહરા.)દાશીને રાણી કહે, મોકલો મેહેલ મહારાજ; આપું ચિર એના હાથમાં, કરવું એવું કાજ. દાશી કહે રાયજી, તમને તેડે છે મેહેલ; ચિર આપશે ચિંતની, શ્રીમુખ સાથે સેહેલ; અધીપતિ ત્યાંથી ઉઠયો, આપો આપ એકાંત; ચીર આપશો ચિતની, ભાગવા મનની ભ્રાંત; નાર કહે નરપતિ સુણો- બેશી સાંભળો બોલ; કથા ચીર તણી કહું, તેનું ભારે તોલ વરત હતું એકાદશી, તેડયો બ્રાહ્મણ એક; દાન દક્ષણા દીધી ઘણી, વારૂ કરી વિવેક. આશીર્વાદ તેણે ભણ્યો, કહ્યું સૌભાગ્ય અખંડ, ચિરણજીવી તારો પતી, પૂરણ આવ્યું પ્રચંડ, શણગાંઠ બાંધી મેં શોભતી, વિપ્ર વળાવ્યો ઘેર; એ-ટલે ચેલો સિધનો, આવ્યો પૂરણ પેર. તે ચેલો હીરહી હસ્યો, તે મેં દીઠું દ્રષ્ટ, પુછી વાત પ-ટંતરે, કાયે પ્રગટયું કષ્ટ. શા માટે તું સિધ હસ્યો તુજને રામની આણ; શિવ આજ્ઞા સાચી કહો, વેદ વચનથી વાણ. સિધ કહે સુણ સુંદરી. ચિત ચતુરાઇ ચાલ; પાંચ કાળ માથે ભમે તારા કંથને કાળ. ખુટયો કાળ એ રાયનો, વિપરીત થાશે વાત; વારોવારમાં એ મરે, અધીક એ ઉત્પાત. અથવા એને અહિં ડશે, એને મારે વાઘ; કે એને તસ્કર હણે, ભુત ભયાનક ભાગ. કે એને મૂરછા થશે, દારણ કોપે દઇવ. એહ પાંચ પ્રકારથી, એકમાં જાશે જીવ; મેરૂ ચળે કે મહી ટળે, ગંગા દક્ષિણ વહે, ઇશ્વર આણ સાચુ કહું, રાખ્યો એ નહિ રહે. ભુત ભવિષ્ય વરતમાનમાં, ત્રણે જાણું તરત; ચેલો કહે ચ-તુરા સુણો, મહિપત તણું છે મરત. પગે લાગી હું પ્રેમથી, હેતે જોડયા હાથ; તન મન ધન સમર-પીયું, સ્તુતી કીધી તે સાથ. હું વેચાણ છું રાજવી, કીંકર તારી કોડ; મારો પતિ કેમ ઉગરે, કરગરી કહું કરજોડ. દેવ રૂપ દયા કરી, ચિતમાં ચાહો ચેન; મુજને હેત કરી કહ્યું, સાંભળ મારી બેન. ગુરૂ માહારામાં ગુણ ઘણો, રહે છે નદીને પાર; તે પાસે વિદ્યા ઘણી, જાઓ તમે તે ઠામ. તારો રાજા જાણે નહિ, તેમ કરજે એ કામ; અરસપરસ એ તે સમે, લેશે મારૂં નામ. એ પાંચે વાત મળશે તુને, હારશે હેતથી હોડ; સ્વામી તારો જીવશે, પહોંચશે મનના કોડ. ગુરૂ મારો મોક્ષે જશે, ત્યારે નહિ બેશે શીશ; એહ સમો જોગી નથી, મારે મન જુગદીશ. બત્રીસ લક્ષણા પુરૂષનો, કહેશે આપે ભોગ; તો તું સિધને મારજે, મટશે તારો રોગ. માહારાજ હું તો માનનિ, રંક સણીની જાત; હું તો કયમ જાઉં એકલી, રણમાં માહાજમ રાત. કટાર આપ્યો કારમો, વાઘ વિડારણ ધીર; પછે જંત્ર એક આપિઓ, નદી તરવાને નિર. સોળ તિર સમરપિયાં, તસ્કર હણવા તેહ; પછે ભુત પ્રેતના, મંત્ર સમાર્યા જેહ. પછિ આપિ એક ગુટીકા, અતિ બળ છે આપ; તેથિ વશ વરતે સહુ, શેર સવાયા સાપ. મેં વિચારયું મન વિશે, જીવ જાયતો જાય; આમે મળવું સિધને, થનાર હોય તે થાય. ૧૫૩

(ચોપાઇ.)સિધ વચન સંભળાવું કાન, તેતો નિશ્ચે સાચુ માન; સક્ષેપે સંભળાવું વાત, તમે પોઢયા ગઇતી મધરાત. તેણે હથીઆર આપ્યાં તે લિધ, ચાલિ હું જયાં સાચો સિધ; વાટે વાઘ કરતા ક્રોધ, નવ હણ્યો જાલંધર જોધ. સિધ વચનથકી હારિયો, મહા પાપી મેં મારિયો; પછે ગઇ ગંગાને તિર, જંત્ર પ્રતાપ ભેદી નિર. રાત અંધારી ઘાયલ ઘોર, ચાર ચોગણા મળીઆ ચોર; પછી મંત્ર વશ કિધાં ભુત, ધાયા મુજ કેડે તે ધુત. તે સરવે હારયાં તે દિશ, સિધ વચનથી તોડું શીશ; પછી સિધ જગાડયો અમો, સાચી વાત સુણોજી તમો. તે સિધ મુજપર ત્યાં કોપીઓ, લેશ માત્ર લજ્યા લોપીયો;

તેને તો વાતિની ટાઢ, હિમ ગળતાં દિઠાં હાડ. તપાવિયો બાળિને ચિર, સુખ પામ્યા તે સિદ્ધ શરિર; મે તમને જીવાડ્યુ કાજ, એતો કૃત્ય કરયું મહારાજ. ૧૬૭ (દોહરો.) પછી સિધ કહે સુંદરી, તું આવિ એકાંતઃ હવે શીર રાયને, આધીક રહયો છે એક. અચાનક મુરછી આવશે, જેમ પિલે હસતી ડાલ; રમ મળશે રાજેશ્વરી, કંથ તારાનો કાળ એકે પ્રકારના ઉગરે, મળે ન એકે મેળ; જીવ જાય જરૂરીએ, ખરે થશે એ ખેલ. ત્યારે મેં કરજોડીયા, દેખાડયું દરસન; ચીર વડે તપાવીયો, તેથી થયો પરસન. સીદ્ધ કહે શામા શુણો, જો મળશે એક જોગ; બત્રીસ લક્ષણુ પુરૂષનો, ચાહે ભવાની ભોગ. જીવે રાજા તાહરો, તે જોગથી તરત; નીકર તો ઘડી ચારમાં, ગહિપત તણુ છે ગતે. વિચારયુ મન માહરે, શિવે મેળવ્યો સંજોગ; તે વેળા મે સિદ્ધનો, કરયો ભવાની ભોગ. વિચીત્ર પણે હું નીસરી, સિદ્ધ વિદ્યાથી સેહેલ; તાસ પુન્ય પ્રતાપથી, માણ્યો રૂડા મેહેલ. મેડે ચડી હું મલપતી, દીઠો નમેરો નાગ; શીદ્ધ બુદ્ધિથી મારીયો, કીધા સોળે ભાગ; માટ ભરીને મુકીયું, વળી જે મારો સિદ્ધ, તે હત્યા માંથે ચડી, એવું કારજ કીધ. માર્યો વાઘ ને નાગને, મારવા તસ્કર સોળ; માર્યો સિદ્ધ જે શિવ સમો. અદકી અઘના ઓળ. એવાં પાપ કરયા થકી જીવત પામ્યા રાય; મારો ઠામ નથી નરકમાં, અધીકો એ અન્યાય. જીવ જાતો તો રાયનો, તે માટે કરીયુ કામ; નથી દીઠું નથી સાંભળ્યું, નથી કરયું કોઇ કામ. એના ઉપાય તો ચાર છે. કરૂ તેમાંનો એક; પુછયું તમને પટતરે, ન્યાય શાસ્ત્રનો નેક. પવિત્ર જાણિ પિપળો, કોરાવું તે કાષ્ટ; ભરૂ ઘેર છાણાં તણો અગ્ની આંચ દિન આઠ. તેમાં પેશી હું મરૂ, દહન કરૂ મુજ દેહ; તમો રાજરિધ ભોગવો, તો દુધે ઉઠે મેહ. બીજો ઉપાય એહ છે જાઉ ત્રવેણિ તીર; કરવત મુકાવું શીર પરે, સોંપુ સરત શરીર, પુરણ પાપ પ્રલે કરૂં, દહન કરીને દેહ; રાજ લીલા ભોગવો, તો દુધે વુઠે મેહ; ત્રીજો ઉપાય ચિત ધરો. અડસઠ તીરથ આઘ; જવચરી જાવુ ત્યાં, શુદ્ધ થવાને સદ્ય. ખાન પાન ભોજન તજુ, તજુ શોળ શણગાર; તજુ બાવતા ભોગ; રંક થાઉ રાણી ટળી, તજુ મેહેલને મેડાયો, તજુ ભુપતિ ભરથાર. તજુ માબાપ મહિયર થકાં લેઇ જાણીતા જોગ. અચંરજ પામ્યો અધીપતિ, માહાસુખ પામ્યો મન; શાબાશ તુજને સુંદરી, રાણી તુજ ધન. ધન ધન તારી જાતને, ધન તુજ માતને ભ્રાત; ધન અકલ અમીરને, ધન ખુબી ખરી ખ્યાત. પીંપળ કાષ્ટમાં તુ બળે, હુ બળુ ત્યાં તુજ સાથ; કરવત તુજ સાથે ધરૂ, હેત વચન લે હાથ. શીશ સગરપીએ બેઉ જણુ, ભામની સહીત ભરથાર; તમો મરો અમે જીવીએ, ધીક ધીક મુજ અવતાર. તમે મુજ માટે કરયું, જીવ ઉગારણ કાજ; તુજ વના જીવું અમો, ધીક રિધને રાજ. ધિક હાથીને ઘોડલા, ધીક ઘરને ઘરસુત્ર; ધિક રાજ પટરાણીઓ, ધીક પાટવી પુત્ર. રાણી કેહે રાજા સુણો, બોલો જુઠા બોલ; વખાણ કરો વનીતા તણાં, તે નહીં તારો તોલ. મુજ સરખી લુંડીયો, ઉતારી નાંખો આજ; પગરખું ઠોકે પ્રેમદા, મોટા છો મહારાજ. કદાચિત તુ તારા શત્રુને, રાજક દઇતક થાય; સતી તાહરે તો થવુ, જીવ જરૂરી જાય. તમ પહેલા અમે સાંપ્યા જેહ ભોગવજો તમે ભુપની, અમો કરશું એહ, બોલ્યા ચાલ્યા સહુ કરજો માફ; અમો દેહ દહન કરૂ, છએ શાસ્ત્રની છાપ. ન થઇ તમારી ચાકરી, ન થઇ તમારી સેવ; બીજાને મન ગહીપતી મારે મન તો દેવ. ગહિપતી કહે સુણુ માનની. રૂદે ધીરજ રાખ; કથા વિના જો દેહ તજે, તો સુરજની સાખ. પાટ સોંપ્યો પરધાનને, ચલવે રાજાનું રાજ; મંદિર મેડી મુકીયાં, અડસઠ તીરથ કાજ. રાજા રાણી સંચરયા, કીધા તીરથ કામ; ગંગા ગયાને ગોમતી, સ્વેતબંધુ શ્રી રામ. નારાયણુ નીર્ખી નર્મદા, સીંધુ સરજુ તીર; જગન્નાથી જગદીશ્વરી, રામ લક્ષમણુ બળવીર. આબુ ધડને અરબુદા, પાવે કાળી પ્રચંડ; આરાસુર અંબીકા, નીરમળ નામ નવખંડ. શીવ વિશ્નુ બે કાંતીઓ, વીશ્વપતિ વ્રજનાથ; કાયા તોળી કનકથી, કીધો ટાઢો હાથ. એક માણુસ તો જવસરા, આપી સહસ્ત્રો ગાય; અનેક પુન્ય બીજા કરયાં, પુરપતિ પ્રણમ્યો પાય. ઢોલ મરદંગ વાજતે, ઘણાં દુદંભી ઘાવ; ઘેર આવ્યા દિવસ ઘણે, રાણી સાથે રાય. ગુણ વાધ્યો તે ગામમાં, રાણીથી જીવા રાય; વરણ અઢાર રંજીત સહુ, પ્રીતે પ્રણમ્યા પાય. ધન તાહારૂ સતીપણું, ધન હીંમત તુજ હામ; ઇષ્ટ ઊપાસના, ધન તારાં કુળ. શામા પહેલી માનીતી હતી, વળી થયાં બહુ માન; એથી બીજો ગુણ કીયો, દીધું જીવતદાન. સાચુ બોલી સલક્ષણી, સતી તણો અવતાર; પોતે પ્રાણ પરના તજ્યા, જીવાડયા ભરથાર. પોપટ કહે પરભાવતી, સુણ રૂડેરા ગાત; એમ વિજારી આચરે, તો જારીએ જાત. વાઘ વિડારણ જગ તરણ, સોળ શિર કારણ જેહ;

બગાશો બીની બાપડી, નારી તેહની તેહ. બીજી સુખની હાણીયો, કર કાંઈતર કાજ; પરીયાનુ પાણી મુખે, જાય પલકમાં લાજ. સાબાશ શુક સલક્ષણા, શીખવી વારૂ વાત; સરવ વિદ્યા સીખ્યાં અમો, વીજારી વિખ્યાત; તે રાતે તો નવ ગઇ, ગુણવંતો પર ઘેર, છઠે દીન શું નીપન્યું, કહીશું આગળ પેર. ગુર્જરદેશ ગરવો ઘણો, વેગનપુરમાં વાસ; પોતા પુરૂષોતમ તણો, કહે કવિ સાગળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ; સામભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૨૧૫

વારતા ૬ ઠી.

(ચોપાઇ.) પ્રથમ સારદા નામુ શીશ, આરાધુ ઉમિયાપતી ઇશ; શ્રી ગુરૂજીના વંદુ ચરણ, આદ્ય નિરંજન અશરણ શરણ; શુકબહોતેરી કહુ સંવાદ, અંતરમાં આણી ઉલ્લાદ; પ્રબંધ ચાતુરી ભારે ભેદ, વરણું જેવો વાણી વેદ. શેવો સહુ સાચી સરસ્વતી, સુખદાતા મનોહર મતી; હંસવાહની જાણુ સુજાણ- વેણાં પુસ્તક પરઠાં પાણ. શુક બોહોતેરી સુખ નીધાન, જેમાં અષ્ટાદસ વેદાંત; શું જાણે મુરખ લંડીયા, જે નરને દેવે દંડીયા. દુધ ઘોળુ ને ધોળી છાશ, દગ મુરખના મનમાં હાશ; છત્રવંતી ચાલી છત્રીસ, માંગ સમારે શોભીત શીશ. મુખ ભરીયાં રાતાં તંબોળ, સુંદીર શોભીત સજ્યા સોળ; ચાલી ઠમકો કરતી ઠેઠ, આવી પોપટ પાંજરા હેઠ. શેઠ શેઠાણીજી સાંભળો સાચ, વારૂ પોપટ બોલ્યો વાચ; જારી રમવા જાઓ જરૂર, ભર જોબન છો ભરપુર. આજ એ લાહો લીજીએ, વરધપણે મુકી દીજીએ; કામ મરદન કરવાનો દન, મદ મછર ભરીયું છે મન; ધોળા થશે શીરના કેશ, વિપરીત દેખાશે તે વેશ; પડી જશે જ્યારે મુખ દંત, તારે શી ચતુરાઇ અંત. ડોશી કહેવાસો જ્યાહરે તરતિમ કેવાં કરશો તાહરે; કાલે આવશે ઘરનો ધણી, તોલ મરજાદ રાખવી તે તણી. માટે ઉતાવળ કરને એહ, કર નર મનમાન્યાસુ નેહ; હાવ ભાવ કટાક્ષે કરી, તન મન ધન તેનું લ્યો હરી. જાઓ જરૂર રૂડું કહાવજો, રમી રાત વહાણે આવજો; માણેકચંદ મહેતાની વહુ, નાત નાગરની જાણે સહુ. માનકુંવરી તેનું છે નામ, કરજો તેના સરખું કામ; કરી વિજારી વેદ વીવેક, તેનરાણીએ રાખ્યો ટેક. નારીનું વધારયુ નુર, પ્રાક્રમ કીધું છે ભરપુર; તેવું કામ થાએ તો જાવો, નહીતર બેઠાં મંગળ ગાઓ. (દોહરો) શેઠાણી કહે સાંભળો પોપટ જાત પવિત્ર, એહ વીજારી શીખવો, તૂં મન માન્યો મીત્ર, માણેકચંદ મેહતો કવણ, કવણ, નાગરી નાત; માનકુંવરી કુણ માનની, કયમ ભજાવ્યા ભાત. કવણ સાથ જારી રમી. કવણ નર દીઠું દ્રષ્ટ; કવણ વાત વીવેકથી, કવણ નીવારયું કષ્ટ. (ચોપાઇ) શુક કહે શુણ પરભાવતી, કહુછું વાત મનોહર મતી; અજાનદી તીરે એક ગામ, ઇંદુજીત રાજાનું નામ; એહ ગામમાં નાગરી રહો, માંડણજી તો તેને કહ્યો; પરણ્યો નાર તે પુરણ પ્રીત રાજ સગુણ રાજાની રીત. નર નાર ઉપર બહુ નેહ, પ્રીતી જેમ બપૈયો મેહ; તેને પવિત્રા પાંચજ પુત્ર, ઘણી લક્ષ્મી ઘણાં ઘર સુત્ર; માંડણજી પાંચેનો તાત, ભાગ્યવંતી મોટી ઘેર માત; પાંચ પુત્ર કુંવારા કામ, મોટાનું માણેકજી નામ; માંડણે તેડયા પાંચે પુત્ર, ગ્રહસ્થ આપણું છે ઘર સુત્ર; પાંચે પુત્ર કુંવારા અંશ, છતે સુત જાય છે વંશ. એકને જોઇએ પાંચ હજાર, તો આવે નાગરને નાર; ગરથ તણી ભરીએ ગાગરી, તો આવે ઘરમાં નાગરી. એકેક શાસ્ત્ર જોડો જણ પાંચ, તો તો ના આવે ઉની આંચ; પહેલો એક પરણે જેટલે, પછી બીજો પરણે તેટલે. એકે પાંચ તો નવ જોડાય, પુત્ર થયા તમે પ્રઉઢાય; મા બાપે જે વચનજ કહ્યું, લક્ષણવંતા પાંચે લહ્યું. પાંચ મધ્યથી પરણ્યો એક, કન્યા પામ્યો વિવીધ વિવેક દાતા ગુણ દાની તે ડાહી, લક્ષણ જોતે લાડકવાઇ. લખતાં ભણતાં ગાતાં ગીત, પતી સાથ્ર પરડી બહુ પ્રીત; માણેકચંદ છે કંથનું નામ, માનકુંવરી પોતે અભીધાન. દીયર ચારને પ્રીતી ઘણી, આજ્ઞા નવ લોપે તે તણી. વેચાણ થઇને સરવે રહે. હાજી હાજી કોડે કહે. તે નારીને માતને તાત, ચતુર પુરૂષ છે ચારે ભ્રાત; એકે ઉનમ તેને નહી કશી, વિચીક્ષણ સહુને મન વશી. વહુજી કહેતાં દીવસ જાય, બોલાવતાં તો જીભ સુકાય; રૂપ રંગ ચાતુર ચાતુરી, અકલ તણી અરણવ આતુરી; ગુણવંતી ગ્રહસ્થાવટ ઘણી, વશ વરતે પોતાનો ધણી; વશ વરતે ગુણવંતુ ગામ, તેનું કોઇ નવ લે નામ; ઝાઝુ જેનો જોબન જોર, તેને કામ અતિ અઘોર; જેને ઝાઝાં મોટાં માન, તેને કામ વપુમાં વાન; જેમાં ચાતુરી વિદ્યા હોય, તે નારી શેવી નહી કોય; નારીનાં સાંભળતાં ગીત, પર પુરૂષને વાધે પ્રીત. ગુણવંતી રૂપવંત ઘણું, કામાતુર મનડુ તે તણું; જે નિસંકી હોએ નાર, જરૂર પણે તે થાયે જાર. બાગાગુ રાખે માબાપ, કે પોતાનું રાખે આપ; જોબન પણે જો

રાખે ધણી, તો મરયાદા રહે તે તણી. વરધ કાળે રાખે સંતાન, તો તે નારી પામે માન; જેને માથે અંકુશ નથી, કાંડવશા વણુશે કહુ કથી. કુસંગ સંગ વણુશે કામની. વણુશે રહે એકલી જામની; અતિ સુખ સાગરમાં તે પડે, ચતુર પુરૂષની દ્રષ્ટે ચડે. માનકુંવરી મહાસુખ મગન, લાગી તેને કાંઇક લગન; મધ્ય નિશાએ જાએ બાહાર, ત્યાં આવી રહે છે એક જાર. રામા તેશું રંગે રમે, વિનોદ કરે બહુ મનને ગમે; ભર નિદ્રા પોઢયો ભરતાર, તે સમય ઉઠી તે નાર. મન માન્યો તેડયો છે જ્યાં, તાકીને બેઠી જઇ ત્યાં; મન ગમતો તે સાથે મળે, કારણુ તેનું કો નવ કળે. પોતે પોઢે હીંચોળા ખાટ, મધ્ય રાત નીકળવા માટ; પાસે પલંગ ધણીનો જોડ, કરે કામની મચકા ગોડ. અરસ પરસ કાંઇક વાત, ચેતીયો સસરો ધણીનો તાત; હેરાં તેનાં હરવા માંડીયાં; સ્નેહ તણાં છાપાં છાંડીયાં. જાગે ડોસો આખી રાત, મનમાં ચેતિયો વારૂ વાત; મધ્યરાતે નિસરે છે નાર, તાં આવી રહે છે એક જાર. એના કંથને જો કહુ વાત, એતો નવ માને સાક્ષાત; દ્રષ્ટ દેખાડું એક દન, તો માને મુરખ મુજ તન. પછે તેડું એનાં માબાપ, દેખાડું પ્રગટ દેઇ છાપ; પછે ઓશીયાળી એને કરૂં, એનું હેતને હારદ હરૂં. ૪૫ (દોહરો.) એક સમે એ નારીએ રાખ્યો જારજ બાહાર; મધ્ય રાત સમે તે નીસરી, નક્ષત્ર સરખી નાર. ભર જોબનમાં ભામની, પંચ હજારાં હેમ; નિકળી બહાર નિશંકશું, પર પુરૂષશું પ્રેમ. વાજે રાત્રી મધ્ય ઘન, ઘરા વિજળી થાય; કાયર રૂદીયાં કમકમે, પલક ઠરે નહી પાય. ભર નિદ્રા ભરતાર છે, ઉઠી રામા તે રંગ; કમાડ ઉઘાડી નિસરી, કરવા સોબત સંગ. ડાહયો ઘરમાં ડોસલો, જોતો દાઢી પુંછ; તેણે તો હેરૂ કર્યું, અતી ઉમંગે ઇછ; આજ લાગ છે માહરો, સવારે મુકરી જાય; દેખાડું એના કંથને, તો ઓશીયાળી થાય. છટકાં પટકાં કરે ઘણાં, વદે સાસુ શું વાદ; આજ ફજેત પુરી કરૂં, ઉતારૂં એનો નાદ. રહ્યો તો હેરા હેરવા, જે સસરો શ્રીમંત; તેણે ઉઠાડયો દીકરો, ચેતાવ્યો કાંઇ ચંત; કુંવર તમારી કામની, કુડાં કરે છે કામ; ઓ પેલા જો આંગણે, જામની ગઇ બહુ યામ. બીજો પુરૂષ છે બારણે, રમે છે રામા સાથ; એકના હાથમાં ખડ્ગ છે, એકને ચુડો હાથ; પછી વીજળીના ચમકારડે, દીઠું સરવે દ્રષ્ટ; પુત્ર પિતા દુઃખ પામીયા, હાયે વાધ્યું કષ્ટ. મારે કુટે માને નહી, વાહાણે મુકરી જાય; ઓસીયાળી આપણુને કરે, કે કપરા સમ ખાય. ઓસીયાળી એને કીજીએ. અધીકી દીજે આંચ; બંધ કરી એને રાખીએ ઘડીકા બે ચાર પાંચ. સસરે દીધી સાંકળી, પુત્ર પોતાનો પાસ; ચતુરને ચેતાવીયા, કહ્યું રામા શાબાશ; ખરખડતી ખડકી સાંભળી, પ્રીતે પ્રેમદા પેર; જારને શુભ સંતોખીઓ, વળાવી દીધો ઘેર. આજ સંકટ છે માહરે, દોહલો છે આજનો દીશ, કહે તો સ્વામી સસરા તણાં, છેદુહ મણાં શીસ. નારી કહે નવ કીજીએ, ઘરડા સસરાની ઘાત; એહ જવાબ દેશું અમો, કરી વિજારી વાત. વળાવીઓ તે જારને, આવી બારણા માંય; માંહીથી ડોશો ખરખડે. તોલે ઘણેરો ન્યાય; બોળ્યાં પરીયાં બાપનાં, બોળ્યું સસરાનું નામ; માનની તું મધરાતમાં, કરે છે કુડાં કામ; બેસારી મુંકી બારણે, તેને આપો આપ; ઘરમાં તેડીશું તાહરે, આવશે તારો બાપ; લોક મેળવીશું લક્ષધા, મેળવીશું તારી માત; સોનાને ચુડે શોભતી, કરે છે મહા ઉતપાત; કુણુ વાલો છે તાહરો, શું છે તેમાં જોર; શું છે હાંસલ એહનું, ચીતના તેડે ચોર; બાળ ભણેલું તાહરૂ, બાળ રૂપને રંગ; બાળી ચંચળતા તાહરી, બાળ તારો ઢંગ, બાળને તારી બોલછા, બાળ કુળને કામ; બાળી લક્ષણ તુજ બાળકી, બાળ તાહરૂ નામ. હવડાં પીતા તો પુછશે ત્યાં શો ઉત્તર દેશ; માતા તારી મારશે, ત્યાં શો લાહો લેશ. મેણાં દીધાં મોહોકમ પણે, કામનીએ સુણ્યાં કાન; વિનતાએ વિચાર્યું, મોટમ પદવી માન; ફટ ફટરે તું પાપણી, ઉત્તમ આપણી નાત; વટાળ કરયો તેં વંશમાં, જે જુગ જાણિત જાત; રાજા તુજને દંડશે, નાત કાઢશે બાર; વાઢીશું નાકને ચોટલો, ભામની બોશો બાર. સસરાને વળી સ્વામીગે, દીઠા પ્રગટ જાર; લક્ષણુ તે સરવે લહ્યાં, અપરમપાર અપાર. પોપટ કહે પ્રભાવતી, શેઠાણી સામર્થે; દીઠું સસરે સ્વામીએ, સરશે કયમ અરથ, એ નારી કયમ ઉગરે, સસરો પ્રણમે પાગ; તે કહો મુજને કામની, જડે જો તમને જાગ. વિજાર વિધા વિચારતાં, માણી જોતાં મન માંહ; શી રીતે એ શુચવે તોલ કરીને તાંહ. માનની કહે મુરખ લવે, પંખી પોપટ જાત; કયમ જાએ બે છેતરયાં, તેતો વિપરીત વાત. નાત છે તેતો નાગરી, નરસિંહા નર નેટ; બોળવે કયમ તે ભામની, પોચેલા સહુ ઠેઠ. નિરચે કરીને ન્યાળીયું, પરગટ દીઠી પ્રીત; એનો ઉપાય એકે નથી, રાજક દ્રષ્ટાંત રીત; સમજાયે નહી સો વસા, બોળવાય નહી ભુપ; ચતુરાઇ ચાલે નહી, એકે અકલ અનુપ. ૮૨ (ચોપાઇ.) શુક કહે સાંભળ સુંદરી, મારી વાત જો મનમાં ધરી; આજ નહી જાવા દેઉ રાત, રહોતો કહુ વિજારી વાત. કહેજી

કહે કામની, પાછલી અરથ રહી જામની; કહે પોપટ સાંભરે બાઇ, નાગર નાત ન જાણે વાહી. તેણે જાણ્યું શાણી બહાર, ચેત્યો સસરો ને ભરતાર; એનું ચાલે તે એ કરે, મારૂં હેત મનમાં નહી ધરે. ચેતાવે મારો આબાપ, ઉતારે પાણી મુજ આપ; કરગરતે શરશે નહી અરથ, વીલાપ કરૂં તેતો સહુ વ્યર્થ. કોઇ કરૂં આપીક ઉપાય, પાણ્ય જોડી કયમ લાગુ પાય; વીજાર વીધા મન માંહી ધરૂં, કરતુક કરવું ઘટે તે કરૂં; કુઇ એક તેને બારણે, નીર કાઢવાને કારણે. મણ પાંચેકનો આણ્યો પાણ, નાંખ્યો કુપ વીશે નીરવાણ હળવે હળવે આણ્યો તીર, ધબક ધીબાકો વાગ્યો નીર; જમણી પાસ છે તે કુપ, ડાબે પાસે ગઇ અનુપ. ધમકારો સાંભરીયો સહુ, પડી કુવામાં વાહાલી વહુ. થયો ધમકારો નીરે નેટ. પડયો ધ્રાસકો એને પેટ. હાયરે હાય થયો ઉતપાત, ઘરડે કીધી વીપરીત વાટ; કુટે પેટ પોતાનો પુત્ર, ભાગ્યુંરે કાચું ઘરસુત્ર; ઘરડા તુજ ડાહાપણ બાળ્ય, કાગની કેરો આણ્યો કાળ; પહેરણ બેનાં નીસરી ગયાં, પેસાળ પાગરણ સાંહે થયાં. શોર બકોર ઘણો નત થાય, કડે દેશતણો તે રાય; માંહોમાંહે લડવા લાગીઆ, શોકે ગાત્ર સહુના બાગીયા. (દોહરો) બેટો કહે છે બાપને, ફટ ફટરે ચંડાળ, ઘર માર્યું ઘરણી ગઇ, આણ્યું મારો કાળ. પાંચ હજારે પ્રેમદા, પરણ્યોતો હું પ્રીત; મારી નાખી માનની, નરની કીધી રીત. ઉઘાડી બાર બે આવીયા, તરૂણી પડીતી ત્યાંય; એટલે છાનીમાની વહુ. તરત ગઇ ઘરમાંહ. તે કોણે જાણ્યું નહી, વહુતો પોતી વાસ; કુવા આગળ બેઉ કળકળે, પ્રેમદા જાણી પાસ. સાંકળ દેઇ બોલી સુંદરી નીરભય થઇ તે નાર. કુણ બોલે છે બારણે, મુજ લાગે ભણકાર. સસરાજીએ સાંભળી, વહુવારૂની વાણ્ય; ઉઘાડી આવો બારણે, પરવશ પડિયા પ્રાણ. મંદીરમાં ક્યાંથી માનની, વહુ કહો સાચી વાત્ત; કોણ પડ્યું આ કુપમાં, એતો મહા ઉતપાત, કરમાં સોનાનો ચુડલો, સાળુ કસબી કોર; કોણ પડ્યું આ કુપમાં, થયો ઝાટકો જોર. મેંતો જાણ્યું કુળવહુ, તું તો ઘરમાં હોય; કુણ દીઠું અમે આંગણે, કળી શકે નહિ કોય. ડાટ વાળ્યો તેં ડોસલા, લીધી સ્ત્રી હત્યાય; એતો તારી દીકરી, કીધો મહા અન્યાય. ખટ મહીનાથી મેં લહ્યું, આવે છે નીત જાર; હું મારી નણુદી તણો, બાગતી નોતી બાર; તમો આજ તે નીરખીયું, મન ન રાખ્યું માંડ; પશુ સરખા મે પરખીયા, રાંડથી ભુંડા રાંડ નારી કહે સુણો નાવલા, અકલ વીચારો એન; એ દીકરી ડોસા તણી, તેહ તમારી બેન, શાહુ કીધું મૂરખા, અઘટીત કીધું આપ; સ્ત્રી હત્યા બેડી તુને, પ્રગટયાં પાંચે પાપ. લક્ષ્મી હાટ લુંટાવશે, તજશે તમને નાત; સસરો એનો જાણશે, વીપરીત થાશે વાત. કુંવારો બ્રાહ્મણ કર્યો, ભગ્યું તેનું ઘર સુત્ર; મુરખના છો ગહીપતી, બેઉ પીતાને પૂત્ર. નણંદ નક્ષત્ર સારખી, લીધી તેની પુંઠ; લજ્યા પામી તે પડી, વાળીને એ મુઠ. મૂખ શું દેખાડે માનની, એક તાત એક ભ્રાત; કળકળી કુવે પડી, મારશે એની માત. પાયે લાગી પરણુમ્યા, સ્વામી સસરો કોડ; ઉગરિયે શી રીતથી, કરગરી કહ્યું કરજોડ. બીશોમાં તમે બાપડા, ધારણ રાખો ધીર; બુડશે નહી એ બાળકી, નવાણમાં નહી નીર. ચડો મેડીએ મલપતા, છાંડો ચનનો શોક; સોર બકોર કરશો નહી, મળશે ઝાઝા લોક; તોતો હાની આપણે કુળમાં થાય કલંક; ઓશીઆળા થઇએ ગામમાં, એતો આડે અંક. શરમાશે ઘણું સુંદરી, તમને દેખી તરત; બીજે પ્રકાર બીજે દિવસ, પામે પોતે મરત, કામની કહાડુ કુપથી, સમ ખવરાવી સાંચ; રખે વાત કહી ઉચરો, આવે ન ઊની આંચ. મેડે બેને મોકલ્યા, રહી એકલી આપ; બેન ન આવો, બારણે મુજ માર્યાનું પાપ. વરેડે વળગો તમો, તાણી લેઉ તરત; કો આગળ કહુ વાતડી, વણખુટે પામું મરત. વાત કીજે કાને કરૂં, જો જાણે કોઇ લોક; પુન્ય અમારૂં પરજળો, તીરથ વરત મુજ ફોક. ખમા ખમા ખમા તુને, ભવાની રક્ષાય; હળવે હળવે આવજો, પરહી ધરજો પાય. વળગો બાઈ મારે ખભે, પાગરણ નીચવુ પૂર; મંદીરમાં પોહોડો જઇ, જ્યાં લગી ઉગમને સુર. જખમારે તુજ ડોસલો, જખ મારે તુજવીર; એતે વેરી તાહરાં, શીદ ગમાવો નીર. કાલાવાલા કોટીધા; માનની કીધાં માંડ; નણંદને નારી કહે, પીયો હળદરને ખાંડ. નણંદ જ્યાં સૂતાં હતાં, ખખડાવી આવી બાર; સસરો સ્વામી સાંભળે, નણંદ ઉગારી નાર. રાતમાં રીત એવી કરી, કોઇએ ન પરહી પેર, હેત અધિક વધારીયું, ઘણે પ્રકારે ઘેર; સવારે ઉઠ્યા સરવ, કોઇ સુણ્યું નહી કરણ; કોઇ બીજુ નથી જાણતું, જાણે પેલા ત્રણ. નણંદ કાંઇ જાણે નહી, જે સુઈ રહીતી સેજ; પડી ઠગવા કુપમાં, ભોજાઇ આણી હેજ. પ્રભાતે પુછ્યા કારણે, બેઠા સસરો એકાંત; વહુને તોહાં તેડાવીયાં, ભાગી મનની ભ્રાંત, સસરો સ્વામી બે જણા, પાય નમાવ્યું શીશ; લાજ અમારી

તુંજક્કો, વચમાં આણ્યા હાથ; શ્રુમણું એક સેનાતણું, સોંપ્યું વહુને હાથ; અમો તેઆણ્યું તાહરો, શોભા તારી સાથ. હાકેમ લક્ષ્મી લુટતો, દંડાત આપોઆપ; સ્ત્રી હત્યા જે ઉગરી, તે તારો પ્રતાપ. દોહીલા અવા ડોસલા, વીચારી બોલ્યા વાણુ; નણુંદ તમારી દીકરી, વાલી છે મુજ પ્રાણુ. લાજ રહિજે તમતણી, તે તો મારી હોય; કામ કરે એ કામની, કળી શકે નહી કોય. રળે તે આપે નારને, પાય લાગે પંદર વાર; તેં લજ્યા રાખી માહરી, તું હૈડાનો હાર. કોણે કોને નવ કહ્યું, ઘણે પકારે ગુજ; કોણે કલંક જાણ્યું નહી, ન માડી કોને સુજ. જન્મ સૂધી ઝાંખા કર્યા, રાખી એવી રીત; કાલાવાલા કરી કરગરે, પુરણઆણી આ પ્રીત. ભલે પર તું અમઘરે, ભલે જન્મી તુજ માત; શાબાશરે મારી વહુ, શાબાશ તારી કુખ; શાબાશ તારૂં શાણુપણું, શાબાશ સુરંગી સુખ. શાબાશ તારી ચાતુરી, શાબાશ સહોદર હેત; લાજ રાખી તેં લોકમાં વેરાઇ પ્રાણુ મુજ લેત. લાડકવાઈ બેટી ગરત, બાગત તેનું ઘરસુત્ર; જમાત્ર છતાં મારો હરત, મ્રત પામત મુજ પુત્ર. કોણે કા આગળ નવ કહ્યું, ભ્રાંત ન લાવી ભેદ; સ્ત્રી ચરિત તો તે ખરૂં, વિજાર પાંચમો વેદ, અ ાડે એવું બોલતાં, તો તો જારિ જાગ્યો; નહીતર ઘેર બેશી રહો, ઘીને ખીચડી ખાગ્યો. પરભાવતી કહે પોપટા, એ અધીકી વાત; પ્રાક્રમ કીધું પ્રેમદા, બલી બાજની બાત. સાંભળ સુત રણીદાસના, સુણુ મનજીના તન; ઝવેર પ્રતાપે ગ્રંથ થયો, રૂડે રાજ રતન. શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ; સુત શ્રી વીરેશ્વરતણો, શેવક સામળદાસ. ગાય શીખે ને સાંભળે, મનના પુરે કોડ; સામળભટ કહે બોલજો, જય શ્રી રણછોડ. ૧૪૭

વારતા ૭ મી.

(**ચોપાઇ.**) શ્રી ગણપતીને નામુ શીશ, આરાધું ઉમીયાપતી ઇશ; પુજો દેવી સાચી સરસ્વતી, મયા કરી આપો મા મતી. સાતમે દીવસે જુવતી જાય, ચતુર પુરૂષ કો ચીત ચાહ્ય; સજ્યા સોળે શણગાર, અનંગ પ્રગટયો અપરંપાર. ખરા ઉલટ માંહે ખાંજરે, આવી પોપટને પાંજરે. ત્યારે શુક હસી બોલીયો, મન તણો પડદો ખોલીયો; ચતુરાઇ કેરાં એ ચેન, બાર જાગ્યો કયાં મારી બેન. જાઉં જાર વીધા કારણે, સુધીથી આવી બારણે. શાબાશ શાબાશ એ રૂડુ કરયું, એ વાતે મુજ હૈડુ ઠર્યું. નીચ માણસ કરશે નીંદાય, વીજાર તણી કરજો વીધાય; રાગરાંગ કેરી નારીયે, છતા જસ જોબન જારીયે; પોતે જસ લેઇ થઇ પવીત્ર, ચારૂ તેણે કરયું ચરીત્ર. નરપતીયા નાયીકની નાર, તે પણુ ઉતરી પેલે પાર. ચીત થકી કીધી ચાતુરી, બુદ્ધીથી બાંધી બહાદુરી. માંટી મુખ લેવરાવ્યું તર્ણ, અતીશે કર્મ કર્યાં આવર્ણ. એવાં થાઓ તો જાઓ સુખે, ભુંડુ શીદ મનાવું મૂખે; નારી નેહ ઘણેથી નમી, એનો વાત અમોને ગમી; કહો માંડી એનો વિસ્તાર, ઉતારયા સઘળા શણગાર. શણુગાર તજી બેઠી. તે ઠામ, કામની મરદન કીધો કામ; છો ઉપર જઇ આસન કર્યું, ચીત વાત સાંભળવા ધર્યું. ૧૩ (**દોહરો.**) કરજોડી રહી કામની, વારૂ શુક કહે વાત; અકલ હીણુજો આચરે, તો થાયે ઉતપાત. રામસગ રાઠોડ ઘેર, દારા સુંદર દેહ; જળને મછ થકી ઘણો, નરનારીને નેહ એક એક દેખી ઠરે, એક એક હિડે હરશ; એક એક દીઠે સુખ અતી, શામા સત્તર વરસ. ચાકરો ચતુર નર ચાકરી, ગુણુવંતી રહી ઘેર; પોપટ કહે સુણ પદમણી, પછી શી પરઠી પેર. જાર વીધા જુવતી કરે, અનગળ અપરંપાર; તે ખબર પોતી ત્યાં, જ્યાં ભામનીનો ભરથાર. શાબાશ તારી સુંદરી, શાબાશ ચતુરા ચત; કામની તારી ભોગવે, કોડે ઝાઝા કંત. નજરે દીઠું છે અમો, જાર રમે જુવતી ઘણું ગુણુનીધી તારે ઘેર. મારૂ કહ્યું નવ માનશો, અકસ્માત ઘેર જાગ્યો, નીશ ચચ્યા જોઇ નારની, સુખી કે દુખી થાઓ. દેખી શકાયું મેં નહી, તો આવ્યો તમપાસ; તારૂ ઘર શીદ ભાંગીએ, શીદ કરી છે હાસ્ય. વશીયદને છછેડીયો, વેદ વકારગો વાદ; મરડી મૂછ તે ઉઠીયો, ટેડી મુકી પાઘ. પ્રતીજ્ઞા પોતે કરી, વચમાં શીતારામ; સૂર્ય ચંદ્ર બે સાખીઆ, મારૂં જઇને ઠામ. હથીંયાર હડીસે ભીડીયાં, થયો અશ્વ અશ્વર; ચાર ઘડી રાતે ચતુર, આવી બેઠા બાર. જુવતીયે જળ આપીયું, પ્રીતે આપ્યાં પાન; ભલે પધારયા જુવતી, દીધું છવતદાન. આજ ઉનમત નહી માહરે, અમઘેર ભલા ઇશ; પધારયા સાજણે, સફળ હું આ આશીશ, આજ નવમહ પાધરા, આવ્યો સલુણો સ્નેહ; રાજ પધારયા રાજવી, દુધે ઉઠયા મેહ. આજતો વાયસ બોલ્યો, વાયો વાય સવાય; આજ ચંદનનાં છાંટણા, રીધે પધારયા રાય. કુમકુમ છડા દેવરાવીયા, મોતી પુર્યા

ચોક; ચંદનની વ્રટી થઈ, શુભ અજવાળુ ગોખ, તેલાં માન્યાં તોતળાં, દિપક માન્યા દેવ; નિવેદ માન્યાં નવસ્રોનાં, માની શીવની શેવ. પૂન્યે રાજ પધારીયા, જોતી હુતી વાટ; પ્રિતે પાક અમો કરૂં, ખાંતે ચોડ્યો ખાટ. અમલ આરોગો આજદીન, કહો વીગતની વાત; રંગમેહેલમાં રાયજી, રીજવીએજી રાત. કાલાવાલા કોટીધા, કંથ આગળે કીધ; ગાન્યું નહી તે માંટીએ, વળી પાણી નવ પીધ. સુણ શામા સુલક્ષણી, ચેતતી હોય તો ચેત; સૂએ આવ્યા હોત જો, લાવો તુજથી લેત. ત્યાં વાનો છે તાહરી, જુવતી બેલે જાર; સમખાધા તેને શસ્રધા, નીશ્ચે વાત નીરધાર. આવ્યો તુજને મારવા, છેદવા કરણ શીશ. અજર કરૂ એ વાતમાં, તો મૂજ દેખે ઇશ. જળકે અન્ન જમુ નહી, વેદ કરૂં નહી વાત; ખીજૂ પણ રીઝુ નહી, જોઇને તારી ખ્યાત. કાલાવાલા ગાનુ નહી, ગાનુ ન તારૂ માન; નીસ્ચે મારૂ તૂજને, તારા સવ એ તાન. એક વાતે તું ઉગરે, મેલી ગનનો મોડ; ગાને મુજ આગળ માનની, કહે સરવે કરજોડ; કેટલા કંથ તેં ભોગવ્યા, કેટલા કર્યા તેં જાર; કેટલા રંગ રમાડીયા, કહે મેલી મન ભાર. (ચોપાઇ) નારી કહે સાંભળરે નાહો, વિનતા જાણીને શું વાહેઃ; તમો માનો લોકોનું કહ્યું, ડાહાપણ તમારૂં વેહેતું ગયું. ચતુરાઈ તારી ચુલે પડી, અમ સાથે કેમ આવે અડી. બાળ તારી બુદ્ધિ પરપંચ, બાળ શાણપણાના સંચ ૪૩ બાળ રૂપને તારો રંગ, બાળ હથીયાર સુરાનો સંગ: બાળ મુછ દાઢીને બોલ, કિધું મેં સહુ તારૂ તોલ. શાણપણું તેં ક્યાં સાંટીયું; ડહાપણ કેઇ જગે દાટીયું; દેખી ન શકે લંડજ લોક; ફરે ફજેતી ફાંસુ કોક. રાઢ ઘરમાં થાવા કારણે, ભગેર્યો આવ્યો બારણે; ગારૂ કહેતો આવીયો રળાં ઘેર રૂડુ લાવીયો. રજપુત કહે સાંભળરે રંડ, પાપણી તું કરે પાખંડ. તરૂણી લઇ કથન કહે તું, વણ મારે મૂકું નહી હું. વિનતા સાચી બોલે વાણ, તોતો તુજને મુકુ હું જાણ. માને સાચું તો સરવે માફ, પ્રકાશ કર તું તારૂ પાપ; સાચું જો માને આદેશ, ઇશ્વર આણ જો છેદુ શીશ. જૂઠાતી જાર કર્યા જેટલા, તન મનથી માનો તેટલા; તોતો ઓહત્યા નહિ લેઉ, પરિયા સાતનો કોલજ દેઉ. વણ મારે જો મુકુ તને, મહારૂદ્રજી દેખે મને; તેથી લાખ પ્રતિજ્ઞા ઘણી, સમજાવ્યાં રાગજો સુંદરી. હેને જુવતી જોડ્યા હાથ, સ્તુતી કીધા સ્વામીને સાથ; કરતુત કર્યો હોય એવાં કામ, તો વચગમાં આણું શ્રી રામ. કહોતો વચમાં આણું ઇશ, કહોતો જાપ જપુ જૂગદીશ; કહો તો અગ્નિ ઝાલું હાથ, સતી થઇ શોભુ તમ સાથ. કાચે કુંભે આણું નીર, હાથેળીમાં રાંધુ ખીર, કાચે તાતણે સજ બાંધીએ, સ્વામી કહો તે શીર સાંધીયે; કહો તેવી ધરૂ ધડ ધીર, શીવને સગરપુ હું શરીર. કામે તંતુ કાઢુ ઘડો, વણવાંકે શા માટે વઢો; તાતે તેલની વીંટી લેઉ, કહો તેની એંધાણી દેઉ; ભરીયે ૫. સતી પાવક તણી, જેમ ધ્યાનમાં આણે ધણી; નાંખો સમૂદ્ર મધેથી તરૂ, એકે વાતે હું નહિ મરૂ, કહોતો ઝેર હળાહળ પીઉ, સાચા વાતે શાને બીહુ; હું સાપો જાણું નહિ જાર, ખુવો તમે તમારો ભાર. ૫૭

(દોહરા)રાગ દુવાઇ રામો કહે, ગળે ન એકે મેળ; ગાન્યા વણ મુકુ નહી, ખરો એ મારો ખેલ. જુવતી કહે જખ મારશે, જૂઠું બોલે જેહ; તું મસ્તક કાપ્યરે માહરૂં, તને ગમે તો તેહ. અધીક રીસથી કોપીઓ, રજપુતની એ રીત; બાંધી નારી બળ કરી, પરહરિ પોતે પ્રીત. ઘર વચે એક થાંબલો, ચોબીધ બાંધ્યા ચરણ; કમરે બાંધી કામની. કર ઉચ્ચાથી કરણ. મેલુ રાત્રી આજની. કાલ્ય ઉગમતે દીશ; માને નહી જો માનની. સવારે છેદુ શીશ. પલંગ પાથરી પોઢીયો, પ્રીત તજીને પાસ; કટાર ગ્રહયો છે કરવીશે હેત તજીને હાસ્ય. ઉંઘીગયો અજીણીયો, મોકમ ગઇ મધરાત; એટલે એક કૌતક થયું, વીપરીત સરખી વાત. નારી જાને નાપીણી, પાપીણી કરવા પાપ; સઇયર તેની સલક્ષણી, આવી આપો આપ. તે નારી તણી કુટણી, દાડી નીત દલાલ; સાટાં વીટાં સાચવે, માંહી ઘણેરો માલ. સરવે સાદે સ્વર કરયો,)એ હું છું ઉઘાડ, આવી તુજને તેડવા, જુગતે કરી જમાડ. કળે કમાડ ઉઘાડીયાં, પ્રોતે બેઠી પેર; બેસાડયો છે બાજીએ ઘણા હેતથી ઘેર. ગાન કરરે તું માનની, દાવાનળ છે દીશ; રામ રાઠોડ રીસાળવો, છેદે મારૂં શીશ. કોઇએ કાન ભભેરીયા, આવ્યો કરતો કોપ; માર દે છે મુજને ઘણો, વજા કરે છે લોપ. પરવશ પડીછું પાપથી, ઉંચા બાંધ્યા હાથ; શી રીતે આવી શકુ, સ્નેહ કરવા તે સાથ. સઇયર પરીયા સાતનો કબુલ કર્યો છે કોલ; લાખ વસા તે પાળવું, જે હું બોલી બોલ. કોલ બાળ તુજ કામની, બાળ તાહરી રીત; પ્રભાતે પ્રાણપતી હરે, તો કયમ પરહુ પ્રીત. હવે માલ શો મુજમાં, હવે માહારી શી બુદ્ધ, હવે આશા શી શીતલણી, નથી મુજ દેહ શુદ્ધ. નારીને નાપીણી કહે, તરૂણી એ શાં તાન; સારી પેડે લાવ્યો સુખડી

પ્રીતે ચાલો પાત. આશા બધો આણીયો, નીરાશ કેમ તે થાય; વાયદો કર્યો આવ્યાં અમો, તે મીથ્યા કેમ થાય, સખ્ખર શીખામણ શીખતું, હવે કર એક કામ; જાઓ જરૂર જારી કરો, મુજ બાંધી આ ઠામ; કાકુ શુ ઝુમે કહ્યું, બાંધી મુજ તુજ હાર; જઇ આવો વીરમ કને, તો તુ સાચી નાર, નારી છોડી નાપીણી પોતે બંધાણી પેર; જારી કાજે જોબનમાં, ગઇ પરનરને ઘેર. પોહોર રાત રહી પાછલી, જાગ્યો જોર બળ જેહ; કામની જગાડી કંથડે, કરીને ઝાઝો કરોધ. માન વાત તુ માનની; ગુણુ તજીને ગર્વ: મારૂં કહ્યું સુણ તુને, વાંક ગુન્હો જે સરવ; બોલી નહિ તે બાપડી, સમજે નહી તે સાદ; રીશ ચઢી રાઠોડને, ઉતારૂ તારો નાક. બોલાવી નથી બોલતી, વેદ કરે છે વાંક; કોપ કરીને કાપીયું, તે નારીનું નાક. પંચ અંગુલ પુર ભરી, સોંપાવ્યું એ સાથ. માનની વાળો મુઠડી, હેને ઝાલે હાથ. ખાંતે ભરાણું ખાબડાં, રૂધીર તણી થઇ રેલ; શામાને મન શોક છે. મળ્યો એ રીતે મેળ. નાક હવડાં તો છેદીયું, સવારે છેદુ શીશ; જુવતી તું જાણે નહી રજપુતાંની રીત, અફીણુ આરોગી ઉંઘીઓ, જાણે પામ્યો મતે, એટલે જાર વીધા રમી, તરૂણી આવી તરત, બાર કિવાડાં બાળકી, પાસે બેઠી પુર; અરસપરસ વાતો કરી, નારી નિરખ્યું નુર. દાવાનળ દુખમાં પડી, કામની પામી કષ્ટ, છેદી નાક જુદુ કરયુ. તેતો દીઠું દ્રષ્ટ બંધાઇ પોતે બળ કરી; નાપીણી ગઇ નેટ; રૂધીર તણી રેલો થઇ પડ્યો ધ્રાસકો પેટ. પોપટ કહે પ્રભાવતી, શેઠાણી સુંદર સાર; એટલું વીતીયું રાતમાં, વાણે શો વેહેવાર; નાક વઢાયું નાપીણી, દુખ પામી બહુ દેહ; પુછે જ્યાં એનો પતિ, ત્યાં શું કેહેશે તેહ, શોભે કેમ સતીપણું, માને એનો કંથ. કેમ એ બે જણુ જીવશે, પ્રીછો તો કહો પંથ, નાપીક કેહેરે નાપીણી, કયા છેદાવ્યું નાક: ત્યાં પ્રતિઉત્તર શો કરે, વેદ વદેશું વાકય. રીત બનશે રાઠોડ ઘેર, વાહાણું વાશે વેદ: શાંશ તો સ્વામી છેદશે, ખરો પ્રગટશે ખેદ ૯૬ ઉત્તર શો એ આપશે. જડશે કેવી જાગ; સતીપણું કેમ શોભશે, કેમ પતિ પડશે પાગ, ૯૭ પ્રભાવતી કહે પંખીયા, મુરખ તાહરો મેળ; મૂજને સુજ પડે નહી, એહ તલે નહી તેલ. ૯૮ એ પાણી મગ નવ ચહડે, સોમણ બાળે કાષ્ટ; એ રજપૂત માને નહિ, સ્ત્રી ચરિત્રના ઠાઠ. ૯૯ બુદ્ધિથી તો નહીં બને. કરે શી ચતુરા ચાલ; લક્ષ કરોડ વિશે વસા, ખુટ્યો બેનો કાળ શુક કહે સુણ સુંદરી, કહુ વિસ્તારી વાત; આજ ન જશો જારીએ, રહો મુજ પાસે રાત. વારૂ કહી વનિતા રહી, પોપટ પ્રીછે પેર; પ્રથમ રીત તુજને કહુ, બની નાપીકને ઘેર; કરમાં કટકો નાકનો, ચાલે રૂધીરની ધાર. ઉઠય ઉઠય અભાગીયા, ભામની કહે ભરતાર. ઉંઘે કેમ અઘોરીયા, લહે તું નહીં અજાણ; પાપે હુ પરણી તુને, પાલવ બાંધ્યો પાણ. માન કમાઉ મોઝી ઘણો, વસતી તણો વિવેક; રીત ન જાણે રાજની, ન્યાયી તણા જે નેક અફીણીયો ને આળસુ ઉંઘ કરૂમાને ઉંઘ; ધાંયજાને એ નવ ઘટે, શીખ અમારી સુધ. પૂત્ર જણ્યો પટલાણિયે, હરખ ઘણો છે હેત; મળી છે ઝાઝી મેદની, સજ્જન સર્વે સમેત; લાવ્ય પાછેણો લંડીયો; જરૂર પણે તું જાગ્ય; નાળ વધેરો નાર કહે, મન ગમે તે માગ્ય, મુજને આપે સાડલો, તુજને આપે પાઘ; ઉઠય અકર્મી આ ઘડી, લાખીણો છે લાગ. નાંખ્ય છુરો નારી કહે, પછેણો પ્રૌઢો પીત; રીત ન જાણે રાજની, રઝળે દાડી નિત્ય. ઉઠ્યો અકર્મી ઉંઘથી સમસ કરતો ધીર; નારી સનમુખ નાંખીઓ, છોર એક નગન જરીર. ચરીત્ર કરયું યા ચિંતની, ફટફટરે સંડાળ; નાક કાપ્યું નાહોલા, ઘણી મુખ દેતી ગાળ; કલ્પાંત કરે તે કામની, બોલે અવળાં વાંક, નીચ નમેરા નાહોલા. છેદયુ મારૂ નાક ગુણહીણા તું ઘાંયજા, કયમ કીધો તે કેર; તારે મારે કયાં અડયું, કીધા જન્મનું વેર, રળી ખવરાવું રોટલા, વેચુ માંરી જાત; તેનો ગુણુ જાણ્યો નહી, વીપરીત કીધી વાત. હત્યારા હત્યા કરી, જીવું નહી આ દીશ; ભ્રાત તાત ગામ કને, છેદાવું તુજ શીશ. નવ જાણીશ નાવારશી, મારે માંથે જોર; નાક વાઢી તું જઇશ કયાં, ચંડાળ અકરમી ચોર. હત્યારા હત્યા કરી, પાપી કીધું પાપ; કરૂપ કરી સ્વરૂપની, અકલાંતો આપ. ગામમા નોતી ગોરડી, મુજ સરખી મહારાજ; કરૂપ કરી તેં મુજને, સુખ કરાવ્યું તાજ. મનુષને મુખ ન દાખવું, જીભે દેઉ દંત; આ લે તારા છોકરા, કાળા મોતા કંથ. માનની જોઇ મુરખે, માન્યું સરવે સાચ; નાક દીઠું નારીતણું. પુરણ આંગુળ પાંચ. રહે રામા રોઇશમાં કર હું વાર કામ; સાંધેસાંધો મેળવું, નરૂપણિયો મુજ નામ. ટેભા દીધા તરતીબશું, મેળવ્યું લોહીમાં લોહી: સેજ વાતે સાજુ કરયું; કારણુ ન જાણે કોઇ, લાખેણી બાંધે લોબરી, જરૂરપણે ત્યાં જાઓ, કર લાખેણા લાહ્યા ખાંત ઘણેથી ખાઓ, ખંડાતું સુંઠ ટેપરા, ખારેક અને ખજુર; તું માનીતી માહરી, મુજને જાણ

મગ્રુર પ્રાણ તું મારી પ્રેમદા, તું જીવન મુજ જાગ્ય; તુ આધાર છે માહરી, પ્રીતે લાગ્યો પાગ્ય, થયો બેઆણુ વનીતા તણો, ગુલામ ધણેરે હેત; ઘર ઘરેણું તાહરૂ, તન મન ધન સમેત. એહ વીજારી નાપણી પુરણુ કીધી પેર; હવે હકીકત સાંભળો, રાત્ર રાઠોડ ઘેર, રાત રહી પછી પાછલી, ઘડી ત્રણુ પ્રહ ધીર; જાગ્યો રજપુત રાજવી, વીર વીરાધી વીર. ખુંખારીને ઉઠીયો, જળ પીધુ જરૂર; અમલ આરોગ્યો એ સમે, પ્રભાતે ઉગશે સુર કરમાં લીધો કોયડો, પટકાવ્યા સેપાંચ; મસ્તક છેદુ માનની, અમીકી જાથી આંચ નાક વાઢયે સમજી નહી, માન્યું નહી તે મુજ; કરયું ભોગવ તું તાહરૂ, તારી હત્યા તુજ. મરવાથી બાતો વથી, તેતો જાણજે સાચ માનતતો મારત નહી, તો મુજને શું પાપ. રીસ કરી શામા વદે, સાંભળ માંટી મુઢ; પાપી પાપીના જણ્યા, ગુણ હીણા તું ગુઢ. જુઠા જુઠાના છોકરા, જુઠા જુઠાના જાર; જુઠા જુઠાના સોબતી, ગુણ હીણા ગુમાર. નગુણા નગુણાના નરપતી, નગુણા નામ નીશંક; અવળા અવળાના સંગતી, અવળો આડે અંક. અધર્મી અહંકારી તું, અધર્મ તણો તું રૂપ. ડાહાપણના દંભીયા, ડાહાપણુ પડીયું કુપ ભુંડા ભુંડાના ભુપતી, ભુંડાના ભંડાર; કુડે કુડાના કીંકરા, શું કહુ વારંવાર, જેની આંખે કમળો થયો, તે પીળું પેખંત. તું છે જાર જારી તણો, દીસે સહુના દેખંત. રજપુત નહી તું રાંડવો. પ્રિછે ન પુન કે પેર; લોક ભુંડે ભંભેરીઓ, આવ્યો લડવા ઘેર. કલ્પાંત મુકયરે કથડા, જખ મારે તું ફોક; રખે તે સાચુ માનજે, લાડકવાયા લોક. સજનને તો દુખ થશે, થાશે વઇરીને વાણ; તારને મારા બાપને, એક હસવું એક હાણુ. સિતા સરખી છું સાધવી, અબળાનો અવતાર; મંદોદરી સરખી માનની, માને નહી ગુમાર. બાળી ભસ્મ તને કરૂં, જો તુજને દેઉ શ્રાપ શું કરીયે પરણ્યો પતી, પ્રતક્ષ લાગે પાપ; પ્રભાકર પ્રભુ પ્રતક્ષ ઉગિયા ઇશ, જો હોય બાપનો દિકરો, તો તુ છેદ મુજ શીશ. રાણી જાયો રાજવી, ધાવ્યો માનુ સ્થાન; બેટો હોય જો બાપનો, તો નવ મૂકીશ માન. હસી હઠીલો બોલિયો, માનની મૂરખ માન; નાક વાઢે સમજી નહિ, હવે કેસને કાન. કયાં ગયા તારા દેવતા, કયાં ગયા તારા તાક; કયાં ગયા તારા રામજી, છેદયું જ્યારે નાક. વણુ મારે મુકુ જીવતી, તો બ્રહ્મહત્યા પાપ; સારી પેરે ઓળખ્યા, સતી તુમારા શ્રાપ. માનની કહેરે મૂરખા, કયમ માને તું આજ; જે કહે તે હું કરૂ, કંથ તુમારૂં કાજ. કેહેતો દેખાડુ પારખું, માને માંટી મુઢ; કાંઇ ન રાખીંશ ઓરતો, ગુણ હીણા ગુગુ ગુઢ. રાઠોડ કહે રાણી શુણો, તારા હું માનું તાક; સુર્યદેવ સાજુ કરે, નારી તારૂ નાક. મેં મારે હાથે હણ્યું, પુરણુ આંગુળ પાંચ; ચતુરભુજ ચોટાડશે, સહી સતી તું સાચ. અખીલ નાક અંબા કરે, નહિ વિનતા તુજ વાંક; તો તારા ચાકર અમો, એતો આડો આંક. કાપો ન રહે કામની, પલક ન પામે પીડ; તો મન માને માહરૂં, સતી હોય તો સીધ. તો સાચી જાણું તુને, શહસ્ત્ર વસા તુ રીત; મોટમપણે મંદોદરી, માને મારૂં ચીત. નારી કહેરે નાહોલા, શીશ કાપે તો તરત; ચતુરભુજ ચોટાડશે, મેળ ન પામું તરત હાથ મારા રાખે હરી, પ્રભૂ રાખે મુજ પાગ; જીવ રક્ષણ જગદીશ્વરી, નારાયણી રાખે નાક. કાપ્યને શીદ લગાડે વાર, શ્રી સુરજ સાજુ કરે; નીરચે તે નીરધાર; લવલવ કરે લેખાવની, જીવ્યાની એક જાગ. નારી નાક સાજુ કરે, પ્રીતે લાગુ પાય; એટલે અરૂણોદ. થયો, અધીક થયો ઉજેસ. નારી ન્યાળી નાહોલે, શામા ઘણી સુવેશ; ભરયા રૂધીરે ખાબડાં, ભરયાં રૂધીર વસ્ત્ર; સાજુ નાક સુંદરી તણું, પતીની પાસે શસ્ત્ર મારે હાથે મેં હણ્યું, સોંપ્યું એને હાથ; સુર્યદેવે સાજુ કરયું, સ્નેહ સતીને સાથ. હવે સતીને છોડીએ, નહિતર કોપે ઇશ; જેમ નાક સાજુ કર્યું, તેમ સાજુ થાય શીશ. વિનતા વાલા વિષ્ણુજી, વિનતા વાલા રામ; શીશ શતરનું છેદીએ, જેણે કીધુ કામ. પતિએ પ્રદક્ષણા કરી. વાર શત એક આઠ; કરજોડીને કરગરે, પરઠે સ્તુતિ પાઠ. ધન્ય અવતાર ધણી કહે. ધન્ય શામા સતીપણું. ધન્ય ધરણી મુજ ઘેર, ધન્ય માત તુજ તાતને, ધન્ય તારો અવતાર; ધન્ય જનુની તાહરી, ભાગ્ય તણો ભંડાર, ધન્ય કુળ તારાં કર્મ, ધન્ય સતીની સીધતા, ધન્ય તમારૂ ધર્મ; જખ મારી જેણે કહ્યું, કામની તુજ કલંક: જખમારી મેં માનિયું ક્ષમા કરોજી વંક. જો તું ખીજે જે પરે, પ્રલય પૃથ્વી થાય; સાચી સતી તું સુંદરી, સાચા તુજ કૃતકાર. હુનો ભુંડે ભાગ્યશી, જાણ્યો જુઠો જાર, અધિક અકર્મી હું હરયો. ભૂંડાપણનો ભાર. વગર અપરાધે હું વઢયો, પરમાત્મિપા તુજ પ્રાણ; આડી આખી ચતુરા તણી, રૂદયે ચઢાવી રીસ. ઇશ્વર આણુ જો તે તણું, દો દિન છેદીશ શીશ. હવી નાર હેતે થકી, કરશો માં એ કામ; પાપ ધોવાયુ આપણુ, રૂડુ કરસે રામ. સૂરજ સામી ના-

બોચે પોતાને કંટાય; ધરમ અધરમને સત અસત, તે વેણા તોળાય. બાંધી બાંધ્યો બાપડો, લોક સાંકળે બંધ: સતીપણું શોભાવિયું, એવો કીધો ધંધ. ઘર ઘરેણું સોંપિયું, કરે નિત કલ્લોલ; આભરણ આપ્યા અતિ ઘણાં, શણગાર આપ્યા સોળ. કર જોડયા કંથડે, લે વારણા બહુ વાર; નાર ચરિત્ર લહ્યું નહીં અપરંપાર અપાર. વિધા ભણે છે વિપ્ર શુભ, પુરાણ ભણે છે પાઠ; આ ચરિત્ર નથી, ઠગ વિધાના ઠાઠ. વણજ કરેછે વાણિયા, લેખાં લાખ કરોડ; આ ચરીત્ર રામજે નહી, કામની શું કરજોડ. રાજા રાજ ઘણાં કરે જીતીયા દેશ વિદેશ; આ ચરીત્ર ભણ્યા નહીં, લક્ષણથી લવલેશ. પરધાન પોઢયા પાટવી, વજીર ઘણા વિવેક; આ ચરિત્ર સમજે નહી, નારી કેરા નેક. નાવિ સંદાદલ ઠાકરા, આવળા વાંચે આંક; જીતે બધા જગતને, રાણી આગળ રાંક. પટેલ પાટીદાર સહુ, દેશાઈપણુ દિલ દાખ; રાંડ આગળ સહુ રાંડવા, શાસ્ત્ર પુરે છે સાખ. સુરપુર ધ્રક ધીર, ગદા સંગ્રામે શીરદાર: સ્ત્રિ ચરિત્ર સમજે નહિ, ગોરી કરયા ગમાર. સુરાને કાયર કરયા, પંડીતને કીધા મુઢ; અજાણ કર્યા કઇ જાણને, પરાક્રમ કીધા પ્રોઢ. દાસ થયા ચક્રવતી તો રાંક; નારી જોરાવર નર થકી; એતો આડે આંક. કવિઓને નફિકર કરયા, ગુણીજન કીધા ગુઢ; કાજીને પાજી કરયા પ્રેમદા પરાક્રમ પ્રોઢ. સઇ સુથારને સાળવી, વસવઇયા વિવેક. એ બિચારા શુ લહે, નારી કેરા નેક. પોપટ કહે પ્રભાવતી, જારી કરવા જાઓ, વિજાર વિધા આવડે, તોતો સુખીયાં થાઓ. શુદ્ધ નિશાન શુક બોલીતેરી, એક એકથી એક, આ ચરીત્ર શોભા ઘણી, નારી કેરા નેક. સાંભળ કવિજી કુળદિપ તું, સાંભળ વાસણ વંશ, સાંભળ રણીયલ મનજી તણા, અવતારિક છો અંશ સાંભળ શામ સલક્ષણા, સાંભળ ઝવેર જસવંત, એ વિનતાની ચાતુરી, અતિશે વાત અનંત. શ્રીગૌડ ગાળવી વિપ્ર સુભ, વેંગનપુરમાં વાસ; સુત શ્રી વીરેશ્વર તણો, કહે કવી સામળદાસ.

વારતા ૮ મી.

(ચોપાઈ) શ્રી સારદાને નામુ શીશ, આરાધુ ઉમીયા પતી ઇશ; શ્રી ગણપતીના પુજુ પાય; સફળ મનોરથ મનના થાય. કહીયે વાત અધીકી આઠમી. રશીક વચન રથીરતા દાહની; રામા ચાલી પડતે રાત, વારૂ પોપટ બોલ્યો વાત. આભુષણ અંગ શજ્યા છે સોળ, મુખ ભરીયાં તાતાં તંબોળ. હાવભાવ કટાક્ષજ કરી, અમીસાંજે શાગા સંચરી, પોપટને કીધો પ્રણામ. કામની અંગે દીઠો કામ; તેના મનગમતુ બોધીયો મનતણો પડદો ખોલીયો આજ શીખામણ દીજેઅમો, તરૂણી જારી જાઓ તમો; હરી રમી જમીને જાગ; કરી આવજ્યે રૂડાં કામ. જુવંતી કહે હું ત્યાં જાઉંછું. તારા સમ ખાંને ખાઉંછું, પોપટ કહે પધારો પેર, જોજો અમૃતમાં ન થાયે ઝેર સાચવજો કાંઇ સંકટ પડે, રખે આળ નવ માંથે ચડે; ચડયાં કલંક ઉતરે કહુ કથી, કલંક ચડયાં ઉતરતાં નથી (દોહરા) કહું જા કોળીની કામની, કીધું છે જેમ કામ; તેના જેવું આવડે, ઠેઠ પોહોચાડે ઠામ. પગે નમીને પ્રેમદા, શુક સાંભળ મુજ વાત; કુણ એવો કોળી હતો, વીરતારી કહો વાત. નામ કવણ નારીતણું, રેહેતો કુણ ગામ; વીજાર વીધા કેવી કરી, મમત વધારી મામ, સુક કહે સેજા સુંદરી, કહુંછા ઘેર કામ્ય; રામપુરા મધ્યે રહે, નરસીંહ રાયને ધામ. ત્રણ તરવાર બાંસે ઘણી, કમર કસે કટાર; તીરકસ બાંધે ત્રીવીધે, ભામનીનો ભરથાર મરદ મુછાળો મમત બહુ, ભાલો રાખે હાથ; સુરાંમાંહ શીરોમણી, સુડે સામદ સાથ. હુંકારો કો નવ કરે, લોપી ન શકે લાજ. તાવ ઉતરે તરવારથી, મહીપતી માને માપ; ઘર આગળ નવ નીસરે, વાદ કરે નહી વેર. જાણે ભૂંડો ભીલ છે, કરે કહુલો કેર; ધ્રત સેવા ઘરણી ગઇ, હેને વણીકને હાટ. જગત લોક આવે તિહાં, ચોટા વચમાં હાટ; ડાહ્યોશા એક શેઠીયો, દુદાળોશો દેહ. ફરે કુરડો ફુલતો, નારી પ્રગટ્યો નેહ; બોલતા ખાડ ગાલે પડે, વળે ત્રવેટી પેટ.લીસો ગોરો લાલચી. સહુકો કહેછે શેઠ. અદરન જાડી ગુથ્થતો, ટુંકા ટુંકા હાથ. કાલુ કાલુ બોલતો, સ્નેહ સરવને સાથ; કામાતુર થઇ કામની, વીરહનુ વાગ્યુ બાણ. આશક થઇ તે ઉપર, પરવશ પડીયા પ્રાણ; વણીકને વાયક કહ્યું, મણેક મારે ધૃત, તે તોળી આપુ તુને, કહીને તતે, લોભે પડીઓ લાલચી, પ્રીતે પરઠી ઘેર આવે જાય હર નિશા, ઘણા હેતથી ઘેર. મન મીઠું માનીતણું. પડયો ધ્રાસકો પેટ; વિનતા પ્રતે બોલીયો સમજુ શાણો શેઠ, સ્વપ્નમાં કર ચંતના વાત ન કર ચાહીશ; કદાચ કહુલો દેખશે, તરત છેદશે શીશ. બાળવી તરૂણી તાદરૂ, બાળ તાહરે બાળ. ઉગમાં કામ બાલીને, આજ અવસ્થા આભ, બીજ મારાં છોકરાં, છતા મારેથી જાઉં, આજ થકી નથી

ખાનીએ; તે વાતે સમ ખાઉ. કપરો તે વળી કોઇનેો, કટુલો કડનો ઝેર; એમાં લાભ ગો લીધો, વિણુ સ્વારથનું વેર. વિનતા કહેરે વાણીઆ, જમ મારેછે એહ; સુખે જાઓને આવજો, કરજો મુજશું સ્નેહ. કંથ હાથ તું આવે નહી, સ્નેહી તોડે મુજ સાથ; કહુ તે કટુલા કંથને, હઇડે નાખ્યો હાથ. તે વેળા વેની વધ ડી, તેટર પથક તે વાર; અજર નહી એ વાતમાં શીશ તણો સંસકાર. કોઇક દહાડો દેખશે, જેહ લખ્યું તે થાય; મારી ન શકે મુજ આગળે, ચીતમાં રૂડું ચહાય. વશ કીધો તે વાણીયો, જુવતીએ મેળવ્યો જોગ; જાર કરે તે જોખમાં, ભાગની સાથે ભોગ. જાણુશે તારે મારશે, નારીને નવ દુભાય; કોસેર કર કું જેટલી, તેટલું જોખમ થાય. વીચાર કરયો મન વાણીયે, એતો કોપ્યા ઇસ; જ્યારે કટુલો દેખશે, તારે છેદશે શીશ. એ વાતે સંદેહ નહી, ખાધુ નીકળસે ઘરત; મારે મૂજને તો ખરો, એ વેળાએ તરત. નહી આવું કહે નારને, તારા મંદીર માંય; જીવતણું જોખમ થશે, તોલ ઘટે છે ત્યાંય. સેજા કહેરે શેઠ સુણ, ચિંતા મન નવ આણ; કોલ પરિયા પચાસનો, વેદ વચન મુજ વાણ. તારૂ શુંક પડે જેટલું, તેટલું મારૂ લોહી; તુજ જીવે અમો જીવીએ, કારણુ ન લહે કોઇ. કોલ દીધો તે કામની, લાખ હજારાં કોડ; નીરભય આવ્ય તું આ સમે, મંદીર મોડામોડ. એક સમે કઉતક થયું, ડાહ્યો વાટે દીઠ; ગળીત થઇ તે ગોરડી, પ્રેમદા કેરી પીઠ. કંથ આગળ કહે કામની, કરો અમારૂ કાજ; કોળાં કોઇક લઇ ગયું, નહી આપડાં આજ. જરૂર લાવો ઝાંખરાં, વચમાં કરવી વાડ; કોળુ કોઇ લઇ જશે, કરવી પડસે વાડ. હવડાંને હવડાં જઇ, ઝાંખરાં ઝાઝાં લાવ્ય; રાંધી મેલુ રોટલા, એક ઘડીમાં આવ. કોળાં જીવ બરોબરી, લઇ ગયો કો જન; વાડ કરશો વરણાગીયા, તારે મળશો અન. શીઘ્રજો થઇ સંચરયો, ઝાંખર લેવા જાય; એટલે પેલો વાણીયો, આવ્યો છે ઘરમાંહ. જાણ્યું વાર ઘણી થશે, આવો જાશે એહ; વણીક પરચારી વાધશે, તાન વધારી તેહ. નિશ્ચંતપણે નિશ્ચેતશું, લાગી લેહેર લગન; વસ્ત્ર વીસરજન બેયનાં, થયાં નર નાર નગન. ઘર તેનું ધંધોળીયું, નહી અગોચર કામ; વીશમ ઠેકાણે વાણીયે, કરયું કુડુ કામ. મળે મ્રગ જેમ કેસરી, મળે અજને જેમ ગજ; જાંમુક સિંહણુ ભોગવે, કહો કેમ જીવે રજ. માંસ સાચા સારદૂલનું, સસલો ખાવા જાય; પંગો કેમ પરવત ચડે, અંતે ફજેતી થાય. ગયો ભાગોળે બીલડો, દીઠાં ઝાંખરાં ઠેર; બાંધી લાવ્યો બારણે, ઘડી એકમાં ઘેર. કરયાં કોઇએ એકઠાં ઘણાં ઝાંખરાં ઘોર; દેખે તે મુકે નહી, ચીતડુ જેનું ચોર. દીઠો ડાહયે આવતે, દીઠો ધરની નાર; વાણીએ માંડયાં વેવલાં, મનમાં કરયો વીચાર. થરથર ધ્રુજે સિંચરે રહ્યો, વસ્ત્ર વીહાણે વ્રત; રામ રામ મનમાં જપે, માંથે આવ્યું મ્રત. ભીખ્યાં મારાં છોકરાં, ભાખી ઘરની નાર; હાય હવે હું શું કરૂ, થાશે શો સંસ્કાર. લક્ષ કરે લસોપતા, આકુળ વ્યાકુળ થાય; કટુ કૃતાંત સમ રીખડો, જોર કરી ક્યાં જાય; નસાડ કહે નારી મુને, ઉગરૂ કેમ આદીશ; નવરાત્રી નાક્ષે કરૂ, જીવું તો પુજુ ઇશ. રામ રામ મનમાં રટે, મેં શું કીધું કામ; વહાલો કો મારો નથી, રાખણહારો રામ; શીખામણું સહુને કહુ, કો પરઘેર ન જાય; ડાહ્યાની પેરે થશે, ઘણા વાગશે ઘાવ. લક્ષુશંકા થઇ લૂગડે, નેટ થયાં નીરાશ; ઓ માર્યો ઓ મારશે, જીવ્યાતણી શી આશ. નીમેશ માગ ન નાસવા, રહેવાનો નહી રેખ; કુડે હાથ કપાળમાં, જોજો કીધો જોખ. ૫ટફટ ભૂંડી પાપણી, સમ ખાધા શીદ રાંડ; હાથે મુને હણાવીશો, રંડવી મુજ રાંડ; માંટી મારશે તાહરો, રૂદે ધરશે બહુ રીસ; ભરજોબન તું ભામની, છેદે મારૂ શીશ; પોપટ કહે પરભાવતી, કરવા આવ્યો જાર; હવે વીજારી શી કરે, કયમ રહે એનો ભાર. બાઇ બોલો બુદ્ધીથી, કહેર જડેનો જાગ; સામા કયમ થાયે સતી, પતી કયમ લાગે પાગ. સતી કેમ થાએ સુંદરી, કટુલો કરે કલોલ; એહ વણીજ કેમ ઉગરે, કેમ રહે એનો તોલ; કેમ પાયે લાગે પતી, કેમ વાણીક વશ થાય; કોપ સમે કોણી તણો, વચન ગોરી શાં ગાય. કહ્યું કામનીનું કયમ કરે, હેને જોડે હાથ; કેમ ડાહ્યાશા ઉગરે, સમે કેમ સમજો સાથ. પરભાવતી કહે પોપટા, એને કયાની રીત; ડાહ્યાશાને દેખતે, પુરૂષ કેમ વાધે પ્રિત. કોણી જાતને ફળકળ્યો, કામનીનાં જોતે કામ, હાક વેહેર હડે ચડયો, કેમ મુકે એ ગામ. શુક કહે સુણ સુંદરી, રહો આજુની રાત; સાચી તુજને શીખવું એહ વિનતી વાત. નહી જાઉં નારી કહે, ઉતાવળો અનુસાર; વશ કીધો કેમ વાતથી, ભામનીએ ભરતાર. દીઠો ધણીને આવતો, નગન હુતી તે નાર; હળો-ળ મેલી નીસરી, બેઠી આવી બહાર; નાચતીને કુદતી, ઉંચા રાખી હાથ; નગન કાયા નિશંકથી, બોલી સ્વામી સાથ. આવા રૂડા કોયલા, તારૂ મુખ દેખાડ; ક્યાંથી લાવ્યો ઝાંખરાં, બાળી નારી વાડ. બેસી

કરી તુજ ગોરડી, બેઠા તારા પ્રાણ; જાંખરાં ભાળી જાણુશો, વિપ્રીત બોલી વાણ; ભાઈ તારા માના જણ્યા, બેઠયા છે જે પાંચ; પ્રભાતે પાશન કરે, અધિક દેખાડુ આંચ. ખાટી સુધી આવ્યો જીવતો, પ્રેમ-ધને મરતાપ; દાઢી દેરે દીવો કરી, મુકે આપો આપ. જવાળા મુખી કાળીકા, નવખંડે છે નામ; જે લાવે મુજ જાંખરાં, કેહુ તેનો કામ. અકળાય મચીને ઉઠશે, લેશ ધરે નહી લાજ; ટમોટા ફુટે તારથી, કરે મસ્તુ કાજ. ઝરીયાં ચુંટે જક્ષણી, વસ્ત્ર વિહાણું અંગ; ચીસો નાંખે ચંતની, કરે રામા બહુ રંગ. બાગ-ની દીકી બીબડે, આતે શો ઉતપાત; ખામુખમાં કાળીકા, વિપરીત થાશે વાત. પ્રદક્ષણા પોતે કરી, પ્રીતે લાગ્યો પાય; માત તમો કહો તે કરૂં, જઈ કહો તે જાગ. બાગોબે જા બીલડા, જાખરાં જઈ નાંખ. દેહ-વટ વાણુ દેખતાં, હજુ રહીશું સાંખ. સતી છે તારી સુંદરી, શેવક મારી જાણ; માટે મુકુ જીવતો, નહી તર લેતી પ્રાણ. વારૂ મારી દેવતા, વારૂ મારી માત; ક્ષમા વાંક મારો કરો, કહોતો રહુ ત્યાં સાત. વાડ કરી તું આવજે, મનમાંહે ન ડરેશ; જે દાડે દુભીશ નારને, તે દાડે તું મરેશ. પાગે લાગી પાછો ફર્યો, લેઈ જાંખરાં શીશ; વાડ દેરા પાછળ કરી, પગે લાગ્યો આ દીશ. વિનતાએ વસ્ત્રજ પેરીઆં, હશી જારની સાથ; જો સરીત્ર કેવું કરયું, તાળી દીધા હાથ. કાઢી મુકયો વણીજને, નિરભય થઇ નિસંક; કડુલો તેહ કીંકર કરયો, વાળીયો આડો અંક; કરજોડી ઉભો રહે, કડુલો ભીનો કંથ; જીવ્યો તુજ પ્રતાપથી, પળત હું મોટે પંથ; ખુબ કરી ખાતરજમા, ખરી ચાલી છે ખ્યાત; સતી પ્રતાપે જીવીયો, નહિતર કાળી ખાત. પુર માંહું પાયે નમે, કરે એનાં દરશન; કડુલા કેરી કામની, તેને કાળી પરસન. શુક કહે સુણ સુંદરી, પ્રભાવતી શુભ પેર; જો એવાં પ્રાક્રમ કરો, તો જાઓ જારને ઘેર. એમ વીજારી આવડે, જારી કરવા જાવ, નહિતર કરમાળા ધરી, ગુણ ગોવીંદના ગાવ. તેહ દિવસ તો વહી ગયો, વાણી વિવિધ વીલાસ; અષ્ટ કથા પુરણ થઇ, કહે કવી સામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહું કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૯૭

વારતા ૯ મી.

(દોહરો) શ્રી ગણપતી ગરવો ધણી, દિવ્ય દુંદાળો દેવ; ઉમીયા અંગથી ઉપન્યો, પ્રથમ કરે સહુ શેવ; દુંદાળો દુખભંજનો, સિંદુર સેભિત સાર. મુંશક વાહન મગ્નતો, દેવ વડો દાતાર નારી તે નવમે દીવસ; સજ્યા સોળ સણુગાર; નીશા સમે તે નીશરી, જોવા કારણ જાર. ભણી ગણી બણી ઠણી, ચાલી ચુણી હીત હામ; ભણી ગણીને વારતા, શુખિ શુખિ કરતી કામ. ચાલી ચતુરા ચમકતી, ઝમ ઝમ વાજે નેર; ધમ ધમ વાજે ઘુઘરા, મદન તણી શમશેર. વાંકી વેણુ વાંસા તણી, ઉજવળ અંગ અનુપ; ગુણવંતી ગજ ગામીની, શોભિત શુદ્ધ સ્વરૂપ; નિરક્ષણ કરતી નીસરી, વિસરી નાકે નથ; મન માન્યું પર મંદીરે, વપુ વસો મનમથ; મદગળતી થઇ માનની, જેમ અશાડો મેહ; સુગંધ તેલની વાસના, દીશે રૂડો દેહ. પોગટ ફરે પાંજરે, ચાલી ચતુરા ચેત; જુવતી જુહાર જુગતે કરે, હેડે આણી હેત. મંદીર જોવા જાઉં, અમો રમવા રાત; ઇશ્વર ઇચ્છાથી આવશું, પ્રહપુરે પ્રભાત. ભલે ભલેરે ભામની, ભલાઇ કરો ભરપુર; સુખ સુરત સાગર તરી, આવો ઉગમતે સુર. મન માન્યું મારૂ હવે. જુગતે રમજો જાર; જોખ કરો જઇ જામની, સુખ સરજો સંસાર. વિનતા વહેલા આવજો, તમ વિન સુનુ ધામ; ગુલાબગુમ-ની ગોરડી, કરશું શુભ તેણે કામ. વૈદરભ દેશે વેવારીયો, ગુલાબરાય ગુણ નિધ; ગુલાબવહુ તેની ગોરડી, પરાક્રમ કરશું વીધ વીધ. જારી કરવા તે ગઇ, નજરે દીઠો નાહો; વિજાર વિદ્યા એ શિખવું, ચતુરા ચિતમાં ચાહો. પગ ખેંચી રહી પ્રેમદા, તું પોપટ મુજ ભ્રાત; ગુણ શિખવ ગુલાબનો, વિસ્તારી કહે વાત. શણગાર ઉતારો સુંદરી, ભીનાં પેરો વસ્ત્ર; પરઠો પથર ઉપરે, ડહાપણ શાંખો દસ્ત્ર. કહ્યું કીરે તેવું કરયું, સુણવંતી રહી તેહ, શુક સંભળાવે વારતા, નારી પ્રગટયો નેહ. (ચોપાઇ) વડું ગામ એક વૈદરભ દેશ, સુરસંઘ રાય ત્યાં નરેશ; વરતે વસે અષ્ટાદશ વરણ, હરિ કથા શુણે નીત કરણ. વણિજ તેહ નગરમાં વસે, ધરમ મારગ ઉપર લક્ષ ધસે; નરભેરામ એક વિપ્રનો તન, મહા મનોહર મોટા મન; મ-રણ પામ્યો વો તેનો તાત, ચાંડોશઠ ઘેર ધરડી માત; તેને તેહ કુંવારો પુત્ર, સરયાવટ ચાલે સરસુત્ર. વ-ધ્યો નર તીક્ષ્ણ દેહ, પ્રૌઢ પ્રચંડ દેહાંથી દેહ; જાય નિત્ય ભીક્ષા કારણે, ભાભંત સહરસ તારે બારણે. વા-

ણી પાયને આવે પાન, રાગ રંગ કરે બહુ માન; એક નહી તેને કુમાર, નીત્ય નીસાસે માગે વાટ. સો દાહાડા નીત પેદા કરે, અહરનિશ આનંદે ફરે; જોબનવંતો દિસે દેહ, પણ વનિતા વિનાનો છે તેહ; એક દીવસ ભીક્ષાએ ગયો, ગૃહસ્થ તણે ઘેર ઉભો રહ્યો; કલ્યાણ કલ્યાણ કહ્યું ઘડી એક, જેમ તે વિપ્ર તણો વિવેક. આપી ભીખ તે લઇને વળ્યો, પોતા કેરે પંથે પળ્યો; બીજે મંદીર જોવા રહ્યો, ત્યાંતો એક તમાસો થયો. જેચંદશાહ તણું ઘરસુત્ર, ગુલાબરાયજી તેનો પુત્ર; લક્ષાધિશ કોટીધ્વજ ક્રમ, મહાલક્ષ્મી વસે તે ઠામ. ગુલાબ વહુ તેની ઘર નાર, રૂપવંતી રંભા અવતાર. મહા મનોહર તે માનની, નહી પુતળી એવી કામની ચતુર વિદ્યા ચાતુર ચેહેન કમળ સરીખાં તેનાં નેન; સજ્યા સોળ અંગે સણગાર, અંગુઠ મુક્તાફળના હાર; નખ શીખ સોભા લાયક સાન, પ્રગટ પદમની ગુણ નિધાન, ચંપક વરણાં પેર્યાં ચીર, શોભે ઉજવળ સરલ શરીર; માનની મોટમ પદવી મુલ્ય, તરતીબ ત્રિલોકમાને તુલ્ય. બેઠીતી મોહન માળીએ, ઝાંખીને જોયું જાળીએ; મોતી તણો પરોવે હાર, રંભા રૂપ અનોપમ સાર; નીચુ ન્યાળે પ્રીતે ખાસ, વિપ્રે ઉચું જોયું આકાશ. આભામંડળથી નિશરે ચંદ, જોતાં લો ફાડયું બ્રહ્માંડ; વિદ્યુતનો ચમકાર થયો, દીઠા રામા ઉભો રહયો. જેવું હોય પુરણ પ્રતિબિંબ, રૂપનિધાન સમા એ રંભ; ફાડ ધનુષથી છુટયો બાણ, વેંધ્યા પંડિતના પ્રાણ; વાગ્યાં બાણ કટાક્ષનાં ઘણું, મન અંકૂર ફુટયાં તે તણાં; પડિયો વિપ્ર તે કુસ્થ પાત, વિનતા તે જાણે નહી વાત. તેતો તેના ઘરમાં ગઇ, વિપ્ર તણી મોઠી ગત થઇ; વિપ્રને લઇ આવી સહુ બાસે, ગયા લોક તેના ઘર ભણે. ડોશી પાસ પાડોશી અડયો, તારો પુત્ર પ્રથિવિપર પડયો. રોતાં કકળતાં ત્યાંહાં આવીયાં, ઝોળીએ ઘાલી લાવીયાં; કો કેહે એને આવ્યો તાવ, કો કહે અન ઉપર નહી ભાવ; કો કહે ઢાકણ વળગી દુત, કો કહે બારે વળગ્યું ભુત. કો કહે વંતરને વશ હોય, કારણ કળી શકે નહી કોય; કડી કાપડીને વરતીયા, ગણીક ગારૂડી નેં તરતિયા. ભુવા બિલકડાંને ડાકલાં, ચેટક ચીસો હક આકળા; ઉતારયા અક્ષત ઉતાર, ઓસડ વેસડ અપરંપાર. પ્રશ્ન કરાવી પ્રસ્નોતરી, જોવરાવી પછી જન્મોતરી; દારૂણ દુખ પામે છે તેહ, રાંડી રાંડનો તનુજ તેહ; ન ખાય અન ન પીયે નીર, ધારણ તેનું ન રહે ધીર. થાકયા વૈદને થાકયા ભુવા, ઉપાય બતાવે જુજુવા. નાડી માંહે ન મળે રોગ, જુઓ કરમ તણા સંજોગ. ઓશડ વેશડ શો ગુણ કરે, ચિત્ત તો તે ચિંતનીમાં ફરે. ૪૩

(દોહરો) એક દીવસ એક માલણી, આવી મૂકવા ફુલ; તે આગળ તે ડોશીએ, કહ્યુ સુતનું સુળ. ફુલક કાજ કુંવર ગયો, ચેટક વળગ્યું ત્યાંહ; નથી ખાતો પીતો નથી, પોઢયો મંદીર માંય. માળણને માતા કહે, જુવતી જોવા જાય; દીઠો નીસાસા નાંખતો, ચતુરાં ચીત્તમાં ચાય. એકાંત તેને ઉઠાડીયો, ધારણ દીધી ધીર; આશના વાશના અતિ કરી, માળણે પાયું નીર. મહારાજ મુને સાચુ કહો, જે મન ધારયું હોય, તારૂ દુખ તે મેં લહ્યું, અન્ય ન જાણે કોય. માનની કોઇ મનમાં વશી, મારયું મોહનું બાણ; તેહ મળે તો જીવશો, નહિતર ખોશો પ્રાણ. ગામ નામને ઠામ કહો, અકલ હોય તો આવ તે તુજને નવ મેળવું; લાગે હત્યાદિક પાપ. તું સાચુ બોલે નહી, તુજને પાપજ એહ; અરસપરસ નર નારીયે, નિરમળ કીધો નેહ. તન ઠેકાણે આવીયું, જાણી મનની વાત; પગે લાગ્યો પ્રીતથી, હેતે જોડયા હાથ. વાત કહી વિગત તણી અથ ઇતી જે પેર; હુંતો ભીક્ષા કારણે, ગયો મહસ્થને ઘેર. દેવરૂપ દેવાંગના, દાખી દેવાંશી દેહ; સુણ તું માતા માલણી, તેહશું પ્રગટયો નેહ. મોહબાણ વાગ્યું મને, ન રહી ધારણધીર; પ્રથ્વી ઉપર હું પડયો, શીથળ થયું શરીર. પ્રતીજ્ઞા કીધી પંડમાં, જા એ જુવતી જોડ; નહિતર અન પાણી તજુ, વણ મોતે મરવા ખોડ. એ વાત કો સાંભળે, ખુશી પામુ તરત; તેહ મળે તો જીવિયે, ખેવ તરફથી મસ્ત. માળણ કહે છતો મોજમાં, ખરો દેખાડુ ખેલ; તાસ સમ હું તુજને, નિશ્ચે કરી આપુ મેળ. તે ભોગવ તું ભામની, રીઝ ઘણી એક રાત, મંદીર તેહાનું માહરે, પેહ્યાહું પ્રભાત. સમ ખાઇ સંતોખીયો, બહુ વિધ દીધો બોલ, જમાડયો જુગતે કરી, વધાર્યું તેનું તોલ. વીસ દીવસનો વાયદો, કર્યો કામનીએ કેણ; રૂપી રીઝયો રસીયા વિદ્રે, સુણી વળી વાળી વેણ. ગુલાબરાયની ગોરડી, બેઠી ખુબ નિધાન; જઇ છાબ આગળ ધરી, માનનીએ દીધાં માન. એવળી સુગંધી વિવિધે, એકરી ગુંથી અમુલ્ય; સાડી ગુંથી સોભતી, સુગંધ આપના ફુલ. પછેડિ ગુંથી પુષ્પની, ચાદરવા કાજે પુર; ગુંથીયો ગુંચ્યો ચીતની, નારીમાં બહુ નુર. પુષ્પ ચરણાને ચોળીઓ, પુષ્પ ઓઢણી અંગ; પુષ્પ તળાઇ ઝોલીયે, રામા રીઝી રંગ. નીત્ય જાય ત્યાં માળણી, લાવે લાવે બેઠ; તન મન ઘણ

તેનાં થયાં, ઠસત થયો એ કેડ. માળણ્યુ કંઇક માગ્ય તું, હેને લાવે છે હાર: એકે વારે ઠયમ મુકીએ, તારે આંધે ભાર. માળણ કહે સુણ માનની, તારૂ નીરમળ નામ; લેવા લાણ્યુ આવી નથી, આવી કરવા કામ. તારૂ દુખ છે ટાળવું, તારા છે ઉચાટ; તારૂ સંકટ કાપવા, આવી હું એ માટ; કેટી લક્ષ વસા કહું, તારે પડવું નરક; જમ યાતના દોહલી, ઘણુ તિવર એ ગરક. એ દુખ તારૂ ટાળવા, આવીછું એકાંત; પ્રતીજ્ઞા પેતે કરો, તો તો ભાગુ ભ્રાંત. અચરજ પામી અતી ઘણું, પ્રીતે પ્રણમી પાય; જાણ્યું જમની જેતના, કહેરે માળણ માય. પ્રતિજ્ઞા પાંચે પ્રકારની, કરાવી કામની કેણ; વળતી વાત બ્રાહ્મણ તણી, કહી વિસ્તારી વેણ. આવ્યો તારે બારણે, દીઠાં તમને દ્રષ્ટ; બાણ વાગ્યાં તુજ નેણનાં, કાયામાં પામે કષ્ટ. કહ્યું ધીરજ નવ રહ્યું, કરી પ્રતિજ્ઞા વરત; જુવતિ મળેતો જીવીએ, આવ્યુ માથે મરત. તેહ વાત જાણી અગો, મરશે પંડિત રાય; તો ગુણવંતી તુજને, માથે હત્યા થાય. સમ ખાઇ સંતોખીઓ, અધીકી દીધી આશ; ખબર કહેવાને કારણે, આવીછુ તુજ પાસ. થોડામાં કહુછુ ઘણુ, છોજી ચતુર સુજાણ; જીવે તુને મળ્યા થકી, નહિતર છોડે પ્રાણ. કરજોડી કહે કામની, જાણે મારો કંથ; કાન નાક અળગાં કરે, ચતુર વિચારો ચંત. કારભાર જાતો રહે, જાય જસરૂપી જોર; રૂપ રંગ જાતુ રહે, જાય ટેકનો તોર. માળણ કહે મહાદેવજી, રાખે રૂડી રીત; પરમ પુન્યને કારણે, કરો પંડીતશું પ્રીત. હું કહુ તમે તેમ કરો, પ્રીત રીતના પેર; પીયરનું નામ લઇ પરવારો, ઘણા હેતથી ઘેર. સાસરેથી એમ કહી જજો, પીયર રહીશું રાત: પીતા ઘેર વાસો રહી, આવીશું પ્રભાત. પીયરથી જાકહેશું, હું તો મારે ઘેર; માળણ કહે મુજ મંદીરે, કરી આવો એ પેર. વિપ્રને કરીશું વાયદો, રૂડો રાખી લાગ; શામ દામ ભેદે કરી, નહી લાગે તુજ ડાઘ. સવારે જજો સાસરે, કોઇ ન જાણે વાત; સાસુ સસરો શાસરે, પીયર માતને તાત. એમ કહ્યુ તે માલણી, દેઇને ઝાઝાં માન; એટલું જો કહ્યું કરો, દીધું જીવતદાન. કરી વાયદો તે વળી, હા કહેવરાવી હેત; વળતુ ત્યાં શું નીપન્યું, ચતુરા ચીતમાં ચેત. પૂરણ વાયદો પુંનમે કામ્યની સાથે કીધ; તેડી લાવો તે વીપ્રને, કોલ પોતાનો દીધ. ડાહી જાત જુવતની સહુ, માળણ તેમાં હદ; કોથી કામ થાયે નહી, શોભાવે તે સદ; ચતુરાએ ચેતાવીઓ, રાત આવજો આજ; કલ્લોલથી ક્રીડા કરો, લેશ ધરોમાં લાજ. ચારઘડી રાતે ચેતજો, લાવજો અમૃત અહાર; સુખસાગરમાં જીલજો, અપરમપાર અપાર; પુરણ હરશ મન પ્રગટીયો, નીશ્ચે વાત નીરમાણ; માળણને મંદીર ગઇ, સાંજ વેળા સુજાણ. હાવભાવ કટાક્ષથી, હીચે હીંચોળાખાટ; પાન ચાવે દરપનજુવે, નીરખે વીપ્રની વાટ. પ્રેમદા જેવી પદમની, મોહની મોહન રૂપ; જોબનવંતી જર જોરથી, ભામ્યની ભારે ભુપ. તે સ્થાનક કઉતક થયું, તેહ વરણવું વાત; માનની ગઇ માલણ ઘરે, એક જામ ગઇ રાત. બ્રાહ્મણ ભીક્ષા કારણે, ગયો હુતો કહી ઘાટ; એટલે પોતાની નાતના, વીપ્ર જતાતા વાટ. કહો ભાઇ કયાં જાઓછો શીદ માગોછો માન; ધશમશા કયાં જાઓછો, કોના લેવાં છે દાન. પુછેછે શું પંડીતા, રાજદ્વાર જે ઠોર; સહુ દીસછે આજનો, આપે શોનામોર. ભણીગણીને ભાવથી, ભલા ભલેરા ભૂપ; મળી ત્યાં ઝાઝી મેદની રૂડા રૂપી જે રૂપ. લોભી વીપ લોભે પડ્યો, લોભે લક્ષણ જાય; લોભે તે લેવા ગયો, ધનને કારણ ધાય. મોર આપે છે મહીપતી, આપતા માંડી અઘ; વીસહજાર ત્યાં વીપ્ર છે, શોભા દીઠી સઘ. આપનાર અકળાઇ ગયા, દીધુ બીજે દન ત્યાંય; અરધોહવ સહુને આપશુ, ઘાલ્યા તાળા માંય. ડોરીકેરો દીકરો, દેહેરા માંહે દીધ; માળણ ઘેર રહી માન્યની, કામ તેણે શું કીધ. સવાપોર નીશા ગઇ, વીનતા જૂવે છે વાટ; મુજ માટે મરતો હતો, નાવ્યો શા માટ. માળણ આગળ મનતણી, કહી વીનતાએ વાત; પુરૂસ વીના કયમ પરહશે, જાય શી રીતે રાત. ઉઠવ ઉઠવ આદર કરી, લાયક પુરૂશ કો લાવ; તે સાથે રજની રમુ, એક ઘડીમાં આવ. મોકલી તેણે માનની, લેઇને તેની કેડ; તંબોળીને હાટથી, તરણ પુરૂપ હું તેડ. વાંકો ને વરણાગીયો, ચંચળ ચાતુર ચેન; ભાગ્યશાળી ભુપ સમો, ઉપમા અધીકી એન. ચાલી ચતુરા ચમકતી, તંબોળીની દુકાન; પોતાને ઘેર પ્રેમદા, પતી તેનો લે પાન: તેણે તેને નવ ઓળખ્યો, ચાતુર દીઠે ચંત. પૂરશ ક્રમીયે પરવરી, માળણ પ્રીઠે પંચ. બાંહ ઝાલી બોલાવીયો, કરી પરાણે પ્રીત; મંદીર આવ તું આહરે, રમવા રૂડી રીત. જનમ સંબંધ કોઇ નથી, નહી શુણી હોય કાન; તે બોલાવ્યું ભામ્યની, મનસા આવે માન. પુરૂશ કહે સુણ પ્રેમદા, આમો શાહુકાર સુજાણ; કપટ કરે કદાચ તું, તોતો પરઠે પ્રાણ. જાણે પીતા જે આહરો, બાણે નગરનો રાય; તો તો જાન જમ જોખમે, કાજ્ય કસારત થાય. કોલ દીધા તે કામની,

શભા આથા સમ; વચન વનીતાએ આપીઉં, કહો માને નહી કામ. (ચોપાઇ) માળણના મંદીરમાં ખાટ, વીનતા બેઠી જુવે વાટ; કોઇ પુરૂષ આવે જો આંહે, મોજ કરૂં હું મંદીર માંહે. એમ વીચાર કરે જેટલે, તેહ પૂરૂષ આવ્યો તેટલે; માળણનો ઓળખતી નથી, તેનો સ્વામી લાવી સરવથી. જોજો કરમતણી એ રતી, પરસારે આવ્યો નીજપતી. દીપક જોત છે ઝાકઝમાળ, બલા તીલક શોભે છે ભાળ. રંગ તણો થયો છે રોળ, શણગાર અંગે સજ્યા છે સોળ; મુખ બહોળાં તાતાં તંબોળ. છુટા કંદ્રપ કેશ કપોળ; માનનીનો માંટી મેડે ચઢયો, અચાનક આવી સેજે અડયો; કુશમની સજ્યા પાથરી, ભોજન મુક્યાં થાળજ ભરી. કસ્તુરીનો કીધો છે લેપ, બેહે બરાસ ચોપડયાં ચેપ; પુષ્પ ચોળી પેહેરી છે અંગ, સખી સાહેલી નહી કો સંગ. ૧૨૧ (દોહરો.) પોપટ કહે પરમાવતી, કામ્યની કેરો કંથ; જુવતી જાર કરવા ગઇ, ચતુર વીચારો ચંત. શામા લાજ કયમ રાખશે, કામ પતી લાગશે પાગ; કયમ સતી શામા થશે, જાણો તો કહો જાગ. કરતાં તો સહુને સેહેલ છે, ભોગવતાં માઠુ મરત; જાણો તો મુજને કહો, મેળ બતાવો તરત. શુક પ્રત્યે કહે સુંદરી, એનો વાત અજાણ; ઉત્તર એનો નહી જડે, પ્રેમદા ખોશે પ્રાણ. ગમરાતે માળણ ઘરે, શીદ આવીતી રંડ; લાજ ગમાવે લક્ષ્યા, દેશે ઝાઝો દંડ. પક્ષી કહે સુણ પ્રેમદા, જુવો વીજારી જાત; વિજાર વિદ્યા હું શીખવું, રહો આજુની રાત. કોલ દીધો તે કામની, ઉતાર્યા શણગાર; શી વિદ્યાએ ઉગરી, રહયો કેમ એનો ભાર. મેડે ચઢયો તે ગલપતો, કામનીએ દીઠો કંથ; આવતો ઓળખ્યો ઘરધણી, ચતુર ચેતી ચંત પડયો ધ્રાસકો પેટમાં, ઓલાઇ ગઇ તે આપ; હવે મુખ કયમ દાખવું, કેવો દેઉં જવાબ. ઘુંઘટ વાળીયો ગોરડી, નીચાં ઢાળીયાં નેણ; તે આપ સોડ તાણી તંહાં, વદન ન બોલે વેણ. સ્વામી બેઠો સેજપર, કરગરે આણી કોડ; શામા શે નથી બોલતાં. જુવતી મારી જોડ; માગો મુજ પાસે માન્યની વસ્ત્ર ઘરેણું ગરથ; રમો આ રજની રંગમાં, શુખમાં થાઓ સમરથ; તેડાવશું દાડી તને, ભોગવશું શુભ ભોગ; લાડ લડાવુ લક્ષ્યા, શુભ મળ્યો સંજોગ. તાણ્યું વસ્ત્ર તે નરે સુતો, પાસે સેજ; કાલાવાલા કરી કરગરે, હૈડે આણી હેજ. પાન ચાવોરે પદમની, દાખવો મુજ મુખ; માગો ગમે તે મુજ કને, ભાગુ તારી ભુખ. રામા આવી રંગમાં, રોસ કરી બહુ રીસ; ઉઠી અતી આક્રંદથી, ભમર ચઢાવ્યાં શીશ. મારયો તમાચો મુખપરે, ઘણી મુખ દેતી ગાળ; શાબાશ પુત્ર શાહુકારના, આવ્યા કરવા આળ; દીન દીન તમને પુછતી, કયાં રહોછો રાત; મુજ આગળ નીકળી જતા, વીપરીત કહેતા વાત. આજ પારખું તાહરૂં જોવા કારણ કીધ; આવી હું માળણ ઘરે, કેડુ તમારી લીધ. કપટ કરીને તેડીયા, આવી પહોચ્યા તરત; આપઘાતતો હું કરૂં, માંથે મારે મરત. સસરા સાસુ આગળે, વીસ્તારી કહું વાત; પુછો તમારા પુત્રને, કિહાં રહ્યા રાત; કહુ મારા માબાપને, કહુ હાકયમ હજુર; આ રીત કયમ વેઠીયે ન રહે મુજમાં નુર. કહુ નાત સમસ્તને, કહુ સહોદર સાથ; એમાં અંતર કરૂં નહી, આવ્યા છો મુજ હાથ. બીનો તેતો થાપ ડો, દીઠી પોતાની નાર; એતો અચરજ અતીઘણું. વેદ ઘટે વેહેવાર. એ નારી નીસ્ચે કહે, જાણશે માતને તાત; દંડે દીવાન બહુ દોકડા, વીપરીત થાયે વત; નાત બહાર કાઢે સહી, માબાપ કહાડે બાહાર; વેવાર ઘટે વેવારીમાં, ન થાયે વણજ વેપાર. વાંક નથી વીનતા તણો, વડો છે મારો વાંક; મુજ અપરાધ ક્ષમા કરો, હું છું તારો રાંક. કર જોડયા તે કંથડે, પ્રીતે લાગ્યો પાગ; સતી શીરોમણી સીધ તું, રહેવા આપો જાગ. ઢાંકે કલંક કુણ તુજ વીના, કુણ રાખે વેહેવાર; જખ મારી મેં લક્ષવરાં, હું અન્યાયી આહાર. ભલા બાપની દીકરી ક્ષમા કરો મુજ વાંક; હું અનઇયો સરવથી, તેતો આડે આંક. આજ થકી એવું કરૂં, બ્રહ્મહત્યાદીક પાપ; ખોળે મસ્તક મુકી, માન્યની કરજે માપ. હું અપરાધી તાહારો, હું ગુનેગાર આપ; તું મુકુટ શીર માહરે, નીર્મળ કુળની નર; પ્રીત ઘણેથી પ્રણમીયો, રીઝવી રામા રંગ; શુભે સ્વામી સુંદરી શોભીત કીધો સંગ. ખાનપાન ભોજન વિવિધ, કર્યાં પોતે પ્રકાશ; પ્રાતઃ કાલે પરવર્યાં, બ્હેલે બેશી વાસ; કંથનેતો કીંકર કર્યો, જેમ મુલ ખરીદી દાસ. વિદ્યા એહ વિજારીની, આવડે તો કર આજ; નહીતર નરતુ દેખશો, બાપેણી ખોશો લાજ. શુક કહે સુણ સુંદરી, વિદ્યા વિવેકની રીત; કરયો ઓશીયાળો કંથને, રંગ રમી ત્યાં રાત. ૧૬૯ વાસણ વંશે અંશપત, કહુજી કુળ જસ ઉત; રણીયલ સુત સુણ રાજવી, પુન્ય પદારથ પ્રીત. એહ કથા શુક બોતેરી, અણીલ વિદ્યા એ પેર; સામળભટ કહે સાંભળો. જસવંત નાર ઝવેર; શ્રી ગોડ આગવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ; પીતા પુરશોતમતણો, કહે કવી સામળદાસ. સુત શ્રી વીરેશ્વર તણો, નાનાભટનો શીશ; ઉપાશક અંબાતણો, અહરનીશ પુજે ઇશ. શુભ રસનાએ સારદા, કવી કહે છે

કરજોડ; સામળભટ કહે બોલજો જયજય શ્રી રણછોડ. નવ કથા નૌતમ વીધી, વાણી વેદ વીલાસ; પ્રીતે પુરશોતમ તણો, કહે કવી સામળદાસ.

વારતા ૧૦ મી.

(ચોપાઇ) શ્રીગણપતિના પુજુ પાય, જેથી સકળ મનોરથ થાય; સિંદુર શોભિતો શણગાર, ઉત્તમ મોદક આહારહાર. અક્ષતનયા સાચી સરસ્વતી, મયા કરી આપો ગા મતો; હંસવાહિની જાણુ સુજાણ, વેણા પુસ્તક પરઠે પાણ, ૨ દશમે દિવસે દિક્ષ દાખીયું, ચોવિધ ચતુરા ચીત રાખીયું; બણી ઠણી બણીને બેદ, રંજમાત્ર ન પામે ખેદ. દશમે દિવસે દિક્ષ દામની, જુવતી ચાલી પડતે જામની; આવી પોપટ પાંજરા તળે, અંગ સ્વરૂપ તેનુ કુણ કળે. ૪ સાંભળ શુક સુખીણી થાઉંછું, નરવીયા રમવા જાઉંછું; વાહાણામાં વહેલા આવજો, લાખેણી વાતો લાવજો. ભલાં થજો કહીં બીડજ પડે, વિગર વાત જો ચિતમાં ચઢે; ચંદ શેઠની નારી જેમ, કરવુ ઘટે તો કરજો તેમ. તેણીએ જેમ કીધુ કામ, નરજો કુંવરી નારીનુ નામ; મહા પ્રાક્રમ તેણે કીધ, લાખેણો જસ નારિએ લીધ; તેના સરખા કામ કહાવજો; પ્રાત:સમે વેહેલાં આવજો; રામા પગ ખેંચીને રહી, વાણી જ્યાં પોપટે કહી એ વિદ્યા શિખવને આજ, પછે કરીશુ રૂડુ કાજ; રામા સાંભળવા ત્યાં રહી, પોપટે વાત વિસ્તારી કહી. જયંતપુર ગુણવંતુ ગામ, ભીમસેન નરપતનું નામ; સતવાદી દાતારી દેહ, ધરમરાજ ચલાવે તેહ. ન ખપે લાંચ ન ગમે ફંદ; વણવાંકે કો નવ દે દંડ; તે રાજા ભોગી છે ઘણો, અનેક જનાવર પાળ્યા તણો; મહિપતિએ પાળ્યો એક મોર, તે રાજાના ચિતનો ચોર; જીવથકી એ વહાલો ઘણું, શુ વખાણ કરૂં તે તણું. આભૂષણ તેને અંગ અપાર, સોના સાંકળાંના શણગાર; ધમકે ઘુઘરી મોતીની માળ, માંડે કળા ચાલે શુભ ચાલ. ઝાંઝરીએ કરે તે જતન, અમુલક હીરા માણેક રતન; માહા મનોહર રૂડુ રૂપ, તન મન ધન જાણે છે ભૂપ. રમઝમ કરતો રમતો ફરે, દેખી આંખ સહુકોની ઠરે; રાજાનું મોહ્યું છે મન, મોર દીઠે જમે છે અન્ન. માંડે કળા રમતનું કામ, દેખી ઘહેલું થાએ ગામ. વેવારીયો સુંદરસા વશે, ધરમ મારગ ઉપર તે ધસે; લક્ષપતિ સતવાદી જાણ, બ્યાપારી વીસ ફરે ઘેર વહાણ; વૈષ્ણવ ધરમ ચતુરાઇ ચાળ, જીવ દયા કેરો પ્રતિપાળ. પરનાર સહોદર રૂડી રીત, ઘરમાં સ્ત્રી સાથે પ્રીત; પરણી પ્રેમદા પુરણ પેર, આનંદ કરે પોતાને ઘેર; ચતુરાઇમાં ચતુરાઇ ઘણી, ભુંડી વિદ્યા તેતો ભણી; અવજોગમાં પ્રગટિ તેહ, નીચ વસ્તુ ઉપર નેહ; અસુરંબુદ્ધીમાં આપ, પુરવ જનમનું પૂરૂ પાપ; હશે અસુર ઉધમ એહનો, નીચ સ્વભાવ પુરો તેહનો; અસુરનું બીજ અસુરની ભાત, કોઇક પુન્યે થઇ ઉતમ જાત; એકવાર મોર કળા કારણે, રમતો તે આવ્યો બારણે; કળા દેખીને સમીયા શોક, જોવા ગળ્યા નગરના લોક. ઘડી બે ચારેક રમવા રહ્યો, કળા સંકેલી ઉડી ગયો. માનનીએ દીઠો તે મોર, ચંતનીનુ મન થયું છે ચોર. એહ મોરને હેતે હરૂં, ભાજી ભુજીને ભક્ષણ કરૂં. પાંચમો માસ જાતો તો પેટ, નીચ બુદ્ધિ નારી થઇ નેટ; જેવું જમીએ તેવી બુદ્ધિ, જેવો આહાર તેવો ઓડકાર, વશીએ જ્યાં તેવો વેપાર; એહ મોર કેમ આવે હાથ, વાત ન થાય એ કોની સાથ. એકે દાવ તેનો નવ પડે. ઝાઝાં જતન તેને કયમ જડે; નારીનું તો તેમાં મન જ્યાં અડે, કરયા વિનાતો કળ નવ પડે, નીચ બુદ્ધિને નીચાં કરમ, નીચ સ્વભાવને નીચા ધરમ. નીચ કૃતિને નીચો સંગ, નડી ગ્યાન રૂડાથી રંગ; મહા અધરમમાં ચોટયું ચીત, વસી પક્ષી ઉપર જઇ પ્રીત. ૨૮ (દોહરા.) એક સમે દેરે ગઇ, તેહ નમેરી નાર; મળ્યો વાટમાં મલપતો, તે જુવતીનો જાર. આદર કરી ઉભો રહ્યો, કરજોડી કહી વાત; એકવાર અમને મળ્યો, ચાકર તેજ દીન રાત. જે કહો તે હાજર કરૂં, દેહ જીવ સમેત; તમ ઉપર મન માહરૂ, હઇડે છે બહુ હેત. મલામાલા કરી કરગર્યો, હેતે જોડયા હાથ; તેહ પુરૂષ પ્રતે પ્રેમદા, સ્નેહ બોલી સાથ. તે નારીએ જારને, અધિક કરી એક અરજ; અમો કહીએ તેતો કરો, જો મળવાની ગરજ. મોર પાળેલો મહીપતનો, તેને ચોરી લાવ; આજ રાતે હું એકલી, મુજ મંદીરમાં આવ. સ્વામી મારો વાસે જશે, ઉધ્ધવ કરવા કાજ; રાત રમાડુ રંગમાં, લેવા જોબનનાં લાજ. સાચુ માન્યું તે શાચડે, જાતે હતો તે ચોર; હામહામ ભેદે કરી, લીધો મહીપતનો મોર. આવ્યો છે સરવને, ચોરને આંપ્યો આઠ; પક્ષી લીધો પલકમાં, કરાર કરીને ઠાઠ. વાસે આવ્યો વણીકને, માનનીએ દીધાં માન; ભલે પધારયા જુવતી, દીધું જીવતદાન; મોરને મારી નાંખીયો, કીધા કકળાત; આ[illegible]

નીચે ભોજન કરયું, વીપરીત કીધી વાત; પાપ પુન્ય તો ન ગણ્યું, ન ગણ્યો ધરમ અધર્મ લાજ. ગરીબાઇ ગણી નહી, નહી સત કે શરમ; ગણી નહી બીક લોકની, ન ગણ્યું મોટું પાપ. નહી ભય પરમેશ્વર તણો, છેક નમેરી છાપ. રાજાથી બીની નહિ, ભક્ષ કરયો તે મોર, રાત રમાડયો રંગમાં, ચંતનીએ પેલો ચોર. ગાગીખ આરોગ્યું અતી ઘણું, પાપણીએ પોશુ પેટ; અધરમ કામ એ આચરયું, નીચ સ્વભાવની નેટ. ચોર જે પેલા મોરનો, પોઢયો જઇ પલંગ; ચાર પોહોર રમ્યા ચતુરી, રાગા સાથે રંગ. નારી કહે ના આવશો, જાણશે મુજ ભરથાર; નાક કાન મારા કાપશે, તુને મારશે ઠાર. ત્યારે તસ્કર બોલીઓ, જખ મારે તુજ કંથ; જઇ ચેતાવું રાયને, પરઠ હવડાં પંથ. લુંટાવું લક્ષ્મી તાહરી, કઢાવું નાતથી બહાર; જોરાવરી રાખુ તુને, કરૂં હું ઘરની નાર. ઉત્તમ જાત અમીરની, કરયાં નીચનાં કામ; જો વહાણામાં નિપજે, મરાવું તુજને ઠામ. જખ મારે તારો ધરધણી, જખ મારે તુ રાંડ; જે દહાડે દુભે મુને, તે દહાડે દેઉંશ ડંડ.

(ચોપાઇ) તે સ્ત્રીએ વીચારયું મન, એતો ભુંડો જારી જન; કોઇક દીવસ જાહેર કરે, મારો અરથ એથી નવસરે. દહાડીનું એ પુર કેમ પડે, નીચ જાત નિશ્ચે નડે; એ જીવે તો જોખમ થાય, ડંડે દેશપતિ જે રાય. સ્નેહ કરયો તે તસ્કર સાથ, હેતે તાળી લીધી હાથ; હાવ ભાવ કીધા છે ઘણા, એકે વાત ન રાખી મણા. કોટે વળગી આલિંઘન કીધ, ચિતવીત એનું ચોરી લીધ; રમાડયો જમાડયો રૂડી રીત, પુરણ દેખાડી તેને પ્રીત. કાળજે કટારી મારી તરત, તે તસ્કર તો પામ્યો મરત; બાંધી ગાંઠડી તેની તીર, નાંખ્યો નદીએ વેહેતે નીર. કાઢી ભાવઠ કોડે કામની, જામ વીતી ચાર જામની; એહ વાત અહિંયાથી રહી, રાજદ્વારમાં શી ગત થઇ. (દોહરો.) મહિપે મોર ન જોયો, નાખ્યો ઘેર શા માટ; પુછાવ્યું પુર પાછલે, વહ્યો એ કેની વાટ. રાજા ભોજન નવ કરે, નરપતિ નવ પીએ નીર; મોર મનોહર ક્યાં ગયો, ધારણ ન રહે ધીર; પડો વજડાવ્યો પુર વીશે, કો કહે મોરની ભાળ; મન માન્યું એને આપીએ, કરૂં નીમેશે ન્યાલ. આકુળ વ્યાકુળ અતી ઘણો, નરપતિ મનમાં થાય; પચાસ નર એક પ્રહરમાં, મોર નિરખવા જાય. આપુ હાથી ઘોડલા, આપુ અર્થને ગર્થ; ખબર કહે કોઇ મોરની, એ વીણુ જીવીત વ્યર્થ. દીવસ એ ચારેક વહી ગયા, ઠાલા જોયા ઠામ; શાણા સમજુ સરવને, પુછ્યુ બધે ગામ. રાજા પાણી નવ પીએ, ઝંખે મનમાં મોર; કો પગલું પેંદા કરે, ચીતવી આપે ચોર. પગલું કઢાવ્યું પગી કને, હલકારા તે હજુર; ન જડી પેર પક્ષી તણી, પુરપતીએ ખોયું નુર. ઉપાય કરયા અનેકધા, ખચીત થયો નહી ચોર; ખોળે ખંખોળે નવ જડયો, મહિપત તણો જે મોર. ૬૪ (ચોપાઇ.) મારી મોર ખાધો જેણીએ, નીચ કરમ કીધું તેણીએ; એક માળણી સાથે પ્રીત, રાખે છે તે રૂડી રીત. પાણી પીવાની વાતો કરે, મળે એકઠાં તો મન ઠરે; ન મળે તારે દુખજ થાય, દીઠા પાખી અન્ન ન ખાય. જીવ એકને જુદા દેહ, પ્રીતી જેમ દાદુરને મેહ; નિરંતર બેઉ મળે એકઠાં, રમે ગંજીપોને સોગટાં. બીજી રમત બહુ રંગે રમે, જોડે બેશી તેતો જમે; છાની છપની વાતો કરે, એક એક દેખી મન ઠરે. બેજણ વાત કરે છે જેટલે, ડંડેરો ફરતો આવ્યો તેટલે; જે કોઇ મોરની કેહેશે ભાળ, નરપતી તેને કરશે ન્યાલ. કહે શો કોપજ થયો, કોણે મોર મહીપતનો ગ્રહ્યો; કોઇએ મારી નાંખ્યો હશે, અથવા શોધ એને કયમ થશે. જડશે તો તો દેશે લાહાણ, ચોર તણાતો લેસે પ્રાણ; ડાહી ચતુર જુવતી જાણીએ, પ્રેમદાની બુદ્ધિની પાનીએ. વિનતા પેટમાં ન ટકે વાત, રૂડી કે ભુંડી જે ખ્યાત; ભુંડા કરમના ભુંડી ભાત, એવી તે નારીની જાત. નિચ બુદ્ધિના નિચાં કામ, નિચમાં નિચ નારીનું નામ; નિરગુણ નિશંકી નિરગુણ નેહ, ઓછી અકલને દુશ્મન દેહ. નીચ સ્વભાવને ગ્રાહ્યુ ખાય, જુઠું ગાય ને નાગી નાચ; રાજાની સ્ત્રી માણે રંક, અકલ ઓછી એ આડે અંક. સ્ત્રીમાં ડહાપણ ગણશે જેહ, મુરખનો શીરોમણી તેહ; સ્ત્રી માણસની કરશે પ્રીત, મહા મુરખ તે નરની રીત. સ્ત્રીના પેટમાં વાત ન રહે, કોઇક વેળાએ કોઇને કહે; માળણ પોતાના મનડા તણી, કીધી વાતો છાની ઘણી. બેન માળણ સાંભળજો તમો, મોર મારી નાંખ્યો તે અમો; બાવુ માંસ એનાનો થયો, રાજા જખ મારીને રહયો. એમ ઘડી એક વાતો કરી, સ્વ મંદીર તે ગઇ સુંદરી, માળણ દુતી ભૂંડી ભાત, પેટમાં તેના ન ટકે વાત, સરખ નારી કુડ કારણી. અધિકી નાપણને માલણી; દુતી દહાથી જારી કરે, નર નારીનાં મનડાં હરે; અધિપતીને મળી એકાંત, ભાગી તેના મનની ભ્રાંત; સરવ વાત માંડીને કહી, નરપતિ આગળ ડાહી થઇ. ૮૦

(દોહરા.) સુંદરશા શેઠની સુંદરી, ન બે કુંવરી નામ; મોર મારીને ભક્ષ કર્યો, કુડુ કીધુ કામ. ખોળા ખખોળી શોદ કરો, સાચુ માનો તર્ત; મન મનોહર મોર જે, માનની પમાડયો મર્ત. શેઠી સંધી ભક્ષ કર્યો, મારી નાખ્યો મોર; કરવું ઘટે તે કીજીયે, તેતો તારી ચોર. મહિપત કહે શુણ માળણી, એતો અચરજ આજ; શાહુકાર શેઠાણી શેઠની, કરે કયમ કુડુ કાજ. ઉતમ જાત અમિરની, વઇષ્ણવ કેરો ધર્મ; આભડછેટથી ઓચરે, કરે કયમ કુડુ કર્મ. મારૂ મન માને નહી, સાચુ કયમ માની લેઉ; સાખ્ય પુરાવે સાચની, એને શુળીએ દેઉ. નગર વાંકે દંડુ નહી, જુઠો નવ તોળુ ન્યાય; પુન્યવંત પૃથ્વીપતી, આચરૂ કયમ અન્યાય. જુઠાં બોલી જુવતી તમો, કાંઇક હસે તુજ ખાર; તેટલા માટે તુ કહે, હું કયમ મારૂ માર. વિસ્વાસે વાત સાચી પડે, તોતો દેઉ દંડ; નહી તો તુજને મારશુ, પાપણી કરે પાખંડ. વૈષ્ણવ જાતને વાણીયો, નગર શેઠીઓ નેટ; તેની વારી મોરનું, માંસ ન પોખે પેટ. વેર પરસ્પર તાહરે, કરે માટે અપમાન; સાચુ માનુ સોવસા, કથા સાંભળુ કાન. માળણ કહે શુણ મહિપતી, મંદિર તેડી જાઉં; મન માને જેમ તાહરૂ, તે વાતે સમ ખાઉં. કહેવરાવું હું તેહને, સાંભળ તારે કાન; સાચુ જુઠુ દાખજે, મન માને તો માન. હુંતો તમ કાજે કહુ, અથડાઇ મરૂછો આજ; જાણ્યું તેહ જણાવીએ, કરી પરમારથ કાજ. મહિપતી તેડયો માળણી, આવો ઘરમાં એકાંત; મોંડે કહેવરાવું જે તુને, ભાગુ તારી ભ્રાંત. અધિપતી રાખ્યો ઓરડે, પોતાને મંદીર પેર; છાનો રાખ્યો છળ કરી, ગુણવંતીએ ઘેર. શેઠાણી તેડી સેજમાં, વિવિધ કરવાને વાત, પેલો મોર કયમ મારીયો, કહે વિસ્તારી વાત. કુણ લાવ્યો કેમ મારીયો, કયમ કીધુ ભોજન; તુ કયમ જાર વિધા રમી, કહો છો માને મન. કહાવી પુછયું કામની, કહ્યા નારીએ કેણ; રાજા માંહી પડદે રહી, શુણે વિનતાનાં વેણ. ચોર સાથે મોર મંગાવીઓ, માર્યો મેં મારે હાથ; ભોજન કીધું ભાવતું, સંભોગ કરયો તે સાથ. કટારે કાડયું કાળજુ, નાંખી દીધો નીર; એવું કામ અમે કરયું, ધારણ રાખી ધીર. મહિપતે માંહેથી સાભળ્યું, વચન કામનીનું કાન; સાચુ માન્યું શો વસા, માળણ ઉપર માન, સંદેહ કોઇ રહયો નહી, ન રહી કે ભ્રાંત; પોતાને કાને સૂણ્યું, આપ થઇ એકાંત. ત્રાંને દેવી શુળીએ, જેમ દેખે બધુ ગામ; નિરમળ જાત થઇ નીચના, કીધાં જોગે કામ. લુંટી લેઉ લક્ષમી બધી, દેઉ દેશવટો દંડ; જુવો કરમ એવું કરયું, લક્ષ વસા થઇ લંડ. દટાઉં ચકટા વિચચાં, મારૂ ઝાઝો માર; પરવાર સહી પ્રાજે કર, પ્રભાતે કરૂ પ્રહાર. મહિમા વધારૂ માળણ તણો, દેઉ સરપાવ આ દિશ; સવારે એ શાહુકારનું છેદી નાંખુ શીશ. માન્યુ મોડે માનની, વળતી રહી શી નુન્ય; હણતાં પાપ શાનું ગણું, માહુ કરે શું પુન્ય. પોપટ કહે પ્રભાવતી, શી થાશે એની પેર; સાચી કેમ થાશે સુંદરી, કેમ જાશે જીવથી ઘેર. શુકને કહે છે સુંદરી, મુરખ તાહરો મેળ; રાજા એને મારશે, કાઢશે તારણાં તેલ. લક્ષમી એની લુંટશે, શુળી દેશે તરત, કથ સહિત બધું કુટુંબ, મહિપત પમાડે મરત. શુક કહે સુણ સુંદરી, રહે આજુની રાત; શામા તુજને શીખવું, એહ વિજારી વાત. મારા વીર કહે મુને, એતો અચરજ હોય; કાને રાજાએ સાંભળ્યું, કાલો નવ હોય કોય. શુક કહે સુણ સુંદરી, વારૂ વાત વિવેક; શેઠાણી સમજો નહિ, નાડી કેરા નેક. માળણે ચેતાવ્યો મહિપતી, પટારે મેલ્યો પાણ; સાંભળજે ભીત ભાટકા, કહી વિનતાએ વાણ. મનમાં ચેતી ગઇ માનની, એથી અચરજ હોય; પુરૂષ હશે પટંતરે, કળી શકે નહી કોય. તે વેળાને તે ઘડી, કરવી વિજારી વેદ; મુકરી ગઇ એ માનની, ભ્રાંત ન રાખે ભેદ. સાંભળ સખી સલક્ષણી, મેં જાર પમાડયો મરત; નદી નીરમાં નાંખીયો, એટલે જાગી તરત. પડયો ધ્રાશકો પેટમાં, બીતી ઘડીકા બે ચાર; એ સ્વપ્નું તે શું હશે, પુછુ તને વિચાર. રૂડુ કે ભુડું હશે, હશે પુન્ય કે પાપ; સંદેહ મારા મન તણો, કહે સહચર તું આપ. ઉતમ જાતી આપણી, કર્યું નીચનું કામ; સ્વન્પાધ્યાય સોધાવિને ભજવું હરીનું નામ. વળતી તો આળસ તજી, તનમાં પ્રગટયો તાપ; હાય હાય એ શું હશે, મોટું એવું પાપ. માળણ કહે શમણું કહ્યુ, એ તો સો ઉતપાત; મારા સમ સાચુ કહો, વિગત તણી જે વાત. ફટ ફટ ભૂંડી પાપણી, માળણ મુઢ અજાણ; એ સમણું સંભારતાં, જાયછે મારા પ્રાણ. વઇષ્ણવ ધરમી છું અમો, કરીએ રૂડાં કર્મ; માકણને નવ મારીએ, ધારી એવો ધર્મ. જુઠી વાત ન જલ્પીએ, લોગટી ન લઉ મારય; એ શમણુ માઠુ થયું, માનસીક પાપ વિચાર. ભૂંડુ એ મુજને ભજ્યું; નર્મદામાં નહિશ, ખટ માસવાડા જાત્ર ચઢ, ત્યારે પાવન થઇશ. મોટુ દુખ મહિપતતણું, વેઠેછે ભુંડી ભૂખ; તે દુખે હું દુખણી, અતિ દાવાનળ દુખ, મોર મોર હું ઝંખતી, બિશરતો નવી વેદ; ઝંખનાએ શમણું થયું, ભ્રાંત, ગમી ક્યાં

બેદ માર ચાખે તો હું મારૂ, જડે રાયનો મોરઃ રાત દિવસ ઝંખુ અમો, ચંડાળ હશે કોઈ ચોર. જેની દાપે ઝંખના, તેનું સગળું થાય; હું તો અન જમતી નથી તો કયમ રાજા ખાય. રાજા નીસર્યો બારણે, પ્રીતે બેઠો પાસ; પાયે લાગ્યો તે નારને, સુંદરી તને શાબાશ. ઉત્તમ જાતી તમતણી, નીચતણો શો સંગ, અવળાનું સવળુ કરે, અભડાવે આપણું અંગ. ચાડી ખાધીતી તાહરી, સ્વપ્નુ સાચુ કીધ; થયું મન. મુરખ માહરૂ, નિશ્ચે માની લીધ. મસ્તક મુડણુ માળણુ તણું, છેદ્યા નાકને કાન; ખરવાહન કરી ફેરવી, કીધું વરતું. વાન મોઢે કેસરાબ્યું માળણે, જુડી થઈ તે જોડ; એ હકીકત એહની એણે મુકયો મનનો મોડ. સતી, શેઠાણી સાધવી, ઉત્તમ કુળમાં એન, મહીપતિએ મોઢે કહ્યું, તુ તો મારી બેહેન; શેઠાણી સંતોખીયાં, કરી વિજાતરી વાત; ઘરમાં રહિને ગોરડી, રીઝ થકી એ રાત. એમ વિજારી આવડે, તોતો જાજે તરત; વગર સમજે નવ જસો, માથે આવશે મરત. શાબાશ પંખી પોપટા, શાબાશ પરમ પવિત્ર; શુભ વિદ્યા તે શિખવી, ચાતુર જેહ ચરિત્ર; દસ કથા પુરણ થઈ, વાણી વેદ વિલાસ; શ્રી ગોડ માળવી વિપ્ર શુભ, કહે કવિ શામળદાસ. શ્રોતા વાકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ. ૧૪૨

વારતા ૧૧ મી.

(ચોપાઇ.) સ્મરણ કરૂ શ્રીસારદા માય, પુજુ શ્રી ગણપતિના પાય; શુકબોહોતેરી કહુ સંવાદ, અંતરમાં આણી ઉલાસ. એકાદશમે દિવસે નાર, ચાલી ચતુરા કરી વિચાર; જ્યાં સોળ સોભીત શણગાર; હીરા જડીત અમુલક હાર. જુવે દરપણ મદ અંગે ગળે, આવી પોપટ પાંજરાં તળે; પોપટે દીધાં બહુ માન, કથા રૂડી સંભળાવે કાન. સલક્ષણી તું સાંભળ વાત, શીદ પધારે મઝમ રાત; સાંભળ કીર સુખિણી થાઉછુ, જરૂરપણે જારી જાઉછું. તારી શિક્ષા તે મનમાં ધરૂ, સફળ જનમારો મારો કરૂં; શાબાશ સાબાશ વેહેલાં આવજો, લાખેણી વાતો લાવજો. ખાજો પીજો રમજો રાત, આવજ્યો પોહોરાટે પરભાત; સબળસંગ કેરી સુંદરી, કરી વિજારી મનમાં ધરી. તેની પેરે કરજો તમો, આગળથી ચેતાવુ અમો; જસોદાએ જે રીતે કર્યુ, ધણીએ મનમાં સાચુ ધર્યું. સંકટ પડે તો તેવું કરો, શિખો તો પરમંદીર સંચરો પગ ખેંચીને નારી રહી, કુણ તે નાર જસોદા વહી; કુણ હતો સબળસંઘ રાય, કુણ દેશ કુણ ગામજ માંય; પોપટ પાયે લાગુ તુને, વીસ્તારીને કહેને મુને. પોપટ કહે શેઠાણી સુણો બારે વિદ્યા વિજારી ભણો. શુક પોતે સંભળાવે વાત, રામા રહી સાંભળવા રાત. ૧૦ (દોહરો.) ઉત્તર પંથ શુભ અવનવો આગડિયું છે ગામ; વિજયસંઘનો દીકરો, નંદસેન નિજનામ. ગામ મધ્યે ગુણીયલ વસે, ચત્રસંઘ એક છેલ; વરણાગી બહુ વાંકડો, માણે મોટમ મેલ. પાંચ છોગાં રહે પાઘપર, તાતી બાંધે તરવાર; મનમાની ઘેર માનની, નીરમળ કુળની નાર. પીત ઘણી પરસપરે, અળખામણી નવ થાય; રમે જમે રાજી રહે, પાન સોપારી ખાય. ચતુર નર ચાલ્યો ચાકરી, સરખા સરખી સાથ; પુષ્ત વહુ દેનાં પ્રેમદા, હેતે વળગી હાથ. સુખસજ્યાએ સુતુ નહી, નહી ચાવવાં પાન; રમત રૂડી રમતી નહી, નહી ગાન કે તાન. શણગાર અંગ સજુનહી, ન કરૂ કોઈ વાત; મહીં કષ્ટ માહા દુખણી, નીરગમે દિન ને રાત; ધણી કહે ઘરૂણી સુણો, અવધી આપી આશ. આવુ અચાનક એકલો, પુરા થતે ખટ માસ. અવધ અમો ચુકુ નહી, હેતે વાહલ્યો. હાથ. રળ્યા વિના ધન નવ મળે, સાંઢે મારો સાથ. કરી વાયદો તે ગયો, વહ્યો પોતાની વાટ; ઘેરઘરૂણી એકલી, અંતરમાં ઉચાટ; એમ કરતાં દીન વહી ગયા, ઓછા ખટ માસમાં ચાર; સાંભરી તેને સુંદરી અતિશે દુખ અપાર. અણુ બોલ્યચોને એકલો, પરવિયો ને પંથ; અસ્વ સજીને સંચરયો કામની કેરો કથ. વેકાંગ ખેંદાવે વાંકડો, ધારણુ રાખી ધાય; એટલે એક કૌતક થયુ મોટુ મારગ માંય. ચાંપાનેરે ચતુર નર, આવ્યો જાણ સુજાણ; દિવસ પાંચ ઘડી પાછલો, કરવા માંડયુ પલાણ. સરોવર પાળ એક સુંદરી ભરતી દીઠી નીર. તેણે દોાંસી દેખીયો, શામદ શુર સરીર. વિનતાએ વિચારીવુ, ધરમોયો ગંભીર, કે રણમોમો રાજવી, નીરખુ એનુ નીર પુછી વાત પટંતરે, સાચુ બોલ સુજાણ; ઘરમોપો કે રણવિશે, વણુન વિચરો વાયુ રાજવી કહે રામા સુણો, ઘેર અમારે જાઉ; વિનતા વાટ જોતી હશે, માટે ખોટી ન થાઉ. ખટ મહિના પુરા થશે, ઓછા છે દિન ત્રણ; મુને ન દેખે માનની, નિશ્ચે પામે મરણ. કોલ દીધો છે અમો, માટે ચિંતા થાય; હાણ હતો વધે, ચિતમાં એ ચિંતાય. હેત કરી હશી પડી, મુરખ છે એ મેળ; કહ્યું માનનીનુ માનવું, ખરે નહિ

એ ભેલ. ઓચરીત્ર નવ ઓળખો, પુરણ ન જાણો પેર; જુવતી જાર કરતી હશે, ગુણવંત તારે ઘેર. પુરણ દેખાડુ
પારખું, શિખવું ખરી વાત; મંદીર રાખુ માહરે, રહો આજુની રાત. રાયોત કહે રાણી સુણો બોલો શુ-
ભાદીશ; ઘેર જાણું તુજ ધરધણી, તે તો છેદ શીશ. રઝળે મારાં છોકરાં, લોકમાં ખોઉ લાજ; અમુલખ આ
રવ ખોઉ અમો, કુણ કરે એ કાજ. વચન દીધું રાયો પ્રત્યે, વચમાં આપ્યા ઇશ; રૂડુ કરશે સમજી, જસ
આપે જુગદીશ. સબળસંઘ સ્વામી માહરો, ગુણવંતુ છે ગામ; હું ગુણવંતી ગોરડી, જસોદા મારૂં નામ.
મંદીર મારે રાખું તમે રમો જમો રહો રાત; વિનતા ચરીત્ર જોઇ ચાલો પ્રૌઢે ઉઠી પરભાત. આવી બેઠી આ-
સ્વપર, ચાદર ઓઢી અંગ, ઘુંઘટ તાણ્યો તેને ઘણો, જુવો જસોદાનો રંગ. વેડાંગ અમુલક વાંકડો, દોરે
આગળ થઇ કંથ; બેઠી ઉપર બાળકી, પરવરીયાં એ પંથ. સબળ સંઘનુ ઘર કીયું, કીયાં જસોદા નાર,
પુછા પુછે આવિયા, દેશ મધ્યે દરબાર. બેઠો સબળો બારણે, રાયોત કીધા રામ રામ; કયાંથી પધાર્યા કુણ
છો, સ્થીર કરી આપ્યો ઠામ. મળ્યા બેઠા બે મહીપતી, હિતે પ્રીતે હાથ. મંદીરમાં ગઇ માનની, સ્નેહ
કર્યો તે સાથ. બારીયે થઇ બાળા ગઇ, પણઘટ પુરણ પેર; પાણીનું બેહેડુ ભરી, ગુણવંતી આવી ઘેર.
પલંગ પાથર્યો ઓરડે, પરશાળ મધ્યે એક; તેમાં તે અટારીયો, વાસ તણો વિવેક. મળવા ગઇતે માન્યની
ચીત ચાતુરી ચેન; દાદાભાઇની દીકરી, ખરી પીતરાણી બેન. સગપણ અતી શાહરતણું; સ્વસુર પક્ષનું
સાર; અનોપમ અસ્વે આવીયો, ભારે પડીયો ભાર. કંથ કહેરે કામની, પરૂણાગતની પેર; એ કયાંથી
આવી ચઢે, ગંગા આળસુ ઘેર. શાક પાન તરતીબતર, ખાનપાન સૂખ સેજ; ભકતી ભલીપેરે કરો, હેડે
આણી હેજ. ચતુર કંથ ચોરે ગયો, જમ્યાં બેશી બે જોડ; કયાં મનમાં ચિંતા કરો, હાકી જીત્યા હોડ.
જરૂર પોર ગઇ જામની, આનંદ અધિકો થાય; સ્વામી ઘરમાં આવીયો, સ્ત્રીએ કર્યો ઉપાય. ગરભે ગાતા
જાડયું, કહે જસોદા નાર; સાચવજો આ બાળને, ભારેખમ ભરતાર. સંકેત કરેલો સુંદરી, આવી બારીયે આ
પ; પરૂણા પાસે પ્રતાપથી, સુતી ગણ્યું નવ પાપ. એ પંથાને પ્રેમદા, રંગ રમે છે રાત; કંથ બાળકને
સાચવે, વીપરીત સરખી વાત. દશ મહીનાનો દીકરો, રોવા માંડયો રાગ; ધણી ધવરાવા કારણે, લેશ જડે
નહી લાગ. પરૂણો બોલ્યો પ્રીતથી, ઠીક બનાવી ઠાઠ; બાળક એક પ્રત પામીયો, દીવસ થયા છે આઠ.
ધરૂણીને ધાવણ ચઢયું, આપો ધવરાવા કાજ; આ પોઢયા છે ઓરડે, લેશ ધરો માં લાજ. બાપે તેડયો
બાળકો, ગયો ઓરડા માંહ; અંધારે આપો અરભકો, તરૂણીયે તેડયો ત્યાંય ધવરાવ્યો. હુલરાવીયો, વીનતા
કર્યો વિવેક; ચરીત્ર રમાડયું ચીંતની, નાર તણા જે નેક. પાસે બેઠી પ્રેમદા, સુત શોભાવ્યો સાથ; પોતે
તન તે તેડતાં, હેતે અડીયો હાથ. કાંક વાંક વિનતા તણો, કાંક પુરૂષનો પુર; આવડુ વડાલું અર્ભકુ, નારી
માં બહુ નુર. મારયો તમાચો માનની, ઉડાડી મેલ્યો અંધ, લાખેણો પુરૂશ લજાવીયો, શીક્ષા દીધી સંધ.
ગોરી આવી ઘર વીશે, ગઇ ગુણવંતી ગીત; વાત કરો વીનોદની પૂરણ આણી પ્રીત; પ્રાતઃ કાળ પ્રીતે થયો,
સજીયો અશ્વ અનુપ; સહુને કહે સધાવશું, ભારે કર્મનો ભુપ. જસોદા જળ ભરવા ગઇ; કુડ
ન જાણે કંથ. છાંડે થઇ ઘરમાં ગઇ, પછન પરવરે પંથ. પ્રાગુણ તેનો એક છે, જાણે નરને નાર; વળી
વહેલા પધારજો, વાહાલાનો વહેવાર. સુતો સબળ જઇ સાથરે, ગયા પરૂણા ગામ: પાણી ભરી આવી
નહી, કામણગારી કામ. કામ જગાવા વીનતા ગઇ, મળ્યાં ભેટયાં બે મેળ; તમ ઘેર એવી તારણી ખરો દેખા
ડયો ખેલ; સહુકો નાર સલક્ષણી, વાણી બોલે વેદ; જને જઇ ઘેર પારખુ, ભાગુ તારો ભેદ. નર કહે નારી
સુણો, સ્નેહ કરયો તમ સાથ; માહારી પાસે એવું નથી, જે આપુ તુજ હાથ માનની કહેરે મીત્ર સુણ,
નથી મારે કાંઇ ખોટ; ઉતરે ઘરૂતની તાવડી, દશ દુઝે છે ઝોટ. ખોટ હોય જો તાહરે, આપુ ઘરેણુ ગ્રથ;
ગુણ નીત્યે સંભારજો, જો સરે તારો અર્થ. ઝેર પોતાના પગ તણાં, પાંચસે કેરાં પ્રીત. સોંપ્યાં હાથ સા
મદતણે, રમાની એ રીત. આપતાં આદર નવ કરે, ભાળો દેતી જાય; રાંડ માંટી તુજ મારશે, ફજેત શે
કારણ થાય. ઉત્તમ જાતની અધમ ઘેર, રાજાની રાણી રંક; પંડીતની મુરખ ભોગવે, એતો આડે અંક. સુ-
રની કાયર ભોગવે ભોગવે સાહુકારનીચોર; કળીમાં એવી કામની, કરે અંધારૂ ઘોર. વળાવ્યો વરણાગીયો, આપ્યાં
પગનાં ઝેર; અવળી પ્રીત અબળાતણી, કરે તરણનો મેર. પરણ્યા વરને પરહરે, નીચપે નીસરી જાય; અમરત
રસને પરહરી, વિષ હળાહળ ખાય. એવાં એક અનેકધા, બહુધાં જોયાં બહાર; ખ્યાલ ન લહીયે ઓછે
ઘણે સુધા નીજનાર. કાચુ બીજુ ખેડીયે, ગાંઠયે મોકમભાર; નીપાત કરે કે તીહને, વીનતાનો વેપાર.

(ચોપાઇ.) પ્રાણુ વળાવ્યો ફરીપેર. ગુણવંતી આવે નીજ ઘેર; એટલે પનઘટના મારગમાં, વાલંદ એક મળ્યો વાટમાં; તેણે સરવે સાંભળ્યું કરણ, અહક પાસળી એ ચરણ. દીઠો સ્નેહ પંથીની સાથ, દીધાં ઝેર આપ્યા તે હાથ; વળગ્યાં બીડમાં આલીંઘન દીધાં, અરસપરસ કલોલજ કીધ; વાસ ભણી તે વાલંદ વળ્યો, માટી માનનીનો મારગ મળ્યો. અલ્યા હજામ શી ગત તાહરી, માનની કહી દીઠી માહરી; ત્યારે તેણે જોડ્યા હાથ, સ્નેહ કરી બોલ્યો તે સાથ; અશ્વાર અશ્વ ઉભોતો એક, નારીને તે નરસુ નેક, અધીકા મેં દીઠો ઊતપાત, વનીતાનો કરતીતી વાત; કરગરીને પાયે લાગતી, માન ઘણું મેનત માગતી; કરગરતી કળકળતી કામા, બહુ કરતીતી રામા. આવજો ઘેર અમારે આંક, ક્ષમા કરજો અમારો વાંક; ગળે હાથતો વાલા ફેર, આપ્યાં તેને પગનાં ઝેર; કુળજાગુ મન શો કાયદો, વળી કરયો બીજો વાયદો; તે નરને વળાવ્યો તીર, આવે છે ઘેર ભરીને નીર. એ સરવે દીઠુ છે અમો, તરૂણી લક્ષણ જાણો તમો; એવી કહી હજામે વાત, થયું ઉધાડુ સરવે ખ્યાત. (દોહરો.) વાઘને વળી વકારીઓ, છેડયો મોટો સાપ; લાજ તજે નહીં લક્ષણા, પુરણ પ્રગટ્યુ પાપ; મરકટને મદીરા ચઢી, વીંછી કરડયો વેદ, વ્યંત્તરને ભુત વળગીયું ભણે ઘણેરો ભેદ. રજપુતને વળી રંડુવો, સુણી રંડાની રીત; પ્રતીગ્યા પોતે કરી, પરહરી પળમાં પ્રીત. મારૂ ન હવડાં માનની, તોનો કોપે ઇશ; દેશ બધાના દેખતાં છેદુ શાગાનું શીશ. મુકુ એને જીવતી તો ઇશ્વરની આણ; ચંદ્ર સુર્ય બે સાખીઆ, વેદ વચન નિરવાણ. ગૌહત્યા ખાવી ઘણી, સ્ત્રીહત્યા લક્ષ સાત; જસોદા મુકુ જીવતી, કોપે અંબા માત. એહ પ્રતિગ્યા અંતરે કંથ કરી કરજોડ; એટલે જસોદા જળ ભરી, આવી મોડામોડ. પોપટ કહે પરભાવતી, શો ઉત્તર દે એહ; અધીક વાંક અવગુન સમો, માનનીને શીર મેહ. જુવતી જશોદા ઉગરે પતી પડે કયમ પાગ; જાર વિદ્યા કરે કેવી, કહો જડે તો જાગ. કર જોડે કયમ કંથડો, રહે ઘડતો કયમ ઘાટ; માંડી એરશીયાળો કયમ રહે, વેદ બતાવો વાટ. પ્રભાવતી કહે પોપટા, ઘેલો થયો ગુમાર; પ્રતીગ્યા પોતે કરી, વળનો શો વેચાર. જેર માગે જસોદા કને, શો ઉત્તર દે ત્યાંય; વીજાર વિદ્યા એ શી કરે, નાવે માન્યા માંય. પોપટ કહે પ્રભાવતી, રહો આજની રાત; પતી પાયે લગાડીગો, વિસ્તારી કહુ વાત. શાબાશ શુક સલક્ષણા, શીખવ એતો સદ; બીજી વિદ્યા ઘણી એણીપણ વાળીએ હદ. મંદીર આવી પહેલેથી કેડે આવ્યો કંથ: મુખ મોટુ દિઠુ ઘણુ, ચતુરા ચેતી ચંત. પતી પોતાએ પુછીયું, જળ ભરતાં શી વાર; પગનાં જેર એ કયાં ગયાં, કહો નવરંગી નાર. સગો કુણ એ તાહરો, કયમ લોપી એની લાજ; વેળાવા ગઇ બારણે, હતુ તેનું શું કાજ. મોકાણ હતી માંડી તણી ઘણા દુઃખની ઘેર; કંથનું કીધું કાયદુ, આપ્યાં પગનાં જેર. કટાર લીધો કર કામની, સંભારયા ઉમીયાઇશ; વણ વાંકે મરવું પડે, તે હત્યા તુજ શીશ. કાલો બાળક કળકળે, રોઇ મરશે આપ; બાળહત્યા એ તુજને, પ્રૌઢુ કીધું પાપ. શામાટે મરે સુંદરી, કહેને સાચી વાત; પરાણે પ્રાણ તજે કયમ, એવડો શો ઉતપાત. મુરખ માંટી માહરા ચીત તારામાં ચેત; ગાલે તમાચો મારીયો, હતુ શું તારે હેત. શીદ કીધું એને આડપણુ, ગયો ઘરમાં ગુણહીણ. બાળક ધવરાવા કારણે, થયો ક્ષણમાં ક્ષીણ. મારો તમાચો માનની, કાઢી મુકયો બાહાર; મનમાં તેં જાણી રહી, નિરમળ કુળની નાર. પરીયાણ કર્યા પ્રભાતમાં, વળાવા ગઇ હું વાટ; કંથ આગળ માંડી કહી ઘડવા તારો ઘાટ; બાળ બુદ્ધિ તુ તાહરી, બાળ રાજવીયાં રીસ; અધીક સગાં છે આપણે, કોઇદીન ખોશો શીશ. કર નાખ્યો રતન ઉપરે, માટે ભાગો ગાલ. મહીયર જઇ કહેશે માહરે, વળતા કુણ હવાલ. ખીજ્યો ને ખારે ભરયો; ભભેરયો ભરતાર; કોઇ દીન કાપત કાળજુ, તેહ નમેરી નાર. મુજને કીધુ માનની, ચેતી સઘળું ચંત; જ્યાં ત્યાં મેં સમજાવીયો, કુડુ કીધું કંથ. ત્યાં અથઇની માંડી કહી, વીપરીત તારી વાત; એતો નીશ્ચે મારતો, થયો મહા ઉતપાત. સાબાશ સાબાશ સલક્ષણી, હેતે ઝાલ્યો હાથ. ભુલ્યો હું ભૂલી ગયો, શીદ તજે મુજ સાથ. પગનાં જેર તેં આપીયાં, તેતો મળશે કોઇ દીશ; આબરૂ જાત જે આપણી, નાવત મારૂં શીશ. પોતાની જાંગ ઉધાડીયે, પોતે પામીયે લાજ; કો આગળ કહી કયાં રહુ, ભલે વધારી લાજ. કટાર મેલી કર કામની, પોખવા માંડી પેટ; તારૂ ઘર તારાં છોકરાં નીશ્ચે મુકયાં નેટ. નાગરવેલ તેં પરહરી, ચાવ્યાં પીંપળ પાન; શારદુલ સીંહને પરહરી, ઇછયુ સંગીત સ્વાન; અશ્વગજ વાહન પરહરી, કીધુ ખરવાહન ખેર; અમ્રત ભોજન પરહરી, જમતા માંડયું ઝેર. બાવના ચંદન પરહરી, કરીયા વાસી કીધ; મુજ સરખીને પરહરી, દીલ તેં પરને દીધ. વીપ્ર રૂડાને પરહરી, પ્રોથ

કરવું પાખંડ; ગયા તીર્થંને પરહરી, દીવાનને ભરયો દંડ. ઘરની નાર ઘરનો ધણી, જોતો અમૂલ ખાણ; પર પુરૂશ પર નારીઓ, વીશ હળાહળ જાણ. પગે લાગ્યો તેનો પતી, સતી શીરોમણ નાર; જુવતિજખ મારી અમો, તુ હૈડાની હાર. લાજ રાખણ તુ લક્ષ્મા, છે અમ આધાર; જીવતદાન તેં આપીઉં તુ મુજ રાખણ ભાર. પ્રતિજ્ઞા પતીયે કરી, લક્ષ હજારાં ક્રોડ; પર નારી મુજ માવડી, કરગરી કહુ કરજોડ. છત્ર તું મારા શીરતણી, શીર ઉગારણ હાર; લાજ રાખી મારી ઘણી, તું મારો આધાર. ચાગુલક જોડ જેરના ચોઢ ચડાવું પાંચ; હવી તું સાચી સુંદરી, નાવી હુની આંચ. જો એ લિલા આચરે, જુવતી જારીએ જાઓ; નીકર ઘેર બેશી રહો, ગુણ ગોવીંદના ગાઓ. અગીયાર કથા પૂરી થઈ, કહે કવીતા કરજોડ; શામળ ભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ.

વારતા ૧૨ મી.

(ચોપાઇ)પુજુ શ્રીસરસ્વતીના પાય, જેથી ગ્રંથ મનોરથ થાય; હંસ વાહની જાણ સુજાણ; વેણા પુસ્તક પરઠાં પાણ. બારમે દિવસે બુદ્ધિ નિધાન, વનિતાએ માંડયા વિવિધ વિધાન. ચતુરા ચાલી કરી વિચાર, સજ્યા સોળ અંગે શણગાર. સકળ રાગ રંગે શોભીત, આભુષણ અંગે ઓપીત; ચમક ચમક ચતુરા ચાલંત, પુષ્પહાર કંઠે ધાલંત. પોતે રમવાને પંથે પળે, આવી પોપટ પાંજર તળે; જુહાર જુવાનીએ કીધ, માનનીએ મન માની લીધ. કામની ઉભા રહો કારણે, પછી રમવા જાજો બારણે; હાસે દીન કેવો કાહાવશે, ઘેર ધરધણી તો આવશે; શાબાશ શુક તાહરૂં નામ, અમો જાઉં છું જારી કામ; વચન પરસ્પર મનમાં વસ્યાં, હેત ધરી બંને જણ હસ્યાં. શીઘ્ર કરી રૂડુ કાહાવજો, પ્રાત સમે વેહલાં આવજો. કદાચીત બીક તે ઘેર, પુરણ વિચાઓ કરજો પેર. ભાવસંધના સુતની વહુ, ઝાલાનામ જાણે છે સહુ; કંથ તણું કલ્યાણો નામ, કરજો કામની રૂડે કામ. વાત એવી પોપટે કહી, પગ ખેંચીને ઉભી રહી; કુણ કલ્યાણને ઝાલાં કુણ, તેતો નામ સાંભળીએ ઉણ; પોપટ પ્રજને લાગુ પાગ્યા એહ વાતનો સંદેહ ભાગ; દાદી કરનીની તગ કરૂ, બીને વસ્તરે ધારણ ધરૂ. કામ શાંત થયો જેટલે, પોપટ વાત બોલ્યો તેટલે; વિરપરૂ ગુણવંતુ ગામ, નરપતિશેન રાજાનું નામ; વરણ અઢાર વસે છે વાસ, તેજ પુંજનો પૂરણ પ્રકાશ; નગળે વ્યાધી નગળે લંડ, વણ વાંકે કો નવ દે દંડ, ભાવસંધ કણબી કુળ કામ, કલ્યાણ સુત કેરૂ છે નામ. પરણ્યો એક ઝાલા વહુ નાર, મહા ફુટડી અપર. મપાર; રૂડાં કુળની રૂડુ રૂપ. ભાવસંગ છે બારે ભુપ; ખાવું પીવું રમવું દીન, નરનારીને પુરણ પ્રીત. એક એકને દેખી મન ઠરે, મન ભાવતાં કારજ કરે; એક દીવસ એક કવતક થયું, લક્ષણ તે ડોસાએ લહ્યું. નારી બેઠી નાવા કારણે, બેઠો સસરો તે બારણે; એંશી વરસનો અકલ ધણી, નાહાવા બેઠાં વહુ બેઠાતણી. નાવાનો ઠામ અગોચર આપ, તેમાં ગયો મણીધર સાપ. વણ વાગનો મોટો સરપ, દીસંતો ભયાનક રૂપ. યમદુત સમો નગેરો નાગ, પેઠો નાવા ઠામે માગ; નારી નીર ભરી નાહ્ય છે સુખે સરપ તેમાં જાય છે. તેતો સસરે દીઠો દ્રષ્ટ, કાકોજીતો પામ્યો કષ્ટ; રગે રાગાને કરડી ખાય, જાતાં જીવ કાઢી ન જાય. સસરો જુવે નિચે ખાળ, જેના પેટમાં પ્રકટી ફાળ; સરપ તે સામો ચાલ્યો જાય, ડોસાને દીલ ચીંતા થાય. નહી નાસવા કેરો ઠામ, કીધુ કામનીએ કામ; સરપ દેતો આવ્યો દોટ, કામનીએ ઝાલી તેની કોટ. જુવતીએ ઝેરી ઝાલીઓ, બાજઠ તળે તેને ઘાલીયો; નારી નાહી ઉઠી તે તરત, મણીધર પામ્યો ત્યાં તો મરત. ઉછાળી નાંખ્યો આકાશ, તે વેળા નોતું કોઇ પાસ સસરો સમજ્યો મન સાથ, સાગાત, કોઇને; નવ, કીધી વાત, એ નારી જો મન ધારશે, સુત મારાને એ મારશે; એ વાતે કંઇ અચરજ નથી, કો; આગળ કહીએ જય કથી, સમજ્યો વૃધ તણો જે સુત, એકાંત તેણે તેડયો પુત્ર તેઓ બે બેઠા. એકાંત, ભાગી તેના મનની ભ્રાંત. અરે પુત્ર એ વહુને ઝાંડય, ધરસુત્ર બીજીથી માંડય; જો તું મારો પુત્રજ હોય, મન વિચારી જુગતે જોય. જો જીવવું મનમાં ચાહો, તો એને મૂકી દયો રાખો; એ વીનતા નહી મૂકે વરત, નીસ્ચે તારે માથે મરત. એને છોડ તું આડે આંક; પુંજીશમાં વહુ કેરો વાંક. આગળથીજ સુઝે છે મુને, તારૂણી એતો મારે તુને. ૨૫

(દોહરા) બેટો કહે સુણ બાપજી, વચન ન લોપુ આજ; તમારે મોઢે બોલતાં, લક્ષ્મા પામુ લાજ.

રૂપે સુંદર સુંદરી, કુળવંતી એ કામ; કામ કરે બહુ કામની, દીસંતી છે દામ. અમો વેચાણુ છું તમતણું, કહો કરીએ કાજ; શા માટે છંડાવશો, સાચુ બોલો આજ ડોસો કહે સુણુ દીકરા, છાંડ છાંડ તે છાંડ બીજી કોઇક રાંકડી, તે સાથે ઘર માંડ. ૩૩ (ચોપાઇ.) પુત્ર ઓસીયાળો ઉભો રહ્યો, પીતા પ્રતી એક બોલ જ કહ્યો; શામાટે છંડાવો ઓહ, નારી સાથે ઘણો છે નેહ. કામકાજ કરે છે ઘણું, અતોલ વધતરૂ છે તે તણું; અકલવંતી છે અનુપ, રૂડુ છે રામાનું રૂપ. ચાંપે છે તમારા ચરણુ, કહી વાત સુણે છે કરણ. ગુણવંતી શીરોમણી સતી, કુળવંતી મનોહર મતી; પીયર પનોતી જાણ સુજાણુ, પ્રેમદા રૂડી પંચ પ્રમાણ; બીજી કરવી પડશે નાર, શા માટે મુકો એ ભાર. કુરૂપ હશે બીજીનો દેહ, સંભારવી પડશે ત્યાં તેહ; જેહ તમો કહો તે કીજીએ, તમ વચન મસ્તક લીજીએ. (દોહરા.) ડોસો કહે દીકરા ફરી ન પૂછીશ વાત; એ રામાને રાખશો, તો થાશે ઉતપાત. દાદાને વશ દીકરો, ફરી ન પુછી વાણુ; બીજે દીવસે બળ કરી, જુવંતી મૂકી જાણુ. ત્રણ શત થયા તેહને, બે સત આપ્યા હાંચ, કાઢી મૂકી કામની, ખરચ થયા સાત પાંચ. અચરત પામ્યા અધીક જન, શી એ અક્ષર આંક; શાથી છાંડી ઓહને, વહુ તણો શો વાંક. પાપ એ સસરા તણું, પાપ કંથનાં કોડ; પુર બધું એને પરણુમે, જુવંતી ન મળે જોડ. એક ગરીબની દીકરી, હાગણી જાને દેહ; બીજે દીવસે લાવીયો, નારી આંણી નેહ. માનનીએ મન પીચાર્યું, પરઠી પોતે પેર; રાત આપીને તે ગઇ, તેના પાડોશી ઘેર, તે પાડોશી લંડીયો, બાંધે હેત હથીયાર; તેને ગઇ તે ગોરડી, ભારે કર્યો ભરતાર. દીવસ કેટલા વહી ગયા, અચરજ અધીકુ હોય; જાણે સસરો એકલો, અવર ન જાણે કોય. કંથ પોતાનો કાળજો, મુરખ છે એ બાપ; આવી રૂડી મેં તજી, પ્રગટાં પુરણુ પાપ. જેને ઘેર ગઇ ગોરડી, હેંડે મોડા મોડ: બધા ગામમાં એ સતી, જુવંતી ન મળે જોડ. વાંકી ને વરણાગણી, રૂડી અને રસાળી; સારી ને સલક્ષણી, માનની મદ મછરાળી. પરમાર માંટીનો મળતીઓ, નીતે આવે વાસ; જુવંતી પાસ જારી રમે, પ્રીતે રહે તે પાસ. તેણે મન વિચાર્યું, વેહેર પડતે શી વાણુ; દાહાડી કામ કુડુ કરૂ, કોઇક દહાડો હાણુ. પારમાત જાત પવિતર નર, મળતુ માંટી સાથ; એતો કામ છે નીચનાં હઇડુ તેને હાથ, પરમાર કહે સુણુ પ્રેમદા, પરહુ નહી કાંઇ પેર; આજ થકી આવું નહી, હુંતો તારે ઘેર; કંથ જાણે જો તાહરો, તુજશુ રાખે રીત; માહરૂ કે પછી તાહરૂ, હેદાંય એકનું શીશ. ઇશ્વર આણુ જો આવીયે કરીએ તુજશૂ પ્રીત; આશા મૂકો અમ તણી, રમ્યા જમ્યાની રીત; કરગરીને કહે કામની, ચતુર વીચારો ચંત; પ્રીત કરને પરમાર તું, જખ મારે છે કંથ; તું બીએછે કંથથી, ભાવટ કાડુ આજ; પછે મહાલો મૂજ મંદીરે, કરો નીત રૂડા કાજ; માલ મારા માંટી તણો, તે ચવરાવુ તરત; આજ મધરાતે આવજે, મેળ પમાડુ મરત; વારૂ કહી તેનો ગયો, નીશ્ચે કરી નીરધાર; પ્રહર રાતે ઘેર આવીયો, બામનીનો ભરતાર; વાળુ પીરસ્યુ વીનવીયે, કુર દુધ ને ખાંડ; પ્રીત કરી પેટથી ઘણી, મન ખોટથી માંડ બેઠો તમાકુ તાણવા, દીલ દાઝે તે દીશ; ખડગ મૂક્યું ત્યાં ખાંતથી, છેદયુ માટીનું શીશ. પેરે તેડયો પરમારને મારયો મારો શ્યામ; કહે ત્યાં તેને દાટીયે, નવ જાણે કોઇ નામ: જોવા કારણુ તે ગયો, તરૂણી વચને તરત; ધડ શીશ છે જુજવાં, માંટી દીઠો મરત; કામની કહે મેં કંથ હણ્યો, દાટો એને આજ; રમો જમો મોજે કરો, લેશ ધરોમાં લાજ; ભાવટ કાઢી ભવતણી, જેની ધરતાં ભ્રાંત; હવે બીક કોની નથી, આવો નીત એકાંત; પરમાર કહે સુણુ પાપણી, માઠુ કીધું કામ; ચંડાળણુ તું તો ખરી, હત્યારી તુજ નામ; પ્રૌઢો માટી મારીઓ, બાળ એ તારા હાથ; પ્રીત તજી તેં પલકમાં, સ્નેહ કરવા મુજ સાથ; ખવરાવ્યું એને ખાંતથી, પેહેરાવ્યા શણગાર; તેને મારી નાંખતાં, ક્ષણુ ન લાગી વાર; પાપ હશે જે પુરૂષનાં તે કરશે તુજ પ્રીત; તેની વલે તે એહની, કરશો રૂડી રીત; મારયો તેંતો ઘરધણી, વારૂ ન ધરયો વહાલ; હું તુજથી કહે કેમ કરૂં, શું મૂજ કરશો ન્યાલ. જાવા માંડયું જોરથી, પ્રેમદા લાગી પાગ; ખાડ ખોદી આપો મુને, પછે જાજો તમ જાગ. કરમાં કોદાળો આપીયો, ભુમી ખોદવા દીધ; તેની તરવારે તેહનું, શામાએ છેદીયું શીશ. મુકુ એને જીવતો, મુછ મરડતો જાય; મુજને ઓશીયાળી કરે, વાત જગતમાં થાય. પ્રાજે કીધો પરમારને, પછે વીચારી વાત; હવે હું હીમત શી ધરૂં, થયો છે. ઉતપાત માંટી મારી નાંખીયો, માર્યો પ્રીત પરમાર; હવે મુખ કેમ દાખવું, શોભે કેમ સંસાર. ખુણે ખાતર પાડીયું, પાડી બુમ પ્રચંડ; ધણીને ધાડે મારીયો, દેતજો એ દંડ. મીત્ર હતો માંટી તણો, કરવા આવ્યો વાત; એહ મરાયો

બાપડો, અધીક કુવો જલપાત; લોક મળ્યા ત્યાં લક્ષધા, પગલુ કાઢવા પેર; કુડી મુત્રા પ્રમીયો સહુ પગલું પેરણીર. એક હાકમ બીજો પગી; બીજો વણીક વછીર; ચોથો કાનુડો સીપાઈ, ધારખુરાખીચોર.બહારજરાખ્યા લોકને, ઘરમાં ગયા જણ પાંચ; તેડી એકાંતે તારૂણી, અધીકી દીધી આંચ. પગલુ નીકળતું નથી, અથડાયા આડે આંક; સાચું બોલરે સુંદરી, વીનતા તારો વાંક. કાન નાક તારા છેદશું, મુડશુ ચોટળો શીશ; પંચકટાળી પ્રીતશુ, આજ છુગમને દીશ; ગરભ રાખે તારો ધણી. આપો અમને લાંચ; નહીતર મારીશું તુને, અધીપતી અમો છું પાંચ. ભામનીએ બુંદ્ધ જાણીયા.દાનો કરશે દીશ; એક એક આવ્યા તેડીને, છેદ્યાં પાંચેનાં શીશ બુમો પાડે બાહાર સૌ, સત અંધારી ઘોર; રાવત જાગ્યે રાતમાં, ચોપાસા છે ચોર. આવતા તેડયા ઓરડે ધણીક પરહી અંધ; પાંચેને પ્રાણે કર્યા; સામા થઇ સમરથ. મોટું ઘર છે તેહનું, વીપરીત કીધી વાત; પેલા બેય પડયા હતા, શોધ્યા સાથે સાત; બાહાર આવી બુમ પાડતી, પછાડી નાખ્યા ચોર; લશ્કરે પાંચે હણ્યા, લોકે કીધો સોર. ચોદશ નાઠા લોક બહુ, થયો પ્રાતસકાળ; વેળ વાળી જાતા રહ્યા, જાણી થઇ જંજાળ. માલ લુટાવ્યો માનની, સતી થવાને જાય; પગે પડે પુર બધુ, જય જય શબ્દ બોલાય. જે ઘરમાં મ્રત પામીયા, લેઇ ગયા તે લોક; જમ મંદીર સાતે સંચરયા, શામાને નહી શોક. પોતાનો જે ઘરધણી, તેને લીધો સાથ; સ્વાર થઇ અશ્વ ઉપરે, શ્રીફળ લીધું હાથ. ઘર આપ્યું એક વિપ્રને, આપ્યાં વસ્ત્ર અન્ન દાન; સતી બની સહુકો કહે, માનની પામી માન. હાથા દેછે હેતથી, કરે છે કંકુ રોળ; કેસર આડ કુમકુમ તણી, મુખ રાતાં તંબોળ. અશ્વની પુંઠે અનેક જન, નાણું વેરતી જાય; સમશાન મધે શામા ગઇ, ત્યાં શું કૌતક થાય; કો પુજે અરચે પ્રીતથી, કોઇ નમાવે શીશ; સતી સતી સતી કહે, માણે નહી કો મીશ. કોઇક માગે દીકરા કોઇક માગે દામ; કોઇક માગે રાજ રીત, કરે સહુ સહુનાં કામ. કો કહે સત તારા સહુ, હિમત રહે જો હાથ; પાયે લાગે પુર બધુ, સ્તવન કરે તે સાથ. લાખ લોક જોવા મળયા, વાગે ઢોલ નિશાન; અબીલ ગુલાલ ઉડે ઘણા, પંચ કરે પરમાણ. સસરો પેહેલા પરણેતનો, જાણે સઘળા મર્મ; કામ કર્યાં જે કામની, ધારયો એવો ધરમ. માન ઉતારૂ એહનું થાય છે પરમ પવિત્ર; અન્ય કોઇ જાણે નહી, ચતુરા તણાં ચરીત્ર. ઘાલ્યા કુંડાળે લોકને, વાજે ઢોલ નીશાન; ઘોર સોર ગાજી રહયો, કોઇ શુણે નહી કાન. લાકડી સાહી ડોસો ગયો, વહે જ્યાં ગંગા નીર; સ્વામી સાથ સતી બળે, ધારી હઇએ ધીર. સત ગાડાં સરપણ તણાં, જોજન કીધી જવાળ; કુમકુમના હાથા કરે, કરી આડ કપાળ. ગરબો ગાયે ગીતમાં, તાળી વજાડે તાન; પાયે લાગે પુર બહુ, માનનીને બહુ માન. સ્વામી સુવારયો કાષ્ટમાં, ઘૃતમાં બોળીયા વાળ. પાવક પ્રગટયો પ્રેમદા, કીધું ઝાકઝમાળ અતિ ઘણો આનંદ છે, નથી જાણતી નાર; કલંક કોઇ નથી જાણતું, ભામની કેરો ભાર. સ્વર્ગ કાજ સ્વરૂપીણી, જીત નગારે દેઉ; કોણે કલંક કોન જાણીયું, જીવતા જસ લેઉ. ડોશે વિચારયું દિલ વિશે, એના મોટુ મોડ; કલંક એનું ઝાહાર કરૂં, પોચાડુ મન કોડ; ડુંડિ ફેરવી દેશમાં, કર એ ભુંડી બામ; છયેને મારયાં છેતરી મારયો પોતાનો શ્યામ હળવે હળવે ડોસલો, ગયો ચીતાની પાસ. ઝીણા સ્વરથી બોલિયો, સસરો કહે શાબાશ. પન્નગને પ્રાણે કર્યો, વળતો મારયો કંથ; પરમારને પીટયો પ્રેમદા, ચતુર વીચારો ચંત. વળતા પાંચ પ્રાણે કરયા, એમ થયા તે આઠ; સતી થાઓ છો સુંદરી, કરો શીદ ઠગના ઠાઠ; કાઢી નાંખુછું કામની, ચીત તારામાં ચેત; કહી હકીકત કાનમાં, અંતર ન મળે હેત. ડોસો કહે છે સર્વને, રહો વેગળા વાટ; અમો એને સમજાવીયે, બળે નારી શા માટ. એક તણુ એક ડોસલો, બે જણ એકાંત; બીજા લોકછે વેગળા, ભાગે મનની ભ્રાંત. પોપટ કહે પરભાવતી, હવે શું એનું થાય; ભાર ભામનીનો કેમ રહે, કરે કવણ ઉપાય; સતીપણુ તે સાચવે, ડોશો ન કહે વાત; કલંક છાનું કેમ રહે, સામટ મારયા સાત. એનો ભાર તે કેમ રહે, કેમ માને સઘળા લોક; સસરો કેમ છાનો રહે, સમે કેમ સઘળો શોક. પાયે નમી પરભાવતી કહે તે વીધ્ધ વાક્ય; આજ જારી જઇએ અમો, તો ઇશ્વરની આણ. સતી બોલી સાવધ થઇ, જેમ સુણે સહુ સાથ; ઝડપીને પછી ઝાલીયો, તે ડોસાનો હાથ. બીજા તો છે વેગળા, નાંખ્યો ચીતા માંય; પડતાંવાત પ્રાણે થયો, મૃત પામ્યો તે તાંય. વિમાન આવ્યું વૈકુંઠનું, ઝવેર જડીત છે જેહ; સંસ્કારી ડોસે દેખીયું, નારી કહેછે તેહ. મરવાની બીક જેને નહી, બીહે તે શાને કાજ, વળતી પોતે માંહે પડી, જુવે છે સઘળો સમાજ. એ ડોસાનો દીકરો, હતો ખેતરમાં ત્યાર; દોડી આવી નવ શક્યો, ભસ્મ થયાં તે ઠાર. શાબાશ શાબાશ સર્વે

કહે, કેણે ન જાણ્યો મર્મ; સતીએ સસરો મારીયો, ઇશ્વરે રાખ્યો પરમ. ઇકોતેર તારયા એણીએ વાલ્યો આડે આંક; સતીએ સસરાનાણો, વપુ મરયો નહી વાંક, બીજો ડોસાનો દીકરો; રહ્યો તે બાનો બાર, એ વીચા વીજાઈ તણી, શીરોમણી સરદાર. એક એકથી આગળી, વાતો સાંજ સવેર; શામળભટે તે સુચવી, સુણ્યુ જસવંત ઝવેર. એવી વાત અનેકધા, રચાવી રાજા ભોજ; કવી સામળદાશે કહી, મનમાં આણી ઓજ. માધ પંડીત મોટો ભણો, પરદયા તેહ પુરાણ; તેમ રખીયસ સુત રાજવી, શોભે તે હું સુજાણ. ઇંદ્રજીતની આગળે, કવી શ્રી કેશવદાસ; રસીક પ્રિયા જેણે કરી, વિવિધ પ્રકારે વીલાસ; મનજી સુત અહીમા ભણો, રખીયસ કેરો પુત્ર; ગ્રંથ રચાવ્યો ગુણનીધી, શુભ વીધાએ સુત. બાર કથા બુધ આગળી, વાણી વેદ વીલાસ; શ્રી ગોડમાળવી વીપ્ર શુભ, કહે કવી સામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ; સામળભટ કહે ભોજને, જય જય શ્રી રણુછોડ. ૧૩૭

વારતા ૧૩ મી.

(દોહરા.) દુંદાળો દુખ ભંજનો, વપુએ જોબન વેશ; ઉમા અંગથી ઉપન્યો, ગવરી નંદ ગણેશ. શેવું રૂડી શારદા, વદને આપે વાણ; સાચી તે સુખ કારણી, ખરી અમૃત રસ ખાણ. જેને તુઠી સારદા, નેહ રહી નહી તુન્ય; વિધા દેયણુ વિશ્વમાં, તે વિણ સઘળું શુન્ય. કથા કહુ શુક બોહોતેરી, વિવિધ પ્રકારે વ્યકત; શાણા સમજુ સમજજો, ભાવ તારણીનો ભકત. તેર દિવસ તારૂણી, સમજાવી સમરથ; કહે આવીને માળણી, ગયો જનગારો વ્યર્થ. કાલ ન આવ્યાં કામની, આજ પધારો આપ; સમી સંધ્યા નવ સંચરો, શી હત્યાદિક પાપ. તે ઓના કહેવા થકી, સેહાણી સમજી સાર; વેદ પાળવો વાયદો, નર જોવો નિરધાર. માંગ સમારયો માનની, શોભિત સજીયા સર્વ, બણી ઠણીને નીસરી, ઘણું આણી મન ગર્વ. ૧૦ મઝમ કરતી રિજમાં, દરાવ કીધો ફેક; માનની ચાલી ગજપતી, પોપટ પાંજર હેઠ. જુહાર કરયો જુગતે કરી, બોલ્યો પોપટ બોલ; આજ બન્યું છે તાહરૂ, તરૂણી રૂડુ તોલ; જોરો છે જોબન તણો, ચતુર દીસે છે ચેન; ભમર દીવસે છે શોભતી, નોખ દીસે છે નેન. શા કામે રાતે સંચરો, સાચુ બોલો આજ; મારા સમ મુજ આગળે, લેશ ધરોમાં લાજ; હશી બોલી તે હેતથી, સાંભળ શુક સુજાણ; જારી કરવા જોખમાં, પરવશ મારો પ્રાણ. ભલે ભલેરે ભામની, કરો જરૂરી કામ: કાયા સ્થીર કોની નથી, નાશ જેટલાના નામ. શંભુશેર રાજા તણી, રંગા રાણી રૂપ, વિજ્જર વિધા તેણે કરી, અકલ ધાણીથી અનુપ. કદાચ સંકટ પડે, કપરી આવે જાગ; વિજ્જર વિધા થકે, ઓલવજો એ આગ. પગ ખેંચી રહી પ્રેમદા, આતો સાંભળી ઓણ; શંભુશેર રાજે કવણ, રંગા રાણી કોણ. કુણ જાગે જુવતી ગઇ, કવણુ સંકટ શું કામ; કવણુ પ્રકાર વિધા કરી, કવણુ જારનું નામ;અથ ઇતિ માંડી કહો, વિસ્તારી કહો વાત. શુભ પેરે શિખુ અમો, રહુ આખુની રાંત; શુક કહે શુણ સુંદરી, તજો આભૂષણ શોળ, બીને વસ્તરે ભામની, તજ વાંતાં તંબોળ. ૨૦ (ચોપાઇ) ઉતર પંથ અમેરિકા અધ, શંભુ નગરની શોભા સધ; શંભુશેર કરે ત્યાં રાજ, અસત અન્યા તનથી તાજ. અસંખ દેશ અલખત ધન ગણું; રાજ કરે શંભૂ તે તણું; પુન્ય તણો પ્રકરૂ પ્રવેશ, સૂર શુભટ દાતા ગુણ દેશ. જોગનવંતને જરનું જોર, અનમી ટેક રાખે અકોર; રંગવતી રાણી જે રીત, પતી સાથે રાખે બહુ પ્રીત; એકએકને દેખી મન ઠરે, કોડે કંદર્પ ક્રીડા કરે. નરનારીમાંમાં નકતમ નેહ, પ્રિતિ જેમ બપઇયો મેહ. પ્રીતિ જેમ ધેનુને વછ પ્રીતિ જેમ લોભીને ધન. એક એકને દેખી અન જમે, જોડે બેશી ગંજીફા રમે; એક એકને દેખી જળ પીએ, ભાવો એવી રીતે લીયે; ઘેર હસ્તે લશ્કર બહુ વશ વસે સેનાપતી સહુ; સુખ શાગર ઇદ્રાણી ઇંદ્ર, જેમ જોડુ રોહણીને ચંદ્ર; રતી કામ જેવી રીધ રીત, પુરણ અન્યો અન્યે પ્રીત. ૨૮

(દોહરા) રંગા રાણી રાજવી, રતી સમોવડ રૂપ; વાણી અમૃત રસ થકી, ભોળવાયો એ ભૂપ. સતમ રાણીને આપવા, આવે તંબોળી ઘેર; બીડાં બાસઠ પાનના, પચાસ પોચાડે પેર. વાંકી મુછે વાકડો જોબનવંતો જાણ; રાગ આલાપે રંગમાં, વદે અમૃતવત વાણ. ડાહ્યો ને વળી ફુટડો, ચતુર શીરોમની હોય. સુણીયસને ગાયક ભણો, કળી શકે નહી કોય. શુરો પુરો સતવાદીઓ, જાણે બીજો કામ; વીરવ વખા

બે તેહને, જાણે બાહુ બાગ. વાંકી મેલે વાંકડો, ચતુર ચાવે પાન; ચાવતો દીઠો નારીએ, ગઇ શુધને સાન; વિહવળ તે વનીતા થઇ, ધારણ ન રહી ધીર; પરવશ પડી તે પ્રેમદા, શકતી દેખ નીર. બાળબુધિ બાળા તણી, બાળરાબાનું રૂપ; કામાતુર થઇ કામની, ડહાપણ પડીયું કુપ. ન જુવે જુવતી જાતને, ન જુવે કંઇ વીવેક; ઉચ નીચ અંતર નહી, નહી નારીમાં નેક. કાં સતી કાં સાધવી, કાં ઉંચ કાં અમીર. કાં રંભા કાં રાક્ષણી, નારીમાં ઓછું નીર. પડીત કેરી પ્રેમદા, માણે મુરખ સાથ; રાજાની રાણી રાંકશુ, હેતે જોડે હાથ. વેહેપારીની વહુવરો, ઉચની નીચપે જાય; પોતાના મનમાં વસે, ગુણ તે નરના ગાય. પાપ પુન્ય એ નવ ગણે, ન જુવે રાય કે રંક; ધરમ અધરમ ધારે નહી વાળે આડો અંક. નીચમાં નીચ નારી સહુ, દીલથી ડાહી થાય; અમૃત રસને પરહરી, વીશ હળાહળ ખાય. ગંગાજળ તજે ગોરડી, પીએ ખાબનું નીર; પતી પોતાનો પરહરી, શેવકને દે શરીર. લાજ મરજાદા નવ ગણે, નગણે ડાહાપણ વસ, જ્યાં દીલ માને આપનું, કરે વંશરજન વસ, સગાં સહોદર કંથડો, કદાચ લેજો કેડ; જાત ભાત ઘર સુત્રની, ખરે તે ખેડે ખેડ. મારે કે પોતે મરે, નીચસુ નીસરી જાય; સમજાવી સમજે નહી માનનીનો મહી માય. રામા રંગા જે રાયની, સહુકો કરે સલામ, તેને તંબોળી દિલ વશો, દરિદ્ર ગુણહિણ ગુલામ. એકાંત તેડયો તેહને, ભાવ ભેદ હીત હેત; અર્થ ગર્થ સોંપ્યા અધીક, તન મન ધન સમેત. જાર વિધા કરી જોખમાં, તંબોળીશું તરત; થર થર ધ્રુજે બાપડો, માંથે આવ્યું મરત. રામા નહી એ રાક્ષસી, જુવતી નહી એ જગ; માનવી નહી એ દાનવી, કહો તે કરીએ કયમ. દુબેને દેવટ કરે, શુળી દેવરાવે સાચ; જારીથી જીવડો જશે, વેદ વિધાતા વાચ. વીસ દિવસ તો વહી ગયા, કરતાં નારશુ નેહ; મરવા પડયો તે માળીજી, દુરબળ ઝાઝો દેહ. માનની કહે માલજી, શુ છે તુજને દુઃખ; માગ્ય માગ્ય મારી કને, ભાગુ તારી ભુખ. માથે મુજ સરખુ છત્ર છે, સુખ સાગરની ખાણ; તું બોલે તે પાળીએ, વદતુ વારૂ વાણ. શામાટે તું દુબળો, હળીયા આંખે કાચ; ભોગવ ભાવે તેટલુ, રંગા સરખુ રાચ. દેવતાને દુરલભ ઘણું પ્રેમલ પુષ્પનો પાસ; મહિપત કેરી માનની, દાસી છું તુજ દાસ. ચરણ ચાંપશું તાહરા, દેઇશુ આલિંગન; મોં માગ્યા વળી આપીએ, ધણીવત જાણીધન. કંચન બરોબર કાળીઆ, જમાડુછુ તને જોર; તોય થયો તું દુબળો, ટેક ગયો તુજ તોર. ત્યારે તંબોળી બોલીયો, સુખ સાધુએ બાળ; કોઇક દિવસે મોત છે, ભ્રખણ કરેછે કાળ. મુકશ માનની જીવતો, કો દિન ખોશું પ્રાણ; એથી દુખ બીજું કયું, અધિકપણે મુજ હાણ. હવી જાઉછું યાં થકી, મુકીશ ઘરને ગામ; જખ મારી રેશો તમો, કરશું એવું કામ. જ્યાં સુધી મને દેખસો, ત્યાં સુધી લેવા કેડ, તજીશ ગામ હું ગોરડી, તજીશ ખરો ખર ખેડ. હસીને બોલી હસ્તની, ચીંતા તારી ચુક; મનના માન્યા માલજી, મુર્ખતા તારી મુક. મુજને પણ ગમતું નથી, રાજ વૈભવ કે રીધ; રાતે રહેવા તું નથી, સ્વામી સંગે સીધ; અર્ધાપતી લાગે અળખામણો, જેવો પાટો આંખ; તું તો હાર હૈડા તણો, પક્ષિને જેમ પાંખ. લેઇજન મુને લાડકા, ઘણો લઉં હું ગર્થ; કહોતો મારૂ રાયને, સરે જો તારો અર્થ; કહોતો જઇએ નિસરી, જોખ કરીશું જતન; રાજાની જે રિધ છે, લેઇશું ઝાઝા રત્ન. તન બોલ્યું તંબોળીએ, હસું કરે તું હેત; નગરી મુકી કેમ નિસરે, શોભા સકળ સમેત. હાહા કહીને બે હસ્યા, વખાણ કરીને વતે; આજ રાતે હવડી એકનો, કરયો વાયદો તતે તંબોળી કહે તારૂણી, હીચો હીંચોળાખાટ; તે રડવડશો રણ વિશે, હુ મજુરને માટ. ખમા ખમા સહુકો કરે, ફરે છત્રને છાંય; રાજરિદ્ધ રાણી તજો, દેખો શું મુજ માય. પેટ ભરી અન્ન નહી મળે, શેને મુકો રાજ; ઇંદ્ર સમુ સુખ આ ઘડી, તરૂણી ન કરો તાજ. શામાને મન તાજ છે, જારને મનતો જુદ; પરસ્પર કોલ બંને કરયા, અધનીશાએ ઉઠ. તંબોળી જાણેછે મન વિશે, એ કયમ મુકશે રાજ; ઘરસુત્ર કેમ મુકશે, મુરખ માલા કાજ; માસો આસો મસપનો, બેઠો દુકાને બાર; સજ થઇ તે સુંદરી, નરની સાથે નાર. તેર કરોડ ટકા તણો, લીધો ડાબડો એક; પુંજી પોતાના પતી તણી, બાંધી કરી વિવેક. બચકો બીજો બાંધીઓ, શોભીત સઘળી સીદ; મધરાતે તે નીસરી, લેઇ રાજાની રીધ. સ્વામી શીકાર રમવા ગયો, મુકયા ચાકર મેલ; પામર કુણ પુછી શકે, શ્રીમંતને સઘળુ સેલ. ગરીબને સહુ ગંજશે, કુણ આવ્યું કુણ જાય; પુછે કુણ પ્રતાપને, તેના સહુ ગુણગાય. બગાસું બળવંત જન, ચટકી વાગેછે ત્રણ; કુણ પુછી શકે, કથા સુણે કુણ કરણ; એવાં કામ થાએ અધીક, મોટા જનને મેહેલ; ગરીબ બિચારા શુ કરે, શ્રીમંત નરને શેલ. વિનતાએ વેશ જ પાલટયો, વિપરીત કીધુ વરત; દુકાન જ્યાં તંબોળીની, આવી પહોચી તરત; ઉઠ ઉઠરે આળસુ,

હેતે બીડાં લીધાં હાથ; સમસામાં સમજાવિયો, સુંદ અમારી સાથ. મોહ પામ્યો તે માલજી, કારસુ કકિતક હોય; એકલી એ કેમ નીસરી; કળી શકે નહી કોઇ તે તંબોળી બાપડો. ગયો સાથે સુખ નિધ; ચારે પોરે તે ચાલીયા, વિકટ પંથ વિધવિધ. ગરીબ મુક્યાં મેં બાળકા, ગરીબ મુકી ઘેર નાર; નાત જાત સહુ પરહરી, કરતા આ વ્યવહાર. પનોતી લોહ પાયની, હેડે જેને હોય; પ્રીત કરી પર નારશુ, સુખી થાય નહી કોય. તાત ચોથે કે આઠમે, વળી બારમે જેહ; કાળ ચંદ્રમાં કામની, ન કરો તેશુ નેહ. બ્રહ્મહત્યા જેણે કરી, ત્રિહત્યાસેં સાત; પરનારીની પ્રિતથી, હત્યા વળગે હાથ. રકતપિત કે ચોથીઓ, થાય ક્ષય રોગી દેહ; જે પરનારી ભોગવે, દાવાનળ તાતો એહ. જેણે દુભ્યા દેવને. સ્રી ધનને તે ધાય; માત. પિતા જેણે હણ્યા, તે જન વિહવળ થાય. ઓશીયાળો આખા જન્મનો, નારાયણ શું નહીને, દંડાય કુહાડો દિવાનથી, તરૂણી વાતે તેહ. પંથે પળે પાછું જુવે, રૂદે રાખે બહુ રીસ; એમ કરતાં આઘાં ગયાં. ત્યાંથી જોજન વિશ. રંગા કહે રહો હવે, માલજી મારા મીત્ર. તું છે હાર હઇડા તણો, પુરણ પરમ પવીત્ર. ખાઓ પીઓ ખુશી કરો, ખરચો ઝાઝો ગરથ; રાયની રાણી ભોગવો; ચિંતા ન કરો વ્યરથ; ભામની બારે ભુપની, ભાવે કર તું ભોગ; કોઇક જન્મના પુન્યથી; શિવે મેળ્યો સંજોગ. માલે મન વિચારયું, ફટ ફટ ભુંડી રાંડ; કયમ વિશ્વાસ તારો કરૂ, ગહો મચકોડે માંડ. શંભુશેર રાજા સબળ, નગરી કેરો નાથ; તરૂણીએ એવો તજ્યો, આવી મારી સાથ. કુણ માત્ર હું કિંકરો, કુંણ માત્ર હું રાંક, રંગાએ રીઝો તજી, વેદ વિધાતા વાંક. અમૃત ફળ સહકારનું, તજીને ઇચ્છો ખાંડ; પુર પતી સરખો પરહર્યો. ફટ ફટ ભૂંડી રાંડ. નીચ નમેરી નાર એ, નીચ રંગાનો રંગ; સ્નેહ તે સાથે કયમ કરૂ, કેમ કરૂ એનો સંગ. રાજા સરખો રીહપતી, જોવા સરખુ જાત્ર; મહારાં દરીદ્ર શાં કાપશે, હુંતે કુંણજ માત્ર. મુજથી મન માન્યો મળે, દેખતો કો દાહ; તે સાથે તરૂણી જશે, છેદી મારૂ શીશ. એમ કરતાં આવ્યું અરણ્ય, નહી વહે જ્યાં નીર; દેવળ દીઠું દીપતુ, તે સરીતાની તીર. તીરે તરૂણી રહો તમો, બચકો લીધો બાંહ; ડાબડો લેઇને ઉચકીયો, તરૂણી બેસારી ત્યાંય. માલ લાવો મારી કને, કરો જળ ક્રીડા કામ. ગામમાં જળ આવુ અમો, કુશુ તારે નામ; અર્થ ગર્થને લૂગડાં, માલજી મન મગન; નારી મુકી નિરમાં, નીશંકપણે નગન. તારા પ્રપંચ તે તુજ કને, તુજને તારૂ પાપ; જે કરે તે ભોગવે, વેદ પુરાણે છાપ. પરીબ્રહ્મને જે પરહરે, કરે ઉપાશન ભુત; તે સ્વરગે કયમ સંચરે, નરક નિવાશી ધુત. પ્રેમદા પાણીમાં રહી, માલે લીધે; માલ, નારીને શું નીપન્યું. કેવા થયા હવાલ કલોલ કરે છે કામની, નીર ગ્રહીને ન્હાય; એટલે તે સ્થાનીક વીશે, કારસુ કકિતક થાય. ભમતું ભમતું ભુક્યું પડ્યું, શીશુ એક શીયાળ: મુખમાં કટકો માંસનો, કરડે આવ્યું આળ. નારી બેઠી નિરખે, શરીર વીશે થઇ સ્વચ્છ; જળમાં ઝાઝાં જળચરાં, નાનાં મોટાં મચ્છ. નિશાળ જાતે લોભાયું, થયું લાલચમાં લીન; માંશ મુક્યુ ત્રટ ઉપરે, મુખમાં લીધું મીન. એટલે સીંચાણો ઉડતો, પ્રિતે આવ્યો પાસ; માંસ ગ્રહીને ચાંચમાં, ઉડી ગયો આકાશ. શિયાળ પકડવા મુકીયું, તરતડતુ તીર; મુખથી પડ્યું માછલું, નાસી પેઠું નીર. શીયાળ આંખ ચોળી રહ્યું, થયું દામણું દીન; ઓશીયાળુ ઉભુ રહ્યું, જળમાં પેઠું મીન નારી નાતિતિ નીરમાં, ધારતી ખોટા ધરમ, હાથ ખંખેરી હસી પડી, કર એ કુટયાં કરમ. મેર મેરરે મુરખા, બુદ્ધિ તારી બાળ; જાણ્ મારી બહુ લોભથી, સાંભળ તું શીયાળ. માંસ ખાઇ બેશી રહતા; તો તો તુજ પેટ ભરાત, તાકત નહી જો મચ્છને, તો તું સુખીઓ થાત. અર્ધ મળે આજીવિકા, આખાને જે ધાય; સામા કહે શિયાળને, તુજ ગતી તેને થાય. સલક્ષણ શિયાળવાને બત્રીસ લક્ષણ બુધ, ભુત ભવિષ્ય વરતમાનની, સઘળી તુને શુદ્ધ. બુદ્ધિ, વીચારી બોલીયું. શીખામણ દે સાર; તારી ગત તું નવ લહે, પરનો કરે વિચાર. મારે ગછ મળશે ઘણા, મળશે ઝાઝો માંસ; જો ચતુર નહી ચેતશો, ધનનો થાશે ધ્વંશ, રંગા તે રાજા તજ્યો, ધણી બેઠી શીળ ગાળ, આંખ્યો તું ચોળી રહી; માલે લીધો માલ, બાળ ચંચળતા તાહરી. ડાપણ તારૂ બાળ. શંભૂશેર રાજા તજ્યો, કળજેથી છુટયો માલ; નીચમાં નીચ તું નાર છે, ભામની ખોયો ભાર; માલોતો મુકી ગયો, ઘસ્ય તું હાથ ગુમાર. ધીક ડાહાપણ તાહરૂ, ધીક તારો અવતાર; માલોતો મુકી ગયો, ઘસ્ય તુ હાથ ગુમાર.

(ચોપાઇ.) માલો આલો થયો મગન, નીરમાં નારી રહી નગન; લોભ થકી તો લજ્યા ઘટે, લોભે માન મર્યાદા મટે. લોભે શોભે સંકટ શુળ, અતિ લોભ તે પાપનું મુળ, અર્ધ મુકી આખાને ધાય; તેની એજ અવસ્થા થાય; એ વાત અહીઆંથી રહી, પછી રીત બીજી શી થઇ, શંભૂશેર રાજા રિહ

રૂપ; જ્યારે હમેંતા તે ભુપ, શીકાર રમી આપે પરખિયો, કોટીધા લસ્કર લાગીયો, ચઢયો મેલ જોબનને જોર. દિઠુ ત્યાં અંધાર ઘોર. કાહી એહ બોલાવી દાસ; અહ નિશાઓ સંગ નિવાસ, રાણીનું કીધુ કોને હરણું, કે કોઇએ પમાડી મરણુ. કેટલા એકને દીધી આંચ, કેટલા એકને પરઠી લાંચ; કેટલા એક પગી તેડીયા, અધીક હલકારા ખેડીયા. ઘેલુ કીધુ બધું ગામ, કોણે નવ દીધુ કાંઇ નામ; કોઇ થકી સરીયો નહી અર્થ, ગયો ઘરમાંથી ઝાઝો ગર્થ, દાટયાં સાટયાં સાંચ્યાં સર્વ, કહી ચાલી આણી મન ગર્વ; નિશા-રાયની પુરણુ થઇ, જુવતી જારની સાથે ગઇ, ઘડિયા જોજન સાંઢયો સાંચ; મોકલી શંભુ શેરે પાંચ; હેતા દાટયો ગામે ગામ, નગર નિવાસી ઠામો ઠામ. ગુહા ગહવર નદીઓને નીર, સમુદ્ર બેટ પરવતની તીર; પકડી લાવો પલકજ માંય, ધરા મુકીને જાશે કયાંય. ખોળો પ્રથ્વી ખોળો આકાશ, પકડી લાવો પ્રથ્વીપતી પાશ; ન રાખે દેવ અથવા દાનવી. કુણ રાખી શકશે માનવી, ગામે ગામને દેશે દેશ, એહજ વાત તણો પરવેશ; રાજા પડે તતપર થયો, ખોળ્ય કરવાને પોતે ગયો. ૧૪૧ (દોહરા.) સંભુશેર રાજા ચઢયો, લેશ ન લાગી વાર; નારી નાતીં નીરમાં, આવ્યો તેણે ઠાર. માલો તો મુકી ગયો, લાગી લેહેર લગન; વિનતા પાસે વસ્ત્ર નહી; નારી છેક નગન. એટલે કંથ પોતા તણો, આવતો દીઠો દ્રષ્ટ; જ્યારે ઇશ્વર આશુ થશે; કામની પામી કષ્ટ. માગે દામનો ડાભડો, કેહેશે કયમ આવી આંચ; કહાં જાર વાહરો ગયો, કયમ ઉભી જળ માંહ. કીર કહે સુણ કામની, પુરણ ધરને પ્રીત; વીજાર કરતાં આવડે, તો કહો રૂડી રીત. પાંગે લાગે કયમ પતી, નારી નીરમળ થાય; કયમ કલંક એ ઉતરે, કયમ મન સંદે જાય પ્રભાવતી કહે પોપટા, મુરખ તારો મેળ; નારી ગઇ છે નીસરી, ખરો જાણે છે ખેલ. મુક્તાફળ માણેક અતી, ઘણાં ઘરેણાં ઘાટ; ચોરી ગઇ છે ચીતની, વેદ ઉઠી છે વાટ. તરૂણી તો તસ્કર બની, લસ્કર સાથે નાવ; નારી આવી હાથમાં, એ કયમ ચુકે દાવ. નીશ્ચે કરસે નરપતી, પંચછટાળી પુર; દેશે એને શુળીએ નારી ખોશે નુર. નાક એહનું છેદસે, છેદસે એનું શીશ; કોટી કલ્પે નહી ઉગરે, આવે બ્રહ્મા ઇશ. વીજાર વાત ચાલે નહી, સાખ ન પુરે કોય; એ નારી નહી ઉગરે, જો કુળ ઉથલો હોય. ૧૫૩ (ચોપાઇ) શુક કહે સાંભળ સુંદરી, મારી વાત જો મનમાં ધરી; જોજે કહુ વીજારી વાત, નરપતીનો ઉતારો નાદ જખમા-રી રહયો તે કંથ, જેણે પ્રૌઢા કીધો પંથ; જળમાં જુવંતી દીઠી જેમ, અશ્વ દોડાવી આવ્યો તેમ. જીવતી નહી મુકુ આ દીશ, સઘ એહનું છેદુ શીશ; થયો કૃતાંત સરીખો કાળ, આકુળ વ્યાકુળ દીસે ભુપાળ. તે કામ્યનીએ દીઠો કંથ, ચતુરા પોતે ચેતી ચંત; જેને મન ઝાઝી છે રીસ, નીશ્ચે હણશે મારૂ શીશ. અર્થ અર્થ રહયો જેણીએ, ચરીત્ર એક કીધુ તેણીએ; મસાણ તેહ નદીને તીર, બળે ત્યાં સઘ શરીર. જુવંતી જળમાંથી નીસરી, લાજ મરીયાદ ઘણી વીનારી; છેક નગ્ન શરીરે ઊઠ, કરે પ્રદક્ષણા સબની પુઠ. નીચે કુદે ને ઉછળે, ગાય ગીતને ભાવે ભજે; સંભુશેરે દીઠુ તેહ, નારી ઉપર પ્રગટયો નેહ. વસ્ત્ર પેરાવી પાસે લીધ, આગત સ્વાગત અધીકી કીધ; કહો રામા રણમાં કેમ રહ્યાં, વસ્ત્ર આભુષણ તે કયાં ગયાં તમને કુણ તેડી લાવીયું, ગરથ ઘરેણું કુણ લાવીયું; નગ્ન સ્વરૂપ ફરો કયમ નાર, વનીતાનો એ નહી વેહેવાર. રૂડી નહી રામા આ રીત, ચતુરા કાંઇ ચેતો ચીત; હોજલ પડદે રહો મગન, તે કયમ નારી ફરો નગન. ચીતા માંહ બળે છે કુણ, એતો અચરજ દીઠુ ઉણ; આ કોનુ દેવળ કુણ દેવ, કોની તમે કરો છો શેવ. ચતુરા કહે મારયો ચંડાળ, કુડ કપટ કરનારો કાળ, ભવાનીએ લીધો ભોગ, તારો જેણે ટાળ્યો રોગ. સેકી ખાધુ એનુ અંગ, રાખ્યો માતાજીએ રંગ: સાંપડી મુજને લેહેર લગતુ કાઢયા વસ્ત્રને થઇ નગન, પાળી પાઉરે નારી નાથ, એમ કહીધરયા બે હાથ; બેકયા બેકયા બોલે બોલ, તનમાં કંઇ ધરે નહી તોલ. હસે ક્ષણમાં ને ક્ષણમાં રૂવે, લસ્કર બાધુ કૌતક જુવે. કોણે ઘેલી કીધી એહ, પરવશ દીસે છે એનો દેહ. સુખપાલ બેસારી કીધી પેર, ઘણા હેતથી આણી ઘેર; આસના વાસના અધીકી કરે, અમ્રત મેવા મુખ આગળ ધરે. ન જમે અંન ન પાણી પીએ, કોઇ ન જાણે કારણ કીએ; પુછ પુછારણને ઉતાર ભુવા ગણીક મળ્યા તે ઠાર. રામા તો નવ સાજી થાય; ચીંતામાંહે પડયા તે રાય. બહુ હાસ્ય જલ્પેને લવે, જીવે નહિ એ જાણો હવે. ૧૭૧ (દોહરો.) વેશ વીપરીત બની ગયો, રંભાવતી જે રૂપ; બોલે બોલ ઘરમાં થકી, બાર સાંભળે ભુપ. પોતે આપે એકલી, પરસ્પર કરે વીચાર; બારથી જાણે બે હમે, ચરીત્ર કરે તે ઠાર. કહે ભવાની ભામની, કહ્યું તમારૂ કીધ; માંટી તારો [illegible]યો, તે સાટે તુજ લીધ. જક્ષ તુજને લેઇ જ-તો, સાચે એછે કંથ, ખાત તુજને ખાંતે કરી; આબુત તારો અંત. પોકાર કરતી તુ પ્રેમદા, મેં મુકાવી

તંત; શેકી ખાશે એ દાંતને, મેળ પમાડયો મર્ત. ખીર ખાંડ ઘરત લાડુવા, વડાં વેઢમી ઠાઠ; મુક ઉતાર
મસાણુમાં, મણુ એકસોને આઠ. સાજી થઇશ તું સુંદરી, સુખ પામીશ તું તરત; નહિતર તારે જાણજે,
માઠી રીતે મરત. ભોગ આપે તુજ ઘરધણી, તો તો જીવે એહ; નહીતર એનું ભક્ષ કરૂં, નિશ્ચે નિસંદેહ
સંભુશે સાંભળ્યું એવું કૌતક હોયરે, મનેને એને મારશે, કળી સકે નહી કોય; બીતો બીતો બારથી,
બોલ્યો બુદ્ધિ નીધાન; કુણ છો ને તમે શું કહો, કરીએ એહ લીધાન. દુત હશો કે દેવતા, હસો ભવાની
સુત; શાક્ય સિધ શાકોતરી, આતો અચરજ અદભુત. બોલી ઘરમાંથી બાળકી, લોપે નહી હજુ લાજ.
સાચી કહુ છું સુંદરી, કહે તે કરજે કાજ. જરૂર હવેતો જાણજું, ન કર બીજો કોપ. કહ્યું કામનીનું ન-
હી કરે, લજ્યા થશે લોપ. ચેટક ચેતાવી ગયું, રાજાએ સુણ્યું કાન; સાજી થઇ તે સુંદરી, માનની પામી
માન ૧૮૫ (ચોપાઇ) જુવતીની નીરમળ થઇ જાત, પુરણ ઉદય થયો પ્રભાત; લજ્યા પામી સાજીથઇ,
એકાંતે રાણી ઉભી રહી. ભામ્યની સાથે બોલ્યો ભૂપ, રામા તારૂ રૂડું રૂપ; સાચુ બોલો આપોઆપ, જુઠું
બોલે પરડે પાપડો શું વીત્યું શી થઇ વાત, એવડો શો થયો ઉતપાત; રાણી બોલ્યો સ્વામી સાથ, હેત
ધરીને ઝાલ્યો હાથ; શમ દીધા તો સાચુ કહું, નહીતો મનમાં સમજી રહું; કાળી ચઉદશનો હુતો દીન,
આપણે ઘેર કીધું ભોજન;શોકાર રમી તમો આવીયા, ચેટક કંઇ સાથે લાવીયા. જમી રમી પોઢયા એકાં
ત, આજ ભગુ છું મનની ભ્રાંત. મળીયા માંહે આવ્યો જક્ષ, તમને તેતો કરવા ભક્ષ. પરવત જેવો તેનો
દેહ, ગાજે જેમ અશાડો મેહ. અંધાર નીદ્રા મુકી ધણી, પોઢયા ત્યાં ધણીઆણી ઘણી; તમને લેઇ ચા-
લ્યો જેટલે, ઝબકી હું જાગી તેટલે. પાગે લાગી તેને પ્રીછવ્યો, શામ દામ કરી રીઝવ્યો. સાબળ
શામા ચાતુરસુજાણ, જક્ષ વીચારી બોલ્યો વાણ. રાજાને નદીએ લઇ જશું, રૂધીર માંસ એનું ખાઇશું.
ચીતામાં શેકીશું અસ્ત, વાપરશુ એ સઘળી વસ્ત. મેં તે સાથે જોડયા હાથ, સ્વામી મુક મુજને લે સા
થ; એનો મારો પરણ્યો ધણી, એ જીવે મારો ધણી. રાક્ષસ કહે તુજને નહી ખાઉ, એ રાજાને હું
લેઇ જાઉં; ત્યારે તેને આપી લાંચ, અર્થ ગર્થ સમ્રથી સાંચ; દાટયાં સાટગાં છાના જેહ, અમો જઇને
સોંપ્યાં તેહ. તારે સાટે હું ત્યાં ગઇ, વાત ત્યાં બીજી થઇ; લાવ્યાં કાષ્ટ ચીતાનો રચી, મનમાં
હરશ રહ્યો તે મચી; મુજને ખાવા થયો મગન, નીશંકપણે હું થઇ નગન, નવરાવી તેણે મુજને નીર,
શેકવા માંડ મુજ શરીર; મેં જાણ્યુ એ મુજને ખાય, અગ્ની આંચ મધ્યે દુખ થાય; એહ વાત મેં
મનમાં ધરી, ઘણી યુક્તી તે ઠામે કરી; વનહીગાં નાખે જેટલે, મેં બુમો પાડી તેટલે; ધાઓ ધાઓ કો
દાતા દેવ, સમ્યક પ્રકારે કરૂ હું સેવ; એટલે આવી ચંડી માત, મેં તેને માંડી કહી વાત તે જક્ષને
પમાડો અંત, શેકી ભક્ષ કરો ત્યાં તરત. મૂજને કહે લાડુ ને ખીર, એકસો આઠ મણુ મુકો તીર; ત્યારે
તમે પણ સાજાં થશો, નહી મુકો તો મારવાં જશો. મારાં વસ્ત્ર આભુષણ લીધ, ભવાનીએ બ્રાહ્મણને દી
ધ; તે વીપે દીધી આશીશ, કંથ તારાનું કોડ ભવિષ; એવી ગતી થઇ ત્યાં માંહરી, સાચુ બોલુ રાણી તા
હરી. શાબાશ શાબાશ તે કંથે કહ્યું, મુજ માટે તેં દુખડુ સહ્યું; હુંતો ગયો સાચે સોકાર, હતી તું ઘેર
નીરમળ નાર; ઉભો એક આંબલી તળે, ત્યાં લશ્કર કોઇ નવ મળે. પાણી પીતો તો મન બીતો કાળી ચઉ-
દશનો મોટો દન; કાંઇક ચેટક સાથે આવીયું, સાચુ ભુપતીને ભાવીયું. કહ્યા થકી ખમણું આપીયું, અ
ધીક હેત સ્ત્રીશું થાપીયું. મશાણુમાં મૂકયાં પકવાન, માનીને દીધાં બહુ માન; નીત્ય ઉઠીને પ્રણમે પા-
ગ્ય, જડી જુવતીને રૂડી જાત્ય; સોભીત પહેરાવ્યા શણગાર, અલખત ચુપી અપ્રમપાર; એને દેખી જી
મતે જમે, એ સંગાથે રંગે રમે. બીજી રાણીઓ એની દાસ, પુરપતિને લાગ્યો તેનો પાસ; હું તારો અ
પરાધી રાંક, ક્ષમા કરજે તું મારો વાંક; મૂજ માટે સંકટ બહુ સહ્યું, એ દુખ મૂજને ઝાઝુ ચડયું; મૂજ
માટે મરવા તું ગઇ, ખરી દશા તે મારી થઇ તું પટરાણી તારૂં રાજ, તું ચાકર શેવાને કાજ તારૂં
મનને તારો માલ, મૂજને તો કરયો તેં ન્યાલ; હુ તારો પામર પેટીયો, વીનતાજી જાણો વેઠીઓ; કળજુગ
માં એવી કામની, ભરતાર સાટે મરતી ભામની; બાધા જગમાં દેખી તું, માટે હેત કરૂછું હું. ૨૧૪

(દોહરા) ખાધુ પીધુ ખુબી કરી, પીક પડાવ્યો પાગ; પોપટ કેહે પ્રભાવતી, જુવો જડી એ જાગ.
એમ વીખરી આવડે, તોતો સુખે જાઓ; નહીતર નાક વઢાવશો, ઘેર રાંધીને ખાઓ. શાબાશ સાબાશ
કહે સુંદરી, સાબાશ પોપટ પવીત્ર; સઘળી વીદ્યા શીખવી, આતુર ચારૂ ચરીત્ર, સુધ કથા એ બોહોતેરી

વાણી વીવીધ વીલાસ; ઝવેર જશવંતાં આગળે, કહે કવી શામળદાસ. શામળભટ શ્રી નગરનો, આવ્યો શીહજ ગામ; ગ્રંથ કરાવ્યો ગુણનીધી, નવે ખંડમાં નામ. શાણા સમજુ સમજશે, કહે કવીતા કરજોડ; શામળભટ કેહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૧૪ મી.

(ચોપાઇ) જય ગોવીંદને જય ગોપાળ, જય કરૂણાનીધી કૃષ્ણ કૃપાળ; જય જગપતીને, જય જગદીશ, જય આધ ઉમીયા પતી ઇશ. જય શુરનાયક જય દેવેંદ્ર, જય નવ ગ્રહ ભાસ્કર ચંદ્ર. સંનખલપુંર બહુચરી કાળીકા, જય કલ્યાણરૂપી કાળીકા; જય માતા નાતા શીવરીદ્ધ, જય અષ્ટમી સીદ્ધી નવ નીધ. જય કીરતાર કરતાં શુભ કામ, જય દશરથ સુત શીતારામ. જય ગુણનીધ ગરૂવા ગણપતી, જય વીદ્યા સાચી સરસ્વતી; જય જય ઇષ્ટ અન્નપુરણા આપ, જય નાનાભટ ગુરૂ પ્રતાપ; જય સીતાપતી લક્ષમણ બંધુ, અયોધ્યાનાથ કરૂણાના સીંધુ; પાશાણ જળ વીષે તરીયા, રાવણાદીક મચ્છરી મારીયા. જય ચંદ્રાનન ગોકુળચંદ, દેવકી સુતનંદનોનંદ; અડસટ તીરથ ગંગા નરબદાસરસ્વતી દેવણ સરવદા; કૃપા માત તમારી હવી, કરૂણાયમ કેહેવાણા કવી; વાયુને વશ તરણું હોય, જોર એટલું કવીનું જોય. ૭ (છપો) શીવ સરીખા તાત, માત ઉમીયાજી મોટાં; ઉપાસક અધીક અનેક, એહ વીણ સરવે ખોટાં. તેત્રીશ કોટી દેવ, સહુ પેહેલા પુજાએ; સહસ્ર અક્ષી વીપ્ર ગુણ સહુ તેનો ગાએ; સિંદુર અંગે શોભતું, મોદીક અમૃત આહારછે હાશ મળ કહે સેવો સહુ. દુંદાળો દાતારછે, (ચોપાઇ) વાત કામનીતો નવ કળે, આવી પોપટ પાંજર તણે; જોરો કરતાં જીવજ જાય, પેર મેનાની મુજને થાય. શાગ દામ કર્યા બે ભેદ, વારૂ જવા ન દેવી વેળાવાશ તુને શેઠાણી શાર, ધન આ તારો અવતાર. કાલ શેઠ આપણો આવશે; રિધી તે રૂડી લાવશે. ત્યાર બાદ નહી થાએ જાર, ભરતાર તણો ભારે છે ભાર; ત્યાર પેહાંતો રંગે રમો જાર ભેગાં બેશીને જમો. તે ઉપર આણો બહુ હેત, શુભ રજની સુવાડો સેજ; જુવતી તુજ જોબનજાયછે, ઘડીએ વરસ સોસો થાયછે. વળતીને પલટાશે તોશ; ધોળા થાસે શીરના કેશ. કટિ સિથાળ થાશે સ્તન રંગ, ભારે જોબન થાસે ભંગ, તે માટે તમો તતપર થાઓ જુવતી જારી રમવા જાઓ વાત શુકની મનમાં વશી, હેતે ઘણે તે નારી હશી; ખાંતે તારા સમ ખાઉછું, જરૂરપણે જારી જાઉછું; ખાનપાન પોપટને દીધ, કરૂણાં કષ્ટ દૂરેથી કીધ; પાગે પ્રણમી બોલી તેહ, કહી વાત આણીને સ્નેહ. રખે કહેતો તું કોને વાત કરે શેઠ આપણની ઘાત. પોપટ કહે સાંભળ પ્રેમદા, કંથ કોઇ જાણે નહી કદા. જાઓ જરૂર રૂડુ રાવજો, પ્રાત: સમે વહેલાં આવજોરખે તમો કહીં ચુકી જાઓ, જાય આબરૂને ખાઓ; ચતુર સુહાણની નારી જેમ, કરવું ઘટેતો કરજો તેમ, એમ વિજારી કરજો વાદ, જાઓ મનમાં આણી ઉલ્હાદ. ૨૦ (દોહરો) પ્રભાવતી કહે પોપટા, એતો અચરજ હોય;ચતુર સુહાણ તે કવણ છે, કળી શકે નહી કોય. કોણછે તેની કામની, કોણ તેહનો જાર; કોણ ગામને નામ કોણ, ભોળવ્યો કયમ ભરતાર. કઇપેરે ત્યાં ઉગરી, કયમ પતી લાગ્યો પાગ; કોણ પ્રકારે છેતરયાં, કોણ દેશ કોણ જાગ; શુક એ વિદ્યા શીખવો, કરો એટલુ કામ; ત્યારપછી જાશું અમો, ઠરાવ કરૂં આ ઠામ. શુક કહે સાંભળ સુંદરી, વારૂ કહુ એ વાત; દહાડી કરોછો તેમ કરો, રહો આજની રાત વારૂ કહી વીનતા રહી. શુક બોલ્યો શુભ વાણ, શુણો શેઠાણી વારતા, ખરી અમૃત રસ ખાણ. ૨૫ (ચોપાઇ) પીંપળ પાટણ ગામ; કુમારપાળ નરપતીનું નામ, વરણ અઢાર વસે છે લોક, રૂડુ રાજ કોને નહી શોક. લોક સઘળાને લાડજ કરે, આણ; સબળે ધર્મની ફરે, તેહ ગામનો એક ઠાકરો, અધિક તરવારી છે આકરો. અનસી અહંકારી રૂપ, માને જેને મોટા ભૂપ વશ વસે તે છે બાહુ ગામ, સુંહાણ ચતુરો તેનું નામ. તેને ઘેર કામની કુળ શુદ્ધ, બત્રીસ લક્ષણ ગુણ બુદ્ધ. રૂપે રૂડી મોટગ મતી, સરૂપા નામ દેખાતી સતી. થોડુ બોલેને નીચું જુવે, વહેલી ઉઠીને મોડી સુવે; એક રીતે ધણી ધણીયાંણી, અરસપરસછે પ્રિતી ઘણી, ૩૧ (દોહરો) એકદિન ન્હાવા કારણે, આવે એહ ભરતાર, પાસે ઉભી છે પ્રેમદા સજ્યાછે શણગાર. અરસપરસ પાસે વાતો કરે, ઉષ્ણોદક નીર, ખાંડતણી એરણુ કરી, કરેછે શુદ્ધ શરીર; એટલે વશ્રશનો દીકરો કર્મવંત કુમાર, જાતો દીઠો જુવતીએ, છે પોતાનો જાર. ઉમર પચવિશે ગલપતો, રૂડુ રહીયાળુ રૂપ; ભરજોબન ભીનેવાનછે, અકલ ઘણી અનુપ, વસ્ત્ર આભુ-

ષણુ ઓપતાં, કામ સરીખી કાય; નાવા બેઠોછે ચાતુરો, તે વાટે તે જાય. મલુકે નામ મારગ જતા, દેવ રૂપ છે દેહ; મોહ પામી તે માનની, નારીને પ્રગટયો નેહ. રીઝી શામા રૂદયા વિશે, વાગ્યું નેહનું બાણ; મન વળગ્યુ ત્યાં માનની, પરવશ પડિયો પ્રાણ. વળગ્યુ મન તેમાં જઇ, ધારણ ન રહ્યું ધીર, આકળી વિકળ આપે થઇ. જેમ મછ વછોડયુ નીર, તે પાસે જાવાને કરયુ, તે વેળા તે દીશ; ચેતે ચતુરો ચીતનાં તો છેદે એનાં શીશ. કહે કંથને કામની. જુવતી જોબન વેશ; મેલી છે તારી ચોટલી. ઘણા ચીકણા કેશ પડી માંહી ઝાઝી જુવો, મેલુ સઘળુ શરીર: ઉને નીરે નાહી ઉઘડે, લાવુ શીતોદક નીર, જરૂર જાગુહી કુંડનું, નીર જઇ લાવેશ અધિકપણે ઉજ્વળ થશે, કંથ કોડીલા કેશ. પાણી લાવુ એક પલકમાં; ક્ષણ ન લાગે વાર; પાગરણ નાનુ પેરી; ભુવન બેઠો ભરતાર, બેડુ લેઇ ચાલી બારણે; નીસરી નારી નેટ, નરતો નાના કહી રહ્યો; ઠગ તો પોચી ઠેક. જળ ભરવા જુવતી ગઇ, બેઠા રહ્યા નિજ કંથ; ઉઘાડે શીરે સ્વાગી રહ્યો, પોતે પરવરી પંથ. ભરતાર વસ્ત્ર ભીનાં સહીત, તડકે બેઠો તેહ, કેશ કેશ શુકવેછે કંથડો, ઉજ્વળ કરવા એહ. વીનતા વડી ઉતાવળી, ઝારને જાર જાર; પ્રણામ કરયો ત્યાં પ્રીતથી, તું હૈડાનો હાર. તુ આત્મા છે અમ તણો, તુનો મારો જીવ; તન મન ધનતું માહરો, તું દેવધિ દેવ, જુગતી વૃક્ષ જાળા તળે. હેતે જોડયા હાથ. રમો મુજ સાથે રાજવી; સંગ કરો મુજ સાથ. કામાતુર કાયા વિશે, કામ વાસના પુર; ભરતારને ભાવી ભોળવી; ભાળુ તુજમાં નુર ૫૧ (છપો) કામાતુર ન જુવે કર્મ, કામાતુર ધર્મ ન ધાર કામાતુરને શી શર્મ, કામાતુર મરે કે મારે. ન ગણે કામાતુર કામ શાસ્ત્રની વાત ન સુજે. કામાતુર ન ભજે રામ બુદ્ધિ એકે નવ બુજે, કોટી અવગુણ કામાતુરે. ધર્મ મારગ તે નવ ધસે; અપજશ જે અવની પરે, સરવે તે તેમાં વસે. કાં રંકને કાં રાય, કાં નારી કામાતુર શીરલંક હોડ હઠ હિમત હારી પૃથ્વીનુ પામે પાપ, ક્ષઇરોગ રહે તેને દેહે, સ્વપ્ને ન જુવે સ્વર્ગ, તે પરનારીને નેહે, લક્ષ વિછીંની વેદના પડેતે નર જેસ ડંકમાં, શામળ કહે કોઇ રખે કરો, પ્રિત પરનારી પીંડમાં, ૫૩ (દોહરો) મલુકો કરે માનવી, પધ્યાન સગવછે દિશ; કંથ ચતુરે ચેતશે, છેદશે એનાં શીશ. દુરીજન દેખે દોહલા; માંયે છે મધ્યાન, હાડાં કોઇક આવશે, જીવનું જોખમ જાન. કામની કહેરે કાયરા, ફેલ કરે શા ફોક; જખ મારે છે ધરધણી, જખ મારે છે લોક. બાર ગાઉ ઉજડ ગણ્યા, ન ગણી ભરતારની ભ્રાંત; વિશામ હતી એક વાડી, આપ થવાં એકાંત; હુંનો વા વાશે નહી, નારી કે નવે નામ; તુજ સામુ જે કોઇ જુવે. ફોડુ તેનો ઠામ. વાવડીમા તે વાવછે, તેમાં મોટા ખાડ. બે જણ બેઠાં તેહમાં. ન મળે તડકો ટાઢ. જોખ કરાવી જારને, ભાગી તેની ભુખ; કામ શાંત પમાડીઓ, સઘળુ પામ્યાં સુખ. ચતુરા સરખા ચાર લક્ષ, પ્રાજ્ય, કરૂ સત પાંચ, જારને કહે જન જોખમાં, ઉની ન આવે આંચ. માન્ય કહ્યુંરે માનની, કોપ્યા તુજને ઇશ; વાર લગી તુજને ધણી, ધણી છેદશે શીશ, સ્વામી મુજને શું કરે, તમે તમારે જાઓ; જુઓ ચરીત્ર માંડીએ, લખ્યું હશે તે થાઓ. અરસ પરસ આલોચતાં. ચોઘડીઆ વિત્યાં ચાર; નાવા બેઠો છે નાવસો, ભુપ સમો ભરતાર. ઘડી બે ચાર બેશી રહ્યો, વનિતાની જોઈ વાટ; શામા સેવક મોકલ્યા, રોક્યા પાણીના ઘાટ. નવ વાડી જોવરાવીયાં, જોવરાવ્યાં વસમા ઠામ; શામા શે આવી નહી, ઘેલુ કીધું ગામ. દશ વીશ ચાલીશ જન, સેવક સરવ સમેત; સેડા સીમ જોઇ વળ્યા, એવું તેને હેત. ૬૭ (સોરઠા) પરહરી પોતે પ્રીત, રીશે થયો અતી રીતડો; રૂડી નહી એ રીત, જા રાંડમુકુ કયમ જીવતી. લજ્યા કરશું લોપ, દેખતાં વાત દેવટ કરૂ. કાયામાં પ્રગટયો કોપ, રજપુતને રીસાંળવો. બ્રહ્મહત્યાદિક પાપ. આપ એનો ગાણું ગણું; અતી બળી હું આપ, છળ કરી મુજને છેતર્યો. ૭૦

(દોહરા) પ્રતિજ્ઞા પતિયે કરી, દુખ આણિ તે દીશ; લાખ કોડ વિશે વશા શામાનું છેદુ શીસ. છળ કરીને છેતર્યો, નીરનું લીધું નામ; કકહો બાઇ એ કયાં ગઇ, જોવરાવ્યું બધુ ગામ. જુવતીને મુકુ જીવતી, બ્રહ્મ હત્યાદિક પાપ; દેખતાં વાંત દમુ નહી, ઇશ્વર આણછે આપ. લક્ષ દુહાઇ શિવ આગન્યા, આંબા માતની આણ; અરજ કરૂ નહી કોઇને, પરહરૂ એના પ્રાણ. મુજને જાણ્યો બાળકો, મુજને જાણ્યો રંક, લાખ કોડ વિશે વસા, વડો વહુવરનો વાંક. જો મુકુ એને જીવતી, દેખતાં એનો દેહ; સ્ત્રી બ્રહ્મહત્યા હજો, તજયો. આજથી નેહ; એમ પ્રતીજ્ઞા અતી ઘણી, કીધી દશને વીશ પોથી ઉપાડી પાછળી, વચમાં આવ્યા ઇશ વારયુ કોનું નહીં કરૂ, નગણું એનું પાપ. સીપારસ માનું નહી, ન ગણુ

એના બાપ. જાંબુડી જળ ભરવા ગઇ, પેડી કોના ઘરમાંય; બેસાર્યો મુને બારણે, તરૂણી પડોંચી ત્યાં મુનેમળ જાણ્યો વાણીઓ, હીંગ મરીનું હાટ; કેપટ કરી ગઇ કામની, વહી ગઇ બીજી વાર. મુજને જાણ્યો બ્રાહ્મણો, ભીખતો માગણુ હાર. હું રહીઆળો રાજવી. જશવંતો જુહાર પોપટ કરે શુણ પ્રેમદા, શેઠાણી સમરથ; ઓ નારી કયમ ઉગરે, સરે કેમ કેમ એનો અર્થ પગે કયમ લાગે પતિ. સતી શી રીતે થાય, સાસૂ. સસરો કયમ નમે, ગુણ કયમ એના ગાય. ખમા ખમા સહુ કયમ કરે; કંથ રહે કરજોડ, સ્વામી કયમ સેવા કરે, માનનીનો રહે મોડ. વિજાર વિધા હોયતો; અકલ ફેલાવો આજ, કેમ રહે જુવતી, જીવતી કયમ રહે એની લાજ. કયમ વશ થાએ કંથડો, કરે પ્રતિજ્ઞા ફોક, કેમ ગુણ ચાલે ગામમાં, વશ વરતે કયમ લોક. પ્રભાવતી કહે પોપટા, મુરખ મૂઢ અજાણ; એકે વાતે ન ઉગરે પ્રેમદા ખોશે પ્રાણ. એતે છાનું કેમ રહે, કહો એ સમ શા ખાય; માને એનો કંથડો, સંદેહ સરવા જાય. શુક કહે સુંદરા, વારૂ કહુ એ વાત; સારી પેરે શીખવું, રહો આજની રાત. પ્રભાવતી કહે પોપટા, બોલવી એની આંચ, એહ વાત જો શીખવે, તો ન જઉં દિવસ પાંચ. વારૂ કહી વિનતા રહી, ઉતારયાં ચરણા ચીર. વાત સુણવાનો ઓરતો, ધારણ ન રહે ધીર. જુવતીએ જાર વળાવીઓ, વપુએ વપુએ વિચારી વાત; વળી વાર લાગી મૂને અતી થયો ઉતપાત. પલક એકનો વાયદો, પ્રૌઢ ઘડિ થઇ પાંચ; કંથ કોપશે માહરો, દેશે અધીકી આંચ. એમાં ડહાપણ શું કરૂ, એમાં શમ શા ખાઉં; ચાતુરી શો ચાળવું, કેમ મહીપતિ જાઉં. કુવા ઉપર એક પિપળ, હેઠળ તેનાં ડાળ, અથાગ પાણી છે તેહમાં, પાછળ બાંધી પાળ. રામા વળગી રાસડે કામની ઉતરી કુપ; કાંઠે વળગી કરટે કરી, મહા મનોહર કુપ. ૯૬ (છપ્પા) દઇતા જાને ડાહી; વિચારી મન વિજારી નવ આણી કોની બીક, નિરભય થઇ તે નારી. કપટ ન જાણે કોય, પડી સૌ પંડી પેખે; અરે અરે કહે એક દુનિયાં દુખ એનું દેખે. ચાલી બધા વિસ્વમાં, ઉતાવળા કરતા આંખડી, ચતુરા ચતૂર ચહાણની, કલંક વરજીત કુપે પડી બુમ પાડી બહુ બહાર; અધીક અન્યા એ આપે; રાણી રહીયાળી રૂપ, પડી પાણીમાં પાપે. કોઇ મુછાળો મરદ કુવેથી કામની કહાડે કંથ એનાને જાણ, પલકમાં પોહોચાડે. હાહાકાર સઘળે થયો, જુગ બધામાં જાહરી; ચતુરાને ચેતાવીયો, પડી તારૂણી તાહરી. ૯૮ (સોરઠા) વનિતા ઉપર વેર રાખતો તો જે રાજવી; તરત ઉતરયું ઝેર, પ્રિત પરસ્પરે. ધિક ધિક મુજ અવતાર, અવગુણ જાણ્યા એહના, નિરમળ મારી નાર, મહા હેત મુજ ઉપરે, ધસ મસ કરતો ધીર, વરણાગીઓને વાંકડો; શાથીર થયું શરીર, થયો રાંકડો રાજવી. ૧૧૦ (દોહરો) જુવતી જળ ભરતી હતી, ચાર પાંચ ને સાત; દીઠી તેને કામણી; વેગે ચાલી વાત. બુમ પાડી ત્યાં બહુ જણે, લોક જાય છે ત્યાંય; ધસમસ કરતા જાય છે, મારી પોતાનો માંહ ચતુર ચુહાણની ચીતની, સતી સ્વરૂપા નામ; પડી બિચારી કુપમાં, થતું તે માંડું કામ કામ મારી કામની કાક મારી નાર. કડા કનકનાં આરીએ આપુ એકાવળહાર. કુંડળ આપુ કાનનાં, આપુ મોતીનો હાર; ચાકર થઇ તેનો રહુ, નિશ્ચ તે નીરધાર, જાણ્યા તારા જળ તણા, પકડા ઉતરયા પાંચ, બેસારી કાઢી બારણે, નાવી ઉની આંચ. પુછે છે પાડોશણો, પુછે છે સહિયરનો સાથ; કેમ પડયા ત્યાં કુપમાં, કહો વિગતની વાત નાહાવા બેઠી તો નાવલો, સહયો તડકો ને ટાઢ, હું તો જળ ભરવા ગઇ, જાણ્યું ધ્રુજે હાડ. એમ કહી ઉતાવળી, નર કાજે લાવુ નીર, આંટી આવી પગ તળે પડી હું તેની તીર. વેલે વળગી હું રહી, ભાગ્યાં હૈડાં હાડ; જળથી જીવતી નિસરી પરમેશ્વરનો પાડ. વળગાડી વિશેક જન, ખમા ખમા કહે લોક; કોપ્યો તો જે કંથડો, શમીયો તેનો શોક. વારૂ દીધાંવધાંમણાં ઉતારયા ઉતાર, બધાને લીધી બહુ બાપડે, ભાગ્યની ને ભરથાર. કરયા લાખીણા લાડવા, ગુંદ સુંઠને ઘૃત, કઇડેપાક હેતે કરયો. તાજા ચુરણ તુર્ત. માંથે જળ ઘાલ્યું માનની, પોખ્યા ભારે બ્રહ્મ, ગામ જમાડયું ગુણનિધી ધારયો રૂડો ધર્મ. શાબાશ શાબાશ સલક્ષણી, કહ્યું વાર દશ વીશ, પાડ્ય જોડયા તેણે પ્રિતથી. તજી રૂદેથી રીસ. સમ સહુ વાટે ગયા, ગઇ પ્રતિજ્ઞા પુર, કીંકર કીધો કંથડો, નાર વધાર્યું નુર. જ્યાં સુધી તે જીવીયાં, અવગુણ નાણ્યો એક, ચાકરી કરી ચતુરા તણી, વનિતાનો વધ્યો વિવેક. એમ વિજારી આવડે, તો જારીએ જાઓ; નહીતર ઘેરબેઠાં રહો. ગોવીંદના ગુણ ગાઓ. બુધ નિધાન શુક બોલતરી, શેઠાણી સંવાદ; શામળ કહે સંક્ષેપમાં, આણી મન ઉલ્હાદ. રામકૃષ્ણગોવીંદ કહો, ઠીક પહોચાડે ઠેઠ ડાકળ નીર કે શાજુવા, તેને ન ભરાયે પેટ, ગુજર દેશ ગરૂવો ઘણો, અમદાવાદ અધિપ ત; કિંકર સહુ-

પિતા તણો, છયે શાસ્ત્રની છત. મહીમા માતર પ્રગણે, સિહુંજ માંહે સુજાણ; કવીની કીરતી સાંભળી, વિવિધ પ્રકાર વિવીણ વાસણ વસે અંશપત્ય, રખીયલ કેરો તન; ગ્રંથ કરાવ્યો ગુણનિધી, મહાભક્ત જેવુ મન. ઝવેર જશવંતા આગળે, કહે શામળ કવિરાજ; કુળ દીપક તું કહાવીયો લક્ષ કોટીધ્વા લાજ. શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગનપુરમાં વાસ; પિતા પુરશોતમ તણો, કહે કવી શામળદાસ. ગાય શીખે ને સાંભળે, કહે કવિતા કરજોડ; શામળ ભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૧૫ મી.

(ચોપાઈ.) શ્રી ગણપતીને નામુ શીશ, આરાધુ ઉમીયાપતી ઇશ. સેવું શ્રી મુખે સારદા, નીરમળ નામ જેવી નરમદા. શુભ સારદા કેરો શક્તિ, પલક એકમાં પાવન થાવ; માના સરસ્વતી સંકટ હરે, પંડીત સહુ પરણામજ કરે. પુન્ય પુરાણ પરમારથ થાય; શુક બોતેરી ગ્રંથ ગુંથાય ઘણી શીક્ષાને ઝાઝુ પુન્ય, એકે વાતે ન મળે નુન્ય. (છપો) ભણ્યો એને જે ગ્રંથ, પરનાર જેણે નવ પરખી; સાંભળ્યો જેણે ગ્રંથ, નીચ બુદ્ધી નવ નરખી. ભણ્યો ભણાવ્યો ગ્રંથ, અધરમ તેણે નવ દાખ્યો; સંભળાવ્યો જેણે ગ્રંથ, ચતુરઅમૃત રસ ચાખ્યો. શ્રવણ કરયો સતવાદીએ, કયાં નરને કયાં નારીયો, શામળ કહે સ્વપના વીશે, જુઠી કરી નહી જારીઓ, પરનારી સાથે પાપ, બહુ સ્ત્રી હત્યા બેશે, અઠાવીશ નરકના કુંડ, પાપ કરનારો પેસે. એક પત્ની શ્રીરામ; દીલ પોતાને દાખી, શતવંતી સીંતા કામ્ય, રીત ઘણી રૂડી રાખી. બુદ્ધિવંતા બાપડા, કામ જીત કોય નેષ થયા, જન્મ મરણુ જોખમ જરા, કરોડ અવનાર કવીએ કહ્યા. ૫ (ચોપાઇ.) સંકર નંદને પરણુમુ, વારતા પંદરમો વરણેવું. પંદરમે દીન પ્રભાવતી, રૂપ અનુપમ રંભા રતી. નીશા સમે તે ચાલી નારસજયાં સોળ સોભીત શણગાર, આવી પોપટ પાંજર તળે, માન્યની માન ઘણેથી મળે, અમ્રત દ્રષ્ટે નીરખ્યાં નેણ. અમ્રત જેવા બોલે વેણ. ગુણ રૂડા કોના ગાઓછો, જુવતી કોણ ઠામે જાઓછો, અંધારી રાતે એકલાં કયમ, સાચુ ના કહોતો મારા સમ, શેઠાણી શીદ જાઓ તમો; અધિક હેતથી પુછુ અમો, ત્યારે બોલ કહ્યો નારીએ. જરૂરપણે જાવું જારીએ, શાબાશ શાબાશ વેલાં આવજો, કલંક વરજીત કુશળ કહાવજો. સોભાગ્યચંદશા કેરી નાર, અકલ ફેલાવી અપરમપાર; તેણે વેદ વિજારી કરી, સતી નગર બધામાં ઠરી. પતીએ સરવે દીઠુ દ્રષ્ટ, કાંઇ ના આવ્યું તેને કષ્ટ પ્રણુમ્યો તે નારીને પાગ્ય, એવી જુવતીએ ખોળી જોગ્ય. શેઠાણી પગ ખેચી રહી, શુક પ્રત્યે એક કેહેણી કહી; સૌભાગ્યચંદશા તેતે કોણુ, એ અચરજ સાંભળીયાં ઓણુ. શી રીતે એ જારી રમી, કયમ તે ગુણવંતાને ગમી; તે સંદેહ ભાગો ગાહરો, તોતો પાઠ માનું તાહરો. શણગાર ઉતારી મુકો પરા, જો બોલ હોય સાંભળવા ખરા; બીને વરતરે બેસો તમો અકલ ઘણી શીખવીએ અમો. જો સાંભળ્યાની હોએ ગરજ, કરો કરજોડીને અરજ; વચન કામ્યનીએ કોડે કહ્યું, પોપટજીએ સઘળુ લહ્યું; કહેવા માંડી વારૂ વાત, પંદરમા દીવસની રાત; નાયક ગામ નદીએ બેટ, શૌભાગ્યચંદશા શાણો શેઠ. કરે દલાલી સોદા તણી, લાજ પ્રતિષ્ઠા તેની ઘણી; શૌભાગ્ય સુંદરી સ્ત્રીનું નામ, વખાણુ કરેછે બાધું ગામ. પ્રેમદા પાણી ભરવા ગઇ, ત્યાંતો વાત એક બીજી થઇ; શોદાગર આવ્યોતો એક, તરતીવંત છે તેનો ટેક. કરમજ લીણ કથીર લાવીયો, સોદા વાદથકી આવીયો; કરમચંદશા તેનું નામ, આવી ઉતરયો એને ગામ દલાલ સાથે તેને પ્રિત, બાઇબધ તણી જે રીત; સોદો વેચે સોદો લે, આખો દહાડો એકઠા રહે. સુખ દુખ કેરી કહે વાત, જીવ એકને જુજવી જાત; એક એકને કહે વિતક પેર, ડેકુ ભુંડુ નીપનું જે ઘેર. ૨૨

(દોહરે.) ઉતારે એકઠા મળે, પ્રિત રીતની પેર; કોઇ કોઇને દુબે નહી, મનમાં આણે મેર. એક દિવસ સરોવર વિશે. બેઠા સોદાગર માંહ; પાણી ભરવાને મસે, તરૂણી આવી ત્યાંય અરસ પરસ થઇ પ્રિતડી, મળીયાં નેણે નેણ; મટકો મુખ કેરો કરી, બોલી અમૃત વેણ. ભલે પધાર્યા ગામમાં ભલે દિઠું દરશન; ભલે આજ મળીયા તમો, થયા પ્રભુ પરશન. વાયદો વિનતાએ કરયો, પુરણ પ્રિતે પેર; અઢી પ્રહરે આવજો. ઘણા હેતથી ઘેર. પુરવ જન્મની પ્રિતડી, જુગદિશે મેળવ્યો જોગ; લાડ લડાવું લક્ષધા, ભોગવો રૂડા ભોગ. રમી જમી તમો જજો, કરજો આનંદ અપાર; કહો એંધાણ તમ ઘર તણાં, સાપતીને મન સાર. પોળને મોઢે પીંપળો, ઉગમણી ત્યાં ઓળ; શાસુ, ઘર છે શેઠનું, પ્રતાપશાની પોળ.

મેડી રંગેલી માહરી તુળસી ક્યારો ત્યાંય; આંગણે મોરો ઉમરો, તરત આવો તે માંહ. બાંધી છે પરસાળી ખારા પાણીનો કુપ; ઉંચી છે અટારીઓ. એ એંધાણ અનુપ. દરવાજેથી ડાબી ભગા વણુંજ સહુના વાસ; પાસે દેરૂં પરીબ્રહ્મનું, તેજ પુંજ પ્રકાશ, વાયદો કરી વીનતા વહી, થયા ખરા ગરક્યાન; સોદાગરનું મન થયું, જોવા વીવીધ વીધાન. પુછ્યા પુછ્યે પરવરો, ઓળખ્યા છે એંધાન. ચંચળ થઇછે ચાલીઓ, જોવા ચતુર સુજાણ. હરખે નીરખે નેહથી, હરખે હઇડા માંય; વરસે અમ્રત વપુ વીશે, તરતજ આવ્યો ત્યાંય. આસ્વાગત અધીકી કરી, ખાટ પાણીને પાન; ભલે પધાર્યા પ્રિય જન. શુભ કીધાં સનમાન. શોદાગર બેઠા સજ થઇ, સાચવ્યા સભાએ દ્વાર; એટલે અચાનક આવીયો, ભામનીનો ભરથાર. સેજે ઠોકી સાંકળી, હડહડ થયાં કમાડ; સોભાગ્યચંદ કહે સુંદરી, ઉઘાડ ઉઘાડ ઉઘાડ. સોદાગર કહે શું થશે, કયમ પલટાશે દીશ; કુડ કપટ કંથ જાણશે, સેજે છેદશે શીશ. શખ્ય સુતે કહે કામનીએ, છાનો છપનો રેહે; પ્રાણ સ્થીર રેહેતો નથી, પડયો ધ્રાસકો પેટ. જુવતી કહે જખ મારશે, રખે બીહો મનમાંય; કમાડ પછવાડે રાખીયો તરૂણી ઉભી ત્યાંય. કમાડ ઉઘાડયાં કામની, જુવાન ગયો બરથાર; કાઢી મુકયો કામની, એ જુવતીનો જાર. કોણે મરમ ન જાણીઓ, તે દીન વીત્યો ત્યાંય; બીજે દીન શું નીપજ્યું, માનની મંદીરમાંય. બંજેહાને બે જણા, મળ્યા એકઠા એહ; શેઠ આગળ સોદાગરે તરત કહ્યું છે તેહ. કાલે મળી એક કામની, ઉંચી અદભુત રૂપ; તે મુજને તેડી ગઇ, ભામની ભારે ભુપ. તેને કાને છે કીટીયો. સવા ગજના શીશ કેશ; કર કનકનો ચુડલો જોબન બાળે વેશ. પીપળાવાળી પોળમાં, તુળશી ક્યારો ત્યાંય; અઢી પોહોરે એકલો, પેઠો મંદીરમાંય એટલે આવ્યો તેનો ધણી મુજને લાગી બીક, હીંમત દીધી છે હેતથી, શામાએ દીધી શીખ. કમાડ પછવાડે રાખીઓ, ઉઘાડયાં જઇ બહાર; ઘરમાં ગયો તે ઘરધણી, જોખમાં કાઢો જાર. સગ દીધા છે સામટા, બ્રહ્મહત્યાદીક પાપ; જરૂર આજ જાવું તીયાં, અઢી પ્રહરે આપ, વીસ્તારી વાતો કરી, પ્રીછ્યો સઘળો પાર; એતો મંદીર માહરૂં, નીસ્ચે મારી નાર. છેતરાય નહી છેલડો, ડાહ્યો જે દલાલ; અઢી પ્રહરે જોવું પારખું, માનની કેરી ચાલ. કોઇ કોઇને નવ ઓળખે, કોઇનું ન લે નામ; આજ જોઉં હું એહને કરે છે શાં શાં કામ. શાબાશ મિત્ર માહરા, જરૂર પણે ત્યાં જાઓ; રખે એમાં અરજ કરો. ત્યો લાખીણો લાઓ. દલાલે દીલમાં લહ્યું, આજનો જેવા તાક; લુંટાવું લક્ષ્મી એહની, નારીનું વાઢું નાક. કથીર કરમજને કસ્તુરી, માણે છે મોંઘે મુલ, ચોર કરૂં એ ચતુરને, ધનસહુ મેળું ધુળ. અઢી પ્રહરે એકલો, સોદાગર શ્રીમંત; પેઠો ઘરમાં પ્રીતથી લાગી લહેર લગન. અસન બેસન અતીઘણું, ખાનપાન સનમાન; એટલે આવ્યો ઘરધણી, કરતુત સુણ્યાં ત્યાં કાન. ઉઘાડ ઉઘાડ ઉતાવળી ઘણું જરૂરી કામ; ઘરાક ખોટી થાયછે. લાભ જડે દશદામ. સોદાગર નથી જાણતો, એતો મીત્ર દલાલના મન ખાર ખરો. જોવું સ્ત્રિનું ચરિત્ર. સોદાગર કહે શુ થશે, જશે આપણા પ્રાણ; આજ નથી જીવ્યા તણી, વિપરીત બોલ્યો વાણ. મુજથી રહેવાતું નથી, જાય છે મારો જીવ; પેસાબ થયો પાગરણ વિશે, રૂઠયો નિશ્ચે દૈવ. ધણી જખ મારે ઘરધણી મનની ચીંતા મેલ; લાડ લડાવું લક્ષવસા, કરો રંગની રેલ. વનીતાએ વીંટયો વાડગાં ઉભા કરયા ત્યાં અધ; ઉતાવળે બાર ઉઘાડીયાં, સ્વામી આવ્યો સદ્ય કમાડ પછવાડે, કંથડો ચતુર જુવે ચોપાસ; કાંઇ કપટ દીઠું નહી, બેદ પોતાનો વાસ. માંટી તો મેડે ચડયો, ચતુર વિચારી ચંત; જાર વળાવ્યો જુવતીએ, પરવરીઓ તે પંથ. બીજે દીવસે બે જણે, કરી વીગતની વાત—કાલ કામનીને કંથડે, અધીક કર્યો ઉત્પાત સોદાગર સમજતો, દલાલ ઘરણી ઘર, પ્રેમદા પણ નથી પ્રિછતી, વાત કરે છે વર. તેના મંદીરમાં ગયો, ઘણી એક બેઠા ત્યાંય; એટલે તેનો ઘરધણી, આવ્યો મંદીર માય. વીંટયો મુજને વસ્ત્રથી, વાડ તણો જ્યાં વાસ; જાણે નહી તે જુગતથી કેગટ કાઢી કાશ. વળી આજ છે વાયદો, ખાધા કપરા સમ; ગળે હાથ વળગાડ્યાં, કહેની કરીએ કયમ. મરદ દીસે છે માનની, ભોળો દીસે ભરથાર; આજ ઘડી વેળા જશું, એહ કર્યો નિરધાર. હા ભાઇ આજ પધારજો, કરી આવી શુભ કામ; વાત કહેજો વિસ્તારીને મુજ આગળ આ ઠામ. કંથતો મનમાં કળકળે, એનો મારે ઘેર; આજ પકડું બે એકઠાં, પછે કરૂં હું પેર. સોદાગર તો સંચરયો, વાયદો વા વખત; એટલે સ્વામી શામા તણો, તે વેળા આવ્યો તરત; સેજે ઠોકી સાંકળી, ઉઘાડો બીજ નાર; કામની કામ છે માહરે, બેસી રહ્યું કયમ બાર, ઉઘાડ નાર ઉતાવળી, દેહમાં પ્રગટ્યું દુઃખ: કારજ વાળુ કરયું નથી, ભારે લાગી છે ભુખ થરથર તેતો ધ્રૂજીઓ, સુને શખ્ય આ દીશ; કોઇક વેળા તાહરો, સ્વામી છેદશે શીશ. રખે બીતા તમે રાજવી ઘુસાઓ માં દેહ; રાખુ મુજ હૃદીઆ વીશે.

જખ મારે છે એહ. કુંડુ એક કચરા તણું, જળ ભરવાનું જોય; તો તે ઉંધુ પાડીયું, કત ન જાણે કાય.
ઘાલ્યો નર તેને તળે, જઇ ઉઘાડયાં બાર; ઘરમાં તેડ્યો ઘરધણી, નિસંકપણેથી નાર. કમાડ પછવાડે ક-
યડે, જોયું ત્યાં જરૂર; ચળતું જોયું વસ્ત્રમાં, પ્રિત ઘણેથી પુર. મંદીરમાં જોયું માંહીએ, નીમેશ ન દીઠું
નૃત્ય; ખાવા બેસાર્યો ખાંતથી, કરયાં કામની કૃત. સ્વામી પાછો ચઉટે ગયો, મન વીચારી વાત; તે કોઇએ
જાણ્યું નહી, ખરી કે ખોટી ખ્યાત. બીજે દિવસે તે તો મળ્યા, વિગત તણી કરી વાત; કામની રાખ્યો કુંડા તળે, બ
હી ભજવીબાત. વળી આજ છે વાયદો જ્ન શુત્યાંય જરૂર, ખબર કહેની તમને ખરી, રવી ઉગમતે સુર; ચોથે દિ-
વસે ચતુર નર, ગયો વીનતાને વાસ. સનમાન કરયા ત્યાં સુંદરી, પ્રીતે બેસાડ્યો પાસ, ખાવો પીયો ખુબી કરો રહો.
ઘડી ચારક પાંચ; જખ મારે ઘરનો ધણી, ઊની ન આવે આંચ. ભાંત ભરથારના મન તણી, ઓલાયે નહી
આગ; જુવે ઘણુ જંખે ઘણુ, જડે નહી કાંઇ જાગ; એટલે સેઠજ આવીયો, ઉઘાડો ઘરની નાર;
ક્ષણુ ક્ષણુ ખોટી થાઉછુ, બેસી રહુ કયમ બાર. અગોચર રાખ્ય કહી ઓરડે, ધણી રૂપી છે ધાડ; છુપ
જરૂરી જાય છે, શાના તુ સંતાડ; નગારૂ એક નિશાનનું ત્રંબાળુ તરવાર, મઢવા કારણ
મુકીયુ ચર્મ વીટીને ચાળ, તેમાં ઘાલ્યો તેહને, ઉપર વીંટયું ચર્મ સોધીને સ્વામી ગયો, કુડી
પોતાનું કર્મ; જોયુ બારણે વસ્ત્રનાં, જોયુ કુડાં હેઠ; શર્મ રાખી સદાશીવે, નથી ઘરમાં કોઇ
નેટ; ઘડી બે ચારેક ત્યાં રહ્યા, કાઢી મુકયો બાર; બીજે દીન શું નિપન્યું, કહી તે વાત વિ-
ચાર; દલાલ સોદાગર એકઠા, વહાણે પુછી વાત; કાલય ગયાતા ગામમાં, થાતોતો ઉતપાત; બેસાડયો મુજને
બારણે પ્રણામ કરીને પેર; તે વેળા તેની ઘડી, ઘરધણી આવ્યો ઘેર. હુંતો લાગ્યો કાંપવા, તરૂણીની હી-
મત ત્યાંય. નગારા નીચે રાખીયો, સ્વામી ખોળે કયાંય; ઘરધણીતો ઘરમાં ગયો, જમવા બેઠા જોડ. કાઢી
કયો કામની, કંથ જુવે કયાં કોડ; કપરા સમ ખાધા કામની, બ્રહ્મહત્યાદિક પાપ. જરૂર જાવુ છે માહરે;
એકલા આપો આપ; પાંચમે દિવસે પરવર્યો, બેઠા જઇ એકાંત; એટલે આવ્યો ઘરધણી, ખરી જોવાને ખાં-
ત; કહે સોદાગર કામની, છાનો મુજને રાખ્ય; શુણસે તાતો મારસે, શિવજી કેરી સાખ. ગોદડામાંહે ઘા-
લીઓ, ઉપર બેઠા કંથ; અરૂપરૂ ખોળી મુવા, પરવરીઓ તે પંથ. વળી વહાણમાં વાયદો; ગયા સરોતર
બેટ; એટલે મિત્ર ત્યાં આવીયો, દલાલ સોદાગર સેઠ. કાલ ઘાલ્યાતા ગોદડે, આજ જાવું છે ત્યાંય; ગયા
કેડે જે નીપજે, કહીશું વાહાણુ માંય. શેઠ બીચારો શું લહે, એનું ઘર એની નાર; પોતે પોતાના શિ-
બનો, સઘ કરે સંસ્કાર. છઠે દીવશે છેલડો ગયો વણીકને વાસ; મંદીર અટકાવ્યું માનની, પ્રીતે બેસા-
ર્યો પાસ ગુહ્યગુહ્ય ગોષ્ટી કરે, અરસપરસ અપાર; અચાનક આવ્યો આંગણે, ભામનીનો ભરથાર; જાર
તે બીનો બોલીયો, શાના તું સંતાડ; ત્યારપછી તુ તાહણી કોડે દ્વાર ઉઘાડ. ઘંટી એક ગોઝારમાં, એને
બેસાર્યો ત્યાંય; ઓઢણું આપ્યું ઓઢવા, માહાલો મંદીર માંય દયણું તો દળવું પડયું, કિરતાર તણો એ
કોપ; જાણત તો જોખમ કરત, લજ્યા થાતી લોપ. અરૂપરૂ તે તો જુવે, ચતુર તે ચુકયો ચોર; એને
મન વિચાર્યું, હવે છે લુંડાં લોટ. શામળ ભટ શિક્ષા કહે, સુણજો સઉ સંસાર; પરનારીની પ્રીતથી, અ
વગુણ લક્ષ હજાર. લક્ષ વીંછીની વેદના, ખરો એ છે ક્ષય રોગ; પરનારીશું પ્રિતડી, તેના કર્મના ભોગ.
એમ કઉતક કોટીધા, ઠીક કરયા બહુ ઠાઠ; છાનો રાખ્યો છળ કરી, દિવસ થયા એમ આઠ. એક દિન
રાખ્યો કોઠીએ, બીજે ટાંકામાં તરત; ખશી પડત જો ખાડમાં, તો તો પામત મરત. વીતી હકીકત જે-
ટલી, કહી દલાલને વાત; હવે પરદેશે ચાલશું, સારો છે સંગાત. તમે ચાસોને ચતુર નર, આપણે પુરણ
પ્રિત; જમવા પધારો જોખમાં, રૂડી એતો રીત. ૧૯૯ ચોપાઇ સાએક કપરા ખાધા સમ, કોહો જ
મવા નવ આવો કયમ; તમો શાહુકાર મોટા માહરા, અમોછું વાણોતર તાહરા; કરમમાં લખ્યું તે દિધ
રહ્યા, માસ બે માસના રોટલા ગળ્યા; અતિશે દેખાડુ હેત, સોંપું તન મન ધન સમેત. ૧૨૧
(દાહરો) સોદાગર સમજે નહી, એની નારશું નેહ; ગતી જુવો ગોવીંદની, શું નિપજશે એહ;
નારી પણ નથી જાણતી, માંટીનો છે મિત્ર. એ રાજવે મળશે એકઠા, ચતુરા કરે ચરિત્ર; નારીને કહે નાહ-
લા, સાંભળ નાર સુજાણ. મિત્ર એક છે માહરો, પરણ્યો પ્રિત પ્રમાણ; સોદાગરછે શાપતીવંતમાં શીરદાર.
લક્ષપતિ છે લક્ષણસા, શુભ સમોવડ બાર; કરો ચતુરા ચાકરી, પ્રિતનો એહ પરવેશ; આજ કાલતો અહી રહે,
પરમ દહાડે પરદેશ. પાક કરો શુભ પેરથી પેરે પેર પકવાન; સુંદર શાક શીરાવણી, તરતીબ ઘણેરા
વાન. જમવા તેડ્યો જોખમાં, આવ્યો ગુણવંતો ઘેર; એક એકને ઓળખ્યાં, પછે શી પરહી પેર, સોદા-

અર સરમાઈ ગયો, એતો મ્હારો મિત્ર; રખે હોય જાણતો, જે મેં કરયાં ચરિત્ર. ચીતમાં ચેતી ચંતની, એ માંટીનો મિત્ર; રખે કર્જ્યો હોય કંથડો, ચોર વિધા ચરિત્ર. જમાડો જુગતે કરી, પ્રિતે આપ્યાં પાન; આપ આપણા મન સમજ્યા, કોને ન કહે કાન. આગ્ના માગી સંચરયો, સોદાગર નીજ ઘેર, પછી પેલી પ્રેમદાતણી, પરહાણી શી પેર. અરે દઇવ એ શુ થયું, આતો હવો ઉતપાત; દલાલ સરવે સમજ્યો, વિનતા કેરી વાત. ૧૩૨ (છપા) આઠ દિવસ ઉતપાત, દલાલ ડાહ્યાએ દીઠો; ઉડયો ઝેર વરસાદ, વિશય વિશ લાગે મીઠો. જવાપ દેવાની જાગ, સ્વપ્નમાં નવ સુઝે, દસેદિશાની આગ, વિના બુધી કયમ બુઝે; દીઠ અણદીઠ કયમ થશે. લાખ કોડ વીસેવસા, પોપટ કહે પરભાવતી, એ દૈતાની રદી દશા. ૧૩૪ (દોહા) શુક કહે શુણ સુંદરી, સાંભળ ચતુર સુજાણ; કયમ વિજારી નીપજે, પંચ કરે પ્રમાણ. સ્રી કેમ થાય સાધવી, પતી કેમ પ્રણમે પાગ, જાણોતો મુજને કહે જડે જો તમને જાગ. માનની કહે સુણ મુરખા, પંખી જાત પવિત્ર; એ-ઉપર ચાલે નહીં, ચતુરા તણાં ચરિત્ર આઠે દિવસે અવનવો, રાખ્યો હામો હામ; જુગતે જોવાને ગયો, તે સ્રી કેરો સ્વામ. મોઢે માન્યુ મુરખે, કહો સરવે વિવેક; તે આગળ કેમ ચાલશે, નારી કેરા નેક; એક દિવસ એક વાંકનો, દરાવી ન શકે દાહ; એણે તો વાળ્યો એટલો, અન્યા કરયો દિન આઠ; પોપટ કહે સુ-ણ પ્રેમદા, વીજાર કેરી વાત. સારી પેરે શીખવુ, રહો આજુની રાત; શિખવ પોપટ પ્રીતથી, સતી થવાને સાચ; પાગ પડાવ્યો પેકને, ના આવી ઊની આંચ. ૧૪૨ (ચોપાઇ) સોદાગર તે ભોજન કરી, લવીંગ સોપારી મુખમાં ધરી; આગ્ના માગી તે સંચરયો, પતી વોળાવવાને પરવરયો. તેતો નારી સમજી સરવ, ઘણો મુકયો મનથી ગરવ; હીમત મુકી ખંખેરા હાથ, ચતુરાઇ નહી ચાલે તે સાથ; ખરો દેખાડુ એને ખ્યાલ, નહીં માને ડાહ્યો દલાલ; મુને કપટ કરયુ માંટીએ, અતિશે લીધા છે આંટીએ; હવડે આવે વોળાવી ધણી, રીસ મુજ ઉપર કરશે ઘણી. એણે સરવે દીઠુ સાચ, નાક કાપશે આંગળ પાંચ; તેહ પેહેલી વિજા-રી કરૂ, એવી હીમત હઇડે ધરૂ. પાણી પેહેલી બાંધુ પાગ, ઓલવુ દાવાદળની આગ; અધરમ મારામાં બાકી નથી, કોડ અવગુણ મારા છે કથી; એક ઘડી ત્યાં ગઈ જાહરે, તરૂણી વેશ ધરયો તાહરે.

(છપા.) મોર પીંછ મુગટ, વાળ્યો વજર કછોટો; મદીરા પાનનો કળસ, માણ્યો કર મધે મોટો; શક્તી શામ શરીર, ભુત ભયાનક ભારી; કરત્રિમ કારમો કોપ, વિચિત્ર વિરામ તે નારી. કાળની કાળ જ-મ જાળીએ, પ્રલય સરખી પારખી; ઉઘાડુ ખડક કરમાં ધરયું, શામા શતરૂ સારખી. (ચોપાઇ) વજર કછોટો વાળી લીધ, શકતી રૂપ કો સાચી રીધ. બહુ બીહામણા કરડે દંત, કે દ્રષ્ટીથી આણે અં-ત. સીંદુર વિભુતીને રૂદ્રક્ષ મોર પીછ મુગટની સાખ; મસ્તક સઘડી બહુ વિધ બળે, કૃતાંત રૂપ તે કાણુંજ કળે. બીજા હાથમાં ધરૂ ત્રિશુલ, દુશમાનનાં જે કાઢે મુળ; ખાઉ ખાઉ કરતી ખેચરી, પતી સામી પોતે પરવરી. અગર આપ ચઢાવ્યાં શીશ, કરે માંય રાખી બહુ રીસ: જગત બાધુ તે જુગતે જોય, કર ત્રીમ રૂપ કરે નહી કોય. મહા સુરા દેખતાં બીએ, રૂધીર પાનને મદીરા પીએ. પ્રલય કાળ અગ્નિ સાંપ રો, ગરિબ વણીકનો શો આશરો, એક ફુંકમાં ફાટી જાય, આખ્યો ગળે કે આમીશ ખાય; અગ્નિભડકા કાઢે ઘણા, તોલ જણાય નહી તરૂણી તણા; ગારગ સાંકડે મળીયો ધણી, જવાળા રૂપ મળી જોગણી, કાઢી ખાંડુ ધાઈ ધસમસી, નાંખી ચીસ ધણીપર ધસી; જડી તેહુંનરને જાગ, નાકી પ્રદક્ષણા દેઈ પ્રણમ્યો પાગ. અરે માત હું તારો રાંક, ક્ષમા કરજોજી મારો વાંક; થર થર ધજ્યો તેહ દલાલ, આવ્યા ઓ તારો ખુ-ટયો કાળ. રાખ્ય રાખ્ય શકિત તું શરણ, એમ કહીને વળગ્યો ચરણ; જે તું માતા કહે તે કરૂ, તન મન ધન તુજ આગળ ધરૂ. હું ગરીબ તારો વાણીયો, ઉગાર માત મારો પ્રાણીઓ; કહો તો ઘર હમારૂ ત જુ, ભાવે નિત ભવાની ભજુ; કહો તો મુકુ ઘરને બાર, કહો. તો મુકુ પરણી નાર. કહો તો મુકુ સરવે ધન ગનાવું માતા તારૂં મન. ત્યારે કાળી પ્રસન થઇ, બોલ્યાં વચન ક્ષણ એક રહી; જાજા જીવતો મુકુ તને, તેં વચને સંતોખ્યા મુને, અમૃત વચન કહ્યું મુજ સાથ, હેતે ધરી મુકયો શીશ હાથ. (સોરઠા.) જવા-બા મુખી નિજ નામ, રીજુ તો રાજી કરૂ; કરૂ મન ચીંતવ્યાં કામ. ખડગ તળે કાઢુ ખીજતાં, પ્રેમદા નારીનું પુન્ય; જા મુકુછું જીવતો, નીમેશ માત્ર નહી ન્યુન. પ્રાણ લેત એક પલકમાં, ધરણી સતવાદી ઘેર, ત્રેપક્ષે તાજી તાહરી; પ્રાણ ઉગારયો પેર, કામનીના પુને કરી. પ્રેમદાનો પ્રતાપ, આજ જા જડીએ જાગશો; પુરણ સળ્યાં તાં પાપ, ભક્ષ કરત તુને ભાવથી; એ વાતમાં સંદેહ નથી. (ચોપાઇ) હું કહું

તેમ કરજે એક કામ, જા હવડાં તું તારે ઠામ; તારી નારે કીધુ પુન્ય, નીમેશ માત્ર ન રાખી ન્યુન. એક દીવસ સોદાગર જેહ, તું વગાની લાવ્યો તેહ; તે ઉભો તો સરોવર તીર, તારી નાર ભરતીતી નીર; તે સોદાગરે દીઠી દ્રષ્ટ, કામની દેખી પામ્યો કષ્ટ; તેને લાગ્યું મોહનું બાણ, પરવશ પડીયા તેના પ્રાણ. તેને મન પ્રતિજ્ઞા કરી, હિંમત એવી મનમાં ધરી; પરનારીશું કેમ બોલાય, મનનો પડદો કેમ ખોલાય; તે મંદીર મારે આવીયો, કરમાં ખડગ પોતે લાવીયો; તજવા માંડયા પ્રાણ, તે મુજને થતું ત્યાં જાણ્યું. હાં હાં કહીને ઝાલ્યો હાથ, હું બોલી સોદાગર સાથ; પ્રિત ધરી તે પ્રણમ્યો પાગ, ત્યારે મેં કહ્યું જે માગ; ત્યારે એણે માગ્યુ એમ, તારી પ્રેમદા ઉપર પ્રેમ; એ નારીનો સંગમ થાય, તોતો જીવ ઘર આ કાય દેવી કે ને લીધું દાન, માન્યની તુજને દેશે માન; જુવતી વાહલી છે જેહને. સંતોખીશ હુંતો તેહને. વચન મારૂ મિથ્યા જાય ત્રણ લોકનો પ્રલે થાય; તારી નારી સુનિતી ત્યાંય, કહું સ્વપ્નમાં પ્રગટી ત્યાંય. સોદાગર સાથે એકવાર, જુવતી જઇને કરતું જાર; નકાર નારીએ કીધો સરવ, ઘણોક મનમાં આણ્યો ગરવ. માતા દુઃખ લાગો કે સુખ, પર પુરૂષ નહી નરખુ મુખ; અઘટ બોલ જશે આપના, બોળીશ નહી પળીઆ બાપના; ના કહી વાર એણે દશ વીશ, ત્યારે મુને ચઢી બહુરીશ; મે કહ્યું હું તુજને ખાઉં, આવીને નીરમુખ નહીં જાઉ. મારૂ તુજ પિતાને માત, મારૂ તારા સાને ભ્રાત; મારૂ તુજને હું આવીશ, નહીં તો છેદુ તારૂં શીશ; ત્યારે તો તેણીએ હા નવ કહી, સતી સીરોમણ એનો સહી; પર પુરૂષ સામુ નહી જોઉ, પતિવ્રતા બીદ મારૂ ખોઉ. ત્યારે મેં કીધો ઉચ્ચાર, ભક્ષ કરૂ તારો ભરથાર; અંતરીક્ષ હું એને લેઈ જાઉ. શેકી માંશ પ્યારાનો ખાઉં, મિથ્યા બોલ જાગે માહરો, સ્વામી કેમ જીવે તાહરો. એહ વાત એને નવ ગમી, વળતી તે તો નારી નમી; ભરથાર મારો જીવે જેમ, કૃપા કરીને કહોને તેમ. સોદાગરને તેડી ઘેર, પુરણ પ્રીત રમાડો પેર; તો જીવે તારો ભરથાર, જાણુ હું હઈડાનો હાર. બીજે દીન સોદાગર જાય, તરૂણી આવી તારી ત્યાંય, તે સંઘાતે કીધી પ્રીત, જેવી રાજવીઆની રીત તે સંઘાતે મળ્યો ઠાઠ, સોદાગર તેડો દીન આઠ. તે તો તારો પુરણ મીત્ર, ચતુરા તણાં કહ્યાં ચરિત્ર. તેણે વાત માંડી કહી તુને તે સરવે સમજણ છે મુને; આજ તે પરદેશે ગયો, તેનો મનોરથ પુરણ થયો. તારી સ્ત્રીનું રહ્યું છે સત, પુરણ તારી રાખી પત, વચન પાળીને રહી છે શર્મ; રાખ્યો ઇશ્વરે સતનો ધર્મ, ઘણી લક્ષમી આપુ ઘર સુત્ર આપુ તુને પ્રતાપીક પુત્ર. આપુ તુને આવરદા ઘણો, તોલ તરતીબ જે મહીમા તણો. કાળીકાએ તજીઓ કોપ, આદ્ય શક્ત થયાં ત્યાં લોપ; નખરૂ કીધું તે નારીએ, શીઘ ઘેર ગયા થઈ ભારીએ. નાહી ધોઈ કાયા શુદ્ધ કરી; પેઠી રસોઇમાં સુંદરી; પાછળથી આવ્યો ભરથાર, મળ્યાં એકઠાં નરને નાર. એ સોદાગર મારો મિત્ર, પુન્યવંતને પરમ પવિત્ર. ૧૯૨ (દોહરા) નારી કહેરે નાવલા, તું હઈયાનો હાર; આયુષ મુજ આવી રહ્યું છેલ્લો કરૂ જુહાર. વિશ હજાર વાંક માહરા, મે કર્યું કુડું કામ. દેહદાર મારો દાખો નહી, રામ રામ શ્રી રામ; કટાર અણો પેખવા તે કામની માંડ્યો પેટ, કર ઝાલ્યો તે કંથડાએ હાં હાં કહી, સ્થીર ડેઠ, શો વાકનો શો ગુનો અધરમ, સાચુ બોલ સલક્ષણી, તજી મનમાંથી શરમ. ૧૯૬ (છપ્પો.) કહ્યું સ્વપ્નામાં સત્ય, રાય સોદાગર સાથે, નથી કરયો અધરમ, હેત હજારાં હાથે. નાના કહી દશવાર, કાળીકા મુજને કોપી, મારૂં તારાં માબાપ, લાજ એને તો લોપી, મારોનો મારે સુખે, મારૂ મન ખાતે ખરૂ; પૃથ્વી જો પ્રલે થશે, એ અધર્મ નહી આચરૂ, ભક્ષ કરૂ ભરથાર; આજ તરૂણી હું તારો. માને નહી મુજ વચન, બોલ જાએ જો મારો; સાસરીયાં તારાં સર્વે, જીવતાં એકે ન મુકુ. પ્રતીજ્ઞા લક્ષ કરોડ, ચીતથી હું નહી ચુકુ, પાય લાગી હું પ્રીતથી, ખરો હુકમ તુજ ખેડશું; લક્ષ કરોડ વિશે વસા, નરને તો તેડસં ૧૯૮ (દોહરો.) કામની કહેરે કંથડા ક્ષમા કરો મુજ વાંક; હું અપરાધી તાહરી અધીકો આંક; અણુઘટતું મેં આચર્યું, નેક રહી નહી તુન; સત રાખ્યું શ્રીઇશ્વરે પીઉજી તારૂ પુન્ય. પ્રસન થયો પતિ તેહનો, કહુ તુજને શાબાસ, સત કહ્યું તે સુંદરી, હેતે કીધું હાશ, માબાપ વહાલાં નવ કરયાં ને કરયા વહાલા ભ્રાત, વહાલી કાયા નવ કરી, વખાણુ કરૂ શી વાત; કદાચ તમો તેડત નહી, તો વીપરીત થાતે ઘાત. કોપત મુજને કાળીકા, ખાંત ધરીને ખાત; મુજ આગળ માનત નહી, જરૂર તુજને લઉં. જારી અભુત વાહરી, દેતો તુજને દંડ પોપટ કહે શુણ પ્રેમદા, અંતર આણી પ્રીત; જાઓ સુખે જારી કરો

આવડે એવી રીત; દીવસ પુરણ પંદર થયા, કરજો નારી હેત; શુકને સોંપ્યા આત્મા, તન મન ધન સમેત. સુણ રંગીયલ સુત શગતી, સીદ્ધુજ પતી સીરદાર, ઝવેર જશવંતા આગળે, શાગળભટ કહે સાર; ગુજરાત દેશમાં ગુણ ઘણો, વેગનપુરમાં વાસ; પીતા પુરશોતમ તણો, કહે કવી સામળદાસ; શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ; શામળભટ કહે બોલતે જય જય શ્રી રણછોડ.

વારતા ૧૯ મી.

(ચોપાઇ) ગરવા ગણપતીના પુજુ પાય, સાર કરે અંબુ સુત રાય; દુખભંજન દુંદાળો દેવ, સુરસ નકાદિક કેરી શેવ. શોભીત સુંદર શણગાર, ઉતમ મોદકતણા અહાર; શુભ બુધિદેયણ સારદા. નીરમળ નામ જપુ નર્મદા. દંડ કમંડળ કર ધારણી, કોટી કલ્યાણ તણી કારણી. ધ્યાન ધરૂં તારૂં સારદા, કષ્ટ પડે નહી મુજને કદા. ૩ (છપા) હનુમંત માહા બળવંત. સીતાની વારે ધાયો; અતળીબળ અનંત, રામ રસ ગરવો ગાયો; ઇન્દ્રજીત કુંભકરણ તે ચાંચપુવત ચોળ્યો; બોતેર કોટી બળવંત, રાવણને સાથે રોળ્યો. કનક રંગ કરી કોયલા, આશોકવાડી ખાંડી કરી; રામ લક્ષમણ જસ જીતીગો, સીતા લેઇ આવ્યો ફરી, ગારકડેશ્વર મુન્ય, ચીરંજીવી કુળ કહાવ્યો; બ્રહ્મા ભાખીયા વેદ, પાણી રસ ભરતે ભાવ્યો. વ્યાસ સરખા વીશ કરોડ; પુરાણ અષ્ટાદશ કીધાં. શુકદેવ સરીખા સિદ્ધ, દાન અભય પદ દીધાં: ભણતર ગણતર મંત્ર જંત્ર તંત્ર, પ્રાક્રમ મહા મતી શામળ કહે શેવુ સારદા, શ્રષ્ટી કરતા જે સરસ્વતી. (ચોપાઇ) કહુ શુક બહોતેરીની કથા જોગ વાત બોલાવે જથા; કવી શામળ હું તારે શરણ, વાચું વશ જે રાતે તરણ; શુભ દીવસ થયા છે સોળ, કામા આલી કરી કલોલ; સજ્યા સોળ શોભીત સણગાર. કંઠે મુકતાફળના હાર; ચુવા ચંદનને બેકે બરાશ, લીલા લક્ષણ લીલવીલાસ; જુવાનીનું છે જોર, સ્ત્રી રાગે છે અધિકો તોર; મહામદગળ કળ કરણી હોય જેમ, તરૂણી તો ચાલે છે તેમ. કામ્યનીનું કારણ કોણ કળે, આવી પોપટ પાંજર તળે; પોપટ બેઠો પ્રીતે પાસ, શેહાણો તમને શાબાશ. આજ ભલી ભજાવા ભાત, રામા શીદ જશોજી રાત. સાચી વાત કહી નારીયે, જુવતી કહે જઇએ જારીયે. બારે તમે ભણાવ્યા ભેદ, વરણન કરી દેખાડયા વેદ. ગુણ બાધા તેની હું ગણી, ભલી વાત ભહારથ ભણી, ન રહી એક વીધા નુન્ય, પુરણ પોપટ તારૂં પુન્ય, ભલે જુવતીજી જાઓ જરૂર, આવો આપ ઉગમતે સુર. રખો જશોને બેસો ખાંત, ભોગ કરો નવ ધારશો ભ્રાંત. કદાચ સંકટ પુરણ પડે, રખે કલંક તમ મસતક ચઢે; લાખેણી લાજ વધારો ઘેર, રખે પીવું પડે ત્યાં ઝેર. રખે ખોઇ આવો શણગાર; ન જાણે ભુપ તથા ભરથાર. રખે હજત નારી તુજ જાય, રખે દામ દંડે કોઈ રાય; રખે જાણતી નીરમળ નાત; રખે ભોગવે જુવતી જાત. બાળા બારડની નારીએ, જીત્યો જસ પોતે જારીએ; તેમ કરજો જેમ વહેવાર, એ વિદ્યા છે અપરમપાર. મોટા સિદ્ધને જોગી જતી, વિખય સરપ ડસે ગઈ મતી. ૧૮ (છપ્પો.) પંચોપાખ્યાન આખ્યાન તે પુરણ પરાયણ; તરણ તારણ ત્રિલોક, શત કોટી રામાયણ અષ્ટ દશ પુરાણ, અખ્યાન જેણે કીધા; કણભજ કૃત જે ન્યાય, પંડીત થઈ પુરણ પીધાં. વેદ ભણે છે વેદીયા કોડ વાર કહુ શુ કવી; ત્રિ ચરિત્રના આગળે નિમેશ ડાહાપણ કોનુ નથી. ૧૯ (ચોપાઇ). રામા પગ ખેંચીને રહી, પોપટ પ્રત્યે વાણી કહી; કોણ બાળોને કોણ છે નાર; કયમ સ્ત્રિએ કિધો વહેવાર. કહે કીર તજને તમોળ, ઉતારો શોભીતા શોળ; ભિને વસતરે બેઠી ભામ્યની, કામ દહન કરવા કામ્યની. ૨૧ (દોહરો.) શુક કહે શુણ સુંદરી ચતુર ચતુર સુજાણ, વિજાર વિદ્યા વરણવુ, પંચ કરે પરિમાણ. મેવાડ દેશના મહીપતિ, ભાગી ભુપતી; નામ પિપળીઆપુર અતિ, ગુણવંતુ છે ગામ. બરાડ એક બાળો વશે અહિણીઓ અતી ઉંચ; સવાગજી શીર ચોટલો, મુખ મોટી મુછ; તાતી તરવાર તજે નહિ પાકો તેહ પ્રચંડ. હડે હાથમી તે થકી, હડે વળી પરબ્રડ તાકે તો મુકે નહી, છેતર્યો નહી જાય; થરથર કંપે તે થકી, કયાં રંક કે રાય; કાંકડો ને અતી વાંકડો, શગે આંકડો અધ, સતરૂ બહુ સાંકડે, પણ સાચુ તે સધ. કાનાજી તેની કામની, કંદ્રપ તણો અવતાર; ભુખ્યાનું મુખ નવ જુવે, દેવણ ગુણ દાતાર. માનની મોટા તણી, વશ વરતે સહુ લોક; આપ પિઉએ ખુશી કરે, સ્વપ્ને ન ધરે શોક. ચિંતવતા વધુ વિચારતી, કરે મન સાથે વાત; જો નિરલજતા દેખશે, બહિરે કરશે ઘાત. વિચાર વરતે નહી, પણ એમ નિશ્ચ સ્વભાવ; વાત કરે નિર્લજની, લખે જો કાંઈ હાથ. ભરથાર જેમ ભાળે નહી, પીછે નહિ કોઈ પેરક પર નરથી

વાતો કરે, બેશી પાડોશી ઘેર: માંદી છે રીસ ળતો, તે થોતા દીસે શ્રપ: માટે આસે પાંસરી, ગુણ સ્વામીના ગાય. ઓસડ તે સત્ત રોગનું, ઉપાય સર્વેનો હોય; પણ સ્વભાવ ઓસડ ટરે તે જનમ્યો નહી કોય. અત્યંત અનંગળ અતિ ઘણી, પેરૂ સંગાથે પ્રીત; એક એકને દેખી ઠરે, રાજનીવાંની રીત; કોઇક દિવસ તે કંથડો, ચતુરાનાં જોયાં ચેન; લક્ષણવંતી એ લક્ષધા, નિચાં ઢાળે નેન. પરનરને પેખે નહી, મુજપર ઝાઝું હેત; માટે એને સોપવું, તન મન ધન સમેત, જરવંતી જોબનવંતી, કામવતી જે કામ; ઇશકવંતી અસ્મકવંતી, તે પરનરને નામ; કરમવંનીને રમવંતી; શરમવંતી મુજ નાર; વશ વરને છે આપણે, જુઠ ન જાણે જાર; એક દિવસ એક મિત્ર જન, સમજ્યો શામા સાન; મિત્ર આગળ ગાંઠી કહ્યું. જુવતી કરશે જાન. તોપણ તે માન્યુ નહી દીધી ગાળ દસ વીસ; ફરી વાત એવી કહો તોનો છેદુ શીશ. એમ દિવસ બહુ વહી ગયા, કહ્યું પોતાની માત; શિક્ષા દેઇ રાખો સુંદરી, નીકર થાય ફિતપાત. તોયે પણ માન્યુ નહી, સાસુ વહુને વેર: સુખ દેખી કોઇ નવ શકે, જુવતી જાતમાં ઝેર. એક દિન તાત પોતાતણો, તેડયો સુત એકાંત; વાત વિસ્તારીને કહી, બાગી તેની ભ્રાંત. કરયા ટુકારા તાતને ગાઢું ગોલોછો માંડ; કોઇ દાઢી બામ્યની, ઘરની કે પરની રાંડ. તાતો ને તરવારીઓ, સાગદને વળી સુર; રજપુત વળી રીસાળુનો. પ્રતાપવત તે પુર. કોણ તેને કહી શકે, એક ચીત નરને નાર; એક દિવસ શું નીપજ્યું, કહું તેનો વિસ્તાર. ભાગી ગાગનો ભુપતી, જાતો તો કાંઇ કાગ; પરવરનું કોસ પચાસપર, ગેલા ગોરને ગામ. સઘળા સામદ સુંદીવા. રાવત મોટા રાજ બાળો બેશી કયમ રહે, લક્ષ કોટીયા લાજ. ઘેર આવ્યો તે ગુણનાધી, કહ્યા કામનીને કેણ; વાહાણામાં અમો ચાલશૂ, વનિતા સાંભળ વેણ. જયારે ઇશ્વર લાવશે, ત્યારે આવશુ વાસ, મંદીર રેહેજો માનની પ્રીયજન કેરી પાસ. ખાઓ પીઓ ખુશી કરો પોઢો સુખે પાટ; પાન ફુલ પ્રેમલ ઘણાં, હીચો હીચોળાખાટ. મુરછા આવી માનની, એ સુખ સરવે બાળ; ચતુર મુકય તું ચાકરી, ઘેર શીયાળો ગાળય નર. વિણ નારી એકલી, ધીક તેનો અવતાર; સાચે સુનો જાણીઓ, સ્વામી વિણ સંસાર. બાળ ખાવુંને ખેલવું. બાળ શોભીનો શણગાર: બાળ પુરપ પલંગને, ભુવન નહિ ભરાથર. બાળ સજયથા સુખ સરવથા, બાળ પુસ્પના હાર; બાળ ગીતને નરતને, ભૂવન નહિ ભરતાર. બાળ તાહરી ચાકરી, બાળ કમાઇના કૃત; નર વીણ નારી એકલી, સ્વામી રહેતો શોખ. હુતો પ્રાણ મારા તજુ જો પતી જાય પરદેશ; મેહણા દેશે લોકડાં, કહો શા રીતે ખમીશ. જળ પાંખી જેમ માછલી, ચંદ્ર વણ જેમ ચકોર; કંથ વિના તેમ કામની, મેહ વિના જેમ મોર. જેમ સરોવર નીર વણ, જેમ ફળ વિનાનું વ્રક્ષ; સારૂ તે શોભે નહી, દિલ વિચારો દક્ષ; વીધા પાખી વિપ્ર જેમ, ગરથ વિના જેમ ગ્રસ્ત; પુરૂષ વિનાની નાર તેમ, જો હોય સઘળી વસ્ત. બાળે બેઉ કર જોડીયા, આંસુ લોયાં આપ; જાઇએ નહીં તો જાન છે, પુરણ પ્રગટે પાપ. જેમ જેમ કરી દિન નિરગમ્યો, અમો જાવા મન કીધ: રાજી થઇ રજા આપો, કારણ કરીએ સિદ્ધ. સોપારી આપી સુંદરી, તિલક કરયાં છે તરત; પ્રતીજ્ઞા પોતે કરી, વીવિધ પ્રકારે વરત. ચાલ્યો તેતો ચતુર નર, સ્વામી પોતાને સાથ; મંદીર રહી તે માનની, લઇકુ નહી જેનુ હાથ, બીજે દીવસ એક બાળકા, માનની માળણ મૂલ; બેઠ લાવી તે ભાગની, ફળ પ્રેમળને ફુલ. અતિશે રૂડી ઓઢણી, ચોળી ચીર ને હાર; છાબ ભરી લાવી ત્યાંહાં, જયાં બાળાની નાર. માનની કહે સુણ માળણી, પાછી છાબ લેઇ જાઓ; બારવરે સ્વામી ગયા, નારી કહે મુજ નાહો. આજ સુનું છે સાથરે, ઘણી પાખી ઘર ધુળ; સોળ તજયા છે સાગરા, કરૂ શું ફળને ફુલ. હરામજાદી એ માલણી, ધુરત જુવતીની જાત; ઓશીયાળી કરવા તેહને વીપરીત કહી એક વાત. (ચોપાઇ.)માળણ કહે સુણ માનની, ભોળી થઇ તુ ભામની; પતી પરણ્યાંને બેઠો પરો, કહ્યું કમુશ્ર અગાર કરો- ભોળવ એક બીજો ભરતાર, મનુશા દેહી નહી વારંવાર; સ્થિર આવર જોબન નહી રહે કરોડ કરી એ રીતે કહે; વપુ પલટાશે તારો વેશ, ધોળા થાશે શીરના કેશ; કાયા છેક થાશે કાથળી, કાશા જન કહેશે ડોસલી; નમશે તૂનઅને નમશે નેન વદન બોલાશે વિપરીત વેણ; કાન સંભાળશે નહી કરણ, ચંચળ ભુજ ચાલે નહીં ચરણ, નવે નાડીઓ થાસે નરમ; નહી માને ત્યારે કોઇ શરમ. એવી છે કાયાની રીત, પર પુરૂષ શુ માંડો પ્રીત. એમ કહીને માળણ હશી, વાત વીનતાના મનમાં વસી; છેક વાત છોકી છાનીએ, પ્રેમદાની બુદ્ધી પાનીએ. તરત તેહનું ટળકયું મન, ફરી નહી આવે આવો દન; કંથ આવે જારી નવ થાય, જીવ જરૂરી મારો જાય. તુને ગમે છે તો કીજીએ, લાયેણું લા-

હો લીજીએ; કહે નારી કહું તે વાત, માળણ તું છે મારી માત. ગોવીંદ ગાંધર્વ રૂડુ ગાય છે, મન મારૂ મળવા ચહાય છે. સુંદર રૂપને સુંદર રાગ, લાગ્ય તેને બને એ લાગ આજ જરૂર તેને લાવજે. ઉતાવળાં વેગે આવજે. માળણ મન મનાવી વળી, એકાંત ગોવીંદને જઈ મળી મળી ભાગી તેના મનની ભ્રાંત; બોલી ગુણવંતી બાળાતરી, ખાસ ભેખ બાવારથ બણી. કાંઇક તુજ સરખુ છે કામ, જરૂર ચાલો તેડે એ ઠામ; મન ગમતી માનનીને માણવ, ભોગવ્ય તુ અમ્રતરસ ખાણ. દુખ સઘળાં દેવટ વામશો, એવો અવસર કયાં પામશો; ગોવીંદો કહે ગતિ ગીત, મારે એને શાની પ્રીત. એને ઘેર નથી કુળ કંથ,મુકી પ્રેમદા પરવરો પંથ; સાસુ સસરો જોરાવ છે. જાણુ, પલક એકમાં કાઢે પ્રાણ, એ જાતની સામુ નહીં જોઉ, સાને જીવ વણુ ખુટે ખોઉ. કહુ કામ તો નવ કીજીએ, લાભ એ વાતે શો લીજીએ; એવી કહી ગોવીંદે વાત, વળતી બોલી માળણ જાત (દોહરા) માળણ કહે છે માલ હોણ, મુરખ તારૂ તોલ; આવ્યને ત્યાં ઉતાવળો, બોલજ રૂડા બોલ પ્રેમદા આપશે પામરી, કે બંધાવશે પાઘ, વાત કોઇ જાણે નહી, નહી બેસે તુજને ડાઘ. ઘેર ઘેર ગીત ગાતો ફરે, ભુવન ભુવન લે ભીખ, આવો દાવ મળશે નહી, સારી દેઉછુ શીખ. બંબેરયા બમે લાકડા, ગોવીંદ થયો તે ઘાટ, બાળો રાજદરમાં, મુસાફરીજવા માટ. વાંકોને વરણાગીયો, શુરો કેરા સુર; અતિ કડે અહીં રાખવો, સાચવશે એ પુરશોભીતને સતવાદીઓ, રીસાળવો તે રાજ; એકલો એ ચોકી કરે, બીજાનું નહી કાજ, બાવનુ ને વઇદે કારયુ, સહુકોની દીધી શીખ; મંદીર આવ્યો મલપતો મનમાં આણી બીક. ગોવીંદોને ગોરડી, ભૂમી ઉપરે ભરાત; માંથે માળણ માનની, ઉભી રહે છે એકાંત. ઉચા ફુલતો મસ મસે પાકુ તેલ; માટલી સુખડીએ ભરી, શોભે રંગની રેલ. બીક તેને કોની નથી, જાણે પતી પ્રદેશ; અહી કો આવી નવ શકે, લાજ ન લોપે લેશ. ઉઘાડાં છે બારણાં, ઉઘાડાં ગુપ્ત ગોખ, પરસાળેપાથરણું કરયુ, ચતુર પોઢીછે ચોક. ચતુરા આપ ચતી પડી, ગોવીંદ બેઠો છે ભુજ, માળણ ત્યાં ઉભી રહી જોજે રાયાની સુજ. ગોવીંદે પેહેરયું પોતીયું, છુટા શીરના કેશ; ભીજયો છે તેલને ફુલથી, વપુએ જોબન વેશ. બાળો આવ્યો બારણે, ઉતપાત દીઠો તે ઠાર; પીંજરમાં તે પરજળ્યો, અપરમપાર અપાર; રાંડે કોઇને રાખીયો ધાયો રીસે ધરમાંય તે નેન મુકુ જીવતો, તોલ કરયું તે ત્યાંહ. માબાપે મુજને કહયું, મેં નવ માન્યું સાચ; હું શિરદાર મુરખ તણો, દિધી તેને આંચ, મિત્ર જુઠુ બોલે નહીં હસે દીઠુ નિરધાર; તેણે તો સાચુ કહયું, આણયો તે શું ખાર; થયો કાયરને કળ કળો, રૂદે ધરી બહુ રીસ; ખાક ઉચક્યુ કર ધરયુ, હણુવા ત્રણેનાં શીશ. (સોરઠા)અધિક પ્રકારે આપ કરી પ્રતિગ્ના કોપથી, પ્રલય કાળનું પાપ, જુવંતીને મુકુ જીવતી.

(દોહરા.)માબાપે મુજને કહ્યું, મેં નવ માન્યું નેટ; મારૂં ડાહાપણ શાણપણ, તેમાં ઉઠી વેઠ, મારૂં નીરચે માનની, લાવી હોય જો દંડ; દઇવ થકી દમુ ઘણું, સત્યવ્રા દેવો દંડ, ઘરમાં આવ્યો ઘર ધણી, દીઠાં નરને નાર; દીઠી માળણ માનની, દીઠા પુષ્પના હાર, વળી મુકેલી માટલી સુખડી તેમાં સાર સુતી દીઠી સુંદરી, બેઠા દીઠો જાર. જુગતી બાંધી જારની, નિમેશ માત્ર નહી સુન્ય; વિવેક મળે નહી વનનો; થયો રવાગી તે સુન્ય. પોપટ કહે પ્રભાવતી, કહો વિજાગરી વાત; કંથે દીઠી કામની, અધિક હવો ઉતપાત. નજરે દીઠુ નાગલે, અગુ દીઠુ કયમ થાય; પતિ કયમ જાણે પતિવ્રતા, પતિ કેમ લાગે પાય, કયમ જાય ગોવીંદો જીવતો, કયમ મળે માળણનો મેળ; વિદ્યા હોય વિજારની. તો ખરો બતાવો ખેલ. કરી પ્રતીગ્ના પાંચસે, વચમાં આણ્યા ઇશ, એમ કયમ રહે જીવતા, નિસ્ચે છેદે શીશ. આવ્યાં છે સહુ આંચમાં પ્રગટયા પાંચે પાપ. પતિ એનો પુછશે દેશે કોણ જવાબ; પ્રભાવતી કહે પોપટા, જડે નહી એક જાગ. એ વિદ્યા જો શીખશે, લાગુ તારે પાગ; ચઉદ વિદ્યાની ચાતુરી, સાચી સરવે સઘ; એમાં કાંઇ નવ ઉકલે; આને શુણીયું અઘ. એતો અચરજ અતિ ઘણું ધણીએ દીઠુ દ્રષ્ટ, મુકે નહી કોઇને જીવતા કંથડો દેશે કષ્ટ; પતિ પુછવા નહી રહે, રૂવાત સુણે નહી કરણ; તે વેળાં તેણી ઘડી, મુવા જાણુંજે ત્રણ. એતો હત્યા નવ ગણે, ન ગણે પુરણ પિત. તરત હણે એ ત્રણને, રાજવીઆની રીત. પોપટ કહે પ્રભાવતી, કહુ વીજારી વાત; કહ્યું કરો એક માહરૂ, રહો આજની રાત. નહી જઇએ કે તો નવ દીવસ, ખરે બતાવો ખ્યાલ, એ વીજારી કયમ થશે, માનપતીમાં શો માલ. પરઠાયો દીઠો પતી તણો, નર બેર આણ્યો નેઠ. અરે દઇવ આશુ થશે, પડયો ધ્રાસકો પેટ; ચેતાવ્યો તે ચતુર નર, ચેતાવી માળણ નાર; કે

કહુ તે તમે કરો, સુનન આવ્યો ભરતાર. ગોવીંદા થા તું ગારડી, ચુશ અંગોએ આપ, ચીઓ નાંખ ચૌ-પાસથી, શાઆને કરડયો સાપ; કરવું તો ડરવું નહી, ડરવે જાશે દેહ. પાગે લાગસે ઘરધણી, જખ આરેછે એહ. પાડી બુમ પ્રેમદા, હું અચેત થાઉંછું આપ; મુકો વગડે માટલી, જેમાં મણીધર સાપ; કેહે માળણ ભલે આવીયાં, રાણી જાયા રોખ; તારૂ મંદીર તુજ માનની, જીવેતો કરજો જોખ. પ્રભાતે પા-વરી મેલવા, હું આવીતી આપ; તે વેળા તુજ નારને, કરડયો શતરૂ સાપ. ધીરજ દેઇ હું ધસમસી જા ણ્યું પામશે મરત, એક પલકમાં તેડીઓ, ગારૂડી ગોવીંદ તરત. પાન ફુલને તેલના, વેદ ચલાવ્યા વહા-ણ; ઘણી બુમથી ગારૂડી, આવ્યા ઘોઘ ચુવાણ. પાડોસીને પ્રિયજન, લક્ષ મળ્યા ત્યાં લોક; સરપે એ સાગા ડશી, સજન સહુને શોક થયો બાળો બેબાકળો, ક્રોધ સમાવ્યો તરત; ગરત વાળત ગારૂડી, મા નની પામશે મરત. પુછે શું પરખે કહ્યું, સો કાઢે ત્યાં વાંક: અતુવાન થઇ માનની, એતો આડે આંક. મારે એના બાપને, કે છેદે એનું શીશ; તરવાર નાંખી તીહાં, તજી ફ્રેથી રીસ. ગોવીંદ ઘણો ડા-હગો હતો, મંત્ર ભણ્યો ત્યાં મેળ; સાત પોરે સાજી કરી, ખરો બનાવ્યો ખેલ. મરતીતી એ માનની, અ ધીક થતીતી હાણ; જીવદાતા જગદીશ એ ગરૂવો ઘોઘ ચુહાણ. પ્રાણદાતા પતી કહે, વહે વેદ પુરાણ; ગોવીંદા એ ગોરડી, ગરૂવો ઘોઘ ચૂહાણ. મરી જાત એ માનની, ન હોત વિનતાશું વાત; વિજોગ હોત વધુ તણો, થાતો ગાહા ઉતપાત. ભાગી ભ્રાંત ભરથારની, ન જાણ્યો એકે મરમ; જુઠું તે સાચુ કરયું, જુવો કામનીના કરમ. વાહ વાહ લોકે કહ્યું, નેટ મરત એ નાર: ગોવીંદે ઉગારી ગોરડી, રહયો ભામ-નીનો ભાર. કહે નાર નાગપાંચમ કરૂ, કરૂ વળી નવરાત્ર; શિવપુજન શ્રાવણ કરૂં, કરૂં અંબાની જાત્ર. કરાર થયો તે કામીની, ગઇ જ્યાં ઝાઝી વાત, ગામ લોક સઉકો ગયા, પૂછી વીનતાને વાત. અહીં તમને ક્યાંથી ડસ્યો, કયમ ગારૂડી આવ્યો ઘેર; કયમ માળણ તમને મળી, પ્રકાશ કરો એ પેર. માટલીમાં શું મુકીયું, ક્યાંથી તેલને ફુલ; માંડી વાત મુજને કહો, મન વીજારી મુલ. (ચોપાઇ) ત્યારે તે બોલી કા-મની, ભોળી થઇ તેનો ભામની; તમો નીસરી આલ્યા ગામ, હું જીભ્યા જપતી શ્રીરામ. ઘડીએ વરસ મુજને સો થશે, આ છ માસ કયમ જશે; ઘરમાં દેવને દીવો કરૂ, પછી ધ્યાન ઇશ્વરનું ધરૂ. પરનારીયા છે પ્રૌઢ પંથ, ક્યારે તે દેખીશું કંથ; લીધું કોડીયું પુરયુ ધૃત. ડસ્યો ડાબે અંગુઠે તરત. વાગ્યો ઝાટકો મારે શીશ; મેં મુખે ભાખ્યા જગદીશ; એટલે આવી માળણ ઘેર, પરઠી તે આગળ કહી પેર. પકડયો ભાવ ધરી ભુરંગ, ત્યાં સુધી પીડા નહીં અંગ; વારી માટલીમાં ઘાલીઓ, ઝાઝે બળ ઝેરી ઝાલીઓ. મા-ટલીમાં ઘાલ્યો મણીધર શાપ, નિરાશ થઇ બેડી હું આપ; કહે માળણ સસરાને કહુ, ત્યારે હું સરમાણી બહુ. ના કીધાથી વારી રહી, ઘેર ગોવીંદાને તે ગઇ; તેડી લાવી તેને તરત, સઘ એટલી મુજને સરત. પાનફુલને પાકુ તેલ, મેળવ્યાં એ ગોવીંદે મેળ; પાછળ વીત્યું હોય જેટલું, નથી ખબર મુજને તેટલું. પછે થયુ તે જાણો તમો, તેમાં કાંઇ ન પ્રીછુ અમો, એવી કહી નારીએ વાત, ખરી તે સ્વામીને ખ્યાત. દોહરો. ગોવીંદા કહે ગુણ નીધી, જાઉ અમો અમ ઘેર, તમો જુવતીને જાળવો, રખે લાગતી લેહેર. ઉંગસે તો અન્યાય થશે, લેર લાગશે તરત, જગાડજો એ જુવતીને, નહીતર પામશે મરણ; નાંખી દેજો નાગને, પાછો ન આવે વાસ; વીચારી રેહેજો વેગળા, પલક ન રહેસો પાસ, બાગે કર જોડીઆ, રહો આ જની રાત, શિરપાવ આપું સોભતા પરવરજો પ્રભાત, મંદીરમાં રાંખી માલણી ચતુરા તારાં ચેન, તું પે-લા ભવની માવડી કે સગી બેન. રાતે રાખ્યા બેજણાં, જગાડવા જરૂર, હાસ વિનોદ હેતે થકી. શીર ઉગીયો સુર, પ્રીતે આપી પામરી; વળી બંધાવી પાઘ; બાળો કહે લો માટલી નાંખી દેજો નાગ. ચતુરાને ચીર પેહેરાવીયાં, માબાપે મુકી મામ, નીંદા કોણે નવ કરી, ગુણવંત કહે સહુ ગામ, જશ ચઢયો જીવતા સુધી, સ્નેહ સાગાને સાથ; કામ કાજ પુછી કરે, હેતે જોડે હાથ; વિદ્યા એ વિજારની, ગુણ જે રૂડા ગાઓ; શેઠાણીને શુક કહે, જાણો તો જારી જાઓ, શાબાશ શુક સલક્ષણા, એ તો અચરજ હોય, કરશું કામ જે કામની, કળી શકે નહી કોય. ભેદ જડે નહી વેદને પુરાણ ન પ્રીછે પાઠ; શુક કહે તે શીખવ્યા કુમ વિદ્યાના ઠાઠ. ગુજર દેશ ગરૂવો ઘણો, વેગનપુરમાં વાસ: શ્રીગૌડ માળવી વીપ્ર શુભ, કહે કવી સા-મળદાસ. વખાણ વાતે સાંભળ્યાં, સિહુજ શીરોમણી ગામ; વિરેશ્વર માહાદેવ છે. જેનું નવખંડે નામ. મનવાંછિત માગ્યાં મળે મોટમ પદ્દી મેર; ચોખાનો લાડુ ચડે, સવા બેમણને શેર. લાયક લેવા ત્યાં વસે,

વર્ણન કરે વંશ; રચીયલ રૂડા રાજની, અવતારીઓ અંશ. નવાણુ ખોદાવ્યાં નીરમળાં, સભા પંડીતની સાજ; ભાવે ભાટ ગંગાવલ્ઝ, ગુણ રૂડેરા ગાય; શ્રવણે સાચા સુણ્યા ઘણાં. શિવજ પુજન સાંજ સવેર, પોચ્ય પુત્ર પ્રતાપતલ વળી દાસ અનેર. તેણે તેડુ મોકલ્યું, આવ્યા શામળ કવીરાજ; કરજોડી તેણે કહ્યુ કરો ગ્રંથ શુભ કાજ છો પેર, સીંહાસન બખ્શીશ, તસ્તીળથી કાઢી તેણે; શિવપૂરાણ સમરથ, અરથ જા- ણ્યો જેણે. રીજથી રેવાખંડ. દંડ જમદુતનો ટાળીયો, અઘોર તણો ઠઠેર, વરણન વાંચીને બારીયો. વર્તાળ પચ્ચિશી વણુવી, શુક બોહોતેર ભાવે ભણી; પ્રસ્તાવિક ગ્રંથ રચ્યા ઘણી, સોળા એ શામળ તણી, દોહરો. બહુ કથા શુક બોતેરી, વાણી વિવિધ વિલાસ; પિતા પુરૂસોતમ તણો, કહે કવી શામળ દાસ. શ્રોતા વકતા સમજવા; કહે કવિતા, કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારતા ૧૭ મી.

દોહરો. ગુણનિધી ગુણ આગળો, ગજ વદન ગુણ સાર; સ્વામી શુધ બુધી તણો, વેદ વડો દાતાર. સરસ્વતી સુખ દાયણી, વેણાં પુસ્તક પાણ; સ્તવન કરૂ શુક બોતેરી, વદતે આપો વાણ. ૨ **છાપ્પો** શ્રી જગદંબા અંબા પ્રથ, શીશ શોહથી નામું; ધર્મ ધુરંધર ધીશ, પંચ પદારથ પામું. આરાસુરી અધિપત્ય, જગત જાણું છે જેણે; સ્વર્ગ મૃત્યુ પાતાળ, ત્રીગુણ રચ્યો છે તેણે. હરતા કરતા ધરણી ધરા, નવે ખંડમાં નામના; સૂખ સાગર સાગળ ભણે. પુરો મનની કામના. શ્રી વૃંદાવન ચંદ્ર. ગોકુળેશ ગીરધારી; આનંદ કંદ અધીપત્ય, હેત કંસાદીક હારી. જસોદા જીવણ પ્રાણ. નંદ નંદન વ્રજવાસી; કોટી બ્રહ્માંડના નાથ, જે ઘેર કમળા દાસી, કરજોડી શામળ કહે, નેહ ઘણેથી નમીએ; કથા કરે શ્રી કૃષ્ણજી તો પાંચ પદારથ માગીએ. **દોહરો.** કથા કહુ શુક બ્હોતરી ધરમ ધ્યાન ધીરજ ધરી; સંસ્કૃતમાંથી શોધીને, પ્રાકૃતમાં પુરણ કરી, શામા સતરમે દીવસ; બની ઠણી બણી બેહ; ગણી ગણીને પગ ધરે, અંતઃકરણમાં ઉમેદ. રમ- ઝમ કરતી રીજથી. ઝમઝમ વાગે ઝેર; ધમ ધમ વાગે ઘુઘરા, મદન તણી સમશેર. હસતી રમતી હેતથી, કરતી વિવિધ વિલાસ; ચાલી ચતુરા ચમકતી, પોપટ કેરી પાસ. જાઉં છું જારી કારણે, બહુધા પામી બુદ્ધ; ગયા આવ્યાના ગુણ ગણો, શુક લેજે તું શુદ્ધ. પોપટ કહેરે પ્રેમદા, સુખે રમી આવો રાત; અરૂણોદયમાં આવજો, કહેજો વિગતની વાત કદાચ કંઇ સંકટ પડે, શત પ્રકારે શઠ, જાર વિદ્યામાં જોખ છે, આખર પાપનું મુળ. જારી જીવ જોખમ કરે, જારીથી જીવ જાય; જારીથી જસ નવ રહે, અધીક થાય અન્યાય. ખેતો કારીગર ખાતરી, રંગાં તેની નાર; કદાચ કહી સંકટ પડે, કરજો એમ પીજાર. પગ ખેંચી રહી પ્રેમદા, સાંભળરે શુક બ્રાત; કોણ રંગા કોણ ખેતીયો, વિસ્તારી કહે વાત. ગામ નામને ઠામ કહે. કેની સાથે પ્રીત; શું સંકટ તેને પડયું, ઉગરી તે કોણ રીત. ભાવે એ વિધા ભણું, ગુણ રૂડા તુજ ગાઉ. નિરભય થઇ નિશંકથી, જરૂર જારીએ જાઉ; પરણ્યા પેલે પાગરણ, પાણ ઉપર કર પર્જ, આંગેથી આભુ- રણ તજ, જો હોય તારે ગર્જ; જેમ કહ્યું તેમજ કરયું, બેઠી સાંભળવા આપ; શુક સંભળાવે વારતા, તજ્યો તરૂણી સંતાપ.

(ચોપાઇ.) શુક કહે શેઠાણી સુણો, પાટણ વાડાને પરગણે; ગોલાણ ગુણવંતુ ગામ, જીતસંઘ નરપતીનું નામ. સાંભળ શામા હેતે કરી, વસે ત્યાં ખેતો ખાતરી; ભાવ ભેદ પોતાના ભણે, અસુલક વસ્ત્ર નરનારી વણે, રંગા નામે નારી એક, તેને વહાલો વધુ વિવેક; નરનારીને અધીકો નેહ, જીવ એકને જુ- જવા દેહ. આખો દહાડો રહે ઘરમાંય, કરે વાતો ત્યાના ત્યાંય; બહાલપણાની વાતો કરે, એક એકને દેખી મન ઠરે, કહે રંગા આનંદ છે ઘણો. રોજ એકઠાં રહેવા તણો; જેને વેહેપાર પરદેશ આપ, તે નરનારીનાં પુરણ પાપ. વેગળો થાય જેનો ભરતાર, ધીકધીક તે સ્ત્રીનો અવતાર; સમરૂ શિવને ખાતરી, જનમ જ- નમ જાતે ખાતરી. કર સ્તુતિ અંબાજી તણી, બાવોભત તું મારો ધણી; પરમેશ્વરનો મારું પાહાડ, સાખેણી લડાવો લાડ. લક્ષપતી અધીકારી આંક, તમ આગળ સઘળા છે રાંક; એ રીતે કરે છે વાત, નર- નારી એકઠાં દીન રાત. ખાતરીને એક બ્રાહ્મણ મીત્ર, તે જાતે છે પરમ પવિત્ર ભણ્યો ગણ્યોને વિચક્ષણ બેઠા એક દીવસ એકાંત. કહે ખેતો નારી મુજ સતી, રજ રોશ હૃદે નહિ રતી; મુને જમાડીને તે જમે, જીવ તેનો મુજ પુંઠે ભમે. મુજને સુવાડી એ સુવે, પરપુરૂષ સામુ નવ જુએ; મારૂ વચન કરે નહિ લોપ, કંઇ દિવસ નવ આણે કોપ. મુજ વિના પાણી નવ પીએ, અન્ન કરતાં અધીકી બીએ, મુજ વિના

નવ આપે ધાન, સોપ્યા મુજને પોતે પ્રાણ. (દોહરા) વિપ્ર કહેરે ખાતરી, મુરખ તારો મેળ; તું તો કાંઇ સમજે નહિ, ખરી નારીના ખેલ. આપણા આગળ કહે નહિ, એનો જેહ વિચાર; ભામની તારી બોગવે, નીત નવો ભરથાર. સુનો સુકે સ્વામીને, જાર સંગાથે જાય; ત્રીવેણી ગંગા તજે, નીચ કુંડમાં નાય. પરમેશ્વરને પરહરે, પુજે નીત પાંખડ; નીચ સ્વભાવ નારી સહુ, દેવ તણો શિર દંડ. રાજા સરખાની રાણીઓ, જોતા સરખા જાત્ર; ભામણિઓ તે બોગવે, તું તે કોણુજ માત્ર. બ્રાહ્મણ રૂડાની ભામની, પુજવા સરખુ પાત્ર; સ્નેહ કરે તે શુદ્રશું, તો તુ કોણુજ માત્ર. સાહુકારીકેરી સુંદરી, દેહ કહાવે દાતાર; તે કીંકર કોડ કરે, જુવતી સાથે જાર; ગંધરવ ગુણીગલની ગોરડી, તે ગાંચીપે ખાય; નારી રાખી નવ રહે, દીલ ચાહ્ય ત્યાં જાય. તારૂણી જે ખારવાં તણી, ગુણુરંતુ જેવું ગાત્ર; તે કાયરને બોગવે, તો તુ કોણુજ માત્ર. દશતા જેની રીઝવે, પતી દિનને રાત; વિભીચાર કે વિચારથી, તો તુ કોણુજ માત્ર. આવક કેરી સુંદરી, ધરમ લાભને જે ખાય; વનિતા બોગવે વરતિઓ, તો તું કોણુજ માત્ર; કોટીલ જાત તે કુકડા, ખરા પાડે તે ખાત્ર; જાર લાભે બોગવે જોગટા, તો તુ કોણુજ માત્ર. ખોટી જાત ખાતરી, ખાડમાં રહે દીન રાત; જોગેશ્વર જુવતિ કેમ જરે, તો તુ કોણુજ માત્ર. નિચ નિરભાગ્ય અભાગિયા, મીઠુ બોલે ભાંડ; મન ભાવે એ બોગવે, એ તુજ રંભા રાંડ. પુરપતી પૃથ્વીપતી, કે દેશાઈ દેશોત; કે લેશે કામની તણી, તેને માથે મોત. ડહાપણ દીલ પોતા તણે, મહિપતી માટે મુસ, કામનીને મન કીંકરા, ધણીઆણી મન ધુળ; એહ ઉપર કહુ વારતા, સંક્ષેપે સુણ સાર; નેહ માને નારી તણો, તેનુ નામ ગુમાર; જુવતીએ સહુ નર જણ્યા, કાં રંક કાં રાય; પાળી પોશી મોટા કર્યા, ત્યાં શી મોટમ થાય.

(ચોપાઇ.) ચંપાવતી નગરીનો ધણી, ચંગળ દેશ અખંડ છે ઘણી; ચંદ્રસેન નરપતિનું નામ, કરે ચીંતવ્યાં સારે કામ. ફુલભટ તેને પ્રધાન, મનગમતાં મહિપતનાં માન; બતરીસ લક્ષણ ચતુર સુજાણ, ધર્મ કર્મ બહુપણુનો ભાણ. ચાતુરવંત તેને ચિત ચડે, હસે ત્યારે મુખથી ફુલ પડે; જાઇ જુઇ ચંબેલી તણાં, પડે ફુલ મુખમાંથી ઘણાં. એકે નહી તે નરમાં ન્યુન, પુરવતણ જનમનુ પુન્ય; એથી મોટમ બીજે કોણ મુલ, હસતાં પડે મુખમાંથી ફુલ. દેશ દેશના આવે લોક, કરે જાત્રા સગાવે શોક; સાચુ માને દાડુ એહ, આવુ દિઠે તો રહે સંદેહ; એક સમે રાજાના મિત્ર, જોવા આવ્યા તેહ ચરીત્ર. સંદેહ ભાગવા મનકા તણો, હઇયા સમે હરખજ ઘણો; મહિપતીએ દીધાં બહુ માન, લવીંગ સોપારી બીડાં પાન. કહો ભાઈ આવ્યા છો કેમ, સાચુ ન કહોતો મારા સમ. રાજાજી તમ ઘેર વજીર, સતવાદી જે શુદ્ધ શરીર; જે સેવા હેનેશા હશે, મુખમાંથી મહીમા મસમસે. જાઇ જુઇના ફુલજ પડે, એનો ચાગને અચરજ ચડે; માંહોમાંહ પડી છે હોડ, તે જોવાના અમને કોડ. (છપા) વિપરીત સરખી વાત, એ પણ માનવ જનતે; આપણ ખાઇએ અન્ન, એહ આરોગે અન્નને. આહાર નિદ્રા સુખ દુ:ખ, ટાઢ તડકોને ભુખે. નથી ટાળતો સંદેહ, આવ્યો છે જનની કુખે; મનનો સદેહ ટાળવા, તમને મળવા કારણે: કરોડ કામ ઘરના તજી, આવ્યાંછું તમ બારણે. (ચોપાઇ) સાચ જુઠુ જોવા કારણે, આવ્યો નરપતીને બારણે; કરોડવાર કહું શુ કથી, દિઠા પાખી મનાતુ નથી; કહે રાજા તમાશો જુવો, મનનો સંદેહ ખાંતે ખુવો; તેડું મોકલ્યું મહિપતી માન, બેઠા ઉઠી આવ્યા પ્રધાન (દોહરો) રમી જમી તે સજ થયો, પ્રીતે ચાવ્યાં પાન; રાજસભામાં સંચરે, પરાક્રમી પ્રધાન. એક દુકાન તંબોળી તણી, ઉભો રહ્યો તે હાર; એટલે એક કૌતક થયું, તે સમે તે વાર. અકરમી એક અભાગીઓ, બીડુ તે કોર; અમુલક તે અતિ ઘણું, આપી સોના મોર. નીચ જાતને નીચ બુધ, નીચાં તેના નેણ; ફુલભટને કુડો વિપરીત બોલ્યો વેણ. તંબોળીએ પુછીયુ સાચુ બોલ તું સુજાણ; કવણ એવો છે લખપતી, બિડુ ખાનારો કોણ; તેને પુછીયું તંબોળીએ, એહ અચંબો આજ; મોંઘાં પાન મોતી સમા, લીધા કોને કાજ; હશી હાથ તાળી કરી, પદમનીઓનાં પાન; સોળી કોળી વેળા વિશે, નવ દીઠે પ્રધાન પ્રધાન જાશે રાય ઘેર, મહિપતીના આવ્યા મિત્ર; અમો તરૂણી બોગવું, પ્રહર સુધી ચરીત્ર. ૭૧ (છપો) ફુલજી ભટ પ્રધાન, મહિપતતાત મઝનો; નવખંડમાં નામ, જશ જોરો ઝાઝાનો. નવરંગી તેની નાર, પદમની જેવી પરખી; રૂપ સ્વરૂપ અનુપ, શોભા કાં સુંદરી સરખી. તેને તેડુ મોકલ્યું, જરૂરપણે ત્યાં જઇશું; ચતુરા બીડાં ચાવશે, બોગવી સુખીયા થઇશું. ૭૨

(દોહરો.) કાને સાંભળ્યું ફુલજી, પડી પેટમાં ફાળ; ભામની મારી બોગવે, મુખમાં શો માલ.

અરે અબીલા ઇશ્વરી, ઝાઝી લાગી ઝાળ; કીકર કામની ભોગવે, મુરખમાં શો માલ. પ્રલય થયો એ પીડમાં, એનો દારૂણ દુત; ભામની મારી ભોગવે, ભુંડી જાતનો ભુત. સિંહનું ભક્ષ શીઆળીયું, સસલો જીને સેર; અહિને જીને આગશીયું, થાય તરણનો મેર. નેત્રનાં નીર મોએ ચડે, એતો ખોટો ખ્યાલ; ભોગવશી મારી ભામની, મૂરખમાં શો માલ. નિત્ય માણસ નિરમાળીઓ, વિનતાનો સો વાલ; નેટ હસવું તો ખુસી ગયો, પડ્યો ધ્રાસકો પેટ. એટલે તેડાં આવીનાં, ચાર પાંચને સાત; શીઘ્ર સીઘ્ર સભા વીશે, રાજા તેડે રાત. પ્રધાન પોતે પરવર્યો, રાજ સભામાં રીત; ઉઠી સરવે આદર કર્યો, પુરણ આણી પ્રીત. મિત્ર આવ્યા રાજા કહે, તમાસો જોવા તુલ્ય; હસો ઘણું હેતે કરી, ફરફર વેરો ફુલ. રૂદે રામા સાંભરે, જંપે જાર સમેત; કઉતક કોટીધા, હસવું નાવે હેત. સાખી સમશા શોરઠા, ગુણસાગર બહુ ગીત; તેમ તેમ રૂદીયા વિશે, પલક ન પરઠે પ્રીત. (છપ્પા) સુખે સાંભરે નાર, વિષ વિષના સુજે; હસવું રમવું હેત, જનો મધ્યે તે જુજે, ભાંડ ભવઇયો ભાવ, જોખ જોણું ને જાત્ર. નાટક ચેટકના ખેલ, દુખે ન ગમે પલ માત્ર. દુખ દાવાનળમાં પડ્યો, સરવે સુખ એનું ગયું, હસવું કેમ આવે હેતથી, પીંજર તો પ્રલય થયું, દુખે જાય સુદ્ધ બુદ્ધ, દુખે ભોજન નહિ ભાવે. દુખે ડાહાપણ દુર, દુખ કરટ બહુ કહાવે; દુખે દેહમાં રોગ, તેજ તીક્ષણ નાસે; દુખના લીલા લહેર, પલક ન આવે પાસે. દુખ રૂપી અરણ્ય વિષે, તેડય કદાપી ન જડે; હસવું નવી આવે હેતથી, ફુલ મુખથી સાંનાં પડે. (દોહરા) આવ્યા તે ઉચર્યા, જુઠો જેમ સંસાર; માણસના મુખમાં થકી, ફુલ પડતાં તો વાર. કરેનારા કીરતન કરે, માટે તેના પાપ; આપણ આગળ જેણે કહ્યું, તે જુઠના બાપ. (ચોપાઇ) રાજાને ચઢી બહુ રીસ, એહ પ્રધાનનું છેદું શીશ. જુઠો સરવેને મન વસ્યો, માટે કહે એનો ના હસ્યો; સરવ મળીને સાહ્યા હાથ, સમજાવ્યો તે સામંત સાથ. હત્યા શીર શાને લીજીએ, અન્ય શિક્ષા એને દીજીએ. (છપ્પો.) વિપ્ર રૂઠ્યો દે શ્રાપ, ચાકર રૂઠ્યો કરજોડે; દુશમન રૂઠ્યો દે દાવ, માન મરજાદા મોડે. પડોશી રૂઠ્યો પાપ, ચાડી કોઇ આગળ ખાયે, નારી રૂઠે જો નીચ, મરે કાં નીસરી જાએ; રાજા રૂઠ્યો રીત લે, જસ જર જીવ જોખમ કરે; ધરમ કરમ શરમ પણ, દુખ દેતાં તો નવ ડરે. (ચોપાઇ) વજીર વિપ્રને કેમ મારીએ, જન્મ તણું સુકૃત હારીએ; રાજાએ સ્નેહ નવ સાંખીઓ, બહુ વાંકે તેને બાંધીઓ, ઘોડાલ હતી પોતાની જ્યાં, મરોડ કરીને નાંખ્યો ત્યાંય; મારો ભાર તે રાખ્યા કર્યો, હેત ધરી શાને નવ હસ્યો; બેડી ડસકલાં ઘાલ્યાં ચરણ, ધરમ તજીને નાંખ્યો ધરણ. યામ બે વીત્યા જાહરે, કઉતક એક થયું તાહરે. (દોહરો) મહિપત કેરી માનની, દેવાંશીવત દેહ; અટારી એથી ઉતરી, તેહ વેળામાં તે. ચડવાદાર એક ચોખલો, પોઢ્યો જ્યાં પલંગ; જુગત કરી જગાડીઓ, સામા બેઠી સંગ; ભાગી તુટી ખાટલી, માંહી મુંજની દોર; ફાટી તુટી ગોદડી, રાતઅંધારી ઘોર. સલામ કરી ત્યાં શો વરા, પ્રીતે લાગી પાય. કરજોડીને કરગરી, જીવન મારા જાગ. રાવત તો રીસે ચઢ્યો, આળસ મોડી ઉઠ, મૂખમાં ઘાલ્યું ચોકડુ, રાણી ઉપર રૂઠ. માથા ઉપર ફેરવી, સટકાવ્યા છ સાત; કયમ આવી મોડી કામની, રીઝવવાને રાત. આજ થકી આવીશમાં, ન કરીશ મુજ શું પ્રીત. મારે ગરજ તારી નથી, જુઠી શું સી રીત; ન કરીશ મોંનાં મરકલાં, મન મનડામાં માંડ; મુજને તે શું જાણીએ, રાજા સરખો રાંડ; મુજને તેં ડાવર ગણ્યો, ભૂંડો ભવઇયો ભાંડ; નીચ સાથે ઓલ્લું નહીં, નાહી રાજા વત રાંડ. તુજ સંગાથે પ્રીતડી, ખાવી એતો ખાંડ; સાકરનો શીરો જમુ, નહી રાજાવત રાંડ. નારી બોલી નેહથી, ખટકો કરની સુખ. હું રાણી દાસી તાહરી, ભાગ્ય તુ મારી ભૂખ. આજ પરણા આવીયા, રાય વરષા વરત; હાવ ભાવ કટાક્ષથી, રિજવીયો તે તરત. અરસ પરસ મન માનીયુ, જુવંતીએ મેળવ્યો જોગ; હસ્યા રમ્યા ઘણું હેતથી, ભોગવ્યો બારે ભોગ. કાંઇ ન્યુન રાખી નહી, અધીકી વાણી હદ; સહસ્ત્ર ધણી સ્વામી થકી, શોભા કીધી સદ. ચાર ઘટીકા ચીતની, ચતુરા ચાંપ્યા ચરણ; સિખ માગી તે સંચરી, સલામો કરી ત્રણ. તે સરવે દીઠું ફુલજી, એનો અતી ઉતપાત; રાણીએ માર ખાધો ઘણો, બીજાની સી વાત. હેત ઘણું હડહડ હસ્યો, મોટમ પામ્યો મેર; જાઇ જુઇ ચંબેલીનાં, ખર્યાં પુષ્પ તે ઢેર. સહુકો શુતાં ઉઠીઆં, પ્રીતે થયો પ્રભાત; રાજાએ શેવક મોકલ્યા, કહી વીસ્તારી વાત; વજીર તેડ્યો સભા વિશે, મહિપત પાસ બેઠા મુલ; વાટે ઘાટે વદનથી, ફર ફર વેરે ફુલ. મિત્ર આવ્યા તા મહિપતીના, તેણે દીઠું દષ્ટ; સંદેહ ભાગ્યો તેહનો, દીઠી પુષ્પની વૃષ્ટ. તરત દેખાડ્યુ તેહને, ભાગી મનની ભ્રાંત; રાય પ્રધાન બંને જણા આગ થયા

એકાંત; સભા વિશે રીઝયા નહી, કયમ રીઝયા ત્યાં રાત્ય; બંધીખાનામાં હશ્યા વિપરીત કહો એ વાત. સભામાં હસતાં બેટશી, બંધીખાને શો લાભ; વેર કરયુ કયમ મુજથી, ઉડળ બાહ્યું આભ. વાહાણુ બુડયાં સભા વીશે, તરયાં નીકલ્યાં કેમ. થીવ આગ્ના સાચુ કહો, સોએક દીધા સમ. રાજા તું પુછેશમાં, તો લ થંરે છે તરત; કેતાં સાંભળતાં કથન, માહારૂ તાહારૂ મૂત.. પ્રતીગ્ના પુરણ કરી, વચમાં ઇશ્વિર આપ; રીતુ પણ બીજૂ નહી, બ્રહ્મહત્યાદીક પાપ. મીત્ર કે શત્રુ માહરે, કે રાણી કે રંક; કોટી બ્રહ્મહત્યા મૂને, વદન આણું વાંક. માંડી વાત મહીમા કહયો ભામનીનો રાખ્યો ભાર; આદીઅંત માંડી કહ્યું, ચાહ્યો આબ્યો સંસાર. કયાં મારી કયાં માવડી, કયાં ભગની ભાણેજ; સર્વની બુદ્ધી પાનીએ, તરૂણુ લક્ષણ તેજ. સાંભળ બેતા ખાતગી, જોતા સરખી જાત; રાજા શેર એ નીપન્યું, તો તું કોણુજ માત્ર; સમૂદ્ર સરખા ઉજ્ઞરે, શરૈતરનો શો રંગ; તોળાય હડહડ હાથીયા, ત્યાં પાડા પાસંગ. નીચજાત નીરમાહ્ય તું, વક્ષપઇયાછે વેદ; કરે વીખાણુ વીનતા તણાં, જુંડા ભાખે ભેદ. દરજી મોચી નાપીક, માળી સોની સુતાર; નર એટલાની નારીઓ, સકળ વાતમાં સાર. વસવાયાં સહુ વરણુમાં, ઓછીયાળા અવતાર; પરાધીન પરઘેર રહે, ઇશ્વર રાખે બાર. ઉંચ અમીર ઉમરાવની, વશ રહે નહી નાર; આપ રહે તો રહી શકે, સતી શીરોમણુ સાર. માને નહી મારૂ કહયું, રહેવામાં શાને રૂઠ; પ્રેમદાનુ જો પારખુ, આવી ઉમંગે ઉઠ. ૧૩૩ (ચોપાઇ.) વાત કરીને વીપ્ર ગયો, ખાતરીને મન ખટકો થયો; આ ચરીત્ર જોવા કારણે, બુધ વીચારી નીકળ્યો બારણે. વનીતા આગળ કહી એક વાત, આજ વાસો જવું છે રાત; બાઇબિધ શેર ઊછવ ઘણો. જરૂર અવસરછે જવાતણો. જરૂર રાતે જવું છે ત્યાંહ, તમો તો રહેજો મંદીરમાંહ. સોએક મેં ખાધા છે સમ, બોલ અબોલ કરીએ કયમ. (સોરઠો.)રામા હુશકે રોઇ, વીજોગ થશે વહાલા તણો; કંથ વીના નહી કોઇ, આધાર મુજ આતમાતણો. (ચોપાઇ.)નારી કહે નહી દેખું તૂને, પડે ઉજાગરો માંથે મુને; નહી આવે નીંદ્રા નહી સુખ હ્રાવાનલ વેરીયું કેખ. હશે વાહાણે વેહેલા આવજો, લાખેણી વાતો લાવજો; વાર કહીને એનો ગયો, નારીને મન ઉલટ થયો. નીરભય થઇ જુવતીની જાત, જારને આજ રમાડુ રાત; હેત પ્રિતને ઉલટ અતી, સરોવર તીર આવી હીંચુ ગતી. સંજાકાળ થયો જહરે, પુરૂશ એક દીઠો તાહરે; વરણાગી ને વાંકો વેશ, કાળા ભમર શીરપર કેશ સકળ હથીઆર શોભીત સાથમાં, તીરકસ ભાલો છે હાથમાં; સો રીપાઇને પૂરો પડે, અનમી અહંકારીને નડે; વળી દુશમનથી નવ ડરે, મનમાં ચીંત્યા કારજ કરે. રૂડી દીઠી તેની રીત, પલક એકમાં કીધી પ્રીત; હાવભાવ કટાક્ષજ કરી, હેતથી મન લીધું હરી; રહો રાત રમાડું અમો, પથ પરદેશી દીશો તમો; રખે કુડ કરો કાંઇ કામ, વચમાં આપ્યા શીતારામ; વચમા આપ્યો ગીરજનભ્રશ, કપટ કોઇ કરે નહી મીશ. લીંબડા હેઠે ઘર માહરૂ, ત્યાં રહેવું થાશે તાહરૂ. એવો કરી રાખ્યો કાયદો, ઘડી એકનો કીધો વાયદો. પતીએ મન વીચારી પેર, પાછો વળીને આવ્યો ઘેર; વસ્ત્ર વણવાની હતી સાળ, તેના ખાડે પેઠો તતકાળ. ને નવ જાણે ઘરની નાર, બેહુ લાવી ઉઘાડયાં બાર; કરયો દીપક જુગને ભાવીયો, એટલે પંથી ઘરમાં આવીયોનમાકંણો કરમાં હથીઆર, આસ્વાગત કીધી ઘરની નાર બોહો લક્ષણુ તેનો બુઝીયો, થર થર થર તેનો ધ્રુજીયો. છનો થાઉં બોલુ આ દીશ, શસ્ત્ર વસા છેદે મૂજ શીશ. દુરીયાં વાળી બેશી રહયો, વળતી શ્રો તમાસો થયો. મુજને મારતાં એ નવ મરે. નીશ્ચે ડાકુ અળગૂ કરે; રાત અંધારી દીઠી ઘોર, ચીતથી છાનો રહે જેમ ચોર.(ચોપાઇ.)જાર તેડયો તે જુવતીએ, માહાસુખ દીધાં માન; લવીંગ સોપારી એલચી, પ્રીતે પુરણ પાન. આલીંગન આપાવીયાં, ભાવતા કીધા ભોગ; ઉનમત કાંઇ રાખી નહી, શુભ કીધો સંજોગ; તૃપ્ત કરયો તે તારૂણી, આસન ભેદ અપાર; લાડલડાવ્યો લક્ષના, અપરમપાર અપાર. શાક કર્યાં બહુ ભાતનાં, વળી શીરોને શેવ; બેગા બેશી ભોજન કર્યું, દુષ્ટ તારૂણીની ટેવ; સંસકાર અડતાળીશ અધીક, વીખાણુતણી શી વાત. નીચકર્મ નારી કર્યું, શોભા પરની સાથ. રવી ઉગમતે રાજવી, શીખ માગી તે સાથ; વળી ગમે તો આવજો, કંઠે વાહ્યા હાથ; વેળાવી વીનતા ગઇ, પરવરયો પંથી પંથ; ખાડામાંથી નીસરયો, કામની કેરો કંથ. પતીએ વીચાર પોતે કરયો, ગયો બારણે તરત; વગર સમજ્યુ જો બોલીયે, તો માંથે આવે મર્ત. આવે ત્યારે પુછીએ, દેછે કવણ જવાબ; પછી મારૂં એ માનની, ન ગણું પ્રૌઢુ પાપ; કહે પોપટ પ્રભાવતી, કંથે દીઠો કોપ; નીશ્ચે હણશે નારને, લજ્જા કરસે લોપ. શામા કેમ થાશે સતી, પતી કેમ લાગે પાગ; કરજોડે કેમ કંથડો, જડે કહો તે

જાગ. નીશા માંહે જે નીપન્યું, તેનો દીઠું દષ્ટ; જાગી રહ્યો છે જાપડો, થઈ અગ્નીની વૃષ્ટ તે અગ્ની કેમ ઓલવે, શકે કેમ એ થાય. દીઠું અણદીઠું કયમ કરે, કયમ જુઠી સાચી થાય ધમક ધાંગોને લાંડીઓ જાણે મોરા મહ્ન; સ્વામીને કેમ વીસરે, રાતે રૂપી તે રાસ. ફાટી જાય જન પુંઠથી, ધુજે દેખતાં દેહ. બેશી બેશી ભોજન જમ્યાં, કહો કેમ વીસરે નેહ. પ્રતીજ્ઞા પતીએ કરી, આદકી દેશું આંચ; નાક છેદશું નારનું પ્રથમ આંગુળ પાંચ. જુવતી ન મુકુ જીવતી, જો આવે ઈશ્વર આપ; હુંત તણી હણીએ નહી, તો બેસે મોટું પાપ. પોપટને કહે પ્રભાવતી, મુરખ તારો મેળ; એહ ચિન્તારી શું કરે, ખરો ન થાએ ખેલ. બીજા સમજાવ્યા બાપડા, ચિન્તગી કરી તે વાત; એ સ્વામી સમજે નહીં, જેણે દીઠું રાત. શુક કહે સાંભળ સુંદરી, રહે આગલી રાત; શુભ વિધા એ શીખવું, વિપરીત સરખી વાત. બોલ વત એ ઉતાવળો, કામણગારા કીર સ્વામી કેમ સમજાવીયો, ન રહે ધારણ ધીર–ઘરમાં આવી તે ગોરડી પુરૂષ વગાવી તે પંથ; ત્રુટ્યા દીસે તાંતણા, ચટકો લાગ્યો ચંત. નારીએ દાઢી સાંકળી, સિથળ દીઠી સાળ; ચતુર ચેતી ચિતમાં, પડી પેટમાં ફાળ. ઘરમાં રહ્યો છે ઘરધણી, કરશે મુજપર કોપ; અરે દઇવ હું શું કરૂ, લજ્યા થાશે લોપ. હીમત મુકે નહી સરે, નહિ કાયરનું કામ; જીવનું જોખમ થશે જાણશે બધું ગામ. ખાડ દેખી થયો ખરખરો, ત્રુટ્યા દીઠા તાર; રજ્યા દીસે છે હેરવા, ભ્રાંત આણી ભરથાર. ગયો હોશે છે આ ઘડી, જોવા વારૂ વર્ત; જો ચરિત્ર કાંઈ નવ રચુ, તો માંથે આવે મર્ત. એ ધણી હવડાં આવશે, રૂદે હશે બહુ રીસ; લક્ષ કરોડ વિશે વસા, સ્વામી છેદે શીશ ચરીત્ર કર્યું એક ચંતવી, કળી શકે નહી કોય; જખમારી સ્વામી રહ્યો, હેત ઘણેરૂ હોય. ગો વાગ્યો બેઠી માનની, રૂવે રાંડની રીત; થયાં પાડોશી એકઠાં, જેશું પુરણ પ્રીત. રૂદન કરો કેમ સુંદરી, હઇડુ ફાટને હેજ; આજ તમારૂ કયાં ગયું તારૂણી તનથી તેજ. નવ દસ મળી છે નારીઓ, વિનવે વારમવાર; એટલે મંદીરમાં આવીયો, બામણીનો ભરતાર. તોફાન દીઠું તરુણીતનું, શામા શા માટે રોય; રાખી કોની રહે નહી, કારણ ન કળે કોય. જમ તગ કરી કોઇ જુવતીઓ, છાની રાખી છેક; સહુ સહુને મંદીર ગયા, રહે અધિપત્ય એક. શા કહુ બેન અદકુ થયું, કે આવ્યુ કેનુ કેણ; મુને પડયોકે ધ્રાસકો, વિનાતા બોલે વેણ. શામાટે રોયાં સુંદરી; શામાટે દેહમાં દુખ શામાટેછો દાઝ્યાં, કેમ કરમાણું મુખ. પીડીકા મને પુછીસમાં, વિપમ વાતછે વર્ત; સમજીને સહુ સંભાળજો, મારે માંથે મર્ત. ગરથ ઘરેણુ સર્વે લે, લે તારા શણગાર; બોલ્યા ચાલ્યાં માફ કર, અધિક વાંક અપાર. ગુનેગારછું તાહરી, અધિક હતો ઉતપાત; ચોર ચતુર્ભુજની, કરછું આતમઘાત. મેં અધમે અનિકો કર્યો, અનઇયણછુ આપ; જગન કરે છુટે નહી, પ્રલગકાગનુ પાપ ઘરેણુ તારા ઘર તાણું, આ પીયરનું હોય; આ પાંચ પ્રથમ પરણુતના, નથી જાણતુ કોય. નરને કહું કરજે નાતરૂ, રૂડી જોઇને રીત; મને નીત સંભારજો, પરહરશો નહી પ્રીત. ખોળા પાથરે ખેતીયો, માનની મરે શા માટ; પરાણે પીડ કેમ પાડશો, એવો શો ઉચાટ. કંથે કર બે જોડીયા, કથન કહ્યાં નહી કેમ; શામા સાચુ નવ કહો, તો તો મારા સમ. બ્રહ્મહત્યા સેં સાત, શા માટે મરશો તમો, વિપરીત કહો એ વાત. (સોરઠો.) હેતે જોડ્યા હાથ, સાચુ બોલી સુંદરી; હેતે સ્વામી સાથ, વિગતની કહે વારતા. બોલતાં સાચા બોલ, પૃથ્વી પાતાળે જશે; તારૂને માફ તોલ: ઘટસે ઘડી એકમાં; સો એક ખાધા સમ. થનાર હશે તે તો થશે, સાચુ ન કહુ કેમ; મારો વાંક મેરૂ સમો. (ચોપાઇ) જયારે તમે ખવરાવ્યા સમ, તો સાચુ નવ કહીએ કયમ: પ્રથમ પરણેતનો મારો ધણી, તે સાથે પ્રીત અતી ઘણી. બાપે વીવા કીધા તે સાથ, હેતે જેનો ઝાલ્યો હાથ; કંસાર ચોરીમાં બેશી જમ્યાં, સોકટાંબાજી રંગે રમ્યાં. ગયાં સાસરે આણું એક, હેત પ્રીતને વધાલ વિવેક; ચતુર નર કરતો ચાકરી, બળીઆ સાથે બાંધે બાકરી. ખાંડુ એડુ ધારણઅંગ શિપાઇસુરાને રેહેનો, સગ; હેતે હથીઆર ધરતો તે હાથ, બોલી ન શકે કો તે સાથ. તેનુ મોતનો રણુમા થયુ, અંતઃકરણ જુવતીમાં રહ્યું; ધારાળો ધીંગો મહાધુત, થયો અવગતીયો ભારે ભુત; ભૂતળમાં તે ભમતો ફરે, સ્ત્રિવિના બીજી નવ ગમે; બ્રાહ્મણજાનો લીધ, વળતુ સમપણુ તમશુ કીધ: અમો તમને આવ્યાં નાતરે; સાંભળજો સ્વામી દીલ ખરે; આજ ભરવા ગયતી હું નીર, તળાવેર ગામ તળાવે તીર. મેં ધણીને દીઠો દષ્ટ, કાયામાં હું પામી કષ્ટ; માનવ પણે હતો દેહ, મહારે મન પ્રગટયો સંદેહ. મનું જીવે નહી કોય, અધિકુ અચરજ મુને હોય; મેં જાણ્યુ મુજને શમણુ થાય, મુવુ જીવે નહી પૃથ્વી માંય. મેં તો તેને પુછી વાત, આ સો દેખુછુ ઉતપાત; તમો

રણુમાં પામ્યા અંત, શીરીને આવી આવ્યા ત્રત. તે એકલો કરીને રીશ, બગર આપ ગડાવ્યા શીશ: સમજે નહી ધુતારી ધુત: હુ અવગતીઓ બારે ભુત. જુઓ તરશો બગતો ફર, સાંભળ નાર હું કહું છું ખરૂ. શોક મારો કયમે નહી સમે, મારો જીવ તુજ વાંશે ભમે. મારો લેઇ આવી તૂ માલ, ખેતા સાથ કરે છે ખ્યાલ. ખેતો શુ ખાશે મારૂ રળયું, પરવાર સહિત તેને ગળુ. શેઠાને સહુ જનને ખાઉ, ત્યારે સુખીઓ શીતળ થાઉ; ખેતાને ખઇને સુખીઆ થઇશુ, વળતી જીવ તારો લેઇશુ. હેત દેખાડી જોડવા હાથ, સ્નેહ કર્યો મેં તેની સાથ; મેં તો તેને દીધા સમ, મુજ વાંશે ભમો છો કયમ. તેણે કહ્યું મુકુ તુજ કેડ, આવતું મુજને તેડ. પ્રથમ કરતીતી કરને તેમ, માહરી સાથે રંગે રમ્ય. કાંઈ અધુરૂ કરશો તમો, તો ખેતાને હણશું અમો. મેં મનમાં રાખ્યો કાયદો, તરત કરયો તેને વાયદો; કાલ તમો હતા નહી ઘેર, કરી પરોણાગત રૂડી પેર; હઇયા ગાંઠી હેળી ધરી, મેં એની સાથે પ્રીત કરી. તેની મોંકાણ કીધી રાત; લાજ તણી શી કહીએ વાત; તારે શીરથી વીઘન ટાળવા, એને મોઢે ધુળ વાળવા. અધરમ અન્યા કીધા આપ, એથી અધિક તે શું પાપ; તમને મેં નથી દીધુ દુખ, એના મનની ભાગી ભૂખ. કાઢી મુકયો કરી વાયદો, ફરી પ્રગટયે નહી ફાયદો; એને દુખ કો આગળ કહું. શત્રુ સાલ કયમ દેહે સહુ. અવર પુરૂષ મેં ભોગવ્યો આપ, પ્રકટ કીધું પરૂહુ પાપ. મળી આવો અઉદશને દીસ, કોણ એ સાથે કુટે શીશ. નરમદા માહે નાંખુ દેહ, બાળુ પાપ કરવાં મેં જેહ; આ આપણ કરીએ છે વાત, સઘળુ એ જાણે સાક્ષાત. (દોહરા.) ખેતો કહે શામા સુણો, દીઠુ છે મેં કષ્ટ; હું ખાડા મધ્યે હતો, પામ્યો ઝાઝાં કષ્ટ. વાળાના તુ કયાં ગઇ, એ કોને દામ. સાચુ બોલરે સુંદરી, કહએ રાખી હામ; નારી કહે નર માનશો, હવે આજ કે કાલ; જોજ્યો જે શું થાય છે, નવ રેહેશો નીરમાલ. ફુતનો દુર ગયો નથી, તળાવ આગળ તેહ; ભડ ભડ ભડકો થયો, કહુછુ નીસંદેહ. સાચુ માન્યુ કંથડે સાચું જુઠુ જેઉ; વપુએ વાત વિચારીને, મનનો સંદેહ ખોઉ. સુતો તાણીને સાથરો, થયો નિદ્રાવશ દેહ, એટમે નારી નીસરી, વાત બનાવી જેહ. બેનપણી એક તેહની, હતી પાડોશણ સાર; તે આગળ માંડો કહી, બારૂ વાત વેહેવાર. છોડો મારો જાયછે, નથી માનતો કંથ; એ સુતો જઇ સાથરે, હેઠે મારો અંત. સખી કહે સુણ સુંદરી, અમો મનાવુ આજ; બેસો બેહેન ઘરમાં જઇ, કરો તમારાં કાજ, મંદીરમાં આવી માનની, બેઠી પોતાને ઘેર; જો આપણી ઘેર નીપન્યું, તે કહુ માંડી પેર. બુમ પાડી એક કારમી, શામા કહે કરડયો સાપ; એ નાશી પેઠો નેળમાં, મળ્યાં પુરણ પાપ. સાસુ સસરો નણંદ સહુ, ધાઇ આવ્યા તે ઠામ; શેરી વચે શોધીયો, મુકી સરવે મામ; ઝેરી તેનો નવ જડયો, પડયો ધ્રાસકો પેટ; ઉતારનાર એક તેડીયે નીકર મરશે નેટ. ઘડી બે ચારેક વહી ગઈ, આવી તે અંતને સેંઠેર; શામા થઇ બાઈ શીગડુ, ઝાઝુ વાપ્યુ ઝેર. ગુણુવંતો આણ્યો ગારૂડી, નારીને છાંટે નીર; મંત્ર ભણે તે મુખથી, ધ્રુજાવે સઘ શરીર. બકોર સાંભળ્યો બારણે, હાહાકારનો હેત; જાગ્યો ખેતો ખાતરી, આવ્યો લોક સમેત. મળી ત્યાં ઝાઝી મેદની, ન્હાંના મોટા નરનાર; જે જેના મનમાં ગમે, તેમ કરે ઉચ્ચાર. કો કહે જુવતી જીવશે, કો કહે મરશે નેટ; શ્વાસ ચાલે છે મુખથી, ઉછળે આગળાનુ પેટ. શામા તણા શરિરમાં, બોલ્યો મણીધર સાપ; શીદ બાળોછો મુજને, જીવશે નારી આપ. મારે વેર એહનુ નથી, નથી કાંઇ અંટસ અંગ; ચાંપ્યો મુજને ચીતની, ગાત્ર કર્યું છે ભંગ. મારો વેરી ખેતીયો, રાખી મુજ ઘર નાર; ગરથ ધરેણું આળવ્યું, જાતો તો તે ઠાર. ડસવા એના દિલને પ્રૌઢુ કર્યું પ્રમાણ; પગ દીધો મુજ પેટ પર, માટે કરડયો જાણ. ભુત થયો હું બાગવ હીણ, વિવિધ ધરૂં છું વેશ; એક દિવસ ખેતા તણા, હેતે હંસ હરેસ. ચડમાં તે ખેતો હતો, સાચુ માન્યું સર્વ; થરથર કાયા કંપતો, ઘટનો ઉતારયો ગર્વ. પાણ જોડીને પુછીયું, ક્ષમા કરો અપરાધ; તમો કહો તે કીજીએ, મુકાવો મુજ બાધ; ઝાઝી જખ મારી અમો, થયા તમારા અપરાધ; ઉતારો તો ઉતરૂ, નથી કાંઇ મારૂ જોર. ખમા તુજને ખેતીયા, અધિક ઉપજે હેત; જા સુકુખું જીવનો, કુટુંબ કબીલા શમેત, અહર નીશા આરાધજે, શુર વીર ગુજ નામ; સંકટ તાહરૂં ભાગશું, કરશુ કો દીન કામ. એવું કહીને ઉતરયો. શામા અંગથી સર્પ; લોક સહુ વેરાઇ ગયા, ફાગી તેનો દર્પ. સંતોખી તે સુંદરી, પતીનો લાગ્યો પાગ; સાચી છે તું સુંદરી, મન ગમે તે માગ. પ્રતિજ્ઞા લઈ પાતાળમાં, ઉડયો સમ આકાશ; નિરંતર વિદ્યા એનો ખરી, શામા તુને શાબાશ. જીવ્યાં બને જ્યાં સુધી, કંથ

રહ્યો કરજોડ; માનની કરતી મરકલાં, હીંડતી મોડા મોડ. શેઠાણી કહે શુકનો શાબાશ તારી બુદ્ધ, વિદ્યા ભણાવી બેહુની, રાખી સઘળી શુદ્ધ, સોહિજપની શીરોમણી, રખીયલ પતી મહારાજ; ઝવેર જશવંતા તણી, લક્ષ કોટીધા લાજ: મહિમા માતર પ્રગણે, શીહુંજ ગુણવંતુ ગામ; વિરેશ્વર મહાદેવજી, જેનું નવખંડે નામ. વાસણ વંસે અંશ પત્ય, મનજી સુત મેહેરાણ; રખીયલ કેડા રાજની, સકળ કળા સુજાણ. તેણે નેહ મોકલ્યું તેડાવ્યો કવી ત્યાંહ: કરજોડી તેણે કહ્યું, ઇશ્વર પધારો આંય. અમદાવાદથી આવીયા, વિગનપુરમાં વાસ; પિતા પુરશોતમતણો, કહે કવિ શામળદાસ. સંવાદ વાદ શુક બોહોતેરી, ગુણનિધા ગરવો ગ્રંથ; તરણ તારણ ત્રીલોકમાં, પુન્ય પ્રમારથ પંથ. મહત પુરૂષ માનણ અહે અહે, છતરીઆ છાશ: નિચ બુદ્ધિ નરકે પડે, વડાને વૈકુંઠ વાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળ ભટ કહે ઓળખો, જય જય શ્રી રણછોડ. ૨૬૪.

વારતા ૧૮ મી

(ચોપાઇ.) જય ગોવીંદને જય ગોપાળ, જય કરૂણાનીધી કૃષ્ણ કૃપાળ; જય જગપતીને જય જગદીશ, જય આદ્ય ઉમીયાપત ઇશ. જય સુરનાયક શોભીત ઇંદ્ર, જય નવ ગ્રહને સુરજ ચંદ્ર; કીરતાર કરતા શુભ કામ, જય દસરથ સુત સીતા રામ. જય ગણેશ ગરવા ગણપતી, જયજય શ્રી વિદ્યા સરસ્વતી; શુક બોતરી કહીએ કથા, જોગ વાત બોલાવો જથા. અષ્ટદશમે દિવસે ગેલ, નારી નર મળવાનો નેહ; કામની મહિમા કોણુંજ કળે, આવી પોપટ પાંજરતળે. કસ્તુરી કેસર બહેક બરાસ. લાયક લક્ષણ લીલ વીલાસ; તાતાં મુખ ભરયાં તંબોળ, શોભિત અંગ સજ્યા છે સોળ. પચરંગી પહેરયાં છે ચીર, સુંદર ઉજ્વલ શુદ્ધ શરીર; દરપણ મુખ જોતી નીસરી, લાજ મરીઆદ વાર વિસરી; કુળવંતીને પ્રગટ્યો કામ, ઠમક ઠમક આવી તે ઠામ; શુક કહે સે કારણ જાઓ, ખાંત ધરી મારા સમ ખાઓ. આળસ કેમ મોડો છો અંગ, શાકે સાંભરયો સ્વામી સંગ; હશી હુંશમાં તાળી લીધ, કોડે વાત ફિર આગળ કીધ. નિશ્ચે વાત કીધી નારીએ, જરૂર આજ જાતું જારીએ; કહે શુક વહેલાં આવજો, લાંબેલી વાતો લાવજો. ભદ્રસેન તણી ભામની, કંદ્રપ રૂપ કામ કામની; સઘ એક વાતે સંકટ પડયું. દાવાનલ દુઃખ આવી અડયું. વધુ વિચાર કરી વીજાર, પ્રેમદા ઉતરી પેલે પાર; પગ ખેંચીને રહી પ્રેમદા, અંતરમાં અધિકી ઉન્મદા, ભદ્રસેન તે કયાંનો ભૂપ, કુણ કંદ્રપ રામાનું રૂપ; શુક કહે સાંભળતા ગરજ, અમો એક કરૂં છુ અરજ. આભરણ અંગતણાં પરહરો, બિનાં વસ્ત્ર ધનવંતી ધરો; વચન શુકનું શીરપર ધર્યું, શુક બોલ્યો તે પ્રમાણે કર્યું; શાગા બોલીને સાથ, હેતે જોડીને બે હાથ; સાંભળ નારી ચતુર સુજાણ. નિશ્ચે વાત કહુ નિરમાણ.

(દોહરા.) ઉજેણીનો અધિપતી ભદ્રસેન ભડભૂપ; વિક્રમ કેરા વંશમાં રિધપતી રૂડુ રૂપ. રામસરીખું રાજ છે, લક્ષધા સુખીયા લોક; ચોર ચુગલ લાંચી નહીં. સ્વપ્નામાં ન મળે શોક. રાણી સાથે રાયને, નેહ ઘણેરો હોય; નિમેસ ન અળગો નીસરે, પળ પળ મુખડું જોય. પુછીને પાણી પીએ, જમે જુવતીને જોડ; રમે રમત બાજી તણી, હાર જીતની હોડ. નિત આનન્દી ન્યાયની, પુછી વીનતાને વાત; ચતુરા કહે તેમ ચુકવે ભૂપ ભલેરી ભાત. કથા સુણે કંથ કામની, ગાય ગુણવંતા ગીત; રાગ રંગ રંગે રમે, પુરપતીને બહુ પ્રીત. વ્યાસ એક વરણાગીઓ, કથા સંભળાવે કાન, કવિતાને કંદ્રપ ભરયો, કાવે કોક સમાન. ચાળા ચેટક તે ચતુર નર, ચંચળ તેનાં ચેન; વ્યાસ ઉપર પ્રીતિ ઘણી, અધિપતણી પણ એન. હુકમ નહીં રાજા તણો, નારી પાસે કો જાય; પોતે પોતાની પ્રેમદા ત્યારે કહે કથાય. એમ કરતાં દીન વહી ગયા, ચાનની મન મગન; ફરી સંગાથે રાણીને લાગી લેહેર લગન વગર વેળા કોઈ કામ વીણ. મેહેલ મધ્યે નવ જાય; એક દીન આવી ચડયો, વળતી ત્યાં શું થાય. પોકાર કરીને પ્રેમદા, બોલાવ્યા ઘર માંહ; એક દાસી એક સુંદરી, બીજુ કોઇ નહીં ત્યાંય. આસન દીધુ વિપ્રને, પુરણ કરમના ભોગ; કવિ કહે રાણી સુણો, ખરા છે ખાઈ ભોગ. કાળ ભમે શીર ઉપરે, પુન્ય ગયુ પાતાળ; હવડા અધિપતી આવશે, ચઢશે મુજ શીર આળ. ભણી ગણી તું કામની, અનંગ રંગ અપાર; વાત્સાયન મત વાંચીઓ, તેથી વંઠી નાર. નારી ચરીત્ર નીહાલીયાં થયું એ આહુ કામ; તુજથી બાંધી પ્રીતડી, રહયા મુજને રામ. મોટી પનોતી લોહની, અધીક આડબો રાહ. મેં તુજ શું પ્રીતી કરી, ઘટમાં થાશે ઘાહ. આજ દીવસે રાજા ગયા, શિકાર કામે સેર; હવડાં પાછા આવશે, થશે

તરણનો મેર. (છપો) નારી નીચ સ્વભાવ નારીમાં લક્ષણ ભૂડાં; નારી નીચ સ્વભાવ, રહે રૂડાં શું રૂડાં; નારી નીચ સ્વભાવની અણઘટતુ તે આચરે; સુર પુર ઇંદ્ર ધીરને કોડ વસા કાયર કરે. ઉંચા કુળની નાર, નીચશુ નેહ નીહાલે; નરપ તણી છે નાર, અધરમ અનઇચો આણે. ગુણીજન કેરી ગોરડી, નેહ નમણા શું ધરે; પુન્યવતાની પ્રેમદા, કપુત્ર તે કુડાને કરે. ભુપતિ કેરી નાર, હીંચે હીંદોળા ખાટે; પ્રેમ પાનને પુરુષ, પોઢણ પલંગ શુભ પાટે; સજાવે સોળ સણગાર, જવેરજુગતે જડાવે; ખમા ખમા કહે સરવ, લહાવા લાડ લડાવે; તે સરખાની તારૂણી વિપ્ર સંગાથે મન વશ્યુ; ભિક્ષા માગી ભોજન કરે, શાગળ કહે કારણ કશું (દોહરો) વિનતાએ વ્યાસને તેડીઓ થર થર ધ્રુજ્યો તરત; જાણે કાઢ્યો મારવા: માથે આવ્યુ મરત. ખડકિએ રૂકવાં ખાસડાં, આણ્યો મેલ્યા માવ સમસ્યા કરે છે શ્રોભીતા, તારૂણી બેઠી ત્યાંય; વિપ્ર તમે શીદ વલખો, ધ્રુજાવો કાં દેહ; કની આંચ આવે નહી, કરતુ મુજશુ સ્નેહ. રૂપી કહે સાભ્ભો સુંદરી, જરૂર જાય છે જીવ; પ્રથમ થાય તુ પદમની, મુજને રૂઠયા દઇવ. ગઇ રીદ્ધને રોટલા, ગયા વાધા વપાર; ગઇ લજ્જા જે લક્ષ્મા, જશે બ્રાહ્મણનો ભાર. ગયુ માનને મહાલવું, ગયાં કણાનો કેણ: જરૂર પ્રાક્રમ જાય હુ, વેદ વિદ્યાનાં વેણ; ધરમ કરમ નહીં સાંભરે, પાછળી ન રહી પ્રીત; મહીપતી રૂઠ્યો મારશે નહી એ રૂડી રીત. કહે વળગી કામની, રૂદે ચાંપ્યો રૂશી રાજ; માણ્ય સુખ તુ સુંદરી લેશ ધરીશ નહી લાજ; રાજાને અદકાંપાંસળી મળ્યો, ડાબી પાસા તરત; અપશુકન અવલોકીને, પાછો વળીયો તરત; અચાનક આવ્યો અધીપતી, થયુ ન કેને, જાણ; માણ્યો મહીપતી મોહોલમાં, નિશ્ચેથી નીરમાણ. (છપા.) નિરભાગી જાશે ગંગ, સરિતા તે સુકાશે; નિરભાગી રળવા જાય, લાભ પણ તે લુટાશે; નિરભાગી પરણે નાર, થશે ગાંડી કે મરશે; નિરભાગી પામે દ્રવ્ય હાકેમ કે તશ્કર હરશે, નિરભાગી બેસે ઘોડલે, પડશે કે પગ ભાગશે; નિરભાગી મંદીર ગળે, પછીત પડે કે વાગશે. નિરભાગી જમવા જાય, વેદ નાંખે તે વાગી; સાચો જો બોલે બોલ, તોય કરે સરૂ હાંશી, નિરભાગી ડાહ્યા થાય, લોક કહેશે એ ઘેલો; નીરભાગી નવ બોલંત, કેશે હઇયાનો મેલો; જે નરને નિરભાગ્યતા, સો ઉદ્યમ સુના પડે; ભાગ્ય વસ્યુ છે જેહને, પુરણ જસ જૂગતે જડે. ૫૦ (દોહરો.) ખડકીમાં દીઠાં ખાસડાં, એતો કોનાં હોય; કાળ પુરૂષ પટનતરે, કળી શકે નહી કોય. બ્રાહ્મણ ધ્રુજી ભુંઇ પડ્યો, ગયો શરીરથી સ્વાસ, રાખ્ય રાખ્ય રામા મૂને; વિનતા તારો વ્યાસ. રઝળાયાં મારાં છોકરાં, રામા કીધી રંડ; તમ સાથે મન મેળવ્યું દેવતણો એ દંડ; સુજ્યુ તે વેળા સુંદરી, હતો પટારો પાસ; ગુણનિધી ઘાલ્યો ગોરડો, એક દુખ બીજુ હાસ્ય. તાળુ દીધુ તરતીબ ત્યાં કુંચી કાંચળી માંય; એટલે કંથજ કોપીયો, તરતીબ આવ્યો ત્યાંય. મારકણો તે મહિપતી ખીજ્યો આણી ખાર; કુદ્રષ્ટીએ કાપતો જેમ ઓસગે અંગાર. કહેરે કામની કોણ છે નહી આ રૂડી રીત; ખડકીએ કોનાં ખાસડાં, પુરણ કોણશું પ્રીત. (ચોપાઇ) પ્રશ્નોત્તર પગરખાં કોઇક દાસનાં, કહે વિનતા, એતો વ્યાસનાં: નર એ કયમ તેડ્યો નારીએ, જુવતી કહે ભોજન જારિયે. વણ આજ્ઞા કેમ આવ્યો એહ, મારો સાચો શ્વામી એહ. તેં મુજને મૂરખ જાણિયો, તે માટે એને આણીયો; હસે મુખે ને વાતો કરે, ધારણ કેમ ધરણીપત ધરે; માહી વેવલાં વીણે વ્યાસ, પ્રેમદા તેહ પટારા પાસ. (દોહરો.) પોપટ કહે પ્રભાવતી, સંકટ પડયુ શરીર; સાચે સાચુ માનીયું, નરનું ઉતરયુ નીર. હવે એ કેમ ઉગરે, ભોળવાય નહિ ભરતાર; નિશ્ચે મારે નારને, વ્યાસ હણતાં શી વાર. સુક કહે સુણ સુંદરી, રહો આજુની રાત, વારૂ વ્યાસ ઉગારવો, વિસ્તારી કહું વાત. છો ઉપર આસાન કર્યું, નાવણ ટાઢુ નીર; કહે વાત ઉતાવળો ધારણ ન રહે ધીર. ચોપાઇ. શુક કહે સાંભળ સુંદરી, રાયે મેહેલ જોયો ગહી ફરી; રાજા કહે રૂપી કયાં ગયો, ઘાલ્યો પટારે સુખીઓ થયો; તરૂણી કહે આવતા દીઠા તમો, એટલે પટારે ઘાલ્યો અમો; તાળુ દીધુ અકલ ઉચીએ, ઉઘાડો મારી કુંચીએ. શામા સાચુ બોલી સાથ, ઉઘાડો કુચી લ્યો હાથ: વ્યાસ માંહી થર થર ધ્રુજીઓ, બોલી નાર તેનો બુઝીયો (દોહરો.) કુંચી લીધી કંથડે, રૂદે ધરીને રીસ; પૃથ્વીપર પડી પ્રેમદા, ચીંતનીએ નાંખી ચીસ; કટાર લીધી તે કામની, ધિક મુજ અવતાર; લીધી મારી આબરૂ, ભાગ્ય હીન ભરથાર. મુરખ માંટી માહરો, ઘણો અધીકો ઘોર; ચોર હશે માટે કહે, એ ચુગલને ચોર. ઝીયા ખેંચી ઉતરી કાઢો માગે જાર; આળ મુકયુ શીર માહરે, મરણુ, નીરધાર; પચાસ વરસ પરણે થયાં, પતિવ્રતા હું આપ. જુઠુ આળ ચડાવીયું, ભોગવ જુઠુ પાપ: સહુકો

ઉતરયા ત્યાં થકી જાણ્યું ગરશે એહ. રાજાએ જાણી સતી, ગયો મનનો સંદેહ. નારીને નગણ્યુ કરે, પુરત-
ણો પ્રધાન; રાજા સુતાં આવીને, દે છે શુભ સનમાન. માનની કહે માનુ નહી, ઉઘડાવું તારી પાસ. લાવી
મારી આબરૂ, ગતાવ પેટીમાં વ્યાસ. એ વાત અહીંથી રહી વળની શી થઇ પેર. દાશીએ બ્રાહ્મણ કા-
ઢીઓ, ગયો સુખથી ઘેર. ચોપાઇ. નરપતીએ કુંમાં નાંખી જેહ, દાશીએ છાની લીધી તેહ; બીજે જોને
કાહાડયો બહાર, ગયો ઘેર નીશ્ચે નિરધાર. છાની છાની આવી ત્યાંય, સરવ કુટુંબ ભગવું જ્યાંય. રાણીએ
દાશીં દીધી આપ, તન થકી તજ્યો સંતાપ. જાણ્યું વ્યાસ વોળાવ્યો ઘેર, પછી રૂદનની માંડી પેર. પા-
છી ઉપર આવી કામ, રહીં વાળી બેઠી તે ઠામ. દોહરા વ્યાસ બીચારો વિપ્ર, શુભ ઇશ્વરનો અવતાર.
બાપ કેહાણું બાપડો, દિવ્ય વડો દાતાર. મુજને કોઇ ગમ્યું નહી, જારી કરવા જોર. પંડીત પટારે ઘાલી-
ઓ, ચતુર કર્યો મેં ચોર; માન્યુ સાચુ મુરખા, જેવા તુજમાં સાર; શું કરીએ પરણ્યો પતિ, નિકર નવ
રાખુ બાર; સુણી વિલાપ તે આવીયાં ઉપર રાય પ્રધાન: રાણી રોવું નવ ઘટે, શાગની ઓનો ભાન, સમ-
જુને શું શીખીએ, વિસારી ધો એ વાત; ગયા કાળ તે થાય છે, ખરી કે ખોટી ખ્યાત: મહુરત એક
એક મનાવીયાં, રાણી રીષનુ રૂપ. બીજે દીવસ સવારમાં ભેટયા વ્યાસને ભુપ. રાજા પુછે વિપ્રને, સુણો
વ્યાસજી વાત. અણુવાણે ચરણુ કેમ આવીયા, સાચુ કહો સાક્ષાત જવાન ભાઇને બેનડી, જવાન પુત્રને
માત; એ એકાંત કાંઇ રહેવું નહી, વળી વેદ વિખ્યાત. મારી અન્ન દાતા માવડી, અમો પુન્યના પુત્ર;
અમો શીકારે સંચરયા, શુનુ દીઠુ ઘર શુત્ર. અમો બારીએ થઇ નિકળ્યા, કરશું જઇ ઘરનું કામ; પગર-
ખાં પાટ હેઠળ રહ્યાં, તે લેશુંજી આજ. રાજાએ રૂદે વિચારીયું, થયું મન માહારૂં મુઢ. માનની હશી તે
માનીયું, પ્રોઢ પગટયું પુન્ય. સુખપાલ આપી વ્યાસને અતી ઉજવળ અમુલ્ય. ઓજલ પડદો નહી તાહરો,
તું ઇશ્વર સમતુલ્ય. કરજોડે કામની કને, ક્ષમા કરો મુજ વાંક. મુરખ થયો હું મન વિશે એનો આડે
આંક. વિપ્ર તેડયો હોય મંદીરે, શીદ માને મારે મુખ; કાચી મશકરી માહરી, તેથી ખત આડે આંક
પોપટ કહે પ્રભાવતી, ગુણ એવા જો ગમો; તોતો જાઓ જારી કરો, નીકર રોટલા ખાઓ. સાંભળ
રૂપ સજની, સાંભળ દેવ દાતાર; અંતર જસવંત છો જુગ વિશે, સકળ વાતમાં સાર. ગુજર દેશ ગરવો
ઘણો; વેગનપુરમાં વાસ; સુત શ્રી વીરેશ્વર તણો, કહે કવિ શામળદાસ. શ્રોતા વકતા સગજતા, કહે ક-
વિતા કરજોડ; શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ.

વારત ૧૯ મી

(ચોપાઇ) પ્રણમુ શ્રી ગુરૂના ચરણ, કોડે કથા સુણાવું કરણ: મેવું શ્રી સરસ્વતી સરવદા, નિ-
રમળ જળ જેવી નરમદા; દુંદાળો દુઃખ ભંજન દેવ, સિતાવરની કરીએ સેવ; શુક બોતેરી કહીએ કથા,
જોગ વાત બોલાવા જથા. છપા જય સિતાપતી રામ, જય કરૂણા કર સિંધુ: જય જગ લક્ષમણ
બંધુ. જય સિતાપતી રામ; નર કાંતક અધમ ઉધારણ: જય સીતાપતી રામ. તત્વ ત્રિલોક
તારણ; મુકિત દાતા મહિમા ઘણો; રાવણ રોળણ રામ. મુખ આગળ શામળ ભણે. અહરનિશા તુજ ના-
મ. (દોહરા) ઓગણીશમે દિવશે આદરી, ચાલી ચતુરસુજાણ: આવી પોપટ પાંજરે, માનની મન મેહે-
રાણ. સોળ સજ્યા છે સામટા, પેહેરયાં ચોળી ચીર. કામની પ્રત્યે બોલીયો, કામણગારો કીર. શીદ સધા
રો સુંદરી. શું કારણ કોણ કામ. જમના કે જાત્રી જસો, ઠરાવ કરો કોણ ઠામ. પક્ષી સુણ કહે પ્રેમદા,
શિદ જુઠા સમ ખાઓ. શુભ વિદ્યા તેં શીખવી, જારી રમવા જાઉં. સામ દામ ભેદે કરી, વિદ્યા શીખી
વાણ; કોની બીક ન આણીએ, નીસ્ચે કહુ નિરમાણ. સુખે શામા પરવરો, કરી આવો શુભકામ; સંકટ શી-
ગ્રો કાઢજો, ખોશો નહી નરનું નામ દેખી દુશમન કેડ લે કે કોઇ દેખે દ્રષ્ટ. અથવા દે કોઇ સાંકળી,
કવણ નીરમાણુ કષ્ટ. માનની મકવાણા તણી એવી ધરજો હામ, કદાચીત કાંઇ સંકટ પડે કરજો એવું
કામ. ચરણ ખેચી ચતુરા રહી, શિખવ મારા મીત્ર; કોણ તેની ભામની કેવું કરયું ચરીત્ર. શુક કહે એ
વારતા, નેહ ધરી સુણ નાર: બાવે ભીનાં વસ્ત્ર સજ, તજ સઘળા શણગાર. ચોપાઇ. ઉત્તર પંથ અતી
અનુપ. ભીમ નગરીનો ભુપ: લીંબડીયું લાખોનું ગામ, પારણ પ્રગણામાં ઠામ. રહાયો સજની રહે
મકવાણ, પરાક્રમ; પંચ કરે પરમાણ પુર પરાક્રમ વિછે પેર, રાજ્યુલ નામે નારી ઘેર. છવ એકને જુદા
દેહ, સાચો વિત સાચો સ્નેહ; એક એકને નેહે નમે, ગુણ એક એકના મનમાં ગમે; એક એક નવ કાં-

રે સાંક, અધીક પ્રીતિ છે આડે આંક. એક દીવસ પરણા પાંચ; આવ્યા ઘેર સહોદર સાંચ. તેહ ઘણીને વાહાલા ઘણા, તન મન ધન છે પોતા તણા; આસ્વાગત અધીકી કીધ, સાગતે શીખ સ્વામીએ દીધ. જેમ તેમ કરી જુગતે જમાડ, સહોદર આપણા સુખ પમાડ; લેઇ આવ્યો તે શાક, પ્રેમદાએ સુધાર્યો પાક. સુધ સ્નેહ મરદન શરીર, નાહાવા કારણ મુક્યાં નીર; માંડ્યાં આસન બેસણ ઠામ, જો જો ત્યાં થયું એક કામ.

(દોહરા.) પાંચ પ્રાગુણ છઠો ધણી, જમવા સરખી જોડ; પીરસવા રહી તે પ્રેમદા, માનશું મોડામોડ. એટલે પેલી નારનો જુગતે નીકળ્યો જાર; દ્રષ્ટે દ્રષ્ટ તેહની મળી, વાધી પ્રીત અપાર. મન વીહવળ થયું તેહનું, પરવશ પડીયો પ્રાણ; કરી શમશા તેતો ગયો, વાગ્યું મોહનું બાણ. હશાં પલક એક હેતથી, કહ્યું વાહલો હાથ; અકસ્માત તું આવજે, સાન કરી તે સાથ. એમ કરી તેતો ગયો, જ્યાં જાવાની જાગ: વનિતા કહે ઓનાવળા ઘરમાં થોડુ છે ઘૃત. કંથ કહે સુણ કામની, નથી મુજ પાસે દામ. જેમ તેમ કરી ચલાવજો, કામની ઘરતું કામ; છતીનું કોનું નવ મળે, ન જડે કહી ઉધાર; એમ વીચાર બને કરે, તે નરને એ નાર. માન્યની કહે માટી સુણો, નહી જાવા દેઉ લાજ; નીચપણું કેમ કીજીએ, અવસર આવે કાજ. પીતા મારાએ પીયરથી, આપ્યો રૂપીયો એક; તે લાવી છે છોકરી, વારૂ વસ્ત્ર વિવેક. હમણાં તો ઘૃત લાવીએ, કાલે ઇશ્વર આપ; ગયો અવસર આવે નહી, વેદ પુરાણે છાપ. ભોજન દીધું ભામની, લીધું નાણું રોક; ઘૃત લેવા ગઈ ગોરડી, મનુ કરીને ફોક. આવુંછું એક પલકમાં, ઘૃત લઇને ઘેર; ભાણામાં અન પીરસજો, પછી એવી પેર. જઇ મળીતે જારને, કીધી વાત વિચાર: તું મુગટ શીર માહરો, તું હઇડાનો હાર. તુંતો મારો જીવડો, તુજવડે મુજ પ્રાણ; ઘરધણીથી તુ ઘણો, વિનતા બોલી વાણ. તે નર કહે નારી સુણો, હું આવ્યો તુજ ગાટ, તારે ઘેર ઘણા જણા, પ્રાગુણ બેઠા પાટ. પાછા ઘેર અમો જઇશું, નેક થઇ નીરાશ; થશે વાર તો ખીજશે, વીનતા વળ તું વાસ. વાટે દેવળ દેવનું, ડોશી રહે તેમાં એક; તે પણ ઘણી કુટણી, વપુ વીજાર વીવેક. ડોશી કહે સુણ દીકરા, મેં જાણ્યાં બેનાં મન પ્રીત રીતથી પ્રેમદાતું છે જારી જન. મંદીરમાં આવો માનની, કરો તમારૂ કામ; ઉની આંચ આવે નહી, રાખણહારો રામ. સંતોખ્ય તારા મિત્રને, જે આવ્યો આશાભેર. ઉતાવળા આદર કરી ગુણવંતા જાજો ઘેર. હશી મન પલડાવીયું, ગયાં તે મંદીર માંહ; વેગે મહુરત એક થયું, તે વેળા તે ત્યાંહ.(છપા.) કામી અંધથી અંધ, કામી નવ દેખે આંખે; કામી નવ ધરે ધર્મ, સંકટ તે દેહે સાંખે; કામી નવ જુવે જાત, માત ભગની નવ ધારે કામી નવ ગણે નાત, કાંમી સગપણ નવ સારે; કામીથી વ્રત પળે નહી, કામી જીવ કોઈ દીન ખુએ; કામી નવ દેખે કોઇને, જગત બધુ તેને જુવે. બાળ દેવાનું દુઃખ, બાળ સુખ શાગા પાખી બાળ વેઠવી ભુખ, બાળ ઘેર બટકી રાખી; બાળ ડહાપણ છિદ્ર, બાળ ૫.રજનની શેવા; બાળ રાંડે જે રાંડ, બાળ શિર શાપજ લેવા; બાળ કલંક શિર કામ્યની, બાળ હોડ જે હારની; શામળ કહે સતવાદીયા, પલક પ્રીત પરનારની. પરનર ઇચ્છે નાર, સત્ય તેને નવ બુઝે; પરનાર ઇચ્છે જેહ બુદ્ધિ એકે નવ સુજે. પરનર ઇચ્છે નાર, પુરૂષમાં ન રહે પ્રીતી; પરનર ઇચ્છે નાર, રૂડા ઘરની ન રીતી. પરનર ઇચ્છે પ્રેમદા, વર તેને વહાલો નહી; સામળ કહે શાણી સુંદરી, જેવડે કાગી કહી. પલક એકમાં પ્રીત, કરે જો રામા રીઝે; પંદર ભત્ર ભક્ષણ, ખરી જો મનમાં ખીજે. દેખાડીએ ઝાઝો દામ, નેહ ન હોય તો નાસે; કરે આપણુ કામ, પ્રીત જો પ્રેમદા પાસે. પોતાને મન પ્રીતડી, ચતુરા તે નર ચાણ છે; જોરને વશ જુવતી નથી શામળ ભટ સાચુ ગાય છે. (દોહરા.)પેઠી ઘરમાં પરેમદા, મન માન્યાને માટ; પાંચ પ્રાગુણ છઠો ધણી, જુવે બેઠા વાટ. એટલે એક બોલીયો, બરકરડ બોલ્યો બોલ; મકુઆણા તારી માનની, તરતું દીસે તોલ. એક કોસ જઈ આવીયે, થઇ એટલી વાર; રાંધ્યુ તે વણસી જશે, નાવી ઘર તુજ નાર. મકુઆણા મહા રીસાળવો, કરી પ્રતીજ્ઞા તરત; કાળ ખુટીયોરે કામની, માનની તારૂ મરત.(છપા.)જો નવી મારૂ નાર, પાપ પૃથ્વીનું લેઇએ; જો નવી મારૂ નાર, બ્રહ્મહત્યા ભોગવીએ; જો નવી મારૂ નાર, કોટી જગ નરક ભોગવિયે. ધર્મે અધર્મ જોયો નથી, હેત તજી હાથે હણુ; અધીક રીસેથી ઉઠિયો, તે કાને સરવે સુણ્યુ.(દોહરા.) ચોપટ કહે પ્રભાવતી, પતિએ કીધી પેર; પલકની પાંચ ઘડી થઈ, ગોરી કેમ જાશે ઘેર. જવાપ જુવતી

કેવો કરે, કેમ પતિ થાશે પાગ; સતી પણ કેમ સાચવે, કહો જડે તો જાગ. પ્રાગુણ કેમ પામે પરૂ કેમ રોશ સહુનો જાય; ગામ બધાને ગુણ ગમે, સતી શીરોમણ થાય. શુક પ્રત્યે શેઠાણી કહે, અચરજ એહ અપાર; પ્રતીજ્ઞા કેમ પર હરે, ભોળવાય નહી ભરથાર. રહો આજની રાતડી, ગુણ સાંભળવા ગરજ; કાલ્ય થતે જજે કામની, એહ અમારી અરજ. વીશ બારા વાત કહે, કરતક સાંભળવા કર્યું; હું કહેતો જઇએ નહી, તોલ પુરા દિન ત્રણ. નારીએ દિઠો નાહલો રજપુતને વળીરીસ; ખડગ ઉઘાડો ખીજતો, નિશ્ચે છેદે શીશ, બેઠી રસ્તામાં બાળીક, મહા વિજારી મુખ; અતીશે કીધો એકડો ઢગલો મોટો ધુળ. પાગે પાટો બાંધીઓ, અંગુઠે અતિ દુખ; અરે અરે અરે કહે, કરમાણ છે મુખ. આંસુપાત આંખે વહે, લક્ષધા મળીયા લોક; બહુ જન કહે છે બાપડી, શાગાને મન શોક રજે ભરી રાગા બહુ, મલીન થયાં છે વસ્ત્ર; મહા રજનો મેર કરયો, દીઠો દારૂણ દસ્ત્ર. સ્વામી કહેરે સુંદરી, ચિંતા બેઠી કયમ વાટ; પગે પાટો બાંધીને રૂદન કરે શા માટ. બોલે પણ બોલાય નહી, હઇડુ ફાટી જાય; ખમા ખમા ખમા કહે, ગુણ સહુ તેના ગાય; ઉતાવળી ઉતાવળી, લેવા દોડી ધૃત; અથડાઇ પડી આડાગમાં, તીમર આવીયાંતર્ત. રૂપૈયો પડ્યો રેતમાં, શતધા પ્રગટ્યો શોક; ઉઠાડી આઠ જણે, લક્ષધા મળીયા લોક. મેં જાણ્યુ જઉ ઉતાવળી, ઘણા હેતથી ઘેર; પેલા પ્રાગુણ જાણે નહી, મારા કંથની પેર. સહોદર સહુકો સાંભળો, જે સામા બોલી સાચ; ઓશિયાળા અધિકા થયા, પેલા પ્રાગુણ પાંચ. ચતુર લઇ આવ્યા ચારણી, ફોગટ કરતા ફુલ; ચાર ઘડી થઇ ચાળતાં, ઢગલો વાળ્યો ધુળ. ધણીના હાથમાં ધન્ય જડયુ, રીધ્ય રૂપઇયો રોક; સારૂ સહુકોએ કહ્યુ, ઘેર ગયા સહુ લોક, ધૃત લીધુ તે ઘર ધણી, સાથે પ્રાગુણ પાંચ; વળગાડી ઘેર લાવીયા; ના આવી ઉની આંચ. જમ્યાં રમ્યા તે જોખમાં. લક્ષધા રાખી લાજ; સારાનું મુખ દીઠુ હશે, તો સુધરયુ સહુ કાજ. સર્વે કહે શાબાશ છે, સ્વામી કહે શાબાશ; રૂપીયો કાઢ્યો રોકડો, હતો પીયરનો પાસ. કંથની લાજને કારણે, વાર કરત નહી લેશ; પગ ભાગ્યો પડી ગઇ, ઠમકે વાગી ઠેસ. કર્યા લાખેણા લાડવા, ગુંદ શુંઠને ધૃત; આવરદાએ ઉગરી નહીતર પામત અંત. ચઉદ દીવસ કરી ચાકરી, સાજી થઇતે દીશ; કુળ કુટુંબ જમાડીયુ, વિપ્ર જમાડયા વીશ. સહુકો લે વારણાં, કરે શુભ કુળનાં કામ; શીરોમણ સુંદરી, તે તો તારૂં નામ; જયાં સુધી તે જીવીયાં, ભામનીને ભરથાર; ત્યાં સુધી સુખ માણીયુ, રામા રૂદેનો હાર. એમ વિજારી આવડે, તો તો જાણો તર્ત; નિકર કલંક માંથે ચડે અથવા થાયેમર્ત. કથા એહ ઓગણીશમી રૂડી અતી રસાળ; પંડીત ડાહ્યા પરખશે, માણી જોતાં માલ. મુરખ મુઢ મમતા કરે, એણે તે શુ થાય; વિબુદ્ધ જન વિચારશે, કયાં રંક ક્યાં રાય. માતર પ્રગણામાં મણી, સીહુજ ગામ છે સાર. રખી દાસ ત્યાં રાજવી, દેહ કહાવે દાતાર. કાશી ખંડને નર્મદા, શિવ મહાતમ સમરથ; સિંહાસન બત્રીસનો અધિક જાણીયો અર્થ, રામ કથા શ્રવણે સુણી, નિરમળ કર્યા નવાણ; તે વાસણનો વંશપત્ય, મનજી સુત મેહેરાણ. શામળ ભટ સંતોખીઓ, પુરાણ કીધી પેર; ગ્રંથ રચાવ્યો ગુણનિધી, જશવંત નર ઝવેર. ગુર્જર દેશ ગુણ આગળો, વેગનપુરમાં વાસ; પિતા પુર સોતમ તણો, કહે કવી શામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળ ભટ કહે બોલજો, જય જય શ્રીરણછોડ.

વારતા ૨૦ મી.

(ચોપાઇ.) પરમેશ્વરી પ્રથમ પુજયે, સકળ વાત શીધી સુજયે; પુજુ શ્રી ગણપતિના પાય, શીદ્ધી બુદ્ધીનો જે રાય; દેવાધિપતી સાચો દેવ, પ્રથમ કરે સહુ તેની શેવ. બ્રહ્મ તનયા સાચી સરસ્વતી, મયા કરી આપો મા મંતી. હંશ વાહની જાણ સુજાણ, વેણા પુસ્તક પરઠયાં પાણ. સંખલપુર બહુચર બાળિકા, કરૂણાનિધ કહાવે કાળીકા. જગદંબાતણું આરાધન જથા, કહુ શુક બહોતેરી કથા; વિશમે દિવસે વનિતા વળી, જારી જાવા તતપર થઇ. સોભીત સોળ સજ્યા શણગાર; ચંપક વરણાં પેહેર્યા ચીર; માણેક મોતી હીરા હેમ, પ્રેમ દાના મનમાં બહુ પરેમ. ચતુરા દેખી ચીતડુ ચળે, આવી પોપટ પાંજરા તળે; કહે શુક ભલે ભામની, કંદ્રપ રૂપ શોભા કામની. શીદ પધારો ને શાં કામ, જમવા રમવા કે દર્શન ઠામ. શુભ શણગાર સજ્યા છે શોળ, મુખ ઓહાળાં એહેકે તંબોળ; કાજળ કુમ કુમ કીધા કયમ, સાચુ ન કહેતો મારા સમ; કામની કહે કુળવંતા કીર, તું છે ધર્મ ધુરંધર ધીર. દ્વિજ આગળ સાચુ બોલીએ, મન તણો પડદો ખોલીયે. નીરસ

ગી વાત કરી નારીએ, જરૂર આજ જાવું જારીએ. તરૂણી આપ પધારો તમો, સ્નેહે ધામ સાચવશું અમો; સિદ્ધ કરો રૂડા કહાવજો, રમી રાત વેહેલાં આવજો. કદાચીત સંકટ આવી અડે, મહાબિજારી કરવી પડે; મલુકચંદશાની માનની, ભારે ભુપ તણી ભામની; તેણીએ કીધુતુ જેમ, કામ પડેતો કરજો તેમ; ઝવેર વહુએ કીધુ જેટલુ, તમો પ્રાક્રમ કરજો તેટલું. પગ ખેંચીને પાછી વળી, મુખ માંહે ઘાલી આંગળી; મૂલુકચંદશા તેતે કોણ, ઝવેર જસવંતી જાણી ઓણ. શાં પ્રાક્રમ કુણુ પ્રપંચ, શીખવ શુક શીરોમણી સંચ; ગામ ઠામને, કહો તે નામ; કીધાં શાં કામનીએ કામ. (દોહરા) શ્રી નગર સોહામણું, શ્રી પૃથીનું ત્યાં રાજ; ધર્મ માર્ગ ધારે સહુ, કરે સહુ રૂડાં કાજ. ચાડી નહી ચોરી નહી, નહી કોઇજુઠા જાર; લોભી નહી લાંચી નહી, વડા શાવટ વેહેવાર. શોભાગચંદ શીરોમણી, નગરશેઠ નવરંગ લાયક રૂડો લખપતી, સપુત શીરોમણ સંગ. સુભાગા પરણો સુંદરી, રૂપ કળા ગુણ રીધ; પુત્રી પીતાંબરદાસની, નંદા નામે નીધ; પીઉ ચાલ્યો પરદેશડે, પુરણ વેપારી પેર; પૂત્રી પીતાંબર તણી, ગુણવંતી રહી ઘેર.

(છપ્પો.) બાળ માગવી ભીખ, બાળ્ય કાશીદુ કરવું; બાળ્ય ચોરીનું ચીત, બાળ્ય વીત પારકું હરવું, બાળ વધતરૂં વેઠ બાળ્ય નીત ભાર શીર લેવો; બાળ્ય પરાગા જે પુરૂશ, બાળ્ય દંડ દીનને દેવો. બાળ્ય રળવું જે પાપનું, હીશા કરતા સુરા થવું; સામળ રોજગાર તે બાળવો, જન્મારો પરદેશે જવું.

(દોહરો.) તનયા તે રહી તાત ઘેર નંદા જેનું નામ; એક દીવસ શું નીપન્યું, કષ્ટ પડયું કુણુ કામ. હીરાચંદનો દીકરો, મુલુકચંદ મહા મુલ્ય; લાયક લક્ષણ આગળો, જાણે કમળનું ફુલ. કર્ણ પર્યંતતો આખડી, નીરમળ સુંદર નેન. અમ્રતથી મીઠાં વદે, વદન પોતાને વેણ. લક્ષપતી લાયક લહયો, ગુણ લક્ષણ ગંભીર; શતવાદી સોહામણો, શાપતી શુદ્ધ શરીર. ચતુર જાતોતો ચૌટે, હેતે પોતાને હાટ; માનની કેરૂં ગાળીયું, નીચે જાવાની વાટ. લક્ષણવંતી લાડકી, પુરણ વીસને બાર, મુક્તાફળ મોતી તણો; હેતે પરોવે હાર. મલુકચંદ મારગ જતાં, ઉંચુ જોયું આકાશ; નંદા નક્ષત્ર સરીખડી, પુર બેઠીતી પાસ. નજર ગઇ તે નારપર, વાગ્યું મોહનું બાણ; કાલોઘેલો થઇ ગયો, પરવશ પડીયા પ્રાણ. (છપ્પા) મછગંધા દેખી વ્યાસ, વિહ્વળ થઇ પોતે બેઠાઃ અહલ્યા દેખી ઇંદ્ર, તસ્કર થૈ પુરમાં પેઠા. તારા દેખી વ્યાસ, કબુલ એ નારી કીધી; સીતા દેખી દશકંધ, જેથીરામે લીધી લંકા વિનતા બ્રહસ્પતીતણી, દેખી ચંદ્ર ચિતમાં ચળ્યો, કળીયુગ રૂપ એ કાગની, મળે ટેક સહુનો ટળ્યો. જુવો દરૂપતી નાર, દુર્યોધનને દળગાં દળીયો; કીચક થયો કામાંધ, મહાજન લોક લીયો. એવા અધીક અનેક, દેવ દાનવ રીખ રાજા; પામ્યા દાવાનળ દુખ, પડયા નરકે નર ઝાઝા. પરનાર થકી બહુ પરવર્યાં, જુલમ થયા તે જાણીયા; શામળ કહે શાણા સમજજો, કુણ બાહાશુ કુણ વાણીયા. (દોહરા.) માનની મોહ પામી ઘણું, દેખી શેઠ દેદાર; શેઠ મોહયો જોઇ સુંદરી, અપરમપાર અપાર. મલુક આવ્યો નીજ મેહેલમાં, મલીન થયું છે મુખ; શામા ઘેર સલક્ષણી, દેહે પામી દુખ. ચતુરા નામ ચંદ્રાવળી, ચંચળ તેનાં ચેન; સમજી ગઇ તે સુંદરી, નમીયા દીઠા નેન. પ્રીતે બોલી પેરૂશું, કાં ચીંતા ચીત આજ; મારા સમ સાચુ કહો, મન મેલી મહારાજ. કાંઇક ગર્થ તારો ગયો, કાંઇક થઇ છે હાણ; કે વાગ્યું કાંઇ વપુવીશે, માનની મોહનુ બાણ. એમ હશી બહુ હેતથી, અરસપરસ થઇ આપ; મારા સમ સાચુ કહો, મુજ માર્યાનુ પાપ. સ્ત્રી હત્યા શત સહસ્ત્રધા, બાળ હત્યા બહુ બોલ; એ દુખ ઇશ્વર ભાગશે. વર્ત કરીશુ ને તોલ. કર જોડયા તે કંથડે, કહ્યાં કામનીને કેહેણ; દીઠું તું તેતો દાખીયું, વીધા વીખાણી વેણ. પૂત્રી પીતાંબરતણી, બેઠીતી ગુણ ગોખ; દ્રષ્ટી ગઇ ત્યાં માહરી, ચીત નથી રહેતું ચોક. ભરજોબન ગરવે ભરી, મદ ગતી મેહેરાણ; ઘાયલ કીધો હું ઘણો, માર્યાં મોહના બાણ. શરીરે નીસર્યાં સુંસરા, ધારણ ન રહે ધીર; તે માટે તજ્યુ અમો, અન નીંદ્રાતે નીર. સાચે રામ રાજી રહે સાચો અક્ષર આંક; રીઝો કે ખીજો તમો, વેદ અમારો વાંક. ચિંતા ન કર ચતુર નર, કાળજડુ સ્થીર રાખ્ય; મેળવું તુજને માનની, શ્રી સુરજની સાખ. ઉઠો આપ આળસ તજી, રમાં જગી ચાવો પાન; સ્વામીને સંતોખીયો, માનનીએ દીધાં ગાન. સ્વામી કહે શામા સુણો, કરીએ કેમ એ કામ; લાજ ગમાવે લોકમાં, દેહવટ જાએ દામ. દંડે રાજા દેશપત્ય, નારીનું ખોઇએ નીરઃ નાત એનીને આપણી, તજે રહે નહીધિર. સાંભળ સ્વામી માહરા, બીક નઆણીશ લેશ; બોલી તમશુ બોલડા, પુરો પેચ પોચાડું પેશ; જખમારે છે દેશપત્ય, જખ મારે સહુ લોકઃ પુરણ કામ કરીએ અમો, ચીંતા ન ધરો ફોક હુ નવી પીછું તેહને, તે

નથી પ્રીછે મુજ; પરશુ કરવી પ્રીતડી, તે કેમ સુજે તુજ. એહ વીના તો ચાલશી, ન કરૂં નારશુ નેહ; સાંભળશે ત્યારે સાલશે, દુરબળ થાશે દેહ. નારી કહે સુણુ નાવલા, તજ મનનો ઉચાટ; તરણી તે મોકલે બોલાડે તુજને ખાટ. (ચોપાઇ). ચરચા જોવરાવી તે તણી, કેડ લીધી ગુણવંતી ઘણી; રવીવાર જુવતી જાય છે, ચતુરભુજનાં દરશન ચાલ્ય છે. નથી બીરતી માત કે તાત, નથી થતી કોઇ સાથે વાત. ચાવે ઘટીકા દેહેરે જાય, પુરશ વાત ન પરડે ત્યાંય, પીયર કહાવે ઝવેરામતિ, કહે સાસરે ચંદ્રાવતી; રવીવારે આવ્યો જાહરે, ચરચા જોવરાવી તાહરે. નંદા દરશન કારણુ ગઇ, તેહ ખબર ચંદાને થઇ; પુંજા ચરચા લીધી હાથ, એક સખી રાખી છે સાથ. નંદા પ્રભુને લાગી પાગ, ચંદ્રાવતી ગઇ તે જાગ; બેહેવારીયાની બેટી એહ, નર નારશૂ વાધ્યો નેહ. નાત જાત પુછ્યું છે નામ, કેહેજો કાંઇ અમ સરખું કામ; માહારે મંદીર રમવા આવજો, વાત ગોષ્ટ રૂડી લાવજો; સમ ખાધાને વાલ્યા હાથ, સ્નેહ કરયો જેમ સૈયર સાથ. પ્રીત પરસ્પર પુરણુ પ્રેમ, મારા સમ મુજ આવો ઘેર (દોહરા) ચોથે દીવસ ચંદ્રાવળી, સજ્યા સોળ શણગાર; ગઇ નંદાને બારણે, ક્ષણુ ન લાગી વાર. આશ્વાગત અદકી કરી, ભલે આવીયાં માત; છાનીછપની ચતુરાઇની, કરી વીગતની વાત આજ ઓછવ છે માહરે, અતિ મોટો ઉલ્લાદ; મેં જાણ્યું મારી બેનને, પ્રીતે આપુ પરસાદ. પાંચ વખત આવ્યાં ગયાં, પ્રીત કરી બહુ પેર; નંદાને ચંદ્રા કહે, તું આવ અમારે ઘેર. પીઉ મારો પરદેશ છે, નથી ધીરતો તાત; ઘર મૂકી નવી નીસરૂં, વેદ ન થાએ વાત. કલાવી પુછયું કામની, શમા કેરી રીત; મારા સમ સાચુ કહો, કોણ પુરશશું પ્રીત; નાના નંદાએ કહ્યું, મનમાં આણ શર્મ; આટલા દીવસ ઇશ્વરે, રાખ્યો છે મારો ધર્મ. એક દીવસ હું ગાળીએ, બેઠીતી એકાંત; હેતે હારી પરોવતી, સઇયર સુણ બાશુ ભ્રાંત. કો વેપારી વાણીયો, ચહરથાવટ ઘરસુત્ર; કોણ જાણે જે કાયનો, પુરંદર સરખો પુત્ર. ચમક ચમક ચાલ્યો ગયો, નર તે ઉંચુ જોય; ચાર આંખ્યો થઇ એકઠી, મનડું મારૂં મોહ્યું; ધન ધન એના બાપને, ધન ધન એની માત; પ્રસવ્યો પુત્ર પનોતીએ, જસવંતો છે જાત્ર તેહ ફરી દીઠો નથી, તે ઉપર મોહ્યું મન; શાણુમાં ઝંખુ તેહને, થયા દશ દુણા દન. ચંદ્રા કહે ચતુરા સુણો, તેનું કહો એંધાણ; દીઠો હોય તો દાખવો, વારૂ કહો વીખાણ. (છપ્પો) કડાં સોનાનાં હાથ, સોભીતછે દશ આંગળીએ; મુક્તાફળની માળ, હેત હીરા સાંકળીએ. પુરણુ પચરંગી પાઘ, ભ્રકુટી ધનુષ્ય કમાને. ચાલે ચળકતી ચાલ, વસ્યો તે મારે ધ્યાને. ચંદ જેમ ચાલે આભમાં, મૂખ કમળ ગોવીંદશું, સઇયર સાચુ કહુ તુજને વરણાગી દેખી મન વસ્યું. (દોહરા) ધન ભામની જે ભોગવે, ધન એની માત; ધન ધન એના દેહને, ધન એહનો તાત ચંદ્રા કહે ચતુર નર, મેં ઓળખ્યો આજ; મારે તે સાથે પ્રીતડી, કરૂં હું તારૂં કાજ. મેળવું તુજને માનની, રમાડું તેશૂ રાત; ઉની આંચ આવે નહી, વેદ વચન વીખ્યાત. નારે બાઇ એ વાત શી, કરીયે કેમ એવું કર્મ; કદાચ જાણે કોય જન, રહે કેમ આપણો ધર્મ, ભલા બાપનો છોકરો. ધણી નહી મારો ઘેર; કદાચ વાત જાણ પડે, પછી શી કરીએ પેર. જાય ઇજતને આબરૂ જાય, નાતમાં નામ વીશ્વાસ કોનો નવ લાવીયે, કરીએ કેમ એવું કામ. (ચોપાઇ),ચંદ્રા કેહેરે નંદા સુણો, બારે બોલ એવા કયમ ભણો; તારૂં નામ લેશે નહી કોઇ, તારૂં થુંક ત્યાં માહરૂ લોહી. એની હાંડે ધીરજ ધરૂં, તું કહે તે પ્રતિગ્યા કરૂં. પરણી નારીને પરહરે, ગાનીતી અણુમાનીતી કરે. નર તજી કોઇ નારી જાય, ગંગા મુકી છીદ્રમાં નાહાય. નીલી વાવે જે કરસણે, ખેડે હળ વરષા વરશણે; નીલા તરૂવર વાઢે ઘણાં, કાઢે મુળ વડ પીંપળ તણાં. પક્ષીના માળા ભાગે જેહ, દમે વીપ્ર સાધુના દેહ. અપેય પાંન કદાપી પીએ, કરતાં પાપ મનમાં નવી બીહે; પસાયતા ઉપર કરે, આપી વસ્તુ પાછી હરે. ધણીને વીશ દે ઘરની નાર, જોખ કારણુ રમે તે જાર; એક મુકી બીજાને જાય, પ્રભુ મુકી પાખંડી ધાય. એકાદશીએ અન્ન જે જમે, ગુણુ અધરમીના મનમાં ગમે; એવાં પાતીક લાગે સાચ્ય, જો તુજને આવે કાંઇ આંચ. પીત્રી દીવસ કરે શ્રાધ, વીપ્ર સાથ કરે વીખવાદ; કુટુંબ ઉપર રાખે વેર, જર કારણુ દે કોને ઝેર. ગોત્ર ભખે જે, કરે ગમન, સાધુ જનને કરે દમન; છતે દામ નવી પોખે દેહ, પરનારીશું રાખે નેહ. ઉતમ થઇને મંદીરા પીએ, શાસ્ત્ર વચનથકી નવી બીહે; ભક્ષા ભક્ષ કરે જે અહાર, ખરૂ કહેતામાં આણે ખાર. માંસથકી જે પોખે સપેટ, શાસ્ત્ર વચન સુણે નહી નેટ; બેડે શોહાગણુ લુટે ઘણુ, નવી પાળે પોતાનો ધરમ. એવા પાતીક લે પાંય, જો આવે કાંઇ ઉનીઆંચ; તીરથ જાત્રમાં ચોરે દાણુ, ભર ગંગામાં બોળે વ્હાણ; ગોચર ભાગે લુટે

કામ; કરે ઉચ્ચ થઈ નીચાં કામ; વીપ્ર થઇ ન ભણે વીધાય, નીચુ કર્મ કરી નીંદાય. ગ્રહસ્થ થઇને વાળે ગાય, ચોરી ચાડી ચીતમાં ચાહાય; છાની વાત જે જાહેર કરે, આતમઘાત કરીને મરે. વન વગડે પડાવે વાટ, ઉથાપે ગંગાના ઘાટ; વૈષ્ણવ થઇ શીવ નીંદા કરે મુકી થાપણ પરની હરે; એવા પાતક લેઉં, શીર સાચ, જો આવે તુજને કાંઈ આંચ; આપણ બે વચ્ચે રવી ચંદ્ર, સાચા સાક્ષી છે દવેંદ્ર. ૯૪

(દોહરો) નંદા નીરમળ થઇ ગઇ, હશી પડી તે સાથ; અરસ પરસ બેઉ સમજીયાં, કંઠે વાળ્યા હાથ. કરો જે તમને ગમે, હું તારી વેચાણ; વચન થકી વેચાઉ છું, પરમેશ્વર પ્રમાણ. આ મંદીર મારા તળે, ઓરડી છે એક સાર; તે મધ્યે માળણ વસે, નેઉ વરસની નાર. યોગે યોગ તે મેળવો, રહેવું એકજ રાત; હાશ વિનોદ હશી રમી, પરવરશું પ્રભાત. વિચાર કરી વિનતા વદી, રૂડો કાલ રવીરવાર; મોકલુ મંદીર તાહરે, ભુપ સમો ભરથાર મળી કામની કંથને, અધીક વાત એકાંત; અથ ઇતિ ગાંઠી કહી, ભાગી મનની ભ્રાંત. મન માની છે માલણી, પરઠી તેનીપેર; અધિક શોભાવી કામની, જાવ રમો તે ઘેર. કોટીધ્વજને કહેવું કહ્યું, જેની ગાડે ગ્રથ; મન ચીતવ્યું આવી મળે, સફળ થાય અરથ. ચાર ઘડી રાતે ચતુર નર, સ્ત્રીના માગી શીખ; જુવતીને કહે જાઉ છું, નેક ન રાખી બીક. શાહપતી ત્યાં સંચર્યો, વાટે મળ્યો હજામ; હું ચાકરછું તાહરો, ભણ્યો એ રીતે ભેદ; પોતે મંદીર પરવર્યો, વાશો રહેવા વેદ. મલુંક ગયો માલણ ગ્રહે, શાણો થઇ તે શેઠ; બીજુ કોઈ પાસે નથી, નિશ્ચે પોહોતો નેટ. સવા પહોરે તે સુંદરી, આવી શોભાવી સેજ; તન મન ધન સોંપ્યું ત્યાંહ, હઇડે આણી હેત; અરસ પરસ આનંદમાં, કરી વાત વિચાર; તું આધાર છે માહરો, તુ હઇડાનો હાર. જે દાડાનો નીરખીયો, તે દીનનો મુજ મરમ; આપણ બેનો રાખીયો, આજ પશ્વરે ધરમ. સ્તુતી કીધી એક એકની, કરે એક એકને વાત; રમત ગમત રીઝે રમે ગઇ ઘણેરી રાત; એક પહોર આનંદમાં, ભારે ભોગવ્યા ભોગ; વળતી ત્યાં શું નીપન્યું, શો બનીયો સંજોગ. કાંઇક સુખસાગર સબળ, કાંઇક ખાધી કેફ; કાંઇક ભોગ એ કરમના, જેમ મોતી લજવે છેંપ. ગુણહીણા ધાંયજો, જેણે તેં ચરચા જોઇ; પુંઠ લીધી તે પાપીએ, કુડ ન જાણે કોઇ. ચોકીદાર એક ચાડીઓ, હાડ હરામી ખોર: અધરમ અન્ય તે આચરે, ચીતડુ તેનું ચોર. છાની વાત કહી છળ કરી, સુંઢયો નાપીકની સાથ; કરોડપતીનો કીકરો, હેતે આવ્યો હાથ. દામ ઘણો દંડાવશુ, લેઇને તેનો ભાર; સોળ લાખ શોભિતા, શામાને શણગાર. દુંડી ફેરવી દેશમાં, પ્રમાણ કરે જેમ પાંચ; બંનેને લુટાવશુ, લેઇને આપણ લાંચ. વિશમ વેળા મધરાતની, સિપાઇ ઉઠયા જન આઠ; છાનોમાનો છળ કરી, ખાંતે લીધો ખાટ. માણસનું મન મનાવીયું, આપીશુ તુજને દ્રવ્ય; લેઈ જાવા દે બારણે, એવું બોલ્યા સરવ. ખાટ ઉપાડયો ખાંતથી, આણ્યો ચોકી માંય; તરતીએ તાળુ વાશીયું, તોય ન જાગ્યા ત્યાંય. ચોકીદાર ફરવા ગયા, નગર સમીપે નેટ; ઝબકી જાગ્યાં બે જણાં, પડયો ધ્રાશકો પેટ, કરે શું કોને કહે. કવણ ભજાવે કામ; અવસર મળે નહી આશરો, રાખણહારો રામ. શાહુકાર સંકટે પડયો, માંહી લાખનો માલ; પોપટ કહે પ્રભાવતી હોશે કોણ હવાલ. તાળાં પડયાં કેમ છુટશે, કેમ રહે એનું સત્ય; કેમ દંડે નહી દેશપત, સુઝે કોને મત્ય. તાળાં કુંચી તરતીબ શું, ચોકી પુંઠ ચોપાસ; કોણ છોડાવશે, એહને, વેગે કેમ આવે વાસ. પ્રભાવતી કહે પોપટા, મુરખ તારો મેળ; બંધાખાને બાપડાં, ખરા કરે શા ખેલ. એહ વિજારી શી કરે, કરે શું એમાં જોર; શીપારસ કોની કરે, ચોપક્ષ થયાં જયાં ચોર; આજ રાતે જાશુ નહી, શિખવ શુક સુજાણ; પ્રમાણ પ્રાકૃત શું કર્યું, વિવિધ કરે વખાણ; શુક કહે સુણ સુંદરી, કહુ વિજારી વાત; હેતે હુંકારો ઘો મને, સંક્ષેપે કહુ સાક્ષાત. ચોકીવાળા ચોવટે, સજ ઉપાડી જાય; બેઠી ચંદ્રા બારીએ, જાણુ જુગતીથી થાય. અરે દઈવ આ શું થશે, જાસે જુવતીનો જીવ; માંટી છાંડાશે માહરો, દઇતા કહે રઠયા દઇવ. મારે ભરંસે એ પડી, હવે કરં શાંએ કર્મ; અલ્પ થઇ મારી આબરૂ, ગઇ સત્યતા શરમ. ઉઠી તે આળસ તજી, ભરી સુખડીનું માટ; શેવક ચારને શીર લેઇ વહી આવી તે વાટ. આપી સરવ સીપાઇને, મળ્યા રસ્તે જે મેળ; ચીંતનીએ ચતુરાઇથી, ખરો ભજાવ્યો ખેલ. બંધીખાને બાપડા, ઘણાં પાપનાં ઢોર; અધરમી અપરાધીઆ, ચાડ ચુગલને ચોર. બળવંત બેઠો બારણે, શામા બોલી તે સાથ; દરોગો દિવાનનો, કુંચી તેને હાથ. દામપતિની દીકરી, સજ્યા સોળ શણગાર; હીરા માણક મોતીયાં, અપરમપાર. અપાર ખરી ખબર આવી નહી, વેદ બુડતુ વાહાણ: સાજુ તાજુ શોભીતુ,

પુરણ છે પ્રમાણ. ખેરાત કરી મેં ખાંતથી, ખણા રૂપીયા પેર; સુખે લ્યો સુખડી, વેંચુ આણે ઠેર. કહે દરોગો દિલથી, આવો થયે પ્રભાત; નવ ઉઘડે હમણાં બારણું, થઇ છે મધરાત. તું છે મોટો બંધવો, તું છે મારો વીર; કામ ચીતર્યું જો થશે, ત્યારે પીશું નીર. જીવ ચુથાય છે માહરો, નેક રહે નહી ન્યુન; ખાવે સુખડી બાપડા, પ્રઉટ્ટુ થાશે પુન્ય. એમ કહી પાસે ગઈ, ઘુંઘટ તાણી વાત; હરખે મોરો હીમની, સેજે આપી સાત. સિપાઇ કહે સુણ સુંદરી, પળશે તારૂં વરત; જા ચોકીમાં એકલી, પાછી વળજે તરત. મંદીરમાં ગઇ માનની, ક્ષણ નવ લાગી વાર; પેતે સુતી સેજમાં, બીજી નીસરી બાહર; ચારે ચાકર લેઇને, વળી પાછી શુભ પેર; કોણે વાત જાણી નહી, ગઇ ગુણવંતી ઘેર. માત તાત જયાં મંદીરે, ઊંઘી જઇ એકાંત; લજ્યા રાખી લક્ષવસા, ભાર ન ભાગી ભ્રાત, થયો સુર્યોદય શેજમાં, સભા ભરાણી સરવ; પુરમાં વાતો પરવરી, શતરૂ જન આણે ગરવ. તાળાં ઉઘડાવ્યાં તરત ત્યાં, મહી મ-લુકો શેઠ; શેઠાણી સલક્ષણી, તે બેઠીતી હેઠ. ઝાંખા પડયા જોઇ સહુ, ઝાંખો પડીઓ રાય; રથ બેસારી મોકલ્યાં, મંદીર જાઓ માંય. મહીપત કહે મલુંકસુણો, રહ્યા હતા કયમ રાત; ચાડી ખાધી કુણ ચોરટે-વિપરીત થઇ કેમ વાત. પંચ પ્રાગુણ આવ્યા હતા, ગયો વળાવવા વેદ; નરનારી ઘેર આવતા, ભાત્ર થયો મન ભેદ. મનોહર કીધી માલણે, સેજ પાથરયા ફુલ; ઘડી બેશી ઘેર જાઇશું, એમા ન મળે ભુલ. નિંદ્રા આવી નરનારને, નિશંકપણે નરનાથ; કોઇક ચુગલ ચોરડે, સુઢયો સામદ સાથ. ચોકીવાળા ચેતાવીયા, કામ તેમણે કીધ; બંધીખાને મુકીયાં, ઉપર તાળુ દીધ. દામ હોય જો દંડવા, તો લુટી લ્યો આજ; અમો વાસ જશુ નહી, લોપી કયમ મારી લાજ. કરજોડી હાકેમ કહે, કરયું એ કોણે કામ. ખરવાહન કરી ફેરવો, દેખે બાધુ ગામ. ચોકીવાળા જણ ચાર કહે, વાલંદનો છે વાંક, એ સઘળુ એણે કરયું, અતીસે આડે આંક; નાક વાઢો કહે નરપતી. વાઢો જીભને રાન; શીશ એનું નવી વાઢસો, દેજો જીવતદાન. મનાવ્યા માજન મળી, પુરપતી લાગ્યો પાય. અમો અપરાધી તાહરા, જોય, નહી એ જામ કોણે વાત જાણી નહી, કોણે નવ જાણ્યો મરમ, વિજાર વિઘા એતો ખરી, રહયો એહનો ધરમ; કહે પોપટ પ્રભાવતી, ગુણ રૂડાજો ગાઓ એમ વિજારી આવડે, જરૂર જારીએ જાઓ. શાબાશ શુક સલક્ષણા, વેદ શીખવી વાત; વિસમે દીન વીનતા રહી, રામા ન ગઈ રાત એહ કથા શુક બોતેરી, વાણી વદે વિલાસ, ઝવેર જસવંતા આગળે કહે ક-વિ શામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ, શામળભટ કહે બોલજો જય જય શ્રી રણછોડ

સમાપ્ત.

જાહેર ખબર.

	રૂ. આ. પા.
ભાગવત ગુજરાતી મોટું.	૪—૦—૦
રામાયણ ગીરધર કૃત.	૧—૦—૦
બત્રીસ પુતળી મોટી.	૧—૪—૦
સુડાબોતેરીની વારતા મોટી.	૧—૦—૦
કામકંદલાને કામ રૂપની વારતા.	૦—૮—૦
ચીયારાજની વારતા.	૦—૨—૦
પદમાવતીની વારતા.	૦—૨—૦
પંચદંડની વારતા.	૦—૧—૦
બાવડી ચસકીની વારતા.	૦—૧—૦
વીક્રમ ચરીત્રની વારતા.	૦—૨—૦
નરસીમહેતાના બાપનુ સરાધ.	૦—૧—૦
નરસીમેહેતાના દીકરાના વીવાહ.	૦—૧—૦
નરસીમેહેતાની પુત્રીનું મામેરૂ.	૦—૧—૦
નરસીમેહેતાની હુંડી.	૦—૧—૦
ભજનાવળી.	૦—૧—૦
સુદામા ચરીત્ર.	૦—૧—૦
જ્ઞાનઉપદેશ.	૦—૨—૦
જ્ઞાનમાળા.	૦—૧—૦
સત્ય નારાયણ સટીત.	૦—૨—૦
રામરક્ષા સટીત.	૦—૧—૦
નારણ કવચ સટીત.	૦—૧—૦
ગહીમન મુલ.	૦—૧—૦
વીસનાત્ર શાસ્ત્ર.	૦—૨—૦
કાવ્યદોહન મોટુ.	૧—૦—૦
કાષ્ટના ઘોડાની વારતા.	૦—૧—૦
મેના પોપટની વારતા.	૦—૧—૦
અબોલા રાણીની વારતા.	૦—૧—૦
બરાસ કસ્તુરીની વારતા.	૦—૨—૦
સુંદર કામદારની વારતા.	૦—૨—૦
સદેવંતની વારતા.	૦—૨—૦
શુલબ કાવળીની વારતા.	૦—૨—૦
ગજરા મારૂની વારતા.	૦—૧—૦
સામુદ્રીક-સુકનાવલી.	૦—૨—૦

	રૂ. આ.
ચાંપરાજ નાટકનાં ગાયન.	૦—૧-
સદેવંત નાટકનાં ગાયન,	૦—૧-
ભરથરી નાટકનાં ગાયન.	૦—૧-
ગાયન સંગ્રહ મોટુ.	૦—૨-
દીલચમન ગાયન.	૦—૧—
હરીચંદ ગાયન.	૦—[illegible]
હરીચંદ મોટું.	૦—૮—
ભરથરી મોટું.	૦—૮—
ભરથરી ગાયન.	૦—૧—૦
જગદેવપરમારનાં ગાયન.	૦—૧—૦
કનકતારાના ગાયન.	૦—૧—૦
લલીતા દુઃખ દર્શક ગાયન.	૦—૧—૦
ચીયારાજ ગાયન.	૦—૧—૦
અભીમન્યુના ચકરાવાનાં ગાયન.	૦—૧—૦
ગોપીચંદ ગાયન.	૦—૧—૦
હલામણ જેઠવાનાં ગાયન.	૦—૧—૦
રાણકદેવી ગાયન.	૦—૧—૦
ચંદ્રહાસનાં ગાયન.	૦—૧—૦
પરભાતીયામોટાં.	૦—૨—૦
પરભાતીયુ નાનુ.	૦—૧—૦
ભગવત ગીતા સટીત.	૦—૮—૦
નવરાત્રીના ગરબા.	૦—૨—૦
શ્રીમનોરંજક ગરબાવળી.	૦—૨—૦
અરજુનગીતા-ધર્મગીતા વીગેરે.	૦—૧—૦
ધોળ તથા પદ.	૦—૪—૦
ધ્રુવઆખ્યાન.	૦—૧—
નંદ બત્રીસીની વારતા.	૦—૧—૦
મડાપચીશીની વારતા.	૦—૪—૦
સુડાબોતેરીની વીસ વારતા.	૦—૫—૦
ભયંકર ભુતાવળી.	૦—૪—
જાદુપયોગ સંગ્રહ.	૦—૨—૦
ઈંદ્રજાળ ગુજરાતી.	૦—૪—૦
વૈદક સારસંગ્રહ.	૦—૪—૦
પાક શાસ્ત્ર.	૦—૪—૦

આંકની ચોપડી ચીત્રવાળી સોના આઠ આના વેપારી ભાવે

આ સીવાએ હમારી દુકાનેથી દરેક જાતનાં ગુજરાતી, ઇંગ્રેજી, મુસલમાની કીસાઓ. તથા વારતાઓ વીગેરે ઘણી જાતની નીશાળોમા ચાલતી ચોપડીઓ મળશે.

બુકસેલર. સાંકરલાલ બુલાખીદાસ. ઠે. રીચીરોડ, મુ. અમદાવાદ.

સરવે જાતની ચોપડીઓ નીચેનાં ઠેકાણેથી પણ મલશે.

બુકસેલર. ખત્રી પરસોતમ મુળજી. ઠે. ગુલાલવાડી ત્રીજે ભોઈવાડો રેસમની દુકાને. મુ. મુંબઈ.